શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી ગ્રંથમાળા—ગ્રંથાંક ૧૮-૫૪.

શાસ્ત્ર વિશારદ યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

વિરચિત

ગહુંલી સંગ્રહ.

ભાગ ૧—૨.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડલ.

હા. વકીલ મોહનલાલ હીમચંદ.

પાદરા.

આવૃત્તિ ભાગ—૧ ચોથી. ભાગ—૨ બીજી.

પ્રત ૧૫૦૦

વીર સંવત ૨૪૫૪] વિ. સં. ૧૯૮૪ [ઈ. સ. ૧૯૨૮

કીંમત રૂ. ૦-૧૨-૦

ગ્રન્થ મળવાનું ઠેકાણું:—

૧ વકીલ મોહનલાલ હીમચંદ, પાદરા (ગુજરાત).

૨ શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડલ,

ચાંબાકાંટા—મુંબાઈ.

અમદાવાદ—સલાપોસ રોડ,

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં, પરીખ. દેવીદાસ છગનલાલે છાપ્યું.

નિવેદન

આ ગ્રન્થના પહેલા ભાગની ત્રણ આવૃતિઓ ખપી જવાથી અને માગણી ચાલુ હોવાથી આ ચોથી આવૃતિ બહાર પાડવાનો શુભ પ્રસંગ પ્રાપ્ત થયો છે તે ઉપરથી ગ્રન્થની ઉપયોગિતા સિદ્ધ થાય છે.

આ ભાગમાં સદ્દગત્ ગુરૂવર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિશ્વરજી વિરચીત્ વૈરાગ્ય નીતિ ધર્માચારો આવશ્યક ક્રિયાઓ, સદ્દગુરૂ માહાત્મ, બ્રહ્મચર્ય વિગેરે અનેક આત્મીક તેમજ વ્યવહારિક વિષયો પર રચેલી ગહુંલીઓ દાખલ કરવામાં આવી છે, તે ઉપરાંત મહા-મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી અને શ્રી સ્થુલીભદ્રજી વગેરે મહાન પુરૂષોના ગુણો દર્શાવતી ગુંહલીઓ પણ દાખલ કરવામાં આવી છે જે દરેક જૈન તેમજ જૈનેત્તર નાનાં મોટાં સ્ત્રી પુરૂષોને અત્યંત ઉપયોગિ અને હિતકર હોવાથી તેનો આટલો બહોળો ફેલાવો થઈ શકયો છે. આ ગ્રન્થના બીજા ભાગમાં પણ ઉપર મુજબની ઉપયોગી ગુંહુલીઓ ઉપરાંત નીકટ ઉપકારી ચરમ તીર્થંકર શ્રી વીર પ્રભુની તેમજ ગુણાનુરાગ દ્રષ્ટિથી અનેક મહા-ત્માઓની તેમજ સાધુ મુનિરાજોની તથા પર્વોની અને નવપદની ગુંહલીઓ દાખલ કરવામાં આવી છે, આ ભાગની પણ પ્રથમા વૃતિ ટુંક વખતમાં ખપી જવાથી તેની આ બીજી આવૃતિ વાંચકો સમક્ષ રજુ કરતાં હર્ષ થાય છે.

આ ગ્રન્થમાંની ગુંહલીઓ વાંચનાર ભાઈ બહેનો તેમાં સમાયેલો બોધ ગ્રહણ કરી આચારમાં મુકી આત્મહિત સાધશે એવી ભાવના સહવિરમીયે છીયે.

અધિક શ્રાવણ વદી ૫
સંવત ૧૯૮૪ પાદરા } શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડલ.

ગુંહલી સંગ્રહ-બીજો ભાગ.

પ્રથમાવૃત્તિની

પ્રસ્તાવના.

સંવત્ ૧૯૭૫ ની સાલનું ચોમાસું પાદરાના વકીલ મોહનલાલ હિમચંદ વગેરે જૈનસંઘના આગ્રહથી પાદરામાં કરવામાં આવ્યું. તે પ્રસંગે ભાદરવા માસમાં મુંબાઈથી માણસાવાળા શ્રાવક શા. વીરચંદભાઈ કૃષ્ણાજી વાંદવા આવ્યા હતા. તેમણે ગુંહલીઓ રચવાની વિજ્ઞપ્તિ કરી તેથી આશ્વિન માસમાં ગુંહલીઓ રચી અને કારતક માસમાં વકીલ મોહનલાલ હિમચંદે છપાવવા વડોદરા મોકલાવી. પોષ માસમાં બીજો ભાગ તૈયાર થઇ ગયો. બીજા ભાગની ગુંહલીઓમાં મુનિયોના ગુણોની ગુંહલીઓ, પર્વોની ગુંહલીઓ, પ્રભુ મહાવીર સ્વામિની અનેકાવસ્થાની ગુંહલીઓ, ગુણોની ગુંહલીઓ, નવપદની ગુંહલીઓ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. બીજા ભાગની ગુંહલીઓ કેટલીક ઉદ્ગાર રૂપ અને અનેકનયોની અપેક્ષાવાળી આધ્યાત્મિક મહાવીર પ્રભુની સ્તુતિરૂપ છે. ગુણાનુરાગ દૃષ્ટિએ અનેક મુનિયોની, સૂરિયોની ગુંહલીઓ રચવામાં આવી છે. શ્રી મહાવીર પ્રભુની ગુંહલીઓમાં કેટલેક સ્થાને આધ્યાત્મિક સર્વનય સાપેક્ષ વિચારોથી મહાવીર પ્રભુને વિશ્વરૂપે અને જગત્‌ને મહાવીરરૂપે જોવાની ભાવનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં સ્થાનાંગ સૂત્રમાં જેમ एगे आया એક આત્મા છે એમ સંગ્રહનય સત્તા વડે દર્શાવવામાં આવ્યું છે, તેમ અત્રપણ સત્તાગ્રાહક સંગ્રહનયવડે તથા એક વસ્તુમાં સર્વદ્રવ્ય વિષયક સત્, અસત્, અસ્તિનાસ્તિ સર્વ પર્યાયોને ઘટાવવાની અપેક્ષાએ અને ઉદારભાવના વડે વિશ્વદૃષ્ટિ ખીલે એવી નયસાપેક્ષદૃષ્ટિ વડે લખવામાં આવ્યું છે તેથી તત્ત્વપદાર્થોની પ્રરૂપણામાં એકાન્તવાદ લાગુ પડતો નથી, પરંતુ તેથી સ્યાદ્વાદદર્શનની મહત્તામાં, વિશાળતામાં વૃદ્ધિ દર્શાવી છે. સંપ્રતિ વિદ્યમાન જૈનધર્મના સ્થાપક શ્રી મહાવીર પ્રભુ છે, તેથી

ભક્તિના યોગે તેમની ગુંહલીઓ વિશેષ પ્રમાણમાં રચવામાં આવી છે. બાલિકાઓને, શ્રાવિકાઓને તથા પુરૂષોને રાગ બંધબેસતા થઈ પડે એવા પરિચિત ગવાતા રાગોમાં ગુંહલીઓ રચવામાં આવી છે. ગુંહલીઓને ગુણાનુરાગ દૃષ્ટિથી વાંચવામાં આવશે તો તેમાંથી ઘણું અનુભવવા યોગ્ય મળી શકશે. અન્ય ધર્મવાળાઓને પણ સમાજોન્નતિ માટે ઘણી ગુંહલીઓ ઉપયોગી થઇ પડે તેમ છે. જેવી દૃષ્ટિથી ગુંહલીઓ વાંચવામાં આવશે તેવું ફળ પ્રાપ્ત થશે. **इत्ययं ॐ अर्हंशान्तिः ३**

સંવત્ ૧૯૭૬ પોષ વદિ ૫ પંચમી.

અમદાવાદ, ઝવેરીવાડો, આંબલીપોળનો

ઉપાશ્રય.

લે. **બુદ્ધિસાગરસૂરિ.**

શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ.

૨૧૦ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી ગ્રંથમાળામાં પ્રગટ થયેલા ગ્રંથોનું સુચીપત્ર.

	ગ્રંથાંક	પૃષ્ટ	કિંમત
*	૧ અધ્યાત્મ વ્યાખ્યાનમાળા.	૨૦૬	૦-૪-૦
*	૨ ભજનસંગ્રહ ભાગ ૨ જો.	૩૩૬	૦-૮-૦
*	૩ ભજનસંગ્રહ ભાગ ૩ જો.	૨૨૫	૦-૮-૦
*	૪ સમાધિશતકમ્.	૬૧૨	૦-૮-૦
*	૫ અનુભવપચ્ચિશી.	૨૪૮	૦-૮-૦
*	૬ આત્મપ્રદીપ.	૩૧૫	૦-૮-૦
*	૭ ભજનસંગ્રહ ભાગ ૪ થો.	૩૦૪	૦-૮-૦
•	૮ પરમાત્મદર્શન.	૪૦૦	૦-૧૨-૦
	૯ પરમાત્મજ્યોતિ.	૫૦૦	૧-૮-૦
*	૧૦ તત્ત્વબિંદુ.	૨૩૦	૦-૪-૦
*	૧૧ ગુણાનુરાગ (આવૃતિ બીજી)	૨૪	૦-૧-૦
*	૧૨-૧૩ ભજનસંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદીપિકા.	૧૦૦	૦-૬-૦
*	૧૪ તીર્થયાત્રાનું વિમાન (આ. બીજી)	૬૪	૦-૨-૦
*	૧૫ અધ્યાત્મભજન સંગ્રહ.	૧૯૦	૦-૬-૦
*	૧૬ ગુરૂબોધ. (આ. બીજી)	૨૯૦	૦-૮-૦
	૧૭ તત્ત્વજ્ઞાનદીપિકા.	૧૫૦	૦-૧૦-૦
	૧૮ ગહુંલીસંગ્રહ ભા. ૧	૧૧૨	૦-૬-૦
*	૧૯-૨૦ શ્રાવકધર્મસ્વરૂપ ભાગ ૧-૨	૪૦-૪૦	૦-૧-૦
*	૨૧ ભજનપદસંગ્રહ ભાગ ૬ ઠો.	૨૦૮	૦-૧૨-૦
*	૨૨ વચનામૃત.	૮૩૦	૦-૧૪-૦
	૨૩ યોગદીપક.	૩૦૮	૦-૧૪-૦
	૨૪ જૈન ઐતિહાસિક રાસમાળા.	૩૦૮	૧-૦-૦

૨૫ આનંદઘનપદ (૧૦૮) સંગ્રહ.		છપાય છે
૨૬ અધ્યાત્મશાંતિ (આવૃત્તિ ત્રીજી)	૧૩૨	૦–૩–૦
૨૭ કાવ્યસંગ્રહ ભાગ ૭ મો.	૧૬૬	૦–૮–૦
૨૮ જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ	૨૦૦	૦–૩–૦
* ૨૯ કુમારપાલ (હિંદી)	૨૮૭	૦–૬–૦
૩૦ થી ૩૪ સુખસાગર ગુરૂગીતા.	૩૦૦	૦–૪–૦
૫૩ ષડ્દ્રવ્યવિચાર.	૨૪૦	૦–૪–૦
*÷૩૬ વિજાપુર વૃત્તાંત.	૯૦	૦–૪–૦
× ૩૭ સાબરમતી ગુણશિક્ષણ કાવ્ય.	૧૯૨	૦–૬–૦
* ૩૮ પ્રતિજ્ઞાપાલન.	૧૧૦	૦–૫–૦
* ૩૯–૪૦–૪૧ જૈનગચ્છમતપ્રબંધ, સંઘપ્રગતિ, જૈનગીતા.	૩૦૪	૧–૦–૦
૪૨ જૈનધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા. ૧		૧–૦–૦
* ૪૩ મિત્રમૈત્રી.	૧૭૦	૦–૮–૦
* ૪૪ શિષ્યોપનિષદ્.	૪૮	૦–૨–૦
૪૫ જૈનોપનિષદ્.	૪૮	૦–૨–૦
૪૬–૪૭ ધાર્મિક ગદ્યસંગ્રહ તથા પત્ર સદુપદેશ ભાગ ૧ લો.	૯૭૬	૩–૦–૦
૪૮ ભજનસંગ્રહ ભા. ૮	૯૭૬	૩–૦–૦
૪૯ શ્રીમદ્ દેવચંદ્ર ભા. ૧		છપાય છે
× ૫૦ કર્મયોગ.	૧૦૧૨	૩–૦–૦
* ૫૧ આત્મતત્વદર્શન.	૧૧૨	૦-૧૦-૦
÷ ૫૨ ભારતસહકારશિક્ષણ કાવ્ય.	૧૬૮	૦-૧૦-૦
૫૩ શ્રીમદ્ દેવચંદ્ર ભાગ ૨		છપાય છે
૫૪ ગહુંલી સંગ્રહ ભા. ૨	૧૩૦	૦–૬–૦
* ૫૫ કર્મપ્રકૃતિટીકા ભાષાંતર.	૮૦૦	૩–૦–૦
૫૬ ગુરૂગીત ગહુંલીસંગ્રહ.	૧૯૦	૦-૧૨-૦
૫૭ આગમસાર.	૧૧૪	૦–૬–૦
* ૫૯ દેવવંદન સ્તુતિ સ્તવન સંગ્રહ.	૧૭૬	૦–૪–૦
૬૦ પૂજાસંગ્રહ ભા. ૧ લો.	૪૧૬	૧–૦–૦

૬૧ ભજનપદસંગ્રહ ભા. ૯	૫૮૦	૧-૮-૦
૬૨ ભજનપદસંગ્રહ ભા. ૧૦	૨૦૦	૧-૦-૦
૬૩ પત્રસદુપદેશ ભા. ૨	૫૭૬	૧-૮-૦
૬૪ ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભાગ ૨	૧૮૦	૧-૦-૦
૬૫ જૈનદૃષ્ટિએ ઈશાવાસ્યોપનિષદ્ ભાવાર્થ વિવેચન.	૩૬૦	૧-૦-૦
૬૬ પૂજાસંગ્રહ ભાગ ૧-૨	૪૧૫	૨-૦-૦
૬૭ સ્નાત્રપૂજા.		૦-૨-૦
૬૮ શ્રીમદ્ દેવચંદ્રજી અને તેમનું જીવનચરિત્ર.		૦-૪-૦
૬૯-૭૨ શુદ્ધોપયોગ વિ. સંસ્કૃત ગ્રંથ ૪	૧૮૦	૦-૧૨-૦
૭૩-૭૭ સંઘકર્તવ્ય વિ. સંસ્કૃત ગ્રંથ ૫	૧૬૮	૦-૧૨-૦
૭૮ લાલા લજપતરાય અને જૈનધર્મ.	૧૦૦	૦-૪-૦
૭૯ ચિન્તામણિ	૧૨૦	૦-૪-૦
૮૦-૮૧ જૈનધર્મ અને ખ્રિસ્તિ ધર્મનો મુકાબલો તથા જૈનખ્રિસ્તિ સંવાદ	૨૨૦	૧-૦-૦
૮૨ સત્યસ્વરૂપ	૨૦૦	૦-૬-૦
૮૩ ધ્યાનવિચાર.	૮૫	૦-૮-૦
૮૪ આત્મશક્તિપ્રકાશ.	૧૪૦	૦-૪-૦
૮૫ સાંવત્સરિક ક્ષમાપના.	૮૦	૦-૩-૦
૮૬ આત્મદર્શન (મણીચંદ્રજીકૃત સજ્ઝાયો) નું વિવેચન	૧૫૦	૦-૪-૦
૮૭ જૈનધાર્મિક શંકાસમાધાન.	૫૫	૦-૨-૦
૮૮ કન્યાવિક્રય નિષેધ.	૨૦૦	૦-૬-૦
૮૯ આત્મશિક્ષા ભાવનાપ્રકાશ.	૧૧૫	૦-૭-૦
૯૦ આત્મપ્રકાશ.	૫૬૫	૧-૮-૦
૯૧ શોક વિનાશક ગ્રંથ.	૮૦	૦-૧-૦
૯૨ તત્ત્વવિચાર.	૧૨૫	૦-૬-૦
૯૩-૯૭ અધ્યાત્મગીતા વિ. સંસ્કૃત ગ્રંથ.	૨૦૫	૧-૪-૦
૯૮ જૈનસૂત્રમાં મૂર્તિપૂજા.	૯૬	૦-૩-૦
૯૯ શ્રી યશોવિજયજી નિબંધ.	૨૧૦	૦-૬-૦

૧૦૦	ભજનપદસંગ્રહ ભાગ ૧૧	૨૨૦	૦-૧૨-૦
૧૦૧	,, ભાગ ૧ આ. ૪થી	૨૦૦	૦–૮–૦
૧૦૨	ગુજરાત બૃહદ્ વિજાપુર વૃત્તાંત	૩૦૦	૧–૪–૦
૧૦૩	શ્રીમદ્ દેવચંદ્રજી વિસ્તૃત જીવનચરિત્ર તથા દેવવિલાસ	૨૩૦	૦-૧૨-૦
૧૦૫	મુદ્રિતજૈન શ્વે. ગ્રંથગાઈડ	૩૮૦	૧–૮–૦
૧૦૬	કક્કાવલી–સુબોધ.	૪૬૦	૧–૪–૦
૧૦૭	સ્તવન સંગ્રહ (દેવવંદન સહિત)	૨૭૫	૦-૧૦-૦
૧૦૮	પત્ર સદુપદેશ ભાગ ૩	૧૦૦	૦–૬–૦
૧૦૯	શ્રીબુદ્ધિસાગર સૂરિશ્વર સ્મારક ગ્રંથ (સચિત્ર)	૨૩૦	૦-૧૨-૦
	પ્રેમગીતા		છપાય છે.

* આ નિશાનીવાલા ગ્રંથો શિલકમાં નથી.

× આ ગ્રંથો બ્રિટિશ કેળવણી ખાતાએ મંજુર કરેલા છે.

÷ આ ગ્રંથો શ્રીમંત ગાયકવાડ સરકારના કેળવણી ખાતાએ મંજુર કરેલા છે.

ગ્રંથો મળવાનાં ઠેકાણાં:—

૧ વકીલ મોહનલાલ હીમચંદ–પાદરા (ગુજરાત).

૨ શા. આત્મારામ ખેમચંદ–સાણંદ.

૩ શા. નગીનદાસ રાયચંદ ભાંખરીયા–મહેસાણા.

૪ શા. ચંદુલાલ ગોકળભાઇ–વિજાપુર.

૫ શા. રતીલાલ કેશવલાલ–પ્રાંતિજ.

૬ શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈનસમાજ–પેથાપુર.

૭ શા. મોહનલાલ નગીનદાસ ભાંખરીયા–
૧૦૧–૩ બજાર ગેટ, કોટ, મુંબાઈ.

૮ શ્રી અધ્યાત્મજ્ઞાન પ્ર૦ મંડળ–
હેડઓફીસ–ઝવેર ગુમાનનો માળો, ત્રાંબાકાંટા–મુંબાઈ.

૯ બુકસેલર મેઘજી હીરજી, પાયધુની–મુંબાઈ.

યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી વિરચિત.

ગહુંલી સંગ્રહ.

પ્રથમ ભાગ.

(૧)

શ્રી રવિસાગરજીની ગહુંલી.

(મારો સ્હેજ સલુણો સાહિબ સેઠીઓ. એ રાગ.)

બ્હેની રવિસાગર ગુરૂ વંદીએ, જેહ પંચ મહાવ્રત ધાર,
શુભ સંજમ મારગ પાળતા, ભાવે ભાવના બાર ઉદાર. બ્હેન૦ ૧

રૂડો મારૂ દેશ સોહામણો, શુભ પાલી ગામ મોઝાર;
ઓસ વંશ ભૂષણ ગુરૂરાયનો, થયો જન્મ અતિ સુખકાર. બ્હેન૦ ૨

દેશ ગુર્જર રાજનગર ભલું, નેમિસાગર ગુરૂની પાસ;
શુદ્ધ પંચ મહાવ્રત ઉચ્ચર્યાં, ચઢતે પરિણામ ઉલ્લાસ. બ્હેન૦ ૩

દેશોદેશ વિહાર કર્યા ઘણા, પ્રતિબોધ્યાં નરને નાર;
વૈરાગી ત્યાગી શિરોમણી, સંવેગી રૂડા અણગાર. બ્હેન૦ ૪

સુડતાલીસ વર્ષ લગે ભલું, નિર્દોષ સંયમ આચાર;
સ્વર્ગે ગમન મ્હેસાણામાં કર્યું, એવા ગુરૂને નમું વારંવાર. બ્હેન૦ ૫

બાળ બ્રહ્મચારી સદ્ગુરૂતણા, ગુણ ગણતાં નાવે પાર;
વારંવાર ગુરૂ મળે સંસારે, ગુરૂ દર્શન દુર્લભ ધાર. બ્હેન૦ ૬

એવા સદ્ગુરૂના ગુણ ગાવતાં, પામે લક્ષ્મી લીલ વિશાળ;
વિજાપુર સકલ સંઘ વંદતાં, બુદ્ધિસાગર મંગળ માળ. બ્હેન૦ ૭

(૨)

वैराग्य विषे.

(સાજની સાજની સાજનીરે. એ રાગ.)

હારમાં હારમાં હારમાંરે, આયુ ખુટી જાય જીવ હારમાં;
ચારના ચારના ચારનારે, વ્હેની પડીસ નહી તું ધ્યારમાંરે. આયુ૦૧
દેવ જીનેશ્વર ગુણ નવિ ગાતી, લોભાય વિષય વિકારમાંરે. આયુ૦૨
સંસારે સુખ સ્વપ્ના જેવું, આવે જાય ક્ષણ વારમાંરે. આયુ૦૩
મળ મુતરને માંસ રૂધિર છે, કાયાતણા કોઠારમાંરે. આયુ૦૪
મમતા તેની દિલ ધરીને, પાપ કરે તું કારમાંરે. આયુ૦૫
પુણ્યથી સુખને પાપથી દુઃખો, ધર્મ હૃદયથી વિસાર માંરે. આયુ૦૬
તીર્થંકરની આણા તોડી, ભટકીશ આ સંસારમાંરે. આયુ૦૭
ધુંમાડાના બાચક સરખું, સગપણ સાચું ધાર માંરે. આયુ૦૮
દેવ ગુરૂને નિશદિન ભજીએ, સદા સ્વરૂપ આધારમાંરે. આયુ૦૯
બુદ્ધિસાગર શિવ સુખ પામે, નરભવના અવતારમાંરે. આયુ૦૧૦

---

(૩)

श्राविकाने सदुपदेश.

(રસિયા આવજોરે રાતે. એ રાગ.)

વ્હેની સુણજોરે મારી, હિત શિખામણ એકછે સારી. વ્હેની૦૧
ધનથી મોટાઇ ધારે, તે શું આતમ કાજ સુધારે ? વ્હેની૦૨
ભણીએ ગણીએરે ભાવે, જેથી મૂર્ખાઈ દૂર જાવે. વ્હેની૦૩
ઉત્તમ કેળવણી લીજે, મુખથી મીઠાં વચન વદીજે. વ્હેની૦૪

ચાડી ચોરીને ન કરીએ, સદ્ગુણ માળા હૃદયે ધરીએ. બ્હેની૦૫
સાસુ સસરાનું માન, ક્રોધે નવ કરીએ અપમાન. બ્હેની૦૬
કરજ કરીનેરે ભારી, આભૂષણ પહેરો નહીં નારી. બ્હેની૦૭
પરપુરૂષનીરે સાથે, હસીએ નહીં મળી હાથોહાથે. બ્હેની૦૮
પાપ મલીનતારે તજીએ, નવરાં બેઠાં પ્રભુજી ભજીએ. બ્હેની૦૯
જીવ જંતુનેરે જોઈ, દળવું ખાંડવું કીજે રસોઈ. બ્હેની૦૧૦
માતપિતાનેરે નમીએ, પર ઘર નવરાં કહો કિમ ભમીએ. બ્હેની૦૧૧
રડવું રોવુંરે ત્યાગો, ગુરૂ વંદી સદ્ગુણને માગો. બ્હેની૦૧૨
ન્યાય નીતિથીરે ચાલો, બુદ્ધિસાગર સુખમાં મ્હાલો. બ્હેની૦૧૩

---

(૪)

શ્રાવિકાને સદુપદેશ.

(રઘુપતિ રામ હૃદયમાં રહેજોરે. એ રાગ.)

સતી સુણો પ્રેમથી શીખ સારીરે, હિત શિક્ષણની બલિહારી. સતી૦
બ્હેની વાતો ન કરીએ વાટેરે, કોની હાંશી ન કરીએ ઘાટેરે;
સારી શિક્ષા છે તુજ માટે. સતી. ૧
નિંદા પરની નવિ કીજેરે, ખોટું આળ કલંક ન દીજેરે;
પરઘર ભમતાં ન ભમીજે. સતી. ૨
પતિ નિંદા કરે જે નારીરે, અપયશની તે અધિકારીરે;
થાય અંતે અતિ દુઃખીયારી. સતી. ૩
વેણ કડવાં ન વદીએ વાણીરે, સુણીએ જીનવરની વાણીરે;
પરમારથ દિલમાં આણી. સતી. ૪
વાત વાતમાં લડવું ન સારૂંરે, રોવું કૂટવું તેહ નઠારૂંરે;
લાગે પુવડ નારીને પ્યારૂં. સતી. ૫
ભણવું ગણવું સુખકારીરે, પ્રભુ નામ તે મંગલકારીરે;
પરપુરૂષ ન દેખો ધારી. સતી. ૬

કોઇ સાથે ન કરીએ વેરરે, નીતિથી રહીએ નિજ ઘેરરે;
બુદ્ધિસાગર શિવ સુખ લ્હેર. સાતી. ૭

---

(૫)

મુનિ ધર્મવિષે.

(સાહેલ્યું ગુંથી લાવ ગુણીયલ ગજરે. એ રાગ.)

વ્હાલો ગુરૂરાજ ઉપદેશ આપે, ભવવૃક્ષતણું મૂલ કાપે; વ્હાલા. એ ટેક.

સત્ય ધર્મ જીનેશ્વર ભાખે, કામિની કંચન નવિ રાખે;
સમતા અમૃત રસ ચાખે. વ્હાલા. ૧

લાગી સદ્દગુરૂ વાણી મીઠી, મિથ્યા વાણી લાગી અનિઠી;
મેંતો અનુભવ નયણે દીઠી. વ્હાલા. ૨

પંચ સુમતિ ગુપ્તિ ત્રણ્ય ધારી, ત્યાગી કુમતિ કુટિલતા નારી;
લાગી સુમતિ નારી દિલ પ્યારી. વ્હાલા. ૩

જીન આણા ધરી નિજ માથે, વીર વલય દયાદાન હાથે;
રમે અનુભવ મિત્રની સાથે. વ્હાલા. ૪

પંચ ઇંદ્રિય વશમાં કીધી, વાટ મોક્ષ નગરની લીધી;
વિષય તૃષ્ણા શિક્ષા દીધી. વ્હાલા. ૫

જાગ્યા મુક્તિતણા ગુરૂ રાગી, મિથ્યાત્વદશા દૂર ભાગી;
શુદ્ધ ચેતના ઘટમાં જાગી; વ્હાલા. ૬

નિંદા વિકથા પરિહરતા, શુદ્ધ આત્મિક ધ્યાન ધરંતા;
વાયુ પેઠે ગુરૂ વિચરંતા. વ્હાલા. ૭

ગુરૂ દર્શન શિવસુખકારી, પાપ નાશક મંગળકારી;
બુદ્ધિસાગર ગુરૂ જયકારી. વ્હાલા. ૮

---

(૬)

ગુરૂ ગામમાં પધારતાં ગાવાની.

(લખે લંકાથકી સીતા સુંદરી એ રાગ.)

મુનિરાજ પધાર્યા ગામમાં, સહુ સંઘને હર્ષ ન માય; પધાર્યા. ટેક
ધન્ય દિન ઘડી આજ માહરી, આજ પુણ્યાંકુર પ્રગટાય. પધાર્યા. ૧
વંદો વિનય પ્રદક્ષિણા દેઈને, કરી વિનય ધરી બહુમાન. પધાર્યા. ૨
દેખી ચંદ્ર ચાતક જેમ હરખતું, મેઘ ગાજંતાં જેમ મોર. પધાર્યા. ૩
તેમ ગુરૂ દર્શનથી સંઘમાં, થયો આનંદ સઘળે ઠોર. પધાર્યા. ૪
કરો ભાવથી સહિયર ગહુંલી, ગાઓ મંગળ ગીત રસાળ. પધાર્યા. ૫
ગુરૂ પંચ મહાવ્રત પાળતા, નહીં મમતા માયા લેશ. પધાર્યા. ૬
રાગ દ્વેષને દૂરે ટાળતા, વળી વિચરંતા દેશ વિદેશ. પધાર્યા. ૭
હર્ષોલ્લાસ ધરી હરી માનને, કીધાં દર્શન સદ્ગુરૂ આજ. પધાર્યા. ૮
બુદ્ધિસાગર ગુરૂની વાણીથી, સરશે મુજ આતમ કાજ. પધાર્યા. ૯

---

(૭)

ગુરૂ ઉપદેશવિષે.

(રસિયા આવજોરે રાતે. એ રાગ.)

સદ્ગુરૂ ઉપદેશ આપે, પાપીના પાપોને કાપે, બ્હેની પ્યારી રે મારી. ૧
હિંસા જીવનીરે ન કરીએ, પરદુઃખ પેખી હર્ષ ન ધરીએ. બ્હેની. ૨
ચાડી ચુગલીરે તજીએ, સત્યાભૂષણ કંઠે સજીએ. બ્હેની. ૩
ક્રોધે કૂડું રે ન ભાખો, સત્ય વદી નિજ કૂળવટ રાખો. બ્હેની. ૪
પરધન પેખીને ન લીજે, ચોરી પરની કહો કેમ કીજે. બ્હેની. ૫
પરપુરૂષથીરે ન હસીએ, નિંદા થાય તિહાં નવ વસીએ. બ્હેની. ૬
રાત્રી ભોજનરે ન ખાવું, જે હોવે શિવપુરમાં જાવું. બ્હેની. ૭

(૬)

ચોટે ચાલતાં ન હસીએ, કજીઓ થાય તિહાંથી ખસીએ. બ્હેની. ૮
જીન મંદિરમાંરે જઇએ, દેવને વંદી પાવન થઇએ. બ્હેની. ૯
ક્રોધ કપટનેરે છંડો, ધર્મ કર્મમાં નિશદિન મંડો. બ્હેની.૧૦
વિનયે સદ્ગુરૂને નમીએ, ચાર ગતિમાં કહો કેમ ભમીએ ? બ્હેની.૧૧
શ્રદ્ધા ધર્મનીરે ધરીએ, કંદમૂળ બોળો પરિહરીએ. બ્હેની.૧૨
કાયા કારમી છે કાચી, તેમાં મમતા કરી શું રાચી ? બ્હેની.૧૩
તન ધન યૌવનરે ખોટું, સત્ય નામ પરમાતમ મ્હોટું. બ્હેની.૧૪
ધર્મજ કરજોરે ભાવે, બુદ્ધિસાગર શિવ સુખદાવે. બ્હેની.૧૫

---

(૮)

મુનિ ધર્મવિષે.

(સુણો ચંદાજી. એ રાગ.)

અલી સાહેલી, ગુરૂવાણી સાંભળતાં હરખીત થાઇએ;
ગુરૂ ગુણ નિરખી, હરખી, મન આનંદી શિવપુર જાઇએ,
ગુરૂ સમતારસના દરીઆ છે, ગુરૂ જ્ઞાનગુણેકરી ભરીઆ છે;
સંસાર સમુદ્રને તરિયા છે. અલી સાહેલી. ૧

ભવી જીવને બહુ ઉપકારી છે, કુમતા કુટિલતા વારી છે;
માયા મમતાને મારી છે. અલી. ૨

ગુરૂ જંગમ તીર્થ મહાજ્ઞાની, ગુરૂ આતમધ્યાનતણા ધ્યાની;
શુદ્ધ ધર્મતણા છે ગુરૂ દાની. અલી. ૩

ગોચરીના દોષ સદા ટાળે, નિજ આતમ ગુણને અજવાળે;
આધાર ગુરૂનો કળિકાળે. અલી. ૪

નિર્દંભી રંગી વૈરાગી, પરમાર્થદશા ઘટમાં જાગી;
મૂર્ચ્છા મમતા પરિગ્રહ ત્યાગી. અલી. ૫

સંયમરથ વ્હેવા છે ધોરી, આતમ ઉપયોગ તણી દોરી;
મોહ ચોર કરે નહીં જસ ચોરી. અલી. ૬

કપટેકરી ક્રીરિયા નહીં કરતા, ઉપસર્ગથકી ગુરૂ નહીં ડરતા;
હરતા પાપો ભવજલ તરતા. અલી. ૭

ધુમધામતણા ગુરૂ નહીં રાગી, પરમાત્મદશા અંતર જાગી;
ગુણરાગી ત્યાગી સૌભાગી. અલી. ૮

અંતર દૃષ્ટિ હૃદયે રાખી, શુદ્ધ આતમ ગુણના અભિલાષી;
પરમાતમ અમૃત રસ ચાખી. અલી. ૯

ગુરૂ ડાક ડમાળે નહીં ચાલે, સંતોષ ભવનમાં નિત્ય મહાલે;
શુદ્ધ તત્ત્વ સ્વરૂપને નિહાળે. અલી. ૧૦

વિજાપુર નગરે ગુણવંતા, સુખસાગર ગુરૂજી જયવંતા;
શુદ્ધ પંચ મહાવ્રત પાલંતા. અલી. ૧૧

એવા ગુરૂને વંદો ભાવે, નરનારી શાશ્વત પદ પાવે;
બુદ્ધિસાગર ગુરૂ ગુણ ગાવે. અલી. ૧૨

---

(૯)

અવળી વાણી.

સખીરે મ્હેતો કૌતુક દીઠું, કીડીએ કુંજર મારીઓરે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું. સિંહ હરણથી હારીઓરે. સખી. ૧

સખીરે મ્હેતો કૌતુક દીઠું, અંધા અંધને દોરતારે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું; રાજા પ્રજા ધન ચોરતારે. સખી. ૨

સખીરે મ્હેતો કૌતુક દીઠું, રવિ અજવાળું નવી કરેરે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, ચંદ્રથકી ગરમી ઝરેરે. સખી. ૩

સખીરે મ્હેતો કૌતુક દીઠું, દાણા ઘંટીને પીલતારે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, હંસો કાદવમાં ઝીલતારે. સખી. ૪

સખીરે મ્હેતો કૌતુક દીઠું, હંસ યૂથે કાગ મ્હાલતોરે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, ખર હસ્તિ પેઠે ચાલતોરે. સખી. ૫

સખીરે મ્હેતો કૌતુક દીઠું, હંસ મોતી ચારો નવિ ચરેરે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, નાથ રમે મારો પરઘરેરે. સખી. ૬

સખીરે મ્હેતો કૌતુક દીઠું, સિંહને પિંજર પુરીયોરે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, કાંકરે મુદ્દગળ ચૂરીયોરે. સખી. ૭

સખીરે મ્હેતો કૌતુક દીઠું, ભૂપતિ ભિક્ષા માગતોરે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, અગ્નિ અર્ણવમાં લાગતોરે. સખી. ૮

સખીરે મ્હેતો કૌતુક દીઠું, સાધુ વેશ્યાથી વિવા(હ) કરેરે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, એવા સાધુ ભવજળ તરેરે. સખી. ૯

સખીરે મ્હેતો કૌતુક દીઠું, પરઘર મુનિ નહીં વ્હોરતારે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, પરધન ચોર ન ચોરતારે. સખી. ૧૦

અનુભવ જ્ઞાનને દીલમાં ધારી, મુનિવર શિવ સુખ પાવશેરે;
બુદ્ધિસાગર શાશ્વત સુખ લહી, મુક્તિ વધુ પતિ થાવશેરે. સખી. ૧૧

---

(૧૦)

मुनिमहाराज विहार करे त्यारे गावानी.

ગુણ તતિ યતિ નતિ કરી સદાજી, ગાવું ગુરૂ ગુણ ચંગ;
શચીપતિ નરપતિ પૂજતાજી, સમતારસ ગુણ ગંગ.
ગુરૂજી ન કરો આપ વિહાર. ૧

ચરણ કરણ સિત્તરીતણાજી, ભેદ ધરે હરે પાપ;
પંચ મહાવ્રત પાલતાજી, ગુણ ગણ ગાવું આપ.
ગુરૂજી ન કરો આપ વિહાર. ૨

મુક્તિપન્થ સાધક મનાજી, પાળે પંચાચાર;
રોષ દોષ શોચને હણીજી, તારક વારક માર.
ગુરૂજી ન કરો આપ વિહાર. ૩

શોધક બોધક તત્ત્વનાજી, રમતા સમતા સુસંગ;
સુખ કર દુઃખ હર હરિ પરેજી, રમતા અનુભવ રંગ.
ગુરૂજી ન કરો આપ વિહાર. ૪

ગુરૂ દર્શન સ્પર્શન થકીજી, ભાગી ભ્રાંતિ કુટેવ;
સત્ય તત્ત્વ સમજાવતાજી, ગુરૂ દીવો ગુરૂ દેવ.
ગુરૂજી ન કરો આપ વિહાર. ૫

સત્ય બોધયોગે કરીજી, જે આપ્યો ઉપદેશ;
ભવોભવ ભમતાં નહીં વળેજી, ઉપકારતણો કંઇ લેશ.
ગુરૂજી ન કરો આપ વિહાર. ૬

નિરખંતાં નયણે કરીજી, સ્વામી શોક ન માય;
અશ્રુધારા નયણે વહેજી, દર્શન કયારે થાય.
ગુરૂજી ન કરો આપ વિહાર. ૭

ઘડી ઘડી ગુરૂ ગુણ સાંભરેજી, રૂડા ગુરૂ અવદાત;
તારક તરણિ દિનમણિજી, ભ્રાત તાત મુજ માત.
ગુરૂજી ન કરો આપ વિહાર. ૮

દેજો દર્શન કરી કૃપાજી, સેવકપર કરી મહેર;
લળી લળી નમું પાયે પડીજી, મુક્તિ મળે ટળે ફેર.
ગુરૂજી ન કરો આપ વિહાર. ૯

ભોગ રોગ કરી લેખતાજી, ટાળો શોક વિયોગ;
શાશ્વત શિવ સુખ સંપદાજી, પરમાનંદ પદ યોગ.
ગુરૂજી ન કરો આપ વિહાર. ૧૦

દર્શન એવા ગુરૂતણાંજી, થાતાં શિવ સુખ થાય;
બુદ્ધિસાગર વંદતાંજી, શિવનગરી સુખપાય.
ગુરૂજી ન કરો આપ વિહાર. ૧૧

---

(૧૧)

વૈરાગ્ય ભાવના વિષે.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને, એ રાગ.)

એવોરે દિવસ તે મારો ક્યારે આવશે,
ભ્રાંતિ સમ હું જાણીશ આ સંસારજો;
ક્રોધ કપટ ઈર્ષ્યા રાગાદિક વૈરિયો,
ત્યાગીશ ખોટા વિષયતણા વિકારજો. એવો. ૧

માત પ્રમાણે દેખીશ સઘળી નારીઓ,
ભ્રાત પ્રમાણે લેખીશ શત્રુ વર્ગજો;
સુખ દુઃખ આવે હર્ષ વિષાદ નહીં હુવે,
વિદ્યા ધન વધતાં નહીં હોવે ગર્વજો. એવો. ૨

[illegible] રંગાશે મન મારૂં સદા,
ધોવાશે મન મેલ બધો નિરધારજો;
વિષય વિકારો વિષની પેઠે લાગશે,
અંધ બને છે જેમાં નરને નારજો. એવો. ૩

મોજ મજામાં સુખ નહીં મુજ ભાસશે,
મમતાનું હું તોડી નાંખીશ મૂળજો;
સર્વે સંબંધી પોતાનાં નહીં લાગશે,
રૂપું સોનું ભાસે મન જેમ ધૂળજો. એવો. ૪

ધર્મધ્યાન ધ્યાતા થઈ આત્મસ્વરૂપમાં,
રમતો રહી હું પડું નહીં ભવકૂપજો;
સમતા સંગે કર્મ કલંક વિદારતો,
થાઉં હું શિવ શાશ્વત સુખચિદ્રૂપજો. એવો. ૫

કુમિત્રોની સોબત ત્યાગી જ્ઞાનથી,
સદ્ગુરૂ સંગતિ કરતો રહું નિશદિનજો;

 ૨૪૩૬૧

બુદ્ધિસાગર જન્મ જરા નિવારીને,
આત્મસ્વભાવે પરમાતમ પદ લીનજો. એવો. ૬

(૧૨)

गुरु श्रीरविसागरजीनी वाणी.

(રાગ ઉપરનો.)

સદ્ગુરૂ રવિસાગરની વાણી સાંભળી,
હર્ષોલ્લાસે મન મારૂં ઉભરાયજો;
શોક વિયોગાદિક ચિંતા દૂર ટળે,
માન ગળે મળે સમકિત પદ સુખદાય જો. સદ્ગુરૂ. ૧

તન ધન યૌવન બાજી જૂઠી જાણજો,
રંગનો ચટકો મટકો દહાડા ચારજો;
આખર ખાલી હાથે જાવું એકલું,
ખારો નઠારો એવો આ સંસારજો. સદ્ગુરૂ. ૨

આરે જગતમાં રાવણ જેવા રાજવી,
કૌરવ પાંડવ બળીઆ માની યોધજો;
તે પણ આયુષ્ય ખૂટી જાતાં ચાલીયા,
તો પણ મૂરખ લાગે નહીં તુજ બોધજો. સદ્ગુરૂ. ૩

દિન દિન આયુષ્ય ખૂટી જાવે જીવડા,
પાણીના પરપોટા જેવી દેહજો;
મગરૂરીમાં મહાલે શું મકલાઇને,
અંતે જાવું એકલું છોડી એહજો. સદ્ગુરૂ. ૪

કેઈ ચાલ્યા કેઇ ચાલે કેઇક ચાલશે,
જન્મ્યા તે મરશે એમ નિશ્ચય જાણજો;
અણધાર્યો તું પણ કેઈક દિન ચાલશે,
ફાંફાં મારે ફોગટ મનમાં માનજો. સદ્ગુરૂ. ૫

કેઇક રાણાને વળી કેઈક રાજીયા,
મેલી ચાલ્યા રાજ્ય રૂદ્ધિ ભંડારજો;
રાણીઓ રોતી રહી તેની બાપડી,
રોયા ચાકર કરી કરી પોકારજો. સદ્દગુરૂ. ૬

મંદિર મેડી બાગ અને બહુ માળીઆં,
મરતાં સાથે કોઈ ન આવે જીવજો;
મુંઝાયો શું માયાના દુઃખ પાસમાં.
ત્યાગ કરંતાં પામે શાશ્વત શિવજો. સદ્દગુરૂ. ૭

આજ કાલ કરતાં તો દહાડા વહી ગયા,
આળસ ત્યાગી પામર પ્રાણી ચેતજો;
સદ્દગુરૂ સંગે રંગે રહીએ પ્રેમથી,
બુદ્ધિસાગર શિવરમણી સંકેતજો. સદ્દગુરૂ. ૮

---

(૧૩)

मुनिस्वरूप विषे.

પાવા તે ગઢથી ઉતર્યા મહાકાલીરે. એ રાગ.

પંચ મહાવ્રત ધાર સદ્દગુરૂ દીઠારે,
મુજ સફલ થયો અવતાર લાગ્યા મીઠારે;
કંચન કામિની કારમી દૂર ત્યાગીરે,
શિવરમણીની સંગાત પ્રીતિ લાગીરે. પંચ. ૧

ક્રોધ માન સંકલેસ કરતા દૂરરે,
કર્માષ્ટક દળને ધ્યાનથી ચકચૂરેરે;
સત્ય ધર્મ વીતરાગનો મન ભાવેરે,
શત્રુ મિત્રે સમભાવ, મનમાં લાવેરે. પંચ. ૨

કર્મ ક્રિયાનો ત્યાગ, નિશદિન કરતારે,
વાયુ પેઠે વિહાર, કરી વિચરંતારે;

મમતા આી સંગાત, કદીય ન રમતારે,
શુદ્ધ આત્મસ્વરૂપે પ્રેમ, અવર ન ભમતારે. પંચ. ૩

દમતા ઇંદ્રિયો પાંચ, વિષયો જીતીરે,
ખમતા પરિસહ બાવીસ, જસ નહીં ભીતિરે;
વૈરાગી બહુ ગંભીર, કદીય ન હસતારે,
ષટકાયતણા પ્રતિપાળ, સંજમ વસતારે. પંચ. ૪

જ્ઞાની ધ્યાની ધર્મના શુદ્ધ ભાખીરે,
શુદ્ધ આત્મ સ્વરૂપના પ્રેમથી અભિલાષીરે;
એવા ગુરૂને નિત્ય નમો ભવિ ભાવેરે,
બુદ્ધિસાગર ગુરૂ ગુણ તો નિત્ય ગાવેરે. પંચમહાવ્રત ૫

---

(૧૪)

सद्गुण विषे.

(મા પાવાગઢથી ઉતર્યા મહાકાલીરે, મા સોનીડા. એ રાગ.)

સૌ સાથે હળીમળી ચાલીયે નરનારીરે;
વિચારી વદીયે વેંણુ એ શિખ સારીરે;
ટેક ધર્મની ન ત્યાગીએ સુખકારીરે;
વ્યસનનો કરીએ ત્યાગ કુમતિ વારીરે. ૧

દયા જીવોની કીજીએ ચિત્ત લાવીરે,
પર વસ્તુ દીધા વણુ લેઇ ન ખાવીરે;
પુસ્તક વાંચો પ્રેમથી ચિત્ત રાખીરે,
વાદ ન વદીયે ભૂપતિ યતિ ખાખીરે. ૨

ગુરૂવંદનને કીજીએ ભવી ભાવેરે,
જીન દર્શન સ્પર્શન યોગથી શિવ થાવેરે;

રાત્રી ભોજન મત કરો શિવ સંગીરે,
સટ્ટાબાજી કુખેલ રમત કુઢંગીરે. ૩

ક્રોધે જૂઠ ન બોલીયે દેઇ ગાળરે,
ઈર્ષ્યાથી દીજે કેમ ? પરને આળરે;
અવસર દેખી બોલીયે પર પ્યારૂંરે,
અવસર વણ બોલે જેહ તેહ નઠારૂંરે. ૪

બે જણ વાત કરે રહી જ્યાં છાનીરે,
ઉભા નવિ રહીયે ત્યાંહિ માનની હાનિરે;
જૂઠી સાક્ષી મત પુરો દુઃખકારીરે,
દુર્જનની સંગત ત્યાગ બહુ ગુણકારીરે. ૫

માત પિતાને પ્રેમથી નિત્ય નમીએરે,
કીર્તિનો થાયે નાશ ત્યાં નવી ભમીએરે,
સત્ય ધર્મ વીતરાગનો જયકારીરે,
બુદ્ધિસાગર ગુરૂરાયની બલિહારીરે, ૬.

---

(૧૫)

अवगुण त्याग विषे.

(મારો સહેજે સલુણો સાહેબ ભેટીઓ. એ રાગ.)

બેની પ્રેમે પરમ ગુરૂ વંદીએ, જેની શિક્ષા સકલ સુખદાય,
ઉપદેશ સુણી શુદ્ધ ભાવથી, સદાચાર ધરો હિતલાય. બેની. ૧

પામી મનુષ્ય ભવ જગ શું રળ્યો, ટળ્યાં કર્મ કલંક ન લેશ,
જૂઠી વાણી ઘડી ઘડી બોલનાં, ધર્યો સાચો ન શ્રાવક વેષ. બેની. ૨

કરી નિન્દા બીજાની દ્વેષથી, લાજ્યો નહીં પાપથી કાંઇ,
માન મોટાઇના લોભમાં, ધન ખરચ્યું કીર્ત [illegible]. ૩

આપ મોટાઇ બણગાં ફૂકિયાં, કદી ધર્યું ન આતમ ધ્યાન,
જીવ કયાંથી આવ્યો કયાં જાવશે, શું લેઇ જશે નાદાન. બેની. ૪
વિષયારસ વ્હાલો લેખીને, પાપ કર્મ કર્યા કેઇ લાખ;
જુઓ રાવણ સરીખો રાજવી, તેના શરીરની થઇ રાખ. બેની. ૫
મારૂં મારૂં કરી જીવ મોહિયો, પડયો મોહમાયાના પાસ;
રાગ દ્વેષને જોરે વાહીઓ, બન્યો કર્મતણો જીવદાસ. બેની. ૬
ઉઠી અણધાર્યા દીન એકલું, જાવું પરભવ દુઃખ અપાર;
પાપ પુણ્ય બે સાથે આવશે, ચેત ચેત ચેતન ઝટવાર. બેની. ૭
સદ્ગુરૂ શરણુ સંસારમાં, કરતાં સહુ કર્મ કપાય;
શિવશાશ્વત સંપદા પામીએ, બુદ્ધિસાગર ગુરૂ સુપસાય. બેની. ૮

---

(૧૬)

श्रावक आचार विषे.

(ઓધવજી સંદેસો કહેજો શ્યામને, એ રાગ.)

ગુરૂની વાણી મીઠી સાકર સેલડી,
પીતાં મારા હૈયે હરખ ન માયજો,
ચંદરવા બાંધો ઘરમાં શ્રાવક સહુ,
જીવદયા પળે તનનું રક્ષણ થાય જો. ગુરૂની. ૧

ગળીને પાણી પીજે નયણે નીરખી,
હોકો બીડી પીવો નહીં ધરી ધર્મજો;
આદુ લસણને ડુંગળી કહો કેમ ખાઇએ,
જેથી દુઃખદાઇ બહુ લાગે કર્મજો. ગુરૂની. ૨

રાત્રી ભોજન શ્રાવકને કરવું નહીં,
પંખી પણ રાત્રે નવિ ખાણું ખાયજો;
ઉત્તમ શ્રાવક કૂળ પામી જો ખાઇએ,
તો શું શ્રાવક નામ ધરી મકલાયજો. ગુરૂની. ૩

કપટે કૂડું આળ ન દીજે કોઈને,
આગમ વાણી સાંભલીએ બહુ માનજો;
માનવ ભવ પામીને જન્મ સુધારીયે,
કદી ન કરીયે દેવ ગુરૂ અપમાનજો. ગુરૂની. ૪

ટંટા ઝઘડા ધર્મ કર્મમાં નવી કરો,
ગુરૂઆણા ધરો કરો કદાગ્રહ ત્યાગજો;
અભક્ષ્યાદિક વસ્તુ ભક્ષણ નહીં કરો,
શ્રાવક કરણી કરીયે ધરિ મન રાગજો. ગુરૂની. ૫

જૂઠી માયા બાજીગરની બાજીમાં.
જૂઠી માયા જગતતણી ક્ષણ નાશજો;
સત્યસ્વરૂપ આતમનું જ્ઞાને જાણતાં,
બુદ્ધિસાગર तत्वमसि પદ આશજો. ગુરૂની. ૬

---

(૧૭)

मुनिराज दीक्षा ले ते वखते गावानी.

(રહો ગુરૂ ફાગણ માસ ચોમાસું રે. એ રાગ.)

નમું નિશદિન મુનિવર નિરખીરે, શુદ્ધ સંયમ મારગ પરખી, નમું.
તમો વિષયા રસના ત્યાગીરે, શુદ્ધ મુનિ મારગ લય લાગીરે;
બન્યા ઉદાસીનથી વૈરાગીરે. નમું. ૧

રાગ દ્વેષને દૂરે ટાળીરે, મોહ માનતણું જોર ગાળીરે;
પંચ સુમતિ ગ્રહી લટકાળીરે. નમું. ૨

તમે છોડી દુનિયા દીવાનીરે, ઘરબાર મહેલ રાજધાનીરે;
ત્યાગી કાયરતા નાદાનીરે. નમું. ૩

ઉચર્યાં પંચ મહાવ્રત સારાંરે, ત્યાગી અવ્રત પંચ નઠારાંરે;
રૂંધ્યાં દુઃખકર આશ્રવ બારાંરે. નમું. ૪

મમતા માયા દૂર કીધીરે, વાટ મોક્ષ નગરની લીધીરે;
દેખી આતમ અનુભવ ઋદ્ધિરે. નમું. ૫
સંજમ સુખકર શિવ આપેરે, ભવોભવનાં પાપને કાપેરે;
સમતા સખી સેજે થાપેરે. નમું. ૬
પંચાચાર પાળો ધરી નેમરે, ગૌચરી દોષ ટાળો તેમરે;
સિંહ પેઠે સુરા વળી હેમરે. નમું. ૭
સંવેગી વૈરાગી સંતરે, ક્ષમાગુણથી મહી વિચરંતરે;
ગુણવંત મહંત શોભંતરે. નમું. ૮
એવા મુનિવરને અનુસરશુંરે, ભવ માનવ સફળો કરશુંરે;
બુદ્ધિસાગર ગુરૂ ગુણ વરશુંરે.. નમું. ૯

---

(૧૮)

समताए आत्माने आपेलो उपालम्भ.

સુગુણ સનેહા સ્વામિ મહેલે પધારો,
વિનતડી અવધારો, કૃપાળુ, મહેલે પધારો.
શેરીએ શેરીએ સ્વામી ફુલડાં બીછાવું,
તોરણ નવીન રચાવું. કૃપાળુ. ૧
વ્રત નિયમ કરી શરીર શોષાવું,
લુખાં અલુણાં ધાન્ય ખાવું, કૃપાળુ;
તારા માટે હું તીરથ કરતી,
ફાવે તે ડુંગર ફરતી. કૃપાળુ. ૨
દીવાની થઇને મેં તો દુનિયામાં ખોળ્યા,
માયાના દરિયા ડોળ્યા, કૃપાળુ;
પીંપળાને પાણી મેંતો પ્રેમથી રેડયાં,
ઋષિયોને પ્રેમથી તેડયા. કૃપાળુ. ૩

માળાના મણુકા હું તો નિશદિન ગણતી,
ગ્રન્થોને પ્રેમથી હું ભણતી, કૃપાળુ;
ત્યાગી થઇનેરે મેં તો ચીવર* ત્યાગ્યાં;
ભીક્ષાનાં ભોજન માગ્યાં. કૃપાળુ. ૪
વનવાસી થઇને મેં વાઘાંબર પેહેર્યું,
ચિન્તાએ મન મારૂં ઘેર્યું; કૃપાળુ;
જ્યાં ત્યાં જાવું ત્યાં તો શૂન્યજ ભાસે,
દુઃખ હું કહું કોની પાસે. કૃપાળુ. ૫
લાખ ચોરાશી જીવયોનિમાં ભમતી,
જન્મ જરા દુઃખ ખમતી; કૃપાળુ;
ચાર ગતિમાં મારી લાજ લુંટાણી,
દુષ્ટોએ જ્યાં ત્યાં તાણી. કૃપાળુ. ૬
મારી વ્હારે કોણ ચઢશે પ્રીતમજી,
બોલ્યામાં રાખું હવે શરમ શી ? કૃપાળુ;
મોટાના ઘરની મારી લાજ લુંટાય,
તેમાં ફજેતી તારી થાય. કૃપાળુ. ૭
ઘરણી વિના તમે વેશ્યાના સંગી,
એઠું ખાઈને થયા ભંગી; કૃપાળુ;
વિષયના પ્યાલા અમી માનીને પીધા,
વેશ્યાએ બેહાલ કીધા. કૃપાળુ. ૮
સમજો તો સમજાવું છેલ્લામાં છેલી,
ગઇ વેળા ન આવે વહેલી; કૃપાળુ;
નાનો બાલુડો નથી પારણે સૂતો,
જેથી સમજતો નથી હું તો; કૃપાળુ. ૯
વાંક ગુન્હો શો મારોરે આવ્યો,
વૈરી વેશ્યાએ ભમાવ્યો; કૃપાળુ.

---

* વસ્ત્ર.

સુખ અનન્તુ ઘરમાં ન દીઠું,
વિષ્ટાએ ભૂંડ મન મીઠું. કૃપાળુ. ૧૦

વેશ્યા તો નારી કદી થશે ન તારી,
વૈરિણી દુઃખ દેશે ભારી; કૃપાળુ.

મુખે મીઠી ને મન રાખે છે કાતી,
ફોલી ખાધી છે તારી છાતી, કૃપાળુ. ૧૧

ઘણું કહેતાંરે મને આંસુડાં આવે,
શરમ તને શીદ નાવે; કૃપાળુ.

કહો તો સ્વામિજી હું વૈરાગણ હોવું,
કહો તો નિશદિન રોવું. કૃપાળુ. ૧૨

નિર્દય થઈ તમે સામું ન જુઓ;
પોતાની પત તેમાં ખુઓ, કૃપાળુ.
આવી કુલવટ તમે ક્યાંથીરે રાખી;
કયા ભગતે તે ભાખી. કૃપાળુ. ૧૩

દુષ્ટ ચોરોએ તમને પકડીને લુંટયા,
કષ્ટ આપીને ખૂબ કૂટયા; કૃપાળુ.
જાગીને જુઓ જરા આંખ ઉઘાડી,
દૃષ્ટિનો દોષ દૂર કાઢી. કૃપાળુ. ૧૪

પાયે પડીને એમ વિનતિ કરૂં છું,
ધ્યાન સદા હું ધરૂં છું. કૃપાળુ.
બોલો બોલોને હવે ઉત્તર આપો;
ચરણ કમળમાં થાપો. કૃપાળુ. ૧૫

ભાન લાવીને સ્વામીજી બોલે,
પ્રેમથી અન્તર ખોલે—

સગુણી મારી તે મારી.

કાળ અનંતો મેં ફોગટ ગાળ્યો;
ભાવી ટળે નહિ ટાળ્યો. સગુણી. ૧૬

આડે મારગે પ્રાણુપતિ પધારે,
વ્હાલી સ્ત્રી તેને વારે. સુગુણી.
આજે તેં તારી સેવા બજાવી;
ફરજ સતીની સુણાવી. સુગુણી. ૧૭

વેશ્યાનો સંગ હવે કરૂં ન શાણી;
સંગત બુરી મેં જાણી; સુગુણી.
સમતાના સંગે એમ સ્વામિજી આવ્યા,
તત્ત્વ રમણતામાં ફાવ્યા. સુગુણી. ૧૮

ગુણુ ઠાણે ચોથે સ્વામિજી ચડીયા
વેશ્યાના હાથ હેઠે પડિયા—

અન્તરમાં જુઓ વિચારી.

ભેદ દૃષ્ટિએ ભિન્નતા બોધી;
લીધું સત્ય જ ઘટ શોધી. અન્તરમાં. ૧૯

ક્ષાયિકભાવે નિજ ઘરને તપાસી,
જ્ઞાનથી કીધું પ્રકાશી; અન્તરમાં.
ક્ષપક શ્રેણિએ મહેલે ચડંતા,
ક્ષાયિક લબ્ધિ વરંતા. અન્તરમાં. ૨૦

શક્તિ વ્યક્તિ ઘટ અન્તર જાગી,
સુખ વિલસે મહાભાગી; અન્તરમાં.
પુદ્ગલ સંગ નિવારી સમયમાં;
તન્મય રૂપ શુદ્ધ પામે. અન્તરમાં. ૨૧

આતમ નર નારી સમતા સંયોગ;
ભોગવે શાશ્વત ભોગ; અન્તરમાં.
મળીયો સમય લેખે એમ જ આવં,
બુદ્ધિસાગર શિવ હાવે અન્તરમાં. ૨૨

(૧૯)

વ્યાપારી ઉપર.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને, એ રાગ.)

વ્યાપારી વ્યાપારે મનડું વાળજે,
કરજે ઉત્તમ સદ્‌વસ્તુ વ્યાપારજો;
કપટ કરીને છેતરજે સહુ કર્મને,
છેતરવા નહિ જીવોને તલભારજો. વ્યાપારી. ૧

વિવેક દૃષ્ટિથી સહુ વસ્તુ દેખજે,
સુખકર સારી વસ્તુનો કર પ્યારજો;
દાન દયા સંયમ શીયલને સત્યતા,
સમતા આદિ વસ્તુનો સ્વીકારજો. વ્યાપારી. ૨

સોદાગર સદ્‌ગુરૂજી સાચા માનજે,
લોભાદિક ચોરોનો કરજે ખ્યાલજો,
લાભ મળે તે સાચવજે ઉપયોગથી,
અન્તર દૃષ્ટિને કરજે રખવાળજો. વ્યાપારી. ૩

સ્યાદ્વાદ દૃષ્ટિનાં કરજે ત્રાજવાં,
સહનશીલતા કાતર સારી રાખજો;
ગજ રાખો વ્યાપારી આતમ જ્ઞાનનો,
સ્થિરતા ગાદી બેશી સાચું ભાખજો. વ્યાપારી. ૪

પ્રતિક્રમણના રોજમેળથી દેખજે,
દીવસમાં શું મળીયો લાભાલાભજો;
બાહ્ય લક્ષ્મીની ચંચલતાને વારજે,
જલનું બિન્દુ પડિયું જેવું ડાભજો. વ્યાપારી. ૫

દુઃખને પણ સુખ માની હિમ્મત ધારજે;
પર પરિણતિ વેશ્યાનો સંગ નિવારજો;
ક્ષાયિક ભાવે દાનાદિક ગુણ લાભથી,
જન્મ જરાનાં દુઃખ નાસે નિર્ધારજો. વ્યાપારી. ૬

માયાના વ્યાપારો ત્યાગી જ્ઞાનથી,
અન્તરના વ્યાપારે ધરજે ધ્યાનજો;
બુદ્ધિસાગર અનંત સુખડાં સમ્પજે,
આતમ થાવે સિદ્ધ બુદ્ધ ભગવાનજો. વ્યાપારી. ૭
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

(૨૦)

सद्गुरु सेवापर.

(વૈદરભી વનમાં વલવલે. એ રાગ.)

સેવો સદ્ગુરૂ પ્રાણીયા, સંત સેવ્યાથી સુખ;
કોટી જન્મની કલ્પના, ટળે કર્મનાં દુઃખ. સેવો. ૧

આદિત્યવાર ઉપાસીએ, રૂડા આતમરામ;
સોમે સમતા શાંતિથી, કરિએ ધર્મનાં કામ. સેવો. ૨

શુદ્ધ બુદ્ધ પરમાતમા, બુધવારે સેવ;
ગુરૂવારે ગુણ ગાઇએ, જય જય ગુરૂદેવ. સેવો. ૩

શુક્રવાર સોહામણો, સુણો સૂત્ર સિદ્ધાંત;
જાગે જ્યોતિ જ્ઞાનની, ટળે ભવની ભ્રાંત. સેવો. ૪

શૂરા થઇએ જ્ઞાનમાં, કીજે સંતનો સાથ;
શનિવારે શુભ આતમા, કીજે હીરો હાથ. સેવો. ૫

કહેણી રહેણી રાખીએ, રટો આતમરાય;
બુદ્ધિસાગર ભાવથી, લાગો સદ્ગુરૂ પાય. સેવો. ૬

---

(૨૧)

पर्युषण विषे.

જીરે પરવ પજુસણ આવીયાં, તમે ધર્મ કરો નરનાર.
ગુરૂવાણી સુણો એકચિત્તથી, જેથી પામો ભવજલપાર. જીરે. ૧

દેવ દર્શન ટંક દો કીજીએ, પ્રભુ પૂજા કરીએ સાર;
પાપારંભનાં કામો ટાળીએ, કરો ધર્મતણો વ્યાપાર. જીરે. ૨
આઠ દીવસ પુણ્યે પામતાં, કરો શક્તિપણે ઉપવાસ;
શીલ પાળીએ શુભ ભાવથી, કહિ જુઠું ન બોલીએ ખાસ. જીરે. ૩
પ્રતિક્રમણ દો ટંકનું કરો, નહીં રમીએ કદી જુગાર.
વારંવાર પજુસણ નહીં મળે, લહી માનવનો અવતાર. જીરે. ૪
જેવું કરશો તેવું પામશો, જાણો આ સંસાર અસાર;
જીવ એકલો આવ્યો એકલો, જશે પરભવમાં નિરધાર. જીરે. ૫
પાપ કર્મ કરી ધન મેળવ્યું, તેતો સાથ ન આવે લગાર;
ચેત ચેત ચેતાવું જીવડા, તને સાન ન આવે લગાર. જીરે. ૬
ઘડી લાખ ટકાની વહી જશે, નહાં મળશે ટાણું ગમાર;
રૂડું પરમ પજુસણ સેવતાં, બુદ્ધિસાગર જય જયકાર,
સહુ સંઘમાં હર્ષ અપાર. જીરે. ૭

(૨૨)

हितशिक्षा.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ.)

સુખદાયક હિત શિક્ષા સાચી સાંભળો,
ધરજો મનમાં હેત ધરી નરનારજો;
પ્રભુ ભક્તિ શ્રદ્ધાથી સુખડાં પામશો,
હરતાં ફરતાં ગણજો મન નવકારજો. સુખ. ૧
નિંદા ચાડી ચુગલી કરવી વારજો,
દ્વેષ કરો નહિ શત્રુપર તલભારજો;
આળ ન દેવું પરના ઉપર વૈરથી,
પેટ ભરીને કરશો નહીં આહારજો. સુખ. ૨
નિજ શક્તિ અનુસારે લક્ષ્મી ધર્મમાં,
વાપરવી લહી માનવ ભવ અવતારજો;

હળી મળી સંપીને ઘરમાં ચાલવું,
ઘરમાં કરવો નહિ ખટપટથી ખારજો. સુખ. ૩

દીન દુઃખી અન્ધાપર કરૂણા કીજીએ,
પર ઉપકારે પાપકર્મનો નાશ જો;
મનમાં પણ બુરૂં નહિં પરનું ચિંતવો,
સારામાં સારૂં છે ધર વિશ્વાસ જો. સુખ. ૪

સુખની વેળા ભાગ્યથકી જો સંપજે,
ત્યારે મનમાં કરવો નહિ અહંકાર જો;
દુઃખની વેળા દિલગીરીને ત્યાગીએ,
એક અવસ્થા રહે નહીં સંસાર જો. સુખ. ૫

જુગારીની સંગત કીજે નહીં કદી,
કુમિત્રોની સોબત દુઃખ દાતાર જો;
કડવી પણ હિતશિક્ષા મનમાં ધારવી,
પરનારી વેશ્યાનો તજશો પ્યાર જો. સુખ. ૬

માતપિતાની ભકિત કરીએ ભાવથી,
સંકટ પડતાં કરવી પરને સહાય જો;
નાત જાતના સામા પડીએ નહિ કદી,
નિત્ય સવારે લાગો ગુરૂને પાય જો. સુખ. ૭

વચન વિચારી બોલો બહુ મીઠાશથી,
મોટા જનનું સાચવવું બહુ માન જો;
ગંભીર મનના થાશો સુખડાં સંપજે,
સદ્‌ગુરૂ ગુણનું કરવું જગમાં ગાન જો. સુખ. ૮

સમય સૂચકતા સમતા રાખી ચાલીએ,
ધર્મશાસ્રનો ધરજો મન આચાર જો;
બુદ્ધિસાગર સદ્‌ગુરૂ સંગત કીજીએ,
પામો તેથી ભવસાગરનો પાર જો. સુખ. ૯

(૨૩)

પતિવ્રતા સ્ત્રી વિષે.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ.)

પતિવ્રતા પ્રમદાના ધર્મો સાંભળો,
પ્રભાત કાલે વ્હેલી ઉઠે નાર જો;
મહામંત્ર પરમેષ્ઠિનો મનમાં ગણે,
દિન કૃત્યોનો ક્રમથી કરે વિચાર જો. પતિવ્રતા. ૧

પ્રતિદિવસ લઘુતાથી વિનયે વર્તતી,
પ્રેમે પડતી સાસુ સસરા પાય જો;
ઘરનાં કાર્ય કરે યતનાથી દેખીને,
વૃદ્ધ બાલને ખવરાવીને ખાય જો. પતિવ્રતા. ૨

નણુંદ જેઠાણી જેઠ દિયર ને દાસીઓ,
વર્તે સદાચરણથી સહુની સાથ જો;
ઠપકા મ્હેણાં સહન કરે સહુ પ્રીતથી,
નવરાશે ભજતી તે ત્રિભુવન નાથ જો. પતિવ્રતા. ૩

બાલક બચ્ચાંને જાળવતી પ્રેમથી,
કદી ન કરતી કુટુમ્બ સાથે ખાર જો;
મોટું પેટ કરીને સહુનું સાંભળે,
પર પુરૂષથી કદી કરે નહિ પ્યાર જો. પતિવ્રતા. ૪

મીઠાં વચનો બોલે સહુની સાથમાં,
સુખ દુઃખ વેળા મન રાખે સમભાવ જો;
ઘરની વાતો દ્વેષી આગળ નહીં કરે,
ધર્મ કર્મનો કરતી મનમાં લ્હાવ જો. પતિવ્રતા. ૫

નહિ પંજેળે પતિને હઠીલી થઇ કદી,
સંકટ પડતાં પતિને કરતી સહાય જો;
આફત આવે પતિને ધીરજ આપતી,
આળ ચડે તેવા સ્થાને નહીં જાય જો. પતિવ્રતા. ૬

છેલછબીલી બનીઠણીને નહીં ફરે,
લોક વિરૂદ્ધ વર્તે નહીં કંઠે પ્રાણુ જો;
લાજ ધરે મોટાની કુલવટ સાચવી,
પતિઆજ્ઞા લોપે નહિ સુખની ખાણુ જો. પતિવ્રતા. ૭

દેવ ગુરૂને વંદન કરતી ભાવથી,
સદ્ગુરૂ વચનામૃત સાંભળતી પ્રેમ જો;
ગ્રહ્યાં વ્રતોને પ્રાણાંતે પણ પાળતી,
સતીવ્રતોને સાચવતી ધરી નેમ જો. પતિવ્રતા. ૮

ધર્મ કર્મમાં સર્વ જનોને જોડતી,
બાલક બાલીકાને દેતી બોધ જો;
ઠપકો પતિ આપે તે સર્વે સાંભળે,
પતિના સામું બોલે નહિ ધરી ક્રોધ જો. પતિવ્રતા. ૯

સુલસા ચંદનબાલા સીતા રેવતી,
દમયંતી સુભદ્રા શુભ અવતાર જો;
બુદ્ધિસાગર સતીએ એવી શોભતી,
પાળો શીયળ કુળવંતી શુભ નાર જો. પતિવ્રતા. ૧૦

---

(૨૪)

સટ્ટા વિષે.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ.)

સટ્ટામાં બટો છે સજ્જન સાંભળો,
ચિંતાતુર મનડું રહેવે નિશદિન જો;
આશા તૃષ્ણા વૃદ્ધિ દુઃખડાં સંપજે,
કુવ્યાપારે મૂરખ પર આધીન જો. સટ્ટામાં. ૧

લોભતણો નહિ થોભ જુગારે જાણીએ,
ઘડી ઘડીમાં રંગ ઘણા બદલાય જો;
બીજો ધંધો સૂજે નહિ સટ્ટાથકી,
સર્વે વાતે પૂરો વ્યસની થાય જો. સટ્ટામાં. ૨

મળે નહિ શાંતિ એ સટ્ટા સંગથી,
જળો અવસ્થા સટ્ટાની અવધાર જો;
જોષ જુએ કોઇ સટ્ટાના વ્યાપારમાં,
ભિક્ષા હાંલ્લુ સીંકે ચઢે નહિ યાર જો. સટ્ટામાં. ૩
ચંચળ લક્ષ્મી સટ્ટાના વ્યાપારથી,
સમજો સમજુ મનમાં નર ને નાર જો;
ત્યજો વ્યસન સટ્ટાનું સમજી સત્યને,
કરો પ્રતિજ્ઞા ગુરૂ પાસે નિરધાર જો. સટ્ટામાં. ૪
લોભી લક્ષ્મી લાલચથી ફૂટાય છે,
ત્યાગો જૂગટું સટ્ટાના વ્યાપાર જો;
બુદ્ધિસાગર ન્યાયોપાર્જિત વિત્તથી,
પ્રગટે ધર્મની બુદ્ધિ મંગલમાલ જો. સટ્ટામાં. ૫

---

(૨૫)

પતિવ્રતા સ્ત્રીવિષે હિતશિક્ષા.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ.)

સાચી શિક્ષા સમજુ સ્ત્રીને સાનમાં,
કદી ન કરવો પ્રાણપતિપર ક્રોધ જો;
સાસુ સસરાની હિતશિક્ષા માનવી,
પુત્ર પુત્રીને કરવો સારો બોધ જો. સાચી. ૧

પતિઆજ્ઞાએ કારજ સહુ ઘરનું કરે,
નિંદા લવરી કરે નહીં તલભાર જો;
પર પુરૂષની સાથે પ્રીતિ નહીં કરે,
પતિદુઃખે દુઃખી શીલવંતી નાર જો. સાચી. ૨

પુત્ર પુત્રીઓ પ્રેમે પ્રમદા પાળતી,
લડે નહીં ઘરમાં કોઇની સાથ જો;
નિત્ય નિયમથી ધર્મ કર્મ કરતી રહે,
સમરે પ્રેમે ત્રણ ભુવનના નાથ જો. સાચી. ૩

લજ્જા રાખી બોલે મોટા આગળે;
લક્ષ્મી જેવી તેવું ભોજન ખાય જો;
લોક વિરૂદ્ધ વર્તે નહિ કુળવટ સાચવી,
કુલટા સ્ત્રીની સાથે ક્યાંય ન જાય જો. સાચી. ૪

સમતા રાખે સહુ કારજ કરતાં થકાં,
શિક્ષા દેતાં કદી નહીં અકળાય જો;
ગંભીરતા રાખી વર્તે સંસારમાં,
એવી સ્ત્રીના સદ્‌ગુણ સર્વે ગાય જો. સાચી. ૫

દેવ ગુરૂને ધર્મે ભક્તિ જેહની,
સંકટ આવે પતિને કરતી સહાય જો;
બુદ્ધિસાગર શીયળ પાળે પ્રેમથી,
શીયળવંતી નારી સુખડાં પાય જો. સાચી. ૬

---

(૨૯)

स्त्रीधर्म विषे हितशिक्षा.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને, એ રાગ.)

શાણી સ્ત્રીને શિખામણ છે સહજમાં,
શીયળ પાળો મનમાં ધારી ટેક જો;
શ્રદ્ધા ભક્તિ વિનય વિચારે ચાલવું,
સત્યાસત્યનો મનમાં કરી વિવેક જો. શાણી. ૧

દયા દાન આભૂષણને કંઠે ધરો,
ક્રોધાવેશે કદી ન દેવી ગાળ જો;
દેરાણી જેઠાણી સાથે સંપીને,
વર્તે કરતી કુટુંબની સંભાળજો. શાણી. ૨

કુળ લક્ષ્મીથી ફૂલી થાય ન ફાળકો,
પ્રાતઃકાળે પડતી સાસુ પાય જો;
અભક્ષ્ય ભક્ષણ પ્રાણાંતે પણ નહીં કરે,
દેવગુરૂનાં દર્શન કરીને ખાય જો. શાણી. ૩

રડવું લડવું નિર્લજ વાણી ભાખવી,
કરતી તેનો સત્ય ટેકથી ત્યાગજો;
સારી સ્ત્રીની સોબત કરતી પ્રેમથી,
વીતરાગ ધર્મે વર્તે મન રાગ જો. શાણી. ૪

પાડોશીની સાથે વર્તે પ્રેમથી.
પરપુરૂષ સાથે હાંસી નિવાર જો;
મિષ્ટ વચન મમતાથી હરખે બોલતી,
ધન ધન એવી સ્ત્રીનો જગ અવતાર જો. શાણી. ૫

નિંદા ઝઘડા વેર ઝેરથી વેગળી,
સહુના સારામાં મનડું હરખાય જો;
"બુદ્ધિસાગર" બાળક ગુરૂણી માત છે,
સારી સ્ત્રીથી કુટુંબ સુખીયું થાય જો; શાણી. ૬

---

(૨૭)

पुत्रीने मानी शिखामण.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ.)

શિક્ષા બાલિકાને માતા આપતી,
સંગત સારી બાલિકાની રાખ જો;
કરો વિનય મોટાનો હરખી હેતથી,
દુર્ગુણોને મનથી કાઢી નાખ જો. શિક્ષા. ૧

ભણવી વિદ્યા ચીવટ રાખી વ્હાલથી,
કદી ન રાખો ગાળ દેવાની ટેવ જો;
વ્હેલાં ઉઠી અભ્યાસે મન વાળવું,
માત પિતાની કરવી પ્રેમે સેવ જો. શિક્ષા. ૨

માત કહે તે કાર્યો કરતી પ્રેમથી,
માત પિતાને કરતી નિત્ય પ્રણામ જો;
નવરી આથડતી નહિ પરના આંગણે,
દેવગુરૂને કરતી શુદ્ધ પ્રણામ જો. શિક્ષા. ૩

રોવું રીસાવું નહિ હઠથી દીકરી,
જુઠું ચોરી ચુગલી કરજે ત્યાગ જો;
વિદ્યાની ખામીથી મૂર્ખી સહુ કહે,
કરજે સાચો ધર્મમાર્ગથી રાગ જો. શિક્ષા. ૪

નિત્ય નિયમથી સહુ કૃત્યો કરવા થકી,
હળવે હળવે કાર્યો સર્વે થાય જો;
બુદ્ધિસાગર શિક્ષા માની માનતાં,
દીકરી ગુણિયલ કુટુંબમાંહિ ગણાય જો. શિક્ષા. ૫

---

(૨૮)

समाधि पद.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ.)

અન્તરના અલબેલા સાહિબ રીજસે,
ત્યારે થાશે સઘળાં કારજ સિદ્ધ જો;
અષ્ટ સિદ્ધિ ઘટમાં પ્રગટે છે ધ્યાનથી,
દાન ગુણોનું પોતાને પરસિદ્ધ જો. અન્તર. ૧

યમ નિયમ આસન ને પ્રાણાયામથી,
શરીર શુદ્ધિ થાશે ચિત્ત પવિત્ર જો;
પદ્માસન સિદ્ધાસનવાળી બેસજો,
સુષુમ્ણા ભેદક આસનની રીત જો. અન્તર. ૨

પ્રત્યાહારે ચિત્તની સ્થિરતા સંપજે,
ધારણા માંહે ધારો અન્તર દેવ જો;
ધ્યાનભેદ સમજીને ધ્યાને ધ્યાઈએ,
અન્તર આતમ પરમાતમની સેવ જો. અન્તર. ૩

નિર્વિકલ્પ સમાધિરૂપે સંપજે,
સુખનો દરિયો ગુણથી ભરીયો પૂર જો;
અલખ દશાની અવિચલ રટના લાગતાં,
નિર્મલ નયણે નિરખે આતમ નૂર જો. અન્તર. ૪

સહજ સમાધિ મોટી મનમાં માનીએ,
વળજો એની વાટે વ્હેલાં વીર જો;
ડગે મેરૂ પણ ચિત્ત ચંચલતા નવી હુવે,
ધ્યાન દશા એવી વર્તે તે ધીર જો. અન્તર. ૫

અનેકાન્તદષ્ટિથી આતમ ઓળખી,
પૂજો ધ્યાવો ગાવો શ્રી ભગવાન્ જો;
નિર્નામી પણ અનેક નામો એહનાં,
ષડ્ દર્શનમાં સહુ ધ્યાવે છે ધ્યાન જો. અન્તર. ૬

સાતનયોથી સ્વરૂપ સમજો આત્મનું,
સાપેક્ષે ષડ્ દર્શન આત્મ સમાયજો;
સ્યાદ્વાદ સત્તાથી પૂરણ પામીએ,
ભેદભાવ ઝઘડો ત્યારે દૂર થાય જો. અન્તર. ૭

અન્તર સ્વામી સમજ્યા વિણ શું સેવના,
શ્રદ્ધા ભક્તિ પ્રીતિથી પરખાય જો;
શબ્દ સૃષ્ટિ વિકલ્પ શમ્યા નિજ શુદ્ધિમાં,
બુદ્ધિસાગર અન્તર્યામી ગાય જો. અન્તર. ૮

---

(૨૯)

પુરુષના ધર્મવિષે.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ.)

સદ્ગુરૂ દે છે શિક્ષા શિષ્ય પ્રતિ મુદા,
નમન કરીને શિષ્ય સુણે કર જોડ જો;
સર્વ જીવની સાથે મૈત્રી ભાવના,
કદી ન કરજે યોગિ યતિથી હોડ જો. સદ્ગુરૂ. ૧

સુખ દુઃખમાં સમભાવે આયુષ્ય ગાળવું,
વંદક નિંદક ઉપર સરખો ભાવ જો;
સદુપદેશે હિત સઘળાનું સાધવું,
ભવ જલધિને તરવા શરીર નાવ જો. સદ્ગુરૂ. ૨

શુદ્ધ ક્રિયાથી કર્મ કલંક વિદ્દારવું,
દોષીના દોષોનો કરવો નાશ જો;
પ્રાણુાંતે પણુ જીવદયાને પાળવી,
સત્યદેવ સદ્ધર્મે ધર વિશ્વાસ જો. સદ્દ્ગુરૂ. ૩

ગુરૂની આજ્ઞા કો કાળે નહી ત્યાગવી,
સત્ય ધર્મમાં કદી ન કરવો સ્વાર્થ જો;
વિનયવંત શિષ્યો સદ્દ્ગુણુને પામતા,
પડે પિણ્ડ પણુ છોડો નહિ પરમાર્થ જો. સદ્દ્ગુરૂ. ૪

મહાવ્રતોને ધારી આતમ ધ્યાનમાં,
રમજે જેથી જાગે અન્તર જ્યોત જો;
અન્તર્યામી પરમાતમની પ્રાપ્તિથી,
હોવે કેવલજ્ઞાને સત્ય ઉદ્યોત જો. સદ્દ્ગુરૂ. ૫

અનેકાન્તદર્શનથી આતમ ઓળખે,
અન્તર્મુખતા વૃત્તિની તવ હોય જો,
આત્મસ્વરૂપે ખેલે શુદ્ધ સ્વભાવથી,
તત્ત્વરમણુથી નડે ન કોને કોય જો. સદ્દ્ગુરૂ. ૬

ગુરૂ વચનામૃત પામે શિષ્ય સુપાત્ર જે;
ગુરૂ ભક્તિથી શક્તિ પ્રગટે સર્વ જો;
સદ્દ્ગુરૂગમથી જ્ઞાન સફલતા જાણીએ,
નાશે તેથી વિષય વાસના ગર્વ જો; સદ્દ્ગુરૂ. ૭

રાગી દ્વેષી ગુરૂ નિન્દક જે પ્રાણિઆ,
ધિક્ ધિક્ તેનો માનવનો અવતાર જો;
બુદ્ધિસાગર સદ્દ્ગુરૂ દર્શન દોહીલું,
પામી પ્રાણી પામે ભવનો પાર જો. સદ્દ્ગુરૂ. ૮

---

(૩૦)

શિષ્યને સદ્ગુરુની શિક્ષા.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ.)

સમજુ નરને શિખામણ છે સાનમાં,
કરે નહિ પર લલના સાથે પ્યાર જો;
હાંસી ઠઠ્ઠા પર સ્ત્રી સાથે નહીં કરે,
કામી નરનો ધિક્ ધિક્ અવતાર જો. સમજુ. ૧

છેલછબીલો કુલ કલંકી નહીં હુવે,
વિચારીને બોલે સારા બોલ જો;
કહેતો જેવું તેવું મનથી પાળતો,
એવા નરનો જગમાં વધતો તોલ જો. સમજુ. ૨

મદિરાપાની લંપટ સંગત નહીં કરે,
કુલવટથી ચલવે જગમાં વ્યવહાર જો;
ન્યાયવૃત્તિથી ધંધો કરતો સત્યથી,
ન્યાયલક્ષ્મીના ભોજનથી આહાર જો. સમજુ. ૩

સહુની સાથે વર્તે મૈત્રીભાવથી,
માત પિતાને નમન કરે હિત લાય જો;
મોટા જનનું માન કરે તે પ્રેમથી,
કલંક આળ ચઢે ત્યાં કદી ન જાય જો. સમજુ. ૫

આડે રસ્તે લક્ષ્મી ખરચે નહીં કદી,
જ્ઞાત જાતિનો કરતો સત્ય ઉદ્ધાર જો;
દુઃખી દીનને સહાય શક્તિથી આપતો,
કુટુંબ જનની સાથે રાખે પ્યાર જો. સમજુ. ૫

પૂજ્ય ગુરૂને વંદન કરે બહુ ભાવથી,
સદ્ગુરૂ શિક્ષા શ્રવણ કરે હિત લાય જો;
વૈયાવચ્ચ કરે શ્રી સદ્ગુરૂરાયની,
સાધર્મીને દેખી મન હરખાય જો. સમજુ. ૬

પુત્ર પુત્રીને સમજણ આપે પ્રેમથી,
ગંભીર મનથી વર્તે સહુની સાથ જો;
નવરાશે વાંચે શુભ પુસ્તક ધર્મનાં,
ભજે જિનેશ્વર ત્રણ ભુવનના નાથ જો. સમજુ. ૭
કુટુંબ જનમાં કલેશ વધારે નહિ કદી,
ભાઈ બેનની સાથે રાખે પ્રેમ જો;
ગ્રહ્યાં વ્રતોને પ્રાણાંતે ત્યાગે નહીં,
દયા ધર્મથી જીવ પર રાખે રહેમ જો. સમજુ. ૮
મિથ્યા કુગુરૂ સંગત વારે જ્ઞાનથી,
જિનેશ્વરના ધર્મે વર્તે ટેક જો;
લોક વિરૂદ્ધને દેશ વિરૂદ્ધને ત્યાગતો,
જૈન ધર્મથી વિરૂદ્ધ ત્યાગ વિવેક જો. સમજુ. ૯
ક્રોધ કરીને પ્રમદા માર ન મારતો,
પ્રાણાંતે પણ વેશ્યા ઘેર ન જાય જો;
મુનિ નિંદા અપમાન કરે નહિ સ્વપ્નમાં,
સાધુ જનને દાન કરે હિત લાય જો. સમજુ. ૧૦
આય પ્રમાણે ખર્ચ કરે વિવેકથી,
કુટુંબ જનને કરે નીતિનો બોધ જો;
જુગટું સટ્ટા ચોરી વ્યસનો ત્યાગતો,
ઘડી ઘડીમાં કરે નહિ તે ક્રોધ જો. સમજુ. ૧૧
ધર્મ કરતાં વારે નહીં નિજ નારીને,
સુખ દુઃખમાં સમભાવે કાઢે કાળ જો;
નિન્દા લવરી અદેખાઈને ત્યાગતો,
સજ્જન મુખથી કદા ન દેવે ગાળ જો. સમજુ. ૧૨
ધર્મોદ્ધારક દીન દયાળુ થાવશે,
જિન શ્રદ્ધાલુ જીવદયા પ્રતિપાલ જો;
બુદ્ધિસાગર પુરૂષ એવા પાકશે,
ત્યારે થાશે જૈનધર્મ ઉદ્ધાર જો. સમજુ. ૧૩

(૩૧)

લક્ષાધિપતિઓને હિતશિક્ષા.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ.)

હે લક્ષાધિપતિઓ જગમાં શું રહ્યા,
ક્યાંથી આવ્યા ને ક્યાં જાશો ભવ્ય જો;
શાને માટે જન્મ્યા જાગી જાણજો;
સમજો જગમાં કયું? સારૂં કર્તવ્ય જો. હે લક્ષા. ૧

શેર એક દારૂનો નીશો જે ચઢે,
લાખોપતિને તેવું ધનનું ઘેન જો;
ધનના ઘેને ઘેરાયો અહંકારમાં,
એવા નરને સમતાનું નહિ ચેન જો. હે લક્ષા. ૨

ગાડી વાડી લાડીમાં ગુલતાન જે,
પૈસા માટે પાપ કરે નિશદિન જો;
વૈરાગ્યે મન વાળે ક્યાંથી પ્રાણિયા,
વ્યાપારે વર્તે વૃત્તિ લયલીન જો. હે લક્ષા. ૩

પૈસાને પરમેશ્વર માન્યો પ્રેમથી,
સ્રીને ગુરૂ માની કરતા તસ સેવ જો;
રાત દિવસ લોભે લલચાયો લાલચુ,
એક ચિત્તથી સેવે નહિ જિનદેવ જો. હે લક્ષા. ૪

ધર્મ કર્મને મૂકી ક્યાં અથડાવ છો,
પદવી પુચ્છે મળતું શું ઉપમાન જો;
દુનિયાના માને શું મન મલકાવ છો,
લક્ષ્મી દેખી શું થાવો ગુલતાન જો. હે લક્ષા. ૫

મરતાં લક્ષ્મી સાથ ન આવે જાણજે,
હાય હાય કરતો જાઇશ તું એક જો,
લક્ષ્મી લાલચ લોભ વધે છે સોગણો,
સત્યાસત્યનો દીલમાં કરો વિવેક જો. હે લક્ષા. ૬

લક્ષાધિપતિઓની રાખો થઇ ઘણી,
મરતાં તેવી રાખ તમારી થાય જો;
ચેતો ચેતો વૈરાગી થઇ જાગજો,
નહિ ચેતે તે પાછળથી પસ્તાય જો. હે લક્ષા. ૭

સાત ક્ષેત્રમાં લક્ષ્મી ખર્ચો ભાવથી,
દુઃખી જનનો કરજો ઝટ ઉદ્ધાર જો;
ફોગટ લક્ષ્મી ખર્ચો નહીં કુક્ષેત્રમાં,
પુણ્ય કર્યાથી સ્વર્ગાદિક અવતાર જો. હે લક્ષા. ૮

શરીર ન્યારૂ લક્ષ્મી ન્યારી છેવટે,
એકીલો જીવ જાશે કોઇ ન સાથ જો;
ધર્મ કરી લ્યો સદ્‌ગુરૂગમથી પ્રાણિયા,
સેવો શ્રી કરૂણાલુ જિનવર નાથ જો. હે લક્ષા. ૯

ધર્મ કરંતાં સુખીઆ જગમાં પ્રાણિયા,
શાશ્વત સુખડાં સહેજે તેથી થાય જો;
બુદ્ધિસાગર અવસર પામી ચેત જો,
પામો જલ્દી શિવસંપદ સુખદાય જો. હે લક્ષા. ૧૦

---

(૩૨)

श्रावकनुं वर्तन.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ.)

શ્રદ્ધાળુ ગંભીર શ્રાવક સુજાણ છે,
જીવ દયાળુ ઘટમાં સત્ય વિવેક જો;
નવ તત્ત્વાદિક સમજે ગુરૂગમ જ્ઞાનથી,
સદાચરણ શ્રદ્ધાની મનમાં ટેક જો. શ્રદ્ધાળુ. ૧

જિનવર દેવ શ્રદ્ધાથી તેહ સનાથ છે,
અનાથ નહીં કહેવાતો શ્રાવકપુત્ર જો;
કરે કમાણી ન્યાયવૃત્તિ સંસારમાં,
સંતોષે ચલવે છે ઘરનું સૂત્ર જો. શ્રદ્ધાળુ. ૨

મુનિની પાસે વ્રત ઉચ્ચરતો ભાવથી,
લીધાં તેવાં વ્રત પાળે ગુણવાન્ જો;
સાધર્મીને દેખી મન હરખાય છે,
ભક્તિથી કરતો તેનું બહુમાન જો. શ્રદ્ધાળુ. ૩
સત્ય મનોરથ મુનિવ્રતના દીલમાં કરે,
કારાગૃહ સમ જાણે આ સંસાર જો;
જલ પંકજવત્ ન્યારો અન્તરૂથી રહે,
ધન્ય ધન્ય તેવા શ્રાવક અવતાર જો. શ્રદ્ધાળુ. ૪
વ્યવહારે સમકિતની શ્રદ્ધા સાચવે,
જૈનધર્મની વૃદ્ધિમાં લયલીન જો;
સાત ક્ષેત્રમાં લક્ષ્મી ખર્ચે ભાવથી,
સંકટ પડતાં કદી ન થાવે દીન જો. શ્રદ્ધાળુ. ૫
સદ્ગુરૂ મુનિને ખમાસમણુ દે ભાવથી,
ગુરૂસાક્ષીએ કરતો પ્રત્યાખ્યાન જો;
પ્રતિક્રમણુ સામાયિક સમજીને કરે,
ધર્મ કર્મમાં નિશદિન રહે ગુલતાન જો. શ્રદ્ધાળુ. ૬
નિન્દા લવરી ચાડી ચુગલી નહિ કરે,
પ્રિય સાચથી બોલે રૂડા બોલ જો;
ચોરી જારી પાપ કરે નહિ સ્વપ્નમાં,
જૈન ધર્મીનો વધતો તેથી તોલ જો. શ્રદ્ધાળુ. ૭
જિનપ્રતિમાને પૂજે જે બહુમાનથી,
જિનની આણાએ સમજે તે ધર્મ જો;
દાન દિયે મુનિવરને જે બહુમાનથી,
એવા શ્રાવક પામે શાશ્વત શર્મ જો. શ્રદ્ધાળુ. ૮
તન મન ધનથી જૈન ધર્મ વૃદ્ધિ કરે,
ગુરૂ આણાએ ધર્મ કરે સુખકાર જો;
બુદ્ધિસાગર શ્રાવક એવા પાકશે,
ત્યારે થાશે જૈન ધર્મ ઉદ્ધાર જો. શ્રદ્ધાળુ. ૯

(૩૩)

વ્યવહાર ધર્મારાધન વિષે.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને, એ રાગ.)

સાચી શિક્ષા સાંભળજો સહુ વ્હાલથી,
નય વ્યવહારે ધરવો ધર્માચાર જો;
પુષ્ટાલમ્બન નિમિત્ત કારણ સેવના,
એહીજ વ્યવહારે વર્તો સુખકાર જો. સાચી. ૧

દેવગુરૂની શ્રદ્ધા સાચી રાખજો,
ધર્મક્રિયાથી નિર્મલ આતમ થાય જો;
સમજો હેતુ ધર્મક્રિયાના ભાવથી,
ધર્મક્રિયામાં અભ્યાસી સુખ પાય જો. સાચી. ૨

ઉદ્યમની બળવત્તા સાચી માન જો,
ધર્મોદ્યમથી સફલ હુવે અવતાર જો;
શૂરા થઇને આળસ ત્યાગી સેવીએ,
જૈન ધર્મને ભવોભવમાં સુખકાર જો. સાચી. ૩

ભવિતવ્યતા માનંતાં એકાંતથી,
આલસનું ઘર બનશો સજ્જન ભવ્ય જો;
સેવો ઉદ્યમ સમજો સાચા તત્ત્વને,
સંયમ પુષ્ટિ સુંદર છે કર્તવ્ય જો. સાચી. ૪

નય વ્યવહારે શાસન ચાલે વીરનું,
જંગમ તીર્થોન્નતિ વ્યવહારે થાય જો;
શ્રાવક સાધુ ધર્મે પણ વ્યવહાર છે,
પૂજા ભકિત વ્યવહારે જયકાર જો. સાચી. ૫

નિશ્ચયનય જાણી તજતાં વ્યવહારને,
હોવે તેથી ધર્મ તીર્થ ઉચ્છેદ જો;
એ નય માને ધર્મ કર્મની સાધના,
નાશે તેથી જન્મ મરણના ખેદ જો. સાચી. ૬

દુનિયાના વ્યવહારે વર્તો ભાવથી,
ધર્મતણા વ્યવહારે શંકા થાય જો;
તે પણ મિથ્યા ભ્રમણા જાણી ત્યાગશો,
નય વ્યવહારે ઉદ્યમથી સુખ થાય જો. સાચી. ૭

બે નય માને અનેકાન્તની સિદ્ધિ છે,
જ્ઞાનક્રિયાથી શાશ્વત મુક્તિ થાય જો;
બુદ્ધિસાગર અંતરમાં અધ્યાત્મથી,
વર્તો બાહિર વ્યવહારે હિત લાય જો. સાચી. ૮

---

(૩૪)

शूरवीर साधु व्रत पाळे छे ते उपर.

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો, એ રાગ.)

મુક્તિના પન્થે શૂરવીર ચાલશે રે જાગી,
કાયર તો જાય ત્યાંથી ભાગી રે. મુક્તિ.

સુભટનો વેષ પહેરી પેઠો રણમાં તો,
ચાલે છે સહુની રે આગે;
ખરાખરીનો જ્યારે ખેલ આવે ત્યારે,
મૂઠી વાળીને ભીરૂ ભાગે રે. મુક્તિ. ૧

સતીનો ડોળ ભલે રાખે સહુ નારીયો,
પતિની સાથ સતી બળશે;
ભક્તિ ચુંતેલ માગે ખરા ભકતની,
ભક્તિ તે ભાવમાંહિ ભળશે રે. મુક્તિ. ૨

દીક્ષા લેઈને સાધુ કહાવે સહુ,
વિરલા સંયમથી વિચરતા;
કરી કેશરીયાં મોહ હઠાવી,
જય લક્ષ્મી કેઈ વરતા રે. મુક્તિ. ૩

લીધો વેષ તેને ભજવે છે શૂર જન,
બોલે છે બોલ તેવું પાળે;
બુદ્ધિસાગર શૂરવીર સાધુઓ,
શિવપુર સન્મુખ ચાલે રે. મુક્તિ. ૪

(૩૫)

મુનિ સદ્ગુરુ.

(રાગ સવૈયા એકત્રીશા.)

નમો નમો મુનિવર સુખરાજા, વૈરાગી ત્યાગી શુરવીર,
પંચ વ્રતોને પ્રેમે પાળે, ધર્મ ધ્યાનમાં વર્તે ધીર;
દેશો દેશ વિહાર કરીને, ઉપદેશે છે નર ને નાર,
નમો નમો મુનિવર, સુખરાજા, વંદન હોજો વારંવાર. ૧

સંઘ ચતુર્વિધમાં જે મ્હોટા, જિનશાસનના જે સુલતાન,
જૈનોન્નતિમાં જીવન ગાળે, ધર્મરત્નનું દેતા દાન;
સાચું જંગમ તીર્થ મુનીશ્વર, ભવોદધિ તારે નરનાર;
નમો નમો મુનિવર સુખરાજા, વંદન હોજો વારંવાર. ૨

શ્રાવકને મુનિવરનું અન્તર, છિલ્લરને સાગર ઉપમાન,
પરમ પ્રભુમાં મુનિવર ભાખ્યા, કરતા પિંડસ્થાદિક ધ્યાન;
ત્રિજ્ઞાની પણ વીર જિનેશ્વર, દીક્ષા લેવે મુનિની સાર,
નમો નમો મુનિવર સુખરાજા, વંદન હોજો વારંવાર. ૩

મુનિવર વૈયાવૃત્યે રાચો, કરશો મુનિવરનું બહુમાન,
મુનિ વિના નહીં સંઘ કહાવે, આવશ્યકમાં મુનિ ભગવાન્;
સૂરિ વાચક પણ મુનિવર વેષે, સંઘ ચતુર્વિધના આધાર,
નમો નમો મુનિવર સુખરાજા, વંદન હોજો વારંવાર. ૪

વ્રત ઉચ્ચરવા મુનિની પાસે, આગમમાં ભાખ્યું છે સ્પષ્ટ,
સમકિત ઉચ્ચરવું મુનિ પાસે, નહિ માને તે ભૂલે ભ્રષ્ટ;
દ્રવ્ય ક્ષેત્ર ને કાલસ્વભાવે, મુનિમંડળ વર્તે જયકાર,
નમો નમો મુનિવર સુખરાજા, વન્દન હોજો વારંવાર, ૫

સપ્ત ક્ષેત્રમાં મુનિવર શ્રમણી, આવ્યા છે સમજો તે વાત,
તુચ્છ બુદ્ધિને વૈર ઝેરથી, કરવો નહિ મુનિપદનો ઘાત;
મુનિમંડલના અભ્યુદયથી, થાશે જિનશાસન ઉદ્ધાર.
નમો નમો મુનિવર સુખરાજા, વંદન હોજો વારંવાર, ૬

સમકિતદાતા મુનિવર ગુરૂજી, જગમાં તેનો બહુ ઉપકાર,
વિજયપતાકા જિનશાસનની, મુનિવરથી માનો નિર્ધાર;
વીરની પાટે મુનિવર વેષે સૂરિવર બેસે છે જયકાર,
નમો નમો મુનિવર સુખરાજા, વંદન હોજો વારંવાર. ૭

ચરણ કરણ સેવનમાં શૂરા, જ્ઞાન ધ્યાનમાં કાઢે કાળ,
કનક કામિની ત્યાગ કરીને, ત્યાગી જૂઠી માયા જાળ;
હરિભદ્ર શ્રીહેમચન્દ્રને, વાચક યશોવિજયજી સાર,
નમો નમો મુનિવર સુખરાજા, વંદન હોજો વારંવાર. ૮

યુગપ્રધાનો મુનિવર વેષે, શાસન શોભાના કરનાર,
પુણ્યવન્તને મુનિવર દર્શન, અમૃતસમ લાગે સુખકાર;
બુદ્ધિસાગર પંચમકાળે, મુનિવર ગુરૂનો છે આધાર,
નમો નમો મુનિવર સુખરાજા, વંદન હોજો વારંવાર. ૯

---

(૩૬)

હું ને મારું.

(રાગ પ્રભાત.)

હું ને મારૂં માની પ્રાણી, ચાર ગતિમાં ભટક્યો રે;
અજ્ઞાને અથડાણો જ્યાં ત્યાં, અવળી મતિથી અટક્યો રે. હું. ૧
છાયામિષે કાળ ભમે છે, ક્ષણમાં પકડી જાશે રે;
કુટુમ્બ કબીલો સાથ ન આવે, આવ્યા તેવું જવાશે રે. હું. ૨
જરૂર જંજાળે જકડાતાં, દુઃખના દરિયા મોટા રે;
ગુરૂગમથી સમજીને પ્રાણી, વાળીશ નહિ તું ગોટા રે. હું. ૩

જન્મ્યા તેને જરૂર મરવું, ભુલીને શું ફરવું રે;
કાળઝપટમાં સહુ ઝપટાશે, કામ ન કરવું વરવું રે. હું. ૪

પાણીના પરપોટા જેવી, કાયા રોગ ભરેલી રે;
મારી માને મૂરખ જીવડા, વિણશી જાશે ઘહેલી રે. હું. ૫

જૂઠી કાયા જૂઠી જાયા, જૂઠી જનની માયા રે;
પુદ્ગલ બાજી કશુ ન છાજી, મોહે શું મકલાયા રે. હું. ૬

વીર જિનેશ્વર કેવલનાણી, સાચી વાણી જાણી રે;
બુદ્ધિસાગર અન્તરમાંહિ, આજ્ઞા જિનની આણી રે. હું. ૭

---

(૩૭)

पतिव्रता स्त्री विषे.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ.)

પ્રમદા પતિવ્રતાના ધર્મો સાચવે, પતિ પહેલાં ઉઠે ગણુતી નવકાર જો,
પંજેળે નહિ પતિને સમતા આદરે, બચ્ચાંને હિતશિક્ષા દેવે પ્યાર જો.
પ્રમદા. ૧

નવરી બેઠી નિન્દા લવરી નહિ કરે, કદી ન કરતી પ્રાણુપતિ પરક્રોધજો,
છેલછબીલી બની ઠણીને નહિ ફરે, સાહેલીને દેતી રૂડો બોધ જો.
પ્રમદા. ૨

દેશી વસ્ત્રો દેશી વેષને પહેરતી, વિધવા લગ્ને કદી ન કરતી વ્હાલ જો,
સુધારાના વાયુથી રહે વેગળી, કદી ન દેતી ક્રોધ કરીને ગાળ જો.
પ્રમદા. ૩

દાન દયા આભૂષણ કંઠે ધારતી, શરીર લજ્જા ધારક ધારે વસ્ત્ર જો,
નીતિ રીતિ રાખે કુલવટ નેકથી, વેણ ન બોલે જેવાં તીખાં શસ્ત્ર જો.
પ્રમદા. ૪

વિચારીને વદતી વાણી મીઠડી, શીયલના શૃંગારે શોભે દેહ જો,
દેવ ગુરૂની ભક્તિ કરતી પ્રેમથી, સહુને સાથે વર્તે નિર્મલ નેહ જો.
પ્રમદા. ૫

સદ્‌ગુણમાલાથી શોભે છે સુન્દરી, ધર્માચારો પાળે નિશદિન પ્રેમ જો,
બુદ્ધિસાગર શોભે સતીઓ શ્રાવિકા, જૈનધર્મને પાળી પામે ક્ષેમ જો.
પ્રમદા. ૬

---

(૩૮)

असार दुनिया.

(શ્રી રે સિદ્ધાચળ ભેટવા. એ રાગ.)

જગમાં કોઇ ન કોઇનું, જૂઠી સગપણ બાજી,
મારૂં મારૂં ત્યાં માનીને, કેમ રહેવું રાચી. જગમાં. ૧
સ્વારથિયા સંસારમાં, જીવ નાચે છે કર્મે,
સાથ ન કાંઇ આવતું, વાળ દીલડું ધર્મે. જગમાં. ૨
અજ્ઞાને જીવ આંધળો, શુદ્ધ ધર્મ ન દેખે,
વિષયવાસના નાચમાં, પુણ્ય પાપ ન લેખે. જગમાં. ૩
ગદ્ધાવૈતરૂ બહુ કરે, મોહમાયા ભરેલો,
પાપની પોઠી બાંધીને, જાય નરકે એકીલો. જગમાં. ૪
આજ કાલ કરતાં થકાં, વીતી આયુષ્ય જાવે,
ધર્મ કર્મ બે સાથમાં, અંતે પરભવ જાવે. જગમાં. ૫
ચેત ચેત અરે જીવડા, ત્યાગ દુનિયા બાજી,
બુદ્ધિસાગર ધર્મથી, રહેજે નિશદિન રાજી. જગમાં. ૬

(૩૯)

परमबोध.

(શ્રી રે સિદ્ધાચલ ભેટવા. એ રાગ.)

શક્તિ અનંતી જીવમાં, સત્તાએ જ ધારો;
વ્યક્તિભાવ તેનો કરો, પામો ભવપારો. શકિત. ૧
પુદ્‌ગલ શકિતથી મિશ્ર છે, શુદ્ધ ચેતન શકિત;
આપસ્વભાવે રમણતા, કરતાં હોય વ્યકિત. શકિત. ૨

દીન ભાવ દૂરે કરી, પરમાતમ ભાવો;
આપો આપ પ્રકાશતો, નહિ કોઈનો દાવો. શકિત. ૩

આપ આપમાં પરિણુમે, ઉચ્ચ જીવન વૃદ્ધિ,
સમજુ શુદ્ધ સ્વભાવથી, લહે આનંદ ઋદ્ધિ. શકિત. ૪

પર પરિણામે બંધ છે, શુદ્ધ ઉપયોગે મુકિત;
આપ બંધાતો છૂટતો, સત્ય ગુરૂગમ યુકિત. શકિત. ૫

લાગી તાળી ધ્યાનની, જ્યોતિ અન્તર જાગી,
બુદ્ધિસાગર બ્રહ્મમાં, લયલીનતા લાગી. શકિત. ૬

---

(૪૦)

आत्मऋद्धि.

(શ્રી રે સિદ્ધાચલ ભેટવા. એ રાગ.)

જે જોઇએ તે આત્મમાં, બાકી બાહ્યમાં ભ્રાન્તિ;
બાહ્ય દશામાં દોડતાં, કદી હોય ન શાન્તિ. જે. ૧

જે જાગ્યા નિજભાવમાં, પામ્યા ક્ષાયિક દેવા;
ઔદયિકાદિક ભાવથી, સાચી પ્રભુસેવા, જે. ૨

અષ્ટ સિદ્ધિ નવઋદ્ધિયો, નિજઘટમાંહિ છાજે;
પ્રગટપણે શુદ્ધ ચેતના, શુદ્ધ ચેતન ગાજે. જે. ૩

મંગલનો મંગલ પ્રભુ, શુદ્ધ ચેતન દીવો;
સહજ સ્વરૂપી ચેતના, ધ્યાનામૃત પીવો. જે. ૪

લવણુની પૂતળી જલધિમાં, ત્યાગ લેતાં સમાણી;
પરમાનન્દ શું વર્ણવે, તેમ વૈખરી વાણી ? જે. ૫

ઉગ્યો દિનમણિ ઝળહળે, રહે નહિ જગછાનો;
બુદ્ધિસાગર અનુભવે, શુદ્ધદેવ મજાનો. જે. ૬

---

(૪૧)

मुनिवर गहुंली.

(શ્રી સ્થુલિભદ્ર મુનિવરમાંહિ શિરદાર જો. એ રાગ.)

સદ્દગુરૂ મુનિવર પંચ મહાવ્રત ધારી જો,
ઘર ત્યાગીને થયા મુનિ અનગારી જો;
સત્તર ભેદે સંયમ પાળે ભાવથી જો. ૧
અન્તર દૃષ્ટિથી આતમ અજુવાળે જો,
અતિચારને પ્રતિક્રમણથી ટાળે જો;
સુખ દુઃખમાં વૈરાગ્યે સમભાવે રહે જો. ૨
જિનશાસનની શોભા નિત્ય વધારે જો,
આપ તરે ને બીજાને વળી તારે જો;
ધ્યાનદશામાં જીવન સઘળું ગાળતા જો. ૩
જિનવાણી અનુસારે દે ઉપદેશ જો,
ઉદયે આવ્યા ટાળે રાગ ને દ્વેષ જો;
શાંત દશાથી અનુભવમંદિર મ્હાલતા જો. ૪
માન કરે કોઇ મનમાં નહિ મલકાય જો,
જશ અપજશમાં સમભાવે મુનિરાય જો;
જ્ઞાન ધ્યાનથી મનમર્કટને વશ કરે જો. ૫
ચઢતે ભાવે સંયમ સાચું શોધ જો,
દિન પ્રતિદિન સંયમમાંહિ બોધ જો;
નિરૂપાધિપદયોગે સુખ અનુભવ લેહેજો. ૬
કરે ન નિન્દા દ્વેષથકી તલભાર જો,
ધર્મ કરીને સફળ કરે અવતાર જો;
એવા મુનિવર વંદો ઉત્તમ ભાવથી જો. ૭
મુનિવરની ભકિતથી મીઠા મેવા જો,
કરવી ભાવે મુનિ ગુરૂની સેવા જો;
બુદ્ધિસાગર સદ્દગુરૂ મુનિ આધાર છે જો. ૮

(૪૨)

મુનિવરનો શ્રાવકને ઉપદેશ.

(શ્રી સ્થૂલિભદ્ર મુનિવરમાં શિરદાર જો. એ રાગ.)

સદ્‌ગુરૂ મુનિવર શ્રાવકને ઉપદેશે જો,
પડો ન શ્રાવક પાપકર્મના કલેશે જો;
દેવગુરૂનું આરાધન નિશદિન કરો જો. ૧

જિનવાણી સાંભળશો ગુરૂની પાસ જો,
વ્રત નિયમ પણ કરવાં ભાવે ખાસ જો;
સિદ્ધાંતે સાંભળતાં શ્રદ્ધા નિર્મલી જો. ૨

શ્રવણ કરીને મનમાં સાચુ રાખો જો;
મોહદશાને ટાળી સુખડાં ચાખો જો;
સ્વપ્નામાં પણ સંસારે સુખ નહિ જરા જો. ૩

કમળ રહે છે જળમાંહિ નિશદિન જો,
જોશો તે વર્તે છે જલથી ભિન્ન જો;
સંસારે લેપાતા નહીં શ્રાવક ખરા જો. ૪

શ્રાદ્ધવિધિમાં શ્રાવકનો અધિકાર જો,
ધર્મરત્નમાં પણ તેનો વિસ્તાર જો;
દ્વાદશ વ્રતને ધારે શ્રાવક પ્રેમથી જો. ૫

સાત ક્ષેત્રમાં વાપરતો નિજ વિત્ત જો,
ગુણ ગ્રહણમાં વર્તે જેનું ચિત્ત જો;
ગુરૂની આજ્ઞા પાળે શિર સાટે ખરા જો. ૬

ન્યાયથકી પેદા કરતો જે વિત્ત જો,
દોષો ટાળી રાખે દીલ પવિત્ર જો;
શ્રાવકના આચારો જયણાથી ભર્યા જો. ૭

સાધર્મીને દેખી હર્ષિત થાય જો,
ધર્મબંધુને કરતો ભાવે સહાય જો;
અપૂર્વ અવસર જૈનધર્મ પામ્યો ગણે જો. ૮

મુનિવર થાવા ઇચ્છા દીલ હમેશ જો.
મુનિ થઇને વિચરીશ દેશ વિદેશ જો;
એવા ભાવ પ્રગટવાથી શ્રાવક ખરો જો. ૯
પાળો શ્રાવકના ઉત્તમ આચાર જો,
સફળ કરોને માનવભવ સુખકાર જો;
બુદ્ધિસાગર ઉપદેશે મુનિવર ગુરૂ જો. ૧૦

---

(૪૩)

જૈન ધર્મ.

(શ્રી સ્થૂલિભદ્ર મુનિવરમાં શિરદાર જો. એ રાગ.)

મુનિવર ઉપદેશે છે શ્રી જિન ધર્મ જો,
ટાળો ભવ્યો આઠ જાતનાં કર્મ જો,
શ્રવણ કરીને સદ્વર્તન સુધારશો જો. ૧
દયાધર્મ વર્તે જગમાં જયકાર જો,
જિન આણાથી પાળો નર ને નાર જો;
સ્વરૂપ સાચું સમજી જિન આગમથકી જો. ૨
સાચું બોલો નિશદિન નર ને નાર જો,
સાચું બોલે તેનો ધન્ય અવતારજો;
સાચું બોલે વચનસિદ્ધિ થાશે ખરી જો. ૩
કરો ન ચોરી જેથી દુઃખ અપાર જો,
ચોરી કરતાં પાપકર્મ નિર્ધાર જો;
પ્રાણ પડે પણ ચોરી કદી ન કીજીએ જો. ૪
જનની સરખી દેખો પરની નાર જો,
વ્યભિચારથી નરકગતિ અવતાર જો;
સર્વનારી મૈથુન નિવારે મુનિવરા જો. ૫
પરિગ્રહ મમતા ત્યાગો નર ને નાર જો,
સદ્ગુણની દષ્ટિ ધરશો જયકાર જો;
રાખો સહુની સાથે મૈત્રી ભાવ જો. ૬

વાત વાતમાં કદી ન કરીએ કલેશ જો,
ઉચ્ચાશયથી વર્તો ભવ્ય હમેશ જો;
પાપકર્મને ટાળો સાચા જ્ઞાનથી જો. ૭

મુનિ ગુરૂવર દેવે છે ઉપદેશ જો,
ટાળો ભવ્ય જન્મજરાના કલેશ જો;
બુદ્ધિસાગર ધર્મ કરંતાં સુખ ઘણું જો. ૮

---

(૪૪)

अपूर्व अवसर.

(ઓધવજી સંદેશો-એ રાગ.)

અપૂર્વ અવસર એવો કયારે આવશે,
શત્રુ મિત્રપર વર્તે ભાવ સમાન જો;
માયા મમતા બંધન સર્વ વિનાશીને,
કયારે કરશું અનેકાન્તનય ધ્યાન જો. અપૂર્વ૦ ૧

શુદ્ધ ભાવમાં રમણુ કરીશું ટેકથી,
ષડ્ દ્રવ્યોનું કરશું ઉત્તમ જ્ઞાન જો;
અનુભવામૃત આસ્વાદીશું પ્રેમથી,
સરખાં ગણુશું માન અને અપમાન જો. અપૂર્વ૦ ૨

પિંડસ્થાદિક ચાર ધ્યાનને ધારશું,
બાર ભાવના ભાવીશું નિશદિન જો;
સ્થિરોપયોગે શુદ્ધ રમણુતા આદરી,
ધ્યાનદશામાં થાશું બહુ લયલીન જો. અપૂર્વ૦ ૩

સર્વ સંગનો ત્યાગ કરીશું જ્ઞાનથી,
બાહ્યોપાધિ જરા નહિ સંબંધ જો;
શરીર વર્તે તો પણુ તેથી ભિન્નતા,
કદી ન થઈશું મોહભાવમાં અંધ જો. અપૂર્વ૦ ૪

શુદ્ધ સનાતન નિર્મળ ચેતન દ્રવ્યનો,
ક્ષાયિકભાવે કરશું આવિર્ભાવ જો,
એકપણું લીનતાને આદરશું સહી,
ગ્રહણુ કરીને ઔદાસીન્ય સ્વભાવ જો. અપૂર્વ૦ ૫
પ્રતિ પ્રદેશે અનંત શાશ્વત સુખ છે,
આવિર્ભાવે તેનો કરશું ભોગ જો;
બુદ્ધિસાગર પરમ પ્રભુતા સંપજે,
ક્ષાયિક ભાવે સાધો નિજગુણુ યોગ જો. અપૂર્વ૦ ૬

---

(૪૫)

(રાગ ઉપરનો.)

સંયમ ધર્મ.

મુનિવર ઉપદેશે છે સંયમ ધર્મને,
જેથી ભવ્યો પામે શાશ્વત શર્મ જો;
પરમ પ્રભુતા પામે દુઃખડાં સહુ ટળે,
અનંતભવનાં બાંધ્યાં નાસે કર્મ જો. મુનિવર. ૧

બાહ્ય ઉપાધિ સંયમથી દૂરે ટળે,
દ્રવ્યભાવથી સંયમ સુખની ખાણુ જો;
ત્રિજ્ઞાની તીર્થંકર સંયમને ગ્રહે,
સેવો સંયમ પામી જિનવર આણુ જો. મુનિવર. ૨

રંકજનો પણુ સંયમથી સુખિયા થયા,
થાશે અનંતા સંયમથી નિર્ધાર જો;
જ્ઞાન સફલતા, સંયમના સેવનથકી,
પામે પ્રાણી ભવપાથોધિ પાર જો. મુનિવર. ૩

અન્તર્ ગુણુની સ્થિરતા સંયમ મોટકું,
ઈન્દ્રાદિક પણુ સેવે મુનિવર પાય જો;
દ્રવ્યાદિકથી સંયમ પાળે મુનિવરા,
સંયમ સેવે જન્મ જરા દુઃખ જાય જો. મુનિવર. ૪

નિશ્ચયને વ્યવહારે સંયમ સાધના,
જિન આગમથી સંયમના આચાર જો;
સંયમપાળે તેને નિશદિન વન્દના,
સમતાયોગે મુનિ સફળ અવતાર જો. મુનિવર. ૫

જ્ઞાનદશાથી સંયમની આરાધના,
સમતા સરવર ઝીલે મુનિવર હંસ જો;
ધ્યાનભુવનમાં શાશ્વત સુખને ભોગવે,
કર્યો કર્મનો કર્ત્તા તપથી ધ્વંસ જો. મુનિવર. ૬

ત્રિગુપ્તિને સમિતિ પંચે પરિવર્યા,
ઉચ્ચ દશાના ધ્યાતા મુનિ અણગાર જો;
બુદ્ધિસાગર સદ્ગુરૂ મુનિને વંદના,
જગમાં જેનો થયો સફળ અવતાર જો. મુનિવર. ૭

---

(૪૬)

मुनिनो उपदेश.

(રાગ ઉપરનો.)

મુનિવરના ઉપદેશે મનડું વાળીએ,
કહેણી જેવી રહેણી રાખો ભવ્ય જો;
વ્રત ઉચ્ચરીએ મુનિની પાસે પ્રેમથી,
માનવ ભવનું સાચું એ કર્ત્તવ્ય જો. મુનિવર. ૧

શ્રવણ કરીને સાર ગ્રહો સિદ્ધાન્તનો,
સદ્વર્તનથી સુધરો નરને નાર જો;
નિન્દા વિકથા પરપંચાતો વારીએ,
સત્ય ધર્મના કરીએ નિત્ય વિચાર જો. મુનિવર. ૨

બાર ભાવના ભાવ્યાથી છે ઉન્નતિ.
કર્મવર્ગણા ખરે અનંતિ ખાસ જો,
ઉજ્વલ આતમ થાશે વૈરાગ્યે કરી,
પરપુદ્ગલની છોડો સઘળી આશ જો. મુનિવર. ૩

ધર્મધ્યાનના પાયા ચાર વિચારીએ,
આત્મરમણુતા શુદ્ધ ચરણુતા ધાર જો;
પરમ મહોદય શાશ્વત લીલા સંપજે,
આત્મ ધર્મના ઉપયોગે આધાર જો. મુનિવર. ૪

વિષય કષાયો મદિરા સરખા જાણીને,
વૈરાગ્યે મન વાણીશું નિર્ધાર જો;
જ્ઞાનક્રિયામાં ઉદ્યમ નિશદિન રાખશું,
ભેદ દૃષ્ટિથી ત્યાગીશું મમકાર જો. મુનિવર. ૫

નય સાપેક્ષે જિનવર ધર્મ આરાધના,
કરશે તે પામે સુખ નરને નાર જો;
લાખ ચોરાશી પરિભ્રમણ દૂરે ટળે,
મહામોહનો નાસે સર્વ વિકાર જો. મુનિવર. ૬

સમાનતા રાખો જગમાં નરનારીઓ;
ધર્મ કર્યાથી સફળ થશે અવતાર જો;
બુદ્ધિસાગર અનુભવ લીલા પાઇએ,
સદ્‌ગુરૂવરને વંદન વારંવાર જો. મુનિવર. ૭

---

(૪૭)

મુનિવર ગહુંલી.

(અલી સાહેલી—એ રાગ.)

મુનિવર વંદો, પંચ મહાવ્રત ધારી જિન આણાધરા,
ગુરૂ ગુણ ગાવો, અનુભવ અમૃત ભોગી જગમાં જયકરા;
ગુરૂ દેશ વિદેશ વિહાર કરે, ગુરૂ તારેને વળી આપ તરે,
ગુરૂ પ્રવચનમાતા ચિત્ત ધરે. મુનિવર૦ ૧
ગુરૂ દ્રવ્યભાવ સંયમ ધારે, મહામોહ વેગ મનથી વારે;
ચાલે જિનવાણી અનુસારે. મુનિવર૦ ૨
ગુરૂ પંચાચારતણા ધોરી, ગુરૂ કરમાં જ્ઞાન તણી દોરી;
કદી કરતા નહિ પરની ચોરી. મુનિવર૦ ૩

ગુરૂ ઉપદેશે જનને બોધે, ગુરૂ વૈરાગ્યે ચેતન શોધે;
લાગંતાં કર્મ સહુ રોધે. મુનિવર૦ ૪
ગુરૂ ધ્યાન દશાથી ઘટ જાગે, રંગાતા નહિ લલના રાગે;
સાધે જિનલક્ષ્મી વૈરાગ્યે. મુનિવર૦ ૫
અન્તર્ ઋદ્ધિના ઉપયોગી, સાધે છે રત્નત્રયી યોગી;
પરમાતમ અમૃતરસ ભોગી. મુનિવર૦ ૬
ગુરૂ શુદ્ધોપયોગે નિત્ય રમે, પરભાવ દશામાં જે ન ભમે;
જે જ્ઞાનદશાનું જમણુ જમે. મુનિવર૦ ૭
ગુરૂ ભાવદયાના છે દાતા, જ્ઞાતા ધ્યાતા ને જગત્રાતા;
નિશ્ચય દૃષ્ટિ નિજ ગુણુ રાતા. મુનિવર૦ ૮
ગુરૂવરજી જગમાં ઉપકારી, જે અનેકાન્ત મતના ધારી;
બુદ્ધિસાગર શુભ જયકારી. મુનિવર૦ ૯

---

(૪૮)

मुनि महिमा.

(વ્હાલા વીર જિનેશ્વર—એ રાગ.)

મુનિવર વૈરાગી ત્યાગી જગમાં જયકાર છે રે,
ખરેખર બ્રહ્મદશાના ભોગી મુનિવર થાય છે રે;
જંગમ તીર્થ મુનિવર સાચું, પ્રેમ ધરી મુનિપદમાં રાચું,
જગમાં મુનિવર સાચા ઉપદેશક કહેવાય છે રે. મુનિવર૦ ૧
બાહ્ય ઉપાધિના જે ત્યાગી, અન્તર્ ગુણુના જે છે રાગી;
સુખકર વૈરાગી શિવમંદિરમાંહિ જાય છે રે. મુનિવર૦ ૨
નિન્દા વિકથા દોષો વારે, આપ તરેને પરને તારે;
શાશ્વત સુખના સાધક જગમાંહિ વખણાય છે રે. મુનિવર૦ ૩
પરમ મહોદય ઋદ્ધિ ધારી, ભાવદયાના જે ઉપકારી;
બાધક યોગો ટાળી સાધકમાંહિ જાય છે રે. મુનિવર૦ ૪
સિદ્ધદશાના જે અધિકારી, વંદો પ્રેમે નરને નારી;
સાચી આત્મદશાના ભોગી, મુનિ વર્તાય છે રે. મુનિવર૦ ૫

આત્મજ્ઞાનમાં જે રંગાયા, અનુભવ અમૃત ધ્યાને પાયા;
પ્રેમે પરમભાવમાં ધ્યાન થકી રંગાય છે રે. મુનિવર૦ ૬
સમકિત દાતા મુનિ ઉપકારી, ધ્યાન દશાના જે છે ધારી;
ભાવે બુદ્ધિસાગર મુનિવરના ગુણ ગાય છે રે. મુનિવર૦ ૭

---

(૪૯)

ગુરુ સ્તુતિ.

(બેની રવિસાગર ગુરૂ વંદીએ—એ રાગ.)

ગુરૂ પંચ મહાવ્રત પાળતા, કરે દેશોદેશ વિહાર;
પંચાચારને મનમાં ધારતા, ભાવે ભાવના ઉત્તમ બાર. ગુરૂ. ૧
ષટ્દર્શનને જે જાણતા, જિન દર્શન સ્થાપે સાર;
જ્ઞાન ધ્યાનમાં આયુ ગાળતા, કરે નિન્દાનો પરિહાર. ગુરૂ. ૨
નર નારીને પ્રતિબોધતા, શુભ સંયમના ધરનાર,
ત્રણ ગુપ્તિ ધારે ભાવથી, પંચ સમિતિ સંચરનાર. ગુરૂ. ૩
પંચ ઇન્દ્રિયને વશમાં કરે, ધારે ગુપ્તિ બ્રહ્મની બેશ;
ટાળે ચતુર્વિધ કષાયને, આનંદે વિચરે હમેશ. ગુરૂ. ૪
દ્રવ્ય ક્ષેત્રને કાલ ભાવથી, પાળે સંયમ સુખ કરનાર;
ઉજ્વલ ધ્યાને નિશદિન રમે, શ્રુત જ્ઞાન રમણતા સાર. ગુરૂ. ૫
વૈરાગી ત્યાગી શિરોમણિ, ધન્ય ધન્ય મુનિ અવતાર;
નિશ્ચયનય વ્યવહાર જાણતા, હોજો વંદના વાર હજાર. ગુરૂ. ૬
મુનિવર વંદે ભવભય ટળે, શુભ મુનિ સુણો ઉપદેશ;
બુદ્ધિસાગર સદ્ગુરૂ વંદીએ, ગુરૂ જ્ઞાને સુખ હમેશ. ગુરૂ. ૭

---

(૫૦)

ગુરુવન્દન.

(રાગ ઉપરનો.)

બેનો આવો ગુરૂજીને વંદીએ, ઉપદેશે છે જિનધર્મ,
સાધુ શ્રાવક ધર્મ બે ભાખતા, જેથી નાસે સઘળાં રે કર્મ. બેનો. ૧

સાતનયથી મધુરી દેશના, દેવે ભવિજન સુખ કરનાર;
બોધિબીજ હૃદયમાં વાવતા, ભાખે ધર્મના ચાર પ્રકાર. બેનો. ૨

નયભંગ પ્રમાણુથી દેશના, વર્ષતી ઘનજલધાર;
જીવ ચાતક પાન કરે ઘણું, થાવે ચિત્તમાં હર્ષ અપાર. બેનો. ૩

સંસાર અસાર જણાવતા, દુઃખદાયક વિષય પ્રચાર;
મહા મોહમલ્લ દુઃખ આપતો, ચેતો ચેતો ઝટ નરનાર. બેનો. ૪

માયા મમતા દારૂ ઘેનમાં, નહીં સુજયું આતમ ભાન,
આશા વેશ્યા કરમાંહિ ચઢયો, કર્મે થઇયો અતિ નાદાન. બેનો. ૫

લાખ ચોરાશી ભમતાં થકાં, પામી મનુષ્યનો અવતાર;
ચેતો ચેતો હૃદયમાં પ્રાણિયા, ગુરૂ કહેતા વારંવાર. બેનો. ૬

ગુરૂ વસ્તુ ધર્મ બતાવતા, તેનો આદર કરવો સાર;
જાણી ધર્મ આચારમાં મૂકવો, સત્ય ધર્મ કરી નિર્ધાર. બેનો. ૭

નિંદા વિકથાસહુ પરિહરી, સેવો ઉત્તમ ધર્મ આચાર;
બુદ્ધિસાગર સદ્ગુરૂ વંદીએ, ગુરૂ તારે અને તરનાર. બેને. ૮

---

(૫૧)

જૈનધર્મ ગહુંલી.

(રાગ ઉપરનો.)

જૈનધર્મ હૃદયમાં ધારીએ, જેથી નાસે ભવભય દુઃખ,
થાવે નિર્મલ આતમ ધર્મથી, પામે ચેતન શાશ્વત સુખ. જૈન. ૧

ભેદ છેદ આતમના જ્ઞાનથી, શુદ્ધ ચેતન ઋદ્ધિ પમાય;
હોવે આતમ તે પરમાતમા, ભવોભવની ભાવટ જાય. જૈન. ૨

જ્ઞાન દર્શન ચરણની સાધના, સાધુ શ્રાવકના આચાર;
સાગર સરખા જૈનધર્મમાં, સર્વ દર્શન નદી અવતાર. જૈન. ૩

સમુદ્રમાં સરિતા સહુ મળે, નદીમાંહિ ભજનાધાર;
અંતરંગ બહિરંગ ઉચ્ચ છે, જિન દર્શન જય જયકાર. જૈન. ૪

સાપેક્ષ વચન જિનનાં સહુ, ષડ્દ્રવ્યના ધર્મ અનંત;
એક ચેતન દ્રવ્ય ઉપાસીએ, એમ ભાખે છે ભગવંત. જૈન. ૫
વીતરાગ સેવે વીતરાગતા, નિજ ચેતનની પ્રગટાય;
નાસે અશુદ્ધ પરિણુતિ વેગળી, ભેદભાવ સકલ દૂર જાય. જૈન. ૬
ગુરૂ વિનયે જ્ઞાનને પામીએ, શ્રદ્ધા ભક્તિથી ઉદ્ધાર;
બુદ્ધિસાગર સદ્ગુરૂ સેવતાં, હોવે જિન શાસન જયકાર. જૈન. ૭

---

(૫૨)

धर्मोपदेश गहुंली.

(સનેહી વીરજી જયકારી રે-એ રાગ.)

બેની સદ્ગુરૂ વાણી સારીરે, સાકરથી પણ બહુ પ્યારીરે;
કર્યાં કર્મ સહુ હરનારી, જિનેશ્વર ધર્મની બલિહારીરે;
જેથી તરતાં નરને નારી. જિનેશ્વર. ૧
દયા ધર્મ હૃદયમાં ધરીએરે, કદી વેણુ જૂઠું ન ઉચ્ચરીએરે;
કદી ચોરી પરની ન કરીએ. જિનેશ્વર. ૨
પર પુરૂષથી પ્રેમ નિવારોરે, ધર્મ પતિવ્રતા મન ધારોરે;
તેથી પામો ભવજલ પારો. જિનેશ્વર. ૩
હેતુ પૂર્વક ધર્મ આદરીએરે, નિંદા વિકથા પરહરીએ રે,
ઉત્તમ નીતિ સંચરીએ. જિનેશ્વર. ૪
ધર્મ અર્થને કામ વિચારીરે, કરો મોક્ષ જવાની તૈયારીરે;
ધર્મે ઝટ મુક્તિ થનારી જિનેશ્વર. ૫
દુર્જનની સંગ નિવારીરે, ભજો સજ્જનની સંગ સારીરે;
વૈરાગ્યદશા ચિત્તધારી. જિનેશ્વર. ૬
દેશ વિરતિપણું દિલધારીરે, જિન આજ્ઞાના અનુસારી;
ઉત્તમ જન શિવ સંચારી. જિનેશ્વર. ૭
ગુરૂ સેવો સદા ઉપકારીરે, શ્રદ્ધા ભક્તિ અવધારીરે;
બુદ્ધિસાગર ગુરૂ જયકારી. જિનેશ્વર. ૮

(૫૩)

અમૂલ્ય તત્ત્વ બોધ.

(ઓધવજી સંદેશો કહેશો શ્યામને—એ રાગ.)

મુનિ ગુરૂને વંદન કરવું ભાવથી,
વિનય ભક્તિથી સાધક સિદ્ધિ થાય જો;
પ્રશસ્ત પ્રેમે દેવગુરૂને સેવીએ,
તન મન ધનથી સેવો ધર્મ સહાય જો. મુનિ. ૧

ભેદ જ્ઞાનથી ભાવો આત્મ સ્વરૂપને,
અનંતશક્તિ ચેતનની પ્રગટાય જો;
સર્વકાલમાં ચિદાનંદ ચેતન કહ્યા,
ચેતન જ્ઞાને વસ્તુ સર્વ જણાયજો. મુનિ. ૨

આત્મજ્ઞાનથી અળપાશે મિથ્યાપણું,
અંતરના ઉપયોગે સાચો ધર્મ જો;
ધામધૂમથી ધમાધમી ચાલી રહી,
રાગ દ્વેષથી બાંધે જીવો કર્મ જો. મુનિ. ૩

સદ્ગુણદ્રષ્ટિ સદ્ગુણ ધારી લીજીએ,
ઉચ્ચભાવથી ભાવો આતમ દ્રવ્ય જો;
હેય જ્ઞેય ને ઉપાદેયના જ્ઞાનથી,
સાચું તે મારૂં માનો કર્તવ્ય જો. મુનિ. ૪

ઉપશમ સંવર વિવેક રત્ન વિચારીએ,
સમતાભાવે કરીએ આતમ જ્ઞાન જો;
ભાવદયાથી સત્ય ધર્મ અવધારીએ,
આત્મોન્નતિનું કારણ જાણો ધ્યાન જો. મુનિ. ૫

દુનિયામાંહિ દોષો ને સદ્ગુણો ભર્યા,
જેને જે રૂચે તે લેતા ભવ્ય જો;
દુર્ગતિને સુગતિ પણ છે નિજ હાથમાં,
સમજી ધારો ધર્મ એક કર્તવ્ય જો. મુનિ. ૬

આજકાલ કરતાં સહુ દહાડા વહી જશે,
શ્વાસોશ્વાસે અમૂલ્ય જીવન જાય જો;
જ્યારે ત્યારે આત્મોદ્યમથી મોક્ષ છે,
અંતરદૃષ્ટિ વાળો મન હિત લાય જો. મુનિ. ૭

જેવી બુદ્ધિ તેવું સમજાશે સહુ,
દૃષ્ટિ ભેદથી ભેદ પડે નિર્ધાર જો;
બુદ્ધિસાગર સદ્ગુરૂ શ્રદ્ધા ધારતાં,
શાશ્વત સિદ્ધિ પામે નરને નાર જો. મુનિ. ૮

---

(૫૪)

ગુરુ સ્તવનમ્.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.)

વંદુ વંદુ સમકિત દાતા સદ્ગુરૂ,
પંચ મહાવ્રત ધારક શ્રી મુનિરાય જો;
ઉપશમ ગંગાજલમાં નિશદિન ઝીલતા,
મનમાં વર્તે આનંદ અપરંપાર જો. વંદુ. ૧

અનેક ગુણુના દરિયા ભરિયા જ્ઞાનથી,
પડે ન પરની ખટપટમાં તલભાર જો;
સદુપદેશે સાચું તત્ત્વ જણાવીને,
સંયમ અર્પી કરતા જન ઉદ્ધાર જો. વંદુ. ૨

અન્તરના ઉપયોગે વિચરે આત્મમાં,
યોગ્ય જીવને દેતા યોગ્યજ બોધ જો;
અસંખ્યપ્રદેશે સ્થિરતા ધ્યાને લાવતા,
સંયમ સેવી કરતા આસ્રવ રોધ જો. વંદુ. ૩

ત્રસ થાવરના પ્રતિપાલક કરૂણામયી,
ભાવદયાની મૂર્તિ સાધુ ખાસ જો;

જ્ઞાતા ધ્યાતા ત્રાતા માતા સદ્ગુરૂ,
સદ્ગુરૂના બનીએ સાચા દાસ જો. વંદુ. ૪

ત્રણ ભુવનમાં સેવ્ય સદા શ્રીસદ્ગુરૂ,
દ્રવ્ય ભાવથી સંયમના ધરનાર જો;
ભવ જલધિમાં ઉત્તમ નૌકા સદ્ગુરૂ,
સદ્ગુરૂ નૌકાથી ઉતરો ભવ પાર જો. વંદુ. ૫

ગુરૂ ભક્તિથી ગુરૂવાણી મનમાં ધરે,
ગુરૂ ભક્તિથી ઉત્તમ ફળ નિર્ધાર જો;
સદ્ગુરૂ દ્રોહી દ્વેષી દુર્જન ત્યાગશો,
પરબ્રહ્મની પ્રાપ્તિ શીઘ્ર થનાર જો. વંદુ. ૬

કલિકાલમાં ગુરૂની ભક્તિ દોહીલી,
ગુરૂ ભકતો પણ વિરલા જન દેખાય જો;
દૃષ્ટિ રાગમાં ભૂલી દુનિયા બાવરી,
કસ્તુરી મૃગ પેઠે બહુ ભટકાય જો. વંદુ. ૭

સદ્ગુરૂ દાસ બન્યા વણ જ્ઞાન ન સંપજે,
સમજી સાચો સાર ગ્રહો નરનાર જો;
બુદ્ધિસાગર સદ્ગુરૂ શ્રદ્ધા ભાક્તથી,
ઉતરો પ્રાણી ભવસાગરની પાર જો. વંદુ. ૮

---

(૫૫)

જિનવાણી.

(બેની રવિસાગર ગુરૂ વંદીએ-એ રાગ.)

મારૂ મન મોહ્યું જિનવાણીમાં, અતિ આનંદ ઘટ ઉભરાય;
અન્ય વાત પ્રસન્ન ન લાગતી, કોને દીલની વાત કહેવાય. મા. ૧

લાગે વિષય વિકારો વિષ સમા, લાગે કુટુંબ માયા ઝાળ;
ગૃહાવાસ કારાગૃહ જેહવો, સહુ સ્વાર્થતણી છે ધમાલ. મા. ૨

અજ્ઞાનથી મ્હારૂં જે માનિયું, તે મ્હારૂં નહીં પડી સુઝ;
નથી પડતું ચેન સંસારમાં, ગુરૂ કહેછે બુઝ બુઝ. મા. ૩

હાજીહા સહુ મોહ પ્રપંચની, જ્યાં ત્યાં મોહ ધતીંગ જણાય;
જેણે જાણ્યું તેણે મન વાળીયું, શ્રુતજ્ઞાને સહુ સમજાય. મા. ૪

નયસાપેક્ષે નવતત્ત્વને, જાણ્યું આદર્યું ઉપાદેય;
બાહ્યભાવની ખટપટ ભૂલતાં, શુદ્ધ તત્ત્વ હૃદયમાં જ્ઞેય. મા. ૫

શિવપુર સંચરશું ધ્યાનથી, નિરૂપાધિકતામાં સુખ;
નિર્ગ્રંથ અવસ્થા આદરી, વેગે ટાળીશું ભવદુઃખ. મા. ૬

સાગરમાં ગાગર ફૂટતાં, તે તો સાગરરૂપ સુહાય;
બુદ્ધિસાગર અન્તર આતમા, પરમાતમ પોતે થાય. મા. ૭

---

(૫૬)

શ્રી યશોવિજયજી ઉપાધ્યાયની.

(મદ આઠ મહામુનિ વારીએ-એ રાગ.)

પ્રેમે યશોવિજય ગુરૂ વંદીએ, જે પંચમહાવ્રતધારીરે;
સાલ સત્તરશતમાં જે થયા, ઉપાધ્યાય પદવી જયકારીરે. પ્રે. ૧
બાર વર્ષ કાશીમાં જે ભણ્યા, વૈયાકરણી નૈયાયિક મોટારે;
તાર્કિક શિરોમણિ પદ લહ્યું, કાઢી નાખે મિથ્યાત્વના ગોટારે. પ્રે. ૨
દેશોદેશ વિહાર કર્યા ઘણા, ગુર્જર માલવ હિંદુસ્થાનરે;
મરૂધરમાંહિ વિચર્યા ઘણા, ટાળે પરવાદિ અભિમાનરે. પ્રે. ૩
વિજયપ્રભસૂરીશ્વર રાજ્યમાં, જિનશાસન ઉન્નતિ કીધીરે;
અષ્ટોત્તરશત શુભ ગ્રંથને, રચી કીધી ધર્મ પ્રસિદ્ધિરે. પ્રે. ૪
આનન્દઘન મુનિવરને મળ્યા, અષ્ટપદી ત્યારે બનાઈરે;
તેમ આનન્દઘનજીએ રચી, જુઓ જ્ઞાનતણી અધિકાઈરે. પ્રે. ૫
અધ્યાત્મસ્વરૂપમાં ઝીલતા, નિશ્ચય વ્યવહારમાં પૂરારે;
વૈરાગી ત્યાગી શિરોમણિ, જ્ઞાન ધ્યાન સમાધિમાં શૂરારે. પ્રે. ૬

સત્તરશતપીસ્તાલીશમાં, મૌન એકાદશી સુખકારીરે;
સ્વર્ગગમન ડભોઇમાં કર્યું, એવા ગુરૂને જાઉં બલિહારીરે. પ્રે. ૭

ઓગણીસ પાંસઠની સાલમાં, એકાદશી ફાગણ અજુવાળીરે;
ભેટી યશોવિજય ગુરૂ પાદુકા, મારા મનતો આજ દીવાળીરે. પ્રે. ૮

એવા સદ્ગુરૂના ગુણ ગાવતાં, થાઉ અનુભવ અમૃત ભોગીરે,
બુદ્ધિસાગર સંયમ શ્રેણિપર, ચઢે સમતા સમાધિએ યોગીરે. પ્રે. ૯

---

(૫૭)

उपाध्यायजीनी.

(સજની મોરી પાસ જિનેશ્વર–એ રાગ.)

ગુરૂ મ્હારા યશોવિજય જયકારી રે,
ગુરૂ મ્હારા દર્શનની બલિહારીરે;
ગુરૂ મ્હારા પ્રતિબોધ્યાં નર નારીરે,
ગુરૂ મ્હારા જગમાંહિ ઉપકારીરે. ૧.

ગુરૂ મ્હારા ઉપાધ્યાય પદ ધારીરે,
ગુરૂ મ્હારા જગમાં મહા અવતારીરે;
ગુરૂ મ્હારા અનુભવ અમૃત ક્યારીરે,
ગુરૂ મ્હારા વાણી જગ હિતકારીરે. ૨

ગુરૂ મ્હારા ગ્રંથ રચ્યા સુખકારીરે,
ગુરૂ મ્હારા ધર્મની દેશના સારીરે;
ગુરૂ મ્હારા ધ્યાન સમાધિ પ્યારીરે,
ગુરૂ મ્હારા મિથ્યાતમ હરે ભારીરે. ૩

ગુરૂ મ્હારા વાણી દુઃખ હરનારીરે;
ગુરૂ મ્હારા શિવપદ ફલતા ભારીરે,
ગુરૂ મ્હારા ત્યાગી દુનિયાદારીરે,
ગુરૂ મ્હારા પરિણતિ ત્યાગી નઠારીરે. ૪

ગુરૂ મ્હારા દર્શન દ્યો નિરધારીરે,
ગુરૂ મ્હારા સહાય કરો અણુધારીરે;
ગુરૂ મ્હારા તુજ આણ્ણા શિવ બારીરે,
ગુરૂ મ્હારા મળજો ભક્તિ વિચારીરે. ૫

ગુરૂ મ્હારા ઉત્કૃષ્ટા અનગારીરે,
ગુરૂ મ્હારા વર્તે પાદ વિહારીરે;
ગુરૂ મ્હારા અરજી લેજો સ્વીકારીરે,
ગુરૂ મ્હારા ભક્તિ એક તમારીરે. ૬

ગુરૂ મ્હારા આવ્યા ડભોઈ ચિત્તધારીરે,
ગુરૂ મ્હારા મળીયા મંગલકારીરે;
ગુરૂ મ્હારા બુદ્ધિસાગર અનગારીરે,
ગુરૂ મ્હારા વંદન વાર હજારીરે. ૭

---

(૫૮)

શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીની.

(અલી સાહેલી—એ રાગ.)

વાચકવરજી યશોવિજયજી મુનિવર વન્દન કીજીએ;
ધન્ય ધન્ય ખરા, ઉપાધ્યાય દર્શન કરતાં મન રીઝીએ,
સંવતસત્તરશત જયકારી, જિન શાસનશ્વેતાંબરધારી;
વાચક પ્રગટ્યા જગ સુખકારી. વાચક. ૧

વૈરાગી, ત્યાગી, સાભાગી, અન્તરદૃષ્ટિ ઘટમાં જાગી;
જિનશાસન શોભાના રાગી. વાચક. ૨

જંગમ તીરથ જ્ઞાની ધ્યાની, પરભાવતણા નહિ અભિમાની;
શ્રુતજ્ઞાને વાત ન કો છાની. વાચક. ૩

ભાષા પુસ્તક રચના સારી, સંસ્કૃત ભાષામાં હુશિયારી;
શતગ્રંથ રચ્યા જ્ઞાને ભારી. વાચક. ૪

જિનસૂત્ર હાર્દ અનુભવ જાણે, જે મત પોતાનો નહીં તાણે;
જે વર્તે ચઢતે ગુણઠાણે. વાચક. ૫

જિનશાસન જેણે અજવાળ્યું, શ્રુતતીરથ જીર્ણ થતું વાળ્યું;
નાસ્તિક પન્થોનું બી બાળ્યું. વાચક. ૬

અનુભવ અમૃતરસના ભોગી, જે સહજપણે અન્તરયોગી;
મિથ્યાત્વભાવના નહિ રોગી. વાચક. ૭

મહાધર્મ પ્રભાવક જે શૂરા, શાબ્દિકતાર્કિક પંડિત પૂરા;
ચર્ચાજ્ઞાને જે ભરપૂરા. વાચક. ૮

બહુ દેશોદેશ વિહાર કર્યા, ઉપદેશે જીવ અનેક તર્યા;
ગુર્જર દેશે જે બહુ વિચર્યા. વાચક. ૯

સ્વર્ગમન ગામ ડભોઇ થયું, અવિચલ જેનું જગ નામ રહ્યું;
જીવંતાં શિવ સુખ દીલ લહ્યું. વાચક. ૧૦

ફાગણ એકાદશી અજવાળી, ઓગણીસ પાંચઠની લટકાળી;
ગામ ડભોઈ આવ્યા ગુણશાળી. વાચક. ૧૧

શ્રીવાચકપદ વંદન કીધું, અનુભવઅમૃત પ્રેમે પીધું;
બુદ્ધિસાગર કારજ સિધ્યું. વાચક. ૧૨

---

(૫૯)

ઉપાધ્યાયજીની.

(એ ગુણ વીરતણો ન વિસારૂં—એ રાગ.)

વંદુ સદ્ગુરૂના પદપંકજ, યશોવિજય જયકારીરે;
ઉપાધ્યાયજી જ્ઞાની ધ્યાની, ભાવદયા ઉપકારીરે. વંદુ. ૧

અષ્ટોત્તર શત ગ્રંથ અધિક શુભ, સંસ્કૃત રચના સારીરે;
જિન શાસનની ઉન્નતિ કીધી, સંવિગ્ન પક્ષ વધારીરે. વંદુ. ૨

દર્શન જ્ઞાનચરણમાં લીના, પંચ મહાવ્રત ધારીરે;
દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ પ્રમાણે, પરમ પ્રભાવનાકારીરે. વંદું. ૩

નિશ્ચયને વ્યવહારમાં પૂરા, સાધન સાધ્ય વિચારીરે;
જ્ઞાન ક્રિયાના સાધક શૂરા, પ્રગટયા મહા અવતારીરે. વંદું. ૪

તુજ વાણી અમૃત ગુણખાણી, અનેકાન્ત નયધારીરે;
તુજ ગ્રંથોના અભ્યાસક જન, અનુભવ લે નિર્ધારીરે. વંદું. ૫

જિનશાસનના ધોરી કલિયુગ, ગીતારથ અનગારીરે.
દીર્ઘદૃષ્ટિ જિનશાસન રક્ષક, ધ્યાને ઘટ ઉજિયારીરે. વંદું. ૬

પ્રાણજીવન મુજ હૃદયના સ્વામી, જંગમ તીર્થ સુધારીરે;
તુજ વિરહે મુજ ચેન પડે નહિ, દર્શન દ્યો સુખકારીરે. વંદું. ૭

અનેકાન્તનય જ્ઞાન બતાવી, સેવક શ્રદ્ધા વધારીરે;
એ ઉપકાર તમારો ન ભૂલું, ભવોભવ તું હિતકારીરે. વંદું. ૮

અષ્ટ સિદ્ધિ ઋદ્ધિ શુભદાયક, સેવા ગ્રહી એક તારીરે;
બુદ્ધિસાગર સહાય કરો ગુરૂ, વન્દુ વાર હજારીરે. વંદું. ૯

---

(૬૦)

सातवारनी गुरु गहुंली.

(રઘુપતિ રામ હૃદયમાંહિ રહેજોરે—એ રાગ.)

પુરવના પુણ્યથી ગુરૂ દીઠારે, મારા હૈયડામાં લાગ્યા મીઠા. પુરવ.

સોમવારે તે સમતા આદરીએરે, પાપ કામો સહુ પરિહરીએરે;
સામાયક શુદ્ધ ઉચ્ચરીએ. પુરવ. ૧

મંગલવારે મોહને મારોરે, હૈયડામાંહિ હિમ્મત ધારોરે;
વેગે વિષય વિકારો વારો. પુરવ. ૨

બુધવારે સુબુદ્ધિ વધારીરે, સુણો જિનવાણી સુખકારીરે;
નક્કી પામો ભવજલ પારી. પુરવ. ૩

ગુરૂવારે ગુરૂ ગુણ ગાવોરે, હેતે કીજે ગુરૂનો વધાવોરે;
લીજે સદ્ગુરૂ ભક્તિનો લ્હાવો. પુરવ. ૪

શુક્રવારે આતમરૂપ સાચુંરે, લાગ્યું પુદ્ગલનું રૂપ કાચુંરે;
રંગે શુદ્ધ સ્વરૂપમાં રાચું. પુરવ. ૫

શનિવારે પ્રભુ ગુણ સેવોરે, મ્હને સાચો પ્રભુ ગુણ મેવોરે;
લક્ષ્ય ધારી હૃદયમાંહિ લેવો. પુરવ. ૬

રવિવારે તે રાગ ન ધરીએરે, વૈર ઝેર બધાં પરિહરીએરે;
ગુરૂજ્ઞાન વિચારીને તરીએ. પુરવ. ૭

સાતવારો સદા એમ ગાશુંરે, ગુરૂવંદન પૂજન જાશુંરે;
જ્ઞાન ધ્યાન રમણતા ચ્હાશું. પુરવ. ૮

સાચું સમકીત સહેજે વરીએરે, ચિદાનન્દ ચેતન ગુણ ધરીએરે;
બુદ્ધિસાગર ગુરૂ અનુસરીએ. પુરવ. ૯

---

(૬૧)

बार मास.

(રાગ હાંરે મારે આસો માસો શરદપુનમની રાતજો—એ રાગ.)

હાંરે મ્હારે કાર્તક માસે કરીએ કર્મનો નાશ જો,
આધિ વ્યાધિ ઉપાધિ સઘળી છાંડીએરે લોલ;

હાંરે મ્હારે માગસર માસે મમતા કરીએ દૂર જો,
હું ને મ્હારૂં છોડયાથી સુખ સંપજેરે લોલ. ૧

હાંરે મ્હારે પોષ માસમાં આતમ ધર્મની પુષ્ટિ જો;
આતમ અનુભવ કીજે ગુરૂગમતા ગ્રહીરે લોલ;

હાંરે મ્હારે માઘ માસમાં મોહમલ્લની સાથ જો,
લડીએરે ખુબ શુદ્ધ ધ્યાનના શસ્ત્રથીરે લોલ. ૨

હાંરે મ્હારે ફાગણ માસે આશુ ન ગાળો ફૈંક જો,
ફરી ફરીને ફસીએ નહિ માન પાશમાંરે લોલ;

હાંરે મ્હારે ચૈતર માસે રાખો ચિત્તની શુદ્ધિ જો,
પરિહરોને ચિત્તની ચંચળતા સહુરે લોલ. ૩

હાંરે મ્હારે વૈશાખે રાખો મનમાં વૈરાગ્ય જો,
વિવેક દૃષ્ટિ રાખી કારજ સહુ કરોરે લોલ;
હાંરે મ્હારે જેઠ માસમાં જડશે આતમ રત્ન જો,
જોર જુલમને વૈર ઝેરને વારીએરે લોલ. ૪

હાંરે મ્હારે આષાઢે અન્તરમાં ઉતરો બેશ જો,
પાપારંભો ત્યાગી સંવર આદરોરે લોલ;
હાંરે મ્હારે શ્રાવણ માસે પર્વ પજુસણ આય જો,
સમતા રાખી કીજે કરણી ધર્મનીરે લોલ. ૫

હાંરે મ્હારે ભાદરવામાં ભય નાસે સહુ દૂર જો,
ખમત ખામણે જીવો સર્વ ખમાવીએરે લોલ;
હાંરે મ્હારે આશો માસમાં શુભ અજવાળી રાત જો,
ધર્મ ધ્યાન ભક્તિમાં દિવસ ગાળીએરે લોલ. ૬

હાંરે મ્હારે બાર માસનો રાખોને રોજમેળ જો,
સરવૈયું કાઢો શુભ આતમ ધર્મનુંરે લોલ;
હાંરે મ્હારે સદ્‌ગુરૂ વાણી સુણીએ ધરી બહુ પ્રેમજો,
ગુરૂની વાણી મીઠી સાકર શેલડીરે લોલ. ૭

હાંરે મ્હારે આતમ ધર્મનો લાગ્યો રંગ મજીઠ જો,
સમકિત શ્રદ્ધા વાસિત આતમ અનુભવ્યોરે લોલ;
હાંરે મ્હારે આનંદના ઉભરા ઘટમાં ઉભરાય જો,
બુદ્ધિસાગર સદ્‌ગુરૂ વાણી સાંભળીરે લોલ. ૮

---

(૬૨)

पन्नर तिथीओ.

(રઘુપતિ રામ હૃદયમાં રહેજોરે, એ રાગ.)

સખી પડવા દિને પ્રભુ પૂજોરે, શુદ્ધ ગુરૂગમ જ્ઞાનથી બુઝોરે;
આઠ કર્મની સાથે ઝુઝો, સખી સુણો ધર્મની વાત સારીરે. ૧

બીજના દિને કામને બાળોરે, જેહ કરતો વિષયનો ચાળોરે;
ખૂબ કામના વેગને ખાળો. સખી. ૨

ત્રીજના દિન તરો ભવ દરીઓરે, જે જન્મ મરણથી ભરીઓરે;
આત્મજ્ઞાની સહજ સુખ વરીઓ. સખી. ૩

ચોથે ચાર કષાયને વારોરે, વેગે વારો મનના વિકારોરે;
આવે તેથી ભવ દુઃખ આરો. સખી. ૪

પાંચમે પાપને પરહરિએરે, પાંચ જ્ઞાન હૃદયમાં ધરીએરે;
પ્રભુ મહાવીર ગુણ અનુસરીએ. સખી. ૫

છઠે ષટકાય રક્ષણ કરીએરે, ભાવ ભક્તિ હૃદયમાંહ ધરીએરે;
સમતા સામાયક વરીએ. સખી. ૬

સાતમે શુદ્ધ શ્રદ્ધા રાખોરે, સત્ય પ્રિય વિચારીને ભાખોરે;
કુડ કપટ ને કાઢી નાખો. સખી. ૭

આઠમે આઠ મદને નિવારોરે, કરો અષ્ટ કરમ સંહારોરે;
કરો આતમનો ઉદ્ધારો. સખી. ૮

નવમે નોકષાયને તજીએરે, ભલા ભાવથી ભગવંત ભજીએરે;
શીળની ગુપ્તિ નવ સજીએ. સખી. ૯

દશમે દશવિધ ધરો ધર્મરે, શિવ નગરીનાં પામો શર્મરે;
નાસે સઘળાં અનાદિનાં કર્મ. સખી. ૧૦

એકાદશીએ અંગ અગિયારરે, સુણીએ સમકિત સુખ સારરે;
તેથી થાશે સફળ અવતાર. સખી. ૧૧

બારસે બાર વ્રતને ધરીએરે, શુદ્ધ ગુરૂ મુખથી ઉચ્ચરીએરે;
રાગ દ્વેષને હેતે હરીએ. સખી. ૧૨

તેરસે તેર કાઠીઆ વારોરે, હઠીલા થઇ જન્મ ન હારોરે;
તરો ભાવે બીજાને તારો. સખી. ૧૩

ચઉદશે શુદ્ધ ચેતના ગ્રહીએરે, શુદ્ધ ચેતન લક્ષણ લહીએરે;
ચઉદ વિદ્યા મનમાંહિ વહીએ. સખી. ૧૪

પુનમદિન પૂર્ણ સ્વરૂપીરે, જાણો આતમ રૂપારૂપીરે;
એવી વાતો પ્રભુએ પ્રરૂપી સખી. ૧૫

તિથિ પન્નર ગાશે તે તરશેરે, વેગે આનંદ મંગળ વરશેરે;
પૂર્ણ આતમ ઉજ્જવળ કરશે. સખી. ૧૬

શહેર સુરતમાં સુખદાઇરે, તિથિ પન્નર પ્રેમથી ગાઇરે;
બુદ્ધિસાગર સત્ય વધાઈ. સખી. ૧૭

---

(૬૩)

પ્રભુ પ્રેમ ખુમારી,

(રઘુપતિ રામ હૃદયમાંહિ રહેજોરે—એ રાગ.)

પ્રભુરૂપ પ્રેમથી મ્હેં તો પરખ્યુંરે, હોંશે હૈયડું હવે બહુ હરખ્યું, પ્રભુ.

ગપ્પાં સપ્પાંમાં પ્રેમ ન લાગેરે, વિષયો વિષ સરખાજ લાગેરે;
વૈર ઝેર ન કોઇ પર જાગે. પ્રભુ. ૧

ચિદાનન્દ સ્વરૂપ વિલાસીરે, મટી કાલ અનાદિ ઉદાસીરે;
વિભુ વિમલેશ્વર વિશ્વાસી. પ્રભુ. ૨

અજ અવિનાશી સુખકારીરે, આધિ વ્યાધિ ઉપાધિ સંહારીરે;
નિર્ભય નિશ્ચલ રૂપ ભારી. પ્રભુ. ૩

વાત વિકથામાં ચેન ન પડતુંરે, બાહ્ય ઝઘડામાં સુખ ન જડતું રે;
લાલચમાં ન મન લડથડતું. પ્રભુ. ૪

સમતાનો લાગ્યો સંગ સારોરે, ટળ્યો કુમતિનો સંગ નઠારોરે;
મ્હારા ઘટમાં થયો ઉજિયારો. પ્રભુ. ૫

સાકારમાં સ્નેહ સવાયોરે, નિરાકારમાં નેહ લગાયોરે;
હુંતો બહુ ભટકી ઘેર આયો. પ્રભુ. ૬

જડ સંગત ખોટી ઠરાઇરે, શુદ્ધ ચેતના સંગ સુહાઇરે;
રગોરગ રટનામાં રંગાઇ. પ્રભુ. ૭

મ્હને ખાવું પીવું ન ભાવેરે, સુરતા પ્રભુ સંગ સુહાવેરે;
શોક ફુલ્યામાં લેશ ન ફાવે. પ્રભુ. ૮

નિત્ય આતમમાંહિ રમશુંરે, નહિ બાહ્ય વિષયમાંહિ ભમશુંરે;
મનના વિકારોને દમશું. પ્રભુ. ૯
ચઢી આતમ રંગ ખુમારીરે, થયો અનુભવ સુરતા ધારીરે;
બુદ્ધિસાગર આનંદકારી. પ્રભુ. ૧૦

---

(૬૪)

गुरु स्तुति.

(વિમળાચળ વાસી મ્હારા વ્હાલા સેવકને-એ રાગ.)

જ્ઞાનવંત ભદંત મહન્ત, વ્હાલા ગુરૂ શરણુ કરૂ શરણુ કરૂ,
ભવસાગરમાં ઝાઝ મુજ રાખો ને લાજ, તુજ બોધે તરૂ બોધે તરૂ,
ભવમાં ભટકયો ભ્રાન્તિથી બહુ, પામી દુઃખ અપાર;
પુણ્યયોગથી નરભવ પાયો, ઉત્તમ કુળ અવતાર. વ્હાલા. ૧
રાગ દ્વેશમાંહિ રંગાયો, મમતામાં મલકાઇ;
ધમાધમીમાં ધસી પડાયું, અજ્ઞાનથી અથડાઇ. વ્હાલા. ૨
વિષય વિકારે કીધો વશમાં, કીધાં કર્મ અઘોર;
જીવ હિંસાનાં કર્મો કીધાં, ચોરી કરી બન્યો ચોર. વ્હાલા. ૩
મિથ્યાત્વે મુંઝાયો ભવમાં, પાખંડનો નહિ પાર;
ક્રોધ, માન, માયા, લોભે હું, અથડાયો બહુ વાર. વ્હાલા. ૪
મ્હારૂં મ્હારૂં મિથ્યા માની, કીધાં કર્મ કરોડ;
કામ રાગથી કુટાયો બહુ, નહિ કોઈ માહરી જોડ. વ્હાલા. ૫
ભાગ્યયોગથી ગુરૂજી મળીયા, અડવડીયાં આધાર;
રૂપ પરખાયું, પ્રતિબોધીને, કર્યો આતમનો ઉદ્ધાર. વ્હાલા. ૬
સાકર શેલડી રસ સમ મીઠી, તુજ વાણી સુખકાર;
સુણતાં મિથ્યાતમ ઝટ નાઠું, થયો આનન્દ અપાર. વ્હાલા. ૭
આત્મજ્ઞાન આપ્યું સુખકારી, હીરો આવ્યો હાથ,
સાત ધાત રંગાણી રાગે, તમે શિવપુરીના સાથ. વ્હાલા. ૮

જયકર સુખકર ભવદુઃખ ભંજન, હૈડાના મુજ હાર;
અંતર્યામી અલબેલા છો, શિવ વધુ ભર્તાર. વ્હાલા. ૯

સમકિતદાયક ગુરૂની શ્રદ્ધા, ભક્તિનો આધાર;
બુદ્ધિસાગર-સદ્દગુરૂ સાચા, તાર તાર મુજ તાર. વ્હાલા. ૧૦

---

(૬૫)

श्री महावीर स्वामीना पांच बधावा. प्रारंभ.

(૧)

હું તો મોહી રે નંદલાલ, મોરલી તાને રે. એ રાગ.

વંદી જગજનની બ્રહ્માણી, દાતા અવિચલ વાણી રે;
કલ્યાણક પ્રભુના ગુણ ખાણી, સુણશું ઉલટ આણી. ૧

એહને સેવો રે, પ્રભુ શાસનનો સુલતાન એહને સેવોને;
જસ ઇંદ્ર કરે બહુ માન, એહને સેવોને.
એતો ભવોદધિ તરણ સુયાન, એહને સેવોને. ૨

કીધું ત્રીજે ભવવર થાનક, અરિહા ગોત્ર નિકાચ્યું રે;
તેહ અનુસરવા વરવા કેવલ, કરવા તીરથ જાચું. એહને. ૩

કલ્યાણક પહેલે જગ વલ્લભ, ત્રણજ્ઞાની મહારાય રે;
દશમા સ્વર્ગે વિમાનથી પ્રભુજી, ભોગવી સુરનું આય. એહને. ૪

જંબુદ્વીપે ભરતક્ષેત્રમાં, ક્ષત્રીકુળ સુખકાર રે,
શ્રી સિદ્ધારથ ત્રીશલા ઉદરે, લેવે પ્રભુ અવતાર. એહને. ૫

ચૌદ સુપન દેખે તબ ત્રિશલા, ગજ વૃષભાદિ ઉદાર રે;
હરખી જાગી ચિંતે મનમાં, માને ધન્ય અવતાર. એહને. ૬

બહુ ઉછરંગે જઇ પીયુ સંગે, સઘળી વાત સુણાવે રે;
સુભગે લાભ પુત્રનો હોંશે પિયુના વચન વધાવે. એહને. ૭

સ્વપ્ના ફળ પુછી પાઠકને, ગર્ભ વહે નૃપરાણી રે;
દીપ કહે એમ પ્રથમ વધાવો, ગાવે સુર ઇંદ્રાણી. એહને. ૮

---

(૨)

શ્રાવણ વરસે રે સજની. એ રાગ.

બીજે વધાવે રે સુજની, ચૈતર સુદ તેરશની રજની;
જન્મ્યા જીનવર જગ ઉપકારી, હું જાઉં તેહની બલીહારી. બી. ૧

છપ્પનદિગ કુમરી તિહાં આવે, પૂજી શુચિ જલશું નવરાવે;
જીવો મહીધર લગે જીનરાયા, અવિચલ રહેજો ત્રિશલાના જાયા. ૨

ગીરૂઆ પ્રભુનું વદન નિહાળી, ચાલી ચુંપે ચતુરા બાળી;
હરખ્યો સુરપતિ સોહમ સ્વામિ, જાણી જન્મ્યા જગ વીશરામી. ૩

સુઘોષા ઘંટા તવ વજડાવે, તતક્ષણ દેવ સહુ તિહાં આવે;
પ્રભુ ગ્રહી કંચન ગિરિપર ઠાવે, સ્નાન કરી જીનને નવરાવે. બી. ૪

એક ક્રોડી ઉપર વળી જાણો, સાઠ લાખ સંખ્યા પરિમાણો;
સહુ કલશા શુચિ જલશું ભરીયા, તત્ક્ષણ સોહમ સંશય ધરીયા. ૫

ચિંતે લઘુવય છે પ્રભુ વીર, કિમ સહેશે જલધારા નીર;
વીરે તસ સંશય મન જાણી, કરવા ચિત્રીત અતિશય નાણી. બી. ૬

મહીધર નિજ અંગુઠે ચંપ્યો, તત્ક્ષણ મેરૂ થરથર કંપ્યો;
માનું નૃત્ય કરે છે રસિયો, પ્રભુપદ ફરસે થઇ ઉલ્લસીયો. બી. ૭

જાણ્યું ઇંદ્રે સહુ વિરતંત, બોલે કરજોડી ભગવંત;
ગુન્હો સેવકનો એ સહેજો, મિથ્યા દુઃકૃત એહનો હોજો. બી. ૮

સ્નાત્ર કરી માતાને સમર્પે, ઠવી પહોતા નંદીશ્વર દ્વીપે;
પૂરણ લાહોરે લેવા, અઠાઇ મહોત્સવ તિહાં કરેવા. બી. ૯

પુત્ર વધાઇ નીસુણી રાજા, પંચ શબ્દ વજડાવે વાજા;
નિજ પરિકર સંતોષી વારૂ, વર્ધમાન નામ ઠવે ઉદારૂ. બી. ૧૦

અનુક્રમે જોબનવય જબ થાવે, નૃપતિ રાજપુત્રી પરણાવે;
ભોગવી પ્રભુ સાંસારિક ભોગ, દીપ કહે મન પ્રગટયો જોગ. બી. ૧૧

(૩)

ભવિ તુમે વંદો રે સૂરિશ્વર ગચ્છરાયા. એ દેશી.

હવે કલ્યાણક ત્રીજું બોલું, જગ ગુરૂ દીક્ષા કેરૂં;
હર્ષિત ચિત્તે ભાવે ગાવે, તેહનું ભાગ્ય ભલેરૂ.
સહિ તુમ સેવો રે, કલ્યાણક ઉપકારી.
સંયમને સેવો રે, આતમને હિતકારી. ૧

લોકાંતિક સૂર અમૃત વચણો પ્રભુને એમ સુણાવે;
બુઝબૂઝ જગનાયક લાયક, ઇમ કહીને સમજાવે. સહિ. ૨

એક ક્રોડને આઠ લાખનું, દિન પ્રત્યે દિયે દાન;
ઇણી પરે સંવત્સર લગે, લઇને દીન વધારે વાન. સહિ. ૩

નંદિવર્ધનની અનુમતિ લઇને, વીર થયા ઉજમાલ;
પ્રભુ દીક્ષાનો અવસર જાણી, આવ્યા હરિ તત્કાળ. સહિ. ૪

થાપી દિસી પૂરવને સાહમા, દીક્ષા મહોત્સવ કીધો;
પાલખીએ પધરાવી પ્રભુને, લાભ અનંતો લીધો. સહિ. ૫

સુરગણ નરગણ નેં સમુદાયે, દીક્ષાયે સંચરીયા;
માતા ધાવ કહે શિખામણ, સૂણ ત્રીશલાના નાનડીયા. ૬

મોહ મલ્લને જેર કરીને, ધરજો ઉજજવલ ધ્યાન;
કેવળ કમળા વહેલી વરજો, દેજો સુકૃત દાન. સહિ. ૭

ઈમ શિખામણ સુણતે સુણતે, સુણતે બહુ નર નારી;
પંચ મુષ્ટીનો લોચ કરીને, આપ થયા વ્રત ધારી. સહિ. ૮

ધન્ય ધન્ય સિદ્ધારથ નંદન, ધન્ય ત્રિશલાનાં જાયા;
ધન્ય ધન્ય નંદિવર્ધન બંધવ, ઇમ બોલે સુરરાયા. સહિ. ૯

અનુમતિ લેઈ નિજ બંધવની, વિચરે જગદાધાર;
સુમતે સુમતા ગુપ્તે ગુપ્તા, જીવદયા ભંડાર. સહિ. ૧૦

સિંહ સમોવડ દુર્ધર થઇને, કઠિન કર્મ સહુ ટાળે;
જગ જયવંતો સાશન નાયક, ઈણી પરે દીક્ષા પાળે. સહિ. ૧૧

દીક્ષા કલ્યાણુક એ ત્રીજું, સહિ તુમે દિલમાં લાવો.
એમ વધાવો ત્રીજો સુંદર, દીપ કહે સહુ ગાવો. સહિ. ૧૨

(૪)

અવિનાશીની સેજડીએ રંગ લાગ્યો મારી સુજનીજી. એ દેશી.

ચોથું કલ્યાણુક કેવલનું કહું છું, અવસર પામીજી;
જગ ઉપકારી જગબંધવને, હું પ્રણમું શીરનામી, સાં. ૧

વૈશાખ શુદિ દશમી ને દિવસે, પામ્યા કેવળ જ્ઞાનજી;
બારજોયણુ એક રાતે ચાલ્યા, જાણી લાભ નિધાન. સાં. ૨

અપાપા નયરીએ આવ્યા, મહસેન વન વિકસંતજી;
ગણુધર ને વલી તીરથ થાપન, કરવાને ગુણુવંત. સાં. ૩

ભુવનપતિ વ્યંતર વૈમાનિક, જ્યોતિષી હરિ સમુદાયજી;
વીસ બત્રીશ દશદોય મલીને, એ ચોસઠ કહેવાય. સાં. ૪

ત્રીગડાની રચના કરી સારી, ત્રીદશ પતિ અતિ ભારીજી;
મધ્ય પીઠ ઉપર હિતકારી, બેઠા જગ ઉપકારી. સાં. ૫

ગુણુ પાંત્રીશ સહિત પ્રભુ વાણી, નિસુણે છે સહુ પ્રાણીજી;
લોકાલોક પ્રકાશક વાણી, વરસે છે ગુણુખાણી. સાં. ૬

માલકોષ શુભ રાગ સમાજે, જલધરનીપરે ગાજેજી;
આતપત્ર પ્રભુ શીરપર રાજે, ભામંડલ છબી છાજે. સાં. ૭

નીકી રચના ત્રણે ગઢની, પ્રભુનાં ચારે રૂપજી;
વલી કેવળ કમળાની શોભા, નિરખે સુરનર ભૂપ. સાં. ૮

ઇંદ્રભૂતિ આદે સહુ મીલીને, જગન કરે ભૂદેવજી;
વિદ્યા વેદતણા અભ્યાસી, અભિમાની અહંમેવ. સાં. ૯

જ્ઞાની આવ્યા નિસુણીકાનેં, મનમે ગર્વ ધરંતજી;
આવ્યો ત્રીગડે વાદકરેવા, દીઠો જગ જયવંત. સાં. ૧૦

તતક્ષણુ નામાદિક બોલાવે, મુલ્ય સહુને જાણીજી;
જીવાદિક સંદેહ નિવારી, થાપ્યો ગણુધરનાણી. સાં. ૧૧

ત્રીપદી પામી પ્રભુ શીરનામી, દ્વાદશાંગી સુવિચારજી;
પદ છ લાખ છત્રીસ સહસની, રચના કીધી સારી. સાં. ૧૨
ચાલો તે જોવાને જઈએ, વંદીને જગવીરજી;
વલી પ્રણમીને સોહમ પટધર, ગૌતમસ્વામી વજીર. સાં. ૧૩
નીરખીજે પ્રભુજીની મુદ્રા, નરભવ સફલો કીજેજી;
પ્રભુજીનું બહુ માન કરીને, લાભ અનંતો લીજે. સાં. ૧૪
વારે વારે કહું છું તોપણ, તુંતો મનમાં નાણેજી;
મારા મનમાં હોશ અછે, તે કેવલ જ્ઞાની જાણે. સાં. ૧૫
સખી વચંણે એમ થઇ ઉજમાલી, ચાલી સઘળી બાલીજી;
નિસુણી દશ આશાતના ટાલી, પ્રભુ વાણી લટકાળી. સાં. ૧૬
ઇણીપરે ત્રીશ વરસ કેવળથી, બહુ નરનારી તારીજી;
ઈમ વધાવો ચોથો સુંદર, દીપ કહે સુખકારી. સાં. ૧૭

---

(૬૫)

આદિજીનેશ્વર વિનતી હમારી.

કલ્યાણક પાંચમું જીનજીનું, ગાવો હર્ષ અપાર વાલા;
જગવલ્લભ પ્રભુના ગુણગાઇ, સફલ કરો અવતાર વાલા.
સાશન નાયક તીરથવંદો. ૧
જગચાતકને દાન દીયંતા, વિચરંતા જગભાણ વાલા;
મધ્ય અપાપા નગરી પધાર્યા, પ્રણમેપદ મહિરાણ વાલા. સા. ૨
પ્રભુએ લાભાલાભ વિચારી, અણપુછયો ઉપદેશ વાલા;
સોલ પહોર લગે અમૃતવાણી, વરસ્યા ભવિ ઉપદેશ વાલા. સા. ૩
દીવાલી દીન મુક્તિ પધાર્યા, પામ્યા પરમાનંદ વાલા;
અજર અમર પદ જ્ઞાન વિલાસી, અક્ષય સુખનો કંદ વાલા. સા. ૪
એ પ્રભુ કર્તા અકર્તા ભોક્તા, નિજગુણે વિલસંત વાલા;
દર્શનજ્ઞાન ચરણ ને વીરજ, પ્રગટયા સાદિ અનંત વાલા. સા. ૫

છે આકાશ અસંખ્ય પ્રદેશી, તેહના ગુણ છે અનંત વાલા;
એ તો એક પ્રદેશે સાહિબ, અનંત ગુણે ભગવંત વાલા. સા. ૬

એ પ્રભુ ધ્યેયને સેવક ધ્યાતા, એમાં ધ્યાન મિલાય વાલા;
ત્રિકજોગે પૂર્ણતા પ્રકટે, સેવક એ સમ થાય વાલા. સા. ૭

ગાવો પાંચમો મોક્ષ વધાવો, ધ્યાવો વીરજીણંદ વાલા;
શુભ લેશ્યાએ જગગુરૂ ધ્યાને, ટાળો ભવભયફંદ વાલા. સા. ૮

ઇમ પ્રભુ વીર તણાં કલ્યાણક, પાંચ ભવોદધિ નાવ વાલા;
શ્રી વિજયલક્ષ્મી સૂરિશ્વર રાજે, મેં ગાયા શુભ ભાવ વાલા. સા. ૯

શ્રી જીનગણધર આણારંગી, કપુરચંદ વીશરામ વાલા;
તસ આગ્રહથી હર્ષિત ચિત્તે, ખંભાત નયરસુઠામ વાલા. સા. ૧૦

પંડિત શ્રી ગુરૂ પ્રેમ પસાયે, ગાયા તીરથરાજ વાલા;
દીપવિજય કહે મુજને હોજો, તીરથ ફલ મહારાજ વાલા. સા. ૧૧

ઇતિ પાંચ વધાવા સંપૂર્ણ.

---

(૬૬)

ઘરે આવોજી આંબો મોરીયો. એ રાગ.

મહાવીરજી આવી સમોસર્યા, રાજગૃહી નયરી ઉદ્યાન;
સમવસરણ દેવે રચ્યું, તિહાં બેઠા શ્રી વર્ધમાન. મહા. ૧

વનપાલકે આપી વધામણી, હરખ્યો શ્રેણિક ભૂપાલ;
ગૌતમ આદિ ગણધરૂ, સાધ્વી છત્રીસ હજાર. મહા. ૨

રાજા ગજ શણગાર્યા મલપતા, તુર્યતણો નહિ પાર;
રાજા બહુ સામગ્રીયે સંચર્યો, સાથે મંત્રી અભયકુમાર. મહા. ૩

ઢોલ દદામા ગડગડે, સરણાઇ અતિહી રસાલ;
રાય ગજ થકી હેઠા ઉતર્યા, આવી વાંદે પ્રભુજીના પાય. મહા. ૪

રાય ત્રણપ્રદક્ષણા દેઇ કરી, આવી બેઠા સભા મોઝાર;
રાણી ચેલણા લાવે ગહુંઅલી, સાથે સખીયોનો પરિવાર. મહા. ૫

રાણીયે ઘાંટ ઓઢયોરે ઘુંટા તણો, રાણી ચેલણાનો શણગાર;
રાણીયે કુંકુમ ઘોલ્યા કુંકાવટી, રાણીયે શ્રીફલ લીધું શ્રીકાર. મ. ૬

રાણી ચેલણા પુરે ગહુંઅલી, મહાવીરને પાવલા હેઠ;
રાણી બહુ પરિવારે પરીવરી, રાણી ગાવે ગીત રસાલ. મહા. ૭

રાણી લળી લળી લીએરે લુંછણા, રાણી પૂજે પ્રભુજીના પાય;
મહાવીરની દેશના સાંભળી, સમકિત પામ્યો નરરાય. મહા. ૮

પ્રભુ તુમ સરિખા ગુરૂ મુને મળ્યા, મહારી દુર્ગતિ દુર પિલાય;
પ્રભુ સેવક જાણી તારજો, મને મુક્તિ તણાં સુખ થાય. મહા. ૯

---

(૬૭)

જીવાભિગમ સૂત્રની ગુંહલી.

ભવિ તુમે વંદોરે સૂરિશ્વર ગચ્છરાયા. એ રાગ.

સહિયર સૂણીયેરે જીવાભિગમની વાણી, મીઠી લાગેરે મુજને વીરની વાણી. એ આંકણી.

સુત્ર તણી રચના ગણધરની, અર્થ તે વીરે ભાંખ્યા;
ગૌતમ પૂછે બે કરજોડી, આતમ હિત કરી દાખ્યા. સ. મી. ૧

જીવ અજીવ તણીજ રચના, પૂછી ગૌતમ સ્વામી;
નરકનિગોદ તણી જે વાતો, ભાંખે અંતરજામી. સ. મી. ૨

સાતે નરક તણાં દુઃખ ભાખ્યા, આતમ હિત કરી શીખ્યા;
જે જે પ્રશ્ન પૂછે ગોયમ, તે તે પ્રભુએ ભાંખ્યા. સ. મી. ૩

પાંચ અનુત્તર તણી જે રચના, વિવિધ પ્રકારે ભાંખી;
ભવિક જીવને સુણવા કારણ, શ્રી જીન આગમ સાખી. સ. મી. ૪

મીઠી વાણીએ ગુંહલી ગાવે, વીરજીણંદ વધાવે;
સ્વસ્તિક પૂરે ભાવ ધરીને, અક્ષતે કરીને વધાવે. સ. મી. ૫

નોતમપુરમાં રંગે ગાઈ, ગહુંલી ચઢતે ઉમંગે;
કહે મુક્તિ જીનરાજની વાણી, સુણજો અતિ ઉછરંગે. સ. મી. ૬

---

(૬૮)

ભગવતી સુત્રનું ગુંહલી.

રાગ ઉપરનો.

સહિયર સૂણીયેરે ભગવતી સૂત્રની વાણી;
પતક હણીયેરે આતમને હિત આણી. એ આંકણી.
સમકિતવંતતણી એ કરણી, ભવસાગર ઉદ્ધરણી;
નરક નિગોદ તણી ગતિ હરણી, મોક્ષ તણી નિસરણી. સ. ૧
પંચમ અંગ વિવાહ પન્નતિ, બીજું ભગવતી નામ;
શતક એકતાલીસ બહુ ઉદ્દેસે, અનંતા અનંત ગુણધામ. સ. ૨
વીર જગતગુરૂ ગૌતમ ગણધર, જોડી મોહનગારી;
પ્રશ્ન છત્રીશ હજાર પ્રકાસ્યા, વાણીની બલીહારી. સ. ૩
ગંગ મુનિ સિંહા, મુનિવરના, પ્રશ્ન સરસ છે જેહમાં;
ભાવ ભેદ ષટ્ દ્રવ્ય પ્રકાસ્યા, અમૃત રસ છે એહમાં. સ. ૪
સંગરામ સોની પ્રમુખ છે ભાવી, સમાકતવંત પ્રસિદ્ધા;
પ્રશ્ને કંચન મહોર ઠવીને, નરભવ લ્હાવો લીધો. સ. ૫
સ્વસ્તિક મુક્તાફલ શું વધાવો, જ્ઞાન ભક્તિ ગુરૂ સેવા;
ભગવતી અંગ સુણો બહુ ભાવે, ચાખો અમૃત મેવા. સ. ૬
વીરક્ષેત્રના સકલ સંઘને, વિઘ્ન હરે વરદાઈ;
દીપવિજય કહે ભગવતી સુણતાં, મંગલકોટિ વધાઈ. સ. ૭

---

(૬૯)

જીરે મારે દેશના દો ગુરૂરાજ, ઉલટ આણી અતિ ઘણી. જીરેજી.
જીરે આવીયો હર્ષ ઉલ્લાસ, પૂઠ દેઈ સંસારને. જી. ૧
જીરે વિલંબ ન કીજે ગુરૂરાજ, દાસ ઉપર દયા કરો; જી.
જીરે મહેર કરો મહેરબાન, અમૃત વચને સીંચીયે. જી. ૨

જીરે સુણવા સૂત્ર સિદ્ધાંત, હેજે હીયડું ગહગહે; જી.
જીરે જીમ મોરા મન મેહ, સીતાને મળે રામજી. જી. ૩

જીરે કમલા મન ગોવિંદ, પારવતી ઇશ્વર જપે; જી.
જીરે તિમ મુજ હૃદય મઝાર, જીન વાણી રૂચે ઘણી. જી. ૪

જીરે નયગમ ભંગ નિક્ષેપ, સુણતાં સમકિત સંપજે; જી.
જીરે ઉત્પાદ વ્યય ધ્રુવ રૂપ, સ્યાદ્વાદ રચના ઘણી. જી. ૫

જીરે નવતત્વને ષટ્-દ્રવ્ય, ચાર નિક્ષેપે, સપ્ત નયે કરી; જી.
જીરે નિશ્ચયને વ્યવહાર, ઈણી પેરે મુજ ઓળખાવીયે. જી. ૬

જીરે કૃપા કરો ગુરૂરાજ, તે સુણવા ઇચ્છા ઘણી; જી.
જીરે નિજ પર સત્તા રૂપ, ભાસે તે સુણતાં થકાં. જી. ૭

જીરે જીન ઉત્તમ મહારાજ, તે સુણવા ઈચ્છા ઘણી; જી.
જીરે પ્રગટે આતમ સ્વરૂપ, અમિયકુંઅર ઇણી પરે ભણે. ૮

---

(૭૦)

વિમલગિરિ શૃંગે રસે સેવો. એ દેશી.

મુનિવર મારગમાં વસીયા, વસિ ઉન મારગથી ખસીયા,
શિવ વહુ ખેલણ કે રસિયા ....મુનિ. ૧

વીત્યું ગુણ ઠાણું બાળ, ભગવઇ અંગે સુવિશાલ;
રહે પ્રમત્તે ઘણો કાલ.... ... .મુનિ. ૨

અંતર મુહૂરત સ્થિતિ આવે, નિદ્રામાં ગુણ પલટાવે;
પણ અપ્રમત્તતણે ભાવે ....મુનિ. ૩

દ્રવ્યભાવ સંજમ ધરિયા, જંગમ તિરથ સંચરિયા;
પાખરિયા સિંહ કેસરિયા ....મુનિ. ૪

દુવિહા હિત સહે ન લહે, ઉષ્ણ પરિસહ વીસ સહે;
મુનિવર આચારાંગ કહે ....મુનિ. ૫

ચક્રવાલ દશવિધ પાલે, ચરણ કરણ ગુણ અજુઆલે,
શૂન્ય દહન અવધિ ટાળે ....મુનિ. ૬

એહવા મુનિવરને આગે, ચતુરા અક્ષર ફુલ માગે;
શ્રાવિકા મુનિ ગુણુ રાગે ....મુનિ. ૭
ગહુંળી કરી નિજ મલ ધોતી, વધાવતી ઝલકે મોતી;
લળી લળી ગુરૂ સનમુખ જોતી.... ....મુનિ. ૮
આગેમ રયણુ ગુણે રમતી, ગુરૂ ગુણુ ગાતી મન ગમતી;
શ્રી શુભવીર ચરણુ નમતી ....મુનિ. ૯

---

(૭૧)

આર્ય દેશ નરભવ લહ્યો રે, શ્રાવક કુલ મનોહાર રે;
જીનની વાણી નિત્ય સુણે રે, ધન્ય તેહનો અવતાર. ગુરૂને બોલડીયે.
મોહ્યા મોહ્યા ત્રિભુવન લોક ગુરૂને બોલડીયે. ૧
ઉઠી સવારે પ્રભુને નમે રે, કરે નવકારસી સાર રે;
સોલ શણુગાર સજી કરીને, આવે ગુરૂ દરબાર. ગુરૂ. ૨
×ત્રણુ પ્રદક્ષિણા દેઈ કરીને, વાંદી બેસે ઠાય રે;
ઉઠ હાથ અલગી રહીને, ગુંહળી કરવા જાય. ગુરૂ. ૩
ચિંહુ ગતિ દુઃખ નિવારવા રે, મહા મંગલ ઉચ્ચાર રે;
આઠ મંગળ માંહે વડોને, સાથીયો કીજે ઉદાર. ગુરૂ. ૪
વધાવે ગુરૂ રાયને રે, પછે કરે પચ્ચખાણુ રે;
લુંછણીયા લટકે કરે ને, ભાવ ભલો મન આણુ. ગુરૂ. ૫
આગમ અરથને ધારતી રે, કરતી વિનય વિશેષ રે;
એમ આતમને તારતી રે, સૌભાગ્ય લક્ષ્મી સુવિશેષ. ગુરૂ. ૬

---

(૭૨)

આવો હરિ લાસરીયા વાલા. એ દેશી.

ચાલો સખિ વંદનને જઇએ, વંદીને પાવન થઇએ. ચાલો.એ આં.
માતા ત્રિશલાના જાયા, ધર્મ ધુરંધર કહેવાયા;
ગુણુ શીલ વન માંહે આયા ....ચાલો. ૧

× સાડાત્રણુ.

શોભા શી વરણું બહેની, ત્રિભુવનમાં કીર્તિ જેહની;
બલિહારી જાઉં હું એહની ....ચાલો. ૨

છાજે કેવલ ઠકુરાઇ, આદિ અનંત ગુણ પાઇ;
ગણધર આગમમાં ગાઇ ....ચાલો. ૩

સુર કોટિ સેવા કરતા, ઓગણીસ અતિશય અનુસરતા,
ભાવે ભવસાયર તરતાં ....ચાલો. ૪

ચોદ હજાર મુનિ સંગે, ધારૂક ચરણ કરણ રંગે;
શીલ સન્નાહ ધર્યો અંગે ....ચાલો. ૫

શ્રેણિક ચેલણા આવે, મુકતાફળ ભરીને લાવે;
મંગલ આઠ કરી ગાવે ....ચાલો. ૬

ગાતા દુઃખ દોહગ ભાજે, મંગલ મહા મંગલ કાજે;
ઇમ કહે દીપ કવિ રાજે ....ચાલો. ૭

---

(૭૩)

ગચ્છરાયારે એ દેશી.

ચિત્ત-સમરૂં સરસતી માયરે, વળી વંદુ સદગુરૂ પાયરે;
હું તો ગાઇશ તપગચ્છરાય રે ....ગ. ૧

છત્રીસ ગુણે ગુરૂ રાજેરે, ગૌતમ ગણધર પટ છાજેરે;
ગુરૂ પંચાચાર દીવાજે રે.... ....ગ. ૨

ગુરૂ સારણ વારણ દાતારે, જીનરાજ સદા મન ધ્યાતારે;
ગુરૂ સંયમ ધરમે છે રાતા રે ....ગ. ૩

ગુરૂ પંચ મહાવ્રત પાળેરે, ગુરૂ આતમ તત્ત્વ સંભાલે રે;
ગુરૂ જીનશાસન અજુઆલે રે ....ગ. ૪

જેણે જ્ઞાનની દ્રષ્ટિ નીહાળીરે, ગુરૂ દેશના દે લટકાળીરે;
ગુરૂ પ્રતાપે કોડ દીવાળીરે ....ગ. ૫

ગુરૂ મધુરે વચને વરસેરે, ભવ્ય જીવ તણા મન હરસેરે;
ગુરૂ ગુણ સુણવા મન તરસેરે ....ગ. ૬

કરો ગહુંલી ગચ્છપતિ આગેરે, વધાવો ગુરૂ મહાભાગેરે;
ગાઓ મંગલ મધુરે રાગે રે ....ગ. ૭

ગુરૂ ધન્ય આણંદી બાઈ જાયારે, સાહેબ રાજકુલમાં સવાયારે;
શ્રી વિજયલક્ષ્મી સૂરિરાયારે ....ગ. ૮

ગુરૂ પ્રેમ પદારથ પાયારે, જેણે ધર્મનાં પંથ બતાયારે;
એમ દીપવિજય ગુણ ગાયારે ....ગ. ૯

---

(૭૪)

સખિ રે મેં કૌતક દીઠું, સાધુ સરોવર ઝીલતા રે;
સખી નાકેં રૂપ નિહાલતા રે, સખી. લોચનથી રસ જાણતા રે.
સખી મુનિવર નારીશું રમે રે. ૧

સખી. નારી હીંચોળે કંતને રે, સખી. કંત ઘણા એક નારી રે;
સખી. સદા યૌવન નારી તે રહે રે, સખી. વેશ્યા વિલુધા કેવલી રે. ૨

સખી. આંખ વિના દેખે ઘણું રે, સખી. રથ બેઠા મુનિવર ચલે રે;
સખી. હાથ જળે હાથી ડુબી ગયો રે, સખી. કુતરીએ કેશરી હણ્યોરે.

સખી. તરસ્યો પાણી નવ પીયેરે, સખી. મારગ વિહુણો મારગ ચલે રે.
સખી. નારી નપુંશક ભોગવે રે, સખી. અંબાડી ખર ઉપરે રે. ૪

સખી. નર એક નિત્ય ઉભો રહેરે, સખી. બેઠો નથી નવી બેસસેરે;
સખી. અર્ધે ગગન વિચે તે રહેરે, સખી. માંકડે મહાજન ઘેરીયોરે.૫

સખી. ઉંદરે મેરૂ હલાવીયોરે, સખી. સૂર્ય અજવાળું નવિકરેરે;
સખી. લઘુબંધવ બત્રીશ ગયારે, સખી. શોકે ઘડી નહિં બેનડીરે. ૬

સખી. શામલો હંસમેં દેખીયોરે, સખી. કાટ વલ્યો કંચન ગિરિરે;
સખી. અંજનગિરિ ઉજ્જવલ થયારે, સખી.તોયે પ્રભુ ન સંભારીયારે.૭

સખી. વયરસામી સુતા પારણેરે, સખી. શ્રાવિકા ગાવે હાલરાંરે;
સખી. મ્હોટા થઇ અર્થ તે કહેજોરે, સખી. શ્રી શુભ વીરને વાલહારે.૮

---

(૭૫)

વીરની વાણી વિષે.

(જાત્રીડા જાત્રા નવાણું કરીયેં રે—એ દેશી.)

સખી સરસ્વતી ભગવતી માતારે, કાંઇ પ્રણુમીજે સુખ શાતા રે,
કાંઇ વચન સુધારસ દાતા, ગુણવંતા સાંભળો વીર વાણી રે,
કાંઇ મોક્ષતણી નિશાની. ગુ. એ આંકણી. ૧
કાંઇ ચોવીશમા જિન રાયા રે, સાથે ચૌદ સહસ મુનિરાયા રે,
જેહના સેવે સુર નર પાયા. ગુ. કાં. ૨
સખી ચતુરંગ ફોજો સાથ રે, સખિ આવ્યા શ્રેણિક નર નાથ રે,
પ્રભુ વંદીને હુઆ સનાથ. ગુ. કાં. ૩
બહુ સખી સંયુત રાણી રે, આવી ચેલણા ગુણખાણી રે,
એતો ભામંડલમાં ઉજાણી. ગુ. કાં ૪
કરે સાથીચો મોહનવેલરે, કાંઇ પ્રભુને વધાવે રંગરેલરે,
કાંઇ ધોવા કર્મના મેલ. ગુ. કાં. ૫
બારે પર્ષદા સુણે વાણી રે, કાંઇ અમૃતરસ સમ જાણી રે,
કાંઇ કરવાં મુક્તિ પટરાણી. ગુ. કાં. ૬

---

(૭૬)

મહાવીર દેશના

(અને હાંરે વાલોજી વાયે છે વાંસળી રે—એ દેશી.)

અને હાંરે વીરજી દીયે છે દેશના રે,
ચાલો ચાલો સહીયરનો સાથ;
સુરવર કોડા કોડિ તિહાં મલ્યા રે,
પ્રભુ વરસે છે ત્રિભુવન નાથ. વીર. ૧

અને હાંરે સમવસરણુની શોભા શી કહું રે,
જિહાં મુનિવર ચૌદ હજાર;
મહાસતી ચંદનબાલા માવડી રે.
સહ સાધ્વી છત્રીશ હજાર. વીર. ૨

અને હાંરે ગણુધર પૂજ્ય અગ્યાર છે રે,
તેહમાં ગૌતમ સ્વામી વજીર;
ત્રણુસેં, ચઉદપૂર્વી દીપતા રે,
શ્રુત કેવલી જગ વડવીર. વીર. ૩

અને હાંરે સાતશેં કેવલી જગત પ્રભાકરૂ રે,
તેતો પામ્યા છે ભવ તીર;
પાંચશે વિપુલમતિ પરિવાર છે રે,
સહુ પરિકર છે પ્રભુવીર. વીર. ૪

અને હાંરે આણુંદ શ્રાવક સમકિત ઉચ્ચરે રે,
વળી દ્વાદશ વ્રત જયકાર;
એક લાખ ઓગણુશાઠ હજારમાં રે,
મુખ્ય શ્રાવક દૃઢ વ્રત ધાર. વીર ૫

અને હાંરે સખી વચણે ઉજમાલી બાલિકારે,
આવી વંદે પ્રભુજીના પાય;
મહામંગલ પ્રભુજીના આગલેં રે,
પૂરે ચઉ મંગલ સુખદાય. વીર ૬

અને હાંરે સાતમું અંગ ઉપાસક સૂત્રમાં રે,
પ્રભુ દીપવિજય કવિરાજ;
આણુંદ સરિખા દશ શ્રાવક કહ્યા રે,
લેહશે એક ભવેં શિવપુર રાજ. વીર. ૭

(૭૭)

ષડાવશ્યક સૂત્રની.

અહો મુનિ ચારિત્રમાં રમતા, શ્રી જિનઆણા સુધી ધરતા,
ક્રિયાચારમાં અનુસરતા. અહો. ૧

ષડાવશ્યક સૂત્રતણી રચના, તે સાંભળો ભવિ એક મના,
વાણી અમૃત રસ ઝરના. અહો. ૨

પ્રથમ સામાયિક જે દાખ્યું, બીજું ચઉવિસથ્થો ભાખ્યું,
તૃતીય વાંદણુ દિલ રાખ્યું. અહો. ૩

પ્રતિક્રમણુ ચોથે સુણતાં, કાઉસ્સગ્ગ પાંચમે અનુસરતાં,
છઠે પ્રચ્ચખ્ખાણુ કરતાં. અહો. ૪

ષડ્‌વિધ આવશ્યક જે ધારે, શુભ પરિણામેં અવધારે,
શ્રીજિન મારગ અજુવાલે. અહો. ૫

સ્થાપના જ્ઞાનતણી માંડો, મમતા માયા દૂરે છાંડો,
તો સમતાવૃક્ષ હોયે જાડો. અહો. ૬

ઇણિપરેં સોહમની વાણી, ગહુંલી કરે ચેલણા રાણી,
ગુરૂ સન્મુખ જોવે ગુણખાણી. અહો. ૭

સીહોર નગરેં ગહુંલી ગાઈ, કહે મુક્તિ સુણો ચિત્ત લાઇ,
શ્રી જિન આણા ધરો ભાઇ. અહો. ૮

---

(૭૮)

સમોવસરણની

અરિહા આયારે, ચંપાવનકે મેહાન,
સુરપતિ ગાયારે, શાસનકે સુલતાન—એ આંકણી.
સમવસરણુ સુર મલી વિરચાવે, ફૂલ સચિત જલ થલનાં લાવે,
વિકસિત જાનુ સમ વરસાવે, ઉપર બેસે રે, મુનિમુખ પરષદા બાર;
પ્રભુ મહિમાયેં રે, પીડા ન હુવે લગાર,
તત્ત્વતાની રે, પ્રવચન સારઉદાર. અરિ૦ ૧

પુરી શણગારી કોણિક રાય, જલ છંટાવ્યાં ફૂલ બિછાય,
સજી સામઇયું વંદન આય, ઉવવાઈ સૂત્રેં રે;
દેશના અમૃત ધાર, ગૌતમ પૂછે રે, અંબડનો અધિકાર,
અદત્ત ન લેવેરે, સાત સયા પરિવાર. અ. ૨

પાણી છતે તરશાં વ્રત પાલી, ગંગા રેવત વચ્ચે સંથારી,
દેવલોકેં પંચમ અવતારી, અંબડનામેં રે;
તે સહુનો શિરદાર, અવધિજ્ઞાની રે, વૈક્રિયલબ્ધિ ઉદાર,
તાપસ વેશે રે, પાળે અણુવ્રત બાર. અ. ૩

તે ગુણદરિયા કૌતુક ભરિયા, કંપિલપુર માંહે સંચરિયા,
નિત્ય નિત્ય સહુ ઘર વસતી વરિયા, સહુકો જાણેરે;
અમ ઘર ઓચ્છવ થાય, ઘર ઘર હોશેરે, કૌતુક જોવા તે જાય;
દેવ ભવાંતર રે, અખંડ મુક્તિ વરાય. અ. ૪

સાંભળી હઇડે હર્ષ ભરાણી, બહુત સાહેલીની ઠકુરાણી,
નામેં સુભદ્રા ધારણી રાણી, ચીર પટોલી રે;
પહેરી નિકટ તે જાય, ઘુંઘટ ખોલી રે, અંજલિ શીશ નમાય,
કેશર ઘોલી રે, સાથિયે મોતી પૂરાય. અ. ૫

ચતુરા ચઉમુખ ચિત્ત મિલાવે, મુકતાફલ દોય હાથ ધરાવે,
શ્રી શુભવીરનાં ચરણ વધાવે, મંગલ ગાવેં રે;
રંભા અપછર નાર, જગતનો દીવોરે, વિશ્વંભર જયકાર,
બહુ ચિરંજીવોરે, ત્રિશલા માત મલ્હાર. અ. ૬

---

(૭૯)

अथ श्री स्थूलभद्रजीनी.

જીરે મારે સ્થુલીભદ્ર ગુરૂરાય, સાતમે પાટે સોહામણા જીરે જી;
જીરે મારે ભદ્રબાહુ મુણિંદ, સંભૂતિ વિજય સૂરિતણા. જી. ૧

જીરે મારે પાટ વિશેષ સુજાણ, શિયલગુણેં અલંકર્યા. જી.
જીરે મારે કોશ્યાને બૂઝવી તામ, જૈનધર્મથી નવિ પડયા. જી. ૨

જીરે મારે જગમાં રાખ્યું નામ, ચોરાશી ચોવીશી લગે, જી.
જીરે મારે સંઘ ચતુર્વિધ જાણુ, ઓચ્છવ કરે ઉલટ અંગે. જી. ૩

જીરે મારે વાજે ઢોલ નિશાન, સરણાઈયુ મધુર સ્વરે, જી.
જીરે મારે ગોરી ગાવે ગીત, સોહાગણુ ગહુંલી કરે. જી. ૪

જીરે મારે ધન્ય સંકડાલ પ્રધાન, ધન્ય લાછલદે માતને, જી.
જીરે મારે ધન્ય તે નાગર નાત, ધન્ય તે સિરિયા બ્રાતને. જી. ૫

જીરે મારે ધન્ય જક્ષા પ્રમુખ, સાતે બહેનો સોહામણી, જી.
જીરે મારે સૂરીશ્વર શિરદાર, શ્રીથુલિભદ્ર શિરોમણી, જી. ૬

જીરે મારે ધ્યાન ધરો દિન રાત, એવા મુનિનું ખાંતશું, જી.
જીરે મારે લેહેશે મંગલમાલ જે ગાવે નિત્ય ભાવશું. જી. ૭

---

(૮૦)

ચૂનડી.

આછી સુરંગી ચૂનડી રે, ચૂનડી રાતી ચોલરે,
રંગીલી, લાલ સુરંગી ચૂનડી રે. ૧

બુરાનપુરની બાંધણી રે, રંગાણી ઓરંગાબાદ રે. રંગીલી.
ચોલ મજીઠના રંગથી રે, કસુંબે લીધો હઠવાદ રે. રં. આ. ૨

સૂરત શેહેરમાં સંચર્યા રે, જાતાં જીનવાણીને માટ રે. રંગીલી.
ચોરાશી ચોકને ચહુવટે રે, દીઠાં દોશીડાનાં હાટ રે. રં. આ. ૩

નણુદી વીરાજીને વીનવે રે, એ ચુનડીની હોંશ રે, રંગીલી.
ચૂનડીમાં હાથી ઘોડલા રે, હંસ પોપટ ને મોર રે, રં. આ. ૪

સમરથ સાસરે મૂલવી રે, પાસેં પીયુજીને રાખ રે, રંગીલી.
સમકિત સાસુના કેણુથી રે, સોનઇયા દીધા સવા લાખ રે. રં. આ. ૫

સાસૂજીને સાડીઓ રે, નાની નણુદીને ઘાટ રે. રંગીલી.
દેરાણી જેઠાણીનાં જોડલાં રે, શોક્યને લાવો શા સાટ રે, રં. આ. ૬

ચૂનડી ઓઢીને સંચર્યા રે, જાતાં જિન દરબાર રે, રંગીલી.
માણુકમુનિયેં કોડથી રે, ગાઈ એ ચૂનડી સાર રે, રં. આ. ૭

(૮૧)

मुनि गुण विषे.

(મોતીવાલા ભમરજી—એ દેશી.)

ચરણ કરણશું શોભતા, વ્રતધારી રે સુગુરૂજી,
ભવિજન માનસ હંસ રે;
જગત ઉપકારીરે સુગુરૂજી,
જંગમતીરથ સાધુજી, વ્ર.
લોભતણો નહિં અંશ રે. જ. ૧

પડિરૂવાદિક ગુણ ભર્યા, વ્ર.
ષટકારણ લીયે આહાર રે; જ.
સમુદાયની ગોચરી, વ્ર.
જ્ઞાનરતન ભંડાર રે. જ. ૨

ગીતારથ ગુરૂ આગલેં, વ્ર.
વનિતા ધરિય વિવેક રે; જ.
સરખી સાહેલિયેં પરવરી, વ્ર.
સમકિતની ઘણી ટેક રે. જ. ૩

આસ્તિક પીઠની ઉપરેં, વ્ર.
અનુભવ મુક્તા શ્વેત રે; જ.
ચિહું ગતિ ચૂરણ સાથીયો. વ્ર.
વધાવતી ધરી હેત રે. જ. ૪

ગુણવંતી ગાવે ગહુંઅલી, વ્ર.
મુનિગુણમણિ ધરી હાથ રે; જ.
શ્રી શુભવીરની દેશના, વ્ર.
સુણતાં મળે શિવસાથરે. જ. ૫

(૮૨)

ગણધર વંદન.

(વાડીના ભમરા દ્રાક્ષ મિઠી રે ચાંપાનેરની—એ દેશી.)

જીરે કામની કહે સુણો કંથજી,
જીરે ફલિયા મનોરથ આજ રે;
નણુદીના વીરા ગણધર આવ્યા છે ચાલો વાંદવા,
જીરે ભવોદધિ પાર ઉતારવા,
જીરે તારણ તરણ ઝહાજરે, ન. ૧

જીરે ગુણશૈલ્ય ચૈત્ય સમોસર્યા,
જીરે વીરતણા છે પટ્ટાધાર રે; ન.
જીરે પાંચસેં મુનિ પરિવાર છે,
જીરે તીરથના અવતાર રે. ન. ૨

જીરે કંચન કામિની પરિહર્યા,
જીરે પ્રગટયા છે ગુણ વીતરાગરે; ન.
જીરે પરિસહની ફોજને જીતવા,
જીરે કર ધરી ઉપશમ ખડ્ગ રે. ન. ૩

જીરે પ્રવચન માતાને પાલતા,
જીરે સમિત ગુપ્તિ ધરનાર રે; ન.
જીરે મેરૂગિરિ સમ મોટકા,
જીરે પંચમહાવ્રત ભાર રે. ન. ૪

જીરે સુરપતિ નરપતિ જેહને,
જીરે હોય કર જોડી હજૂર રે; ન.
જીરે અમૃતસમી ગુરૂની દેશના,
જીરે પાપ પડલ હોયે દૂર રે. ન. ૫

જીરે કામિની વયણ સુણી મીઠડાં,
જીરે વાંદ્યા છે ગુરૂ ગણધાર રે; ન.

જીરે ગુરૂમુખથી સુણી દેશના,
જીરે આનંદ અંગ અપાર રે. ન. ૬

જીરે મુક્તા ને રત્ને વધાવતી,
જીરે ગહુંલી ચિત્ત રસાલ રે; ન.

જીરે નિજભાવ સુકૃત સંભારતી,
જીરે જેહના છે ભાવ વિશાલ રે. ન. ૭

જીરે દીપવિજય કવિરાજજી,
જીરે પૃથ્વીનંદન બલિહાર રે; ન.

જીરે ગૌતમ ગણધર પૂજીએજી,
જીરે વીરશાસન શણગાર રે. ન. ૮

---

(૮૩)

जंगमतीर्थ मुनि.

(સુણ ગોવાલણી, ગોરસડાવાલી રે ઉભી રહેને—એ દેશી.)

સુણ સાહેલી, જંગમ તીરથ જોવા ઉભી રહેને,
મુનિ મુખ જોતાં, મન ઉલસે તન વિકસે આપણ બેને, એ આંકણી.
થાવર તીરથ દુર્ગતિ વારે, પણ ઘર મેલી જઈયેં જ્યારે,
વિધિયોગે ધ્યાન ધરે ત્યારે, સંસાર સમુદ્રથકી તારે. સુણ૦ ૧

જંગમ મુનિ મારગમાં ફરતા, સંયમ આચરણા આચરતા,
જગજીવ ઉપર કરૂણા ધરતા, પુણ્યશાલી ઘર પાવન કરતા. સુણ૦ ૨

અનાચરણ બાવન પરિહરતા, બોલે દશવૈકાલિક કરતા,
ગણિ પેટી બહુ શ્રુતની ધરતા, મુખચંદ્રથકી અમૃત ઝરતા. સુણ૦ ૩

વર જ્ઞાન ધ્યાન હય ગય વરિયા, જપ તપ ચરણાદિક પરિકરિયા,
વિરતી પટરાણી પરવરીયા, મુનિરાજ સવાઈ કેશરીયા. સુણ૦ ૪

સુવિહિત ગીતારથ ગુરૂ આગે, વિધિયોગે વંદે ગુણરાગે,
કર કંકણ પગ ઝાંઝર વાગે, ગહુંલી કરતાં અનુભવ જાગે. સુણ૦ ૫

કુંકાવટીયેં કેશર લેતી, કરી સ્વસ્તિક પાતકડાં ધોતી,
વધાવતી ઉજ્વલ મોતી, હળતી વલતી ગુરૂમુખ જોતી. સુણુ૦ ૬
કલકંઠવતી મધુરા ગાવે, ગુણવંતી તિહાં ગહુંલી ગાવે,
આ ભવ સૌભાગ્યપણું પાવે, શુભવીર વચન હૈડે ભાવે. સુણુ૦ ૭

---

(૮૪)

મુનિ વંદન.

(પ્રભુજી વીરજીણંદને વંદીયે—એ દેશી.)

સજની શાસન નાયક દિલ ધરી,
ગાશું તપગચ્છ રાયા હો, અલબેલી હેલી.
સજની જાણીયેં સોહમ ગણધરૂ,
પટધર જગત ગવાયા હો, અલબેલી હેલી.
સજની વીર પટોધર વંદિયે. ॥ ૧ ॥ એ આંકણી.

સજની વસુધાપીઠને ફરસતા,
વિચરતા ગણધાર હો. અ૦ સ૦
છત્રીશ ગુણશું બિરાજતા,
છે ભવિજનના આધાર હો. અ૦ સ૦ વી૦ સ૦ ૨

તખતેં શોહે ગુરૂરાજ જી,
ઉદયો જિમ જગ ભાણુ હો; અ૦ સ૦
નિરખંતાં ગુરૂરાજને,
બૂઝે જાણુ અજાણું હો. અ૦ સ૦ વી૦ સ૦ ૩

મુખડું શોહે રે પૂરણ શશી,
અણીયાલાં ગુરૂ નેણુ હો; અ૦ સ૦
જલધરની પેરે ગાજતા,
ફરતા ભવિજન સેણુ હો. અ૦ સ૦ વી૦ સ૦ ૪

અંગ ઉપાંગની દેશના,
વરસતા અમૃતધારં હો; અ૦ સ૦

સુણતાં સર્વનાં દીલ ઠરે,
સંયમશું ધરે પ્યાર હો. અ૦ સ૦ વી૦ સ૦ ૫

શુભ શણગાર સજી કરી,
મોતીડે ભરી થાળ હો; અ૦ સ૦
શ્રદ્ધા પીઠની ઉપરે,
પૂરે ગહુંલી વિશાલ હો. અ૦ સ૦ વી૦ સ૦ ૬

સૌભાગ્ય ઉદયસૂરિ પાટના,
ધારક ગુરૂ ગુણરાજ હો; અ૦ સ૦
શ્રી વિજયલક્ષ્મી સૂરિંદજી,
દીપકવિજય કવિરાજ હો. અ૦ સ૦ વી૦ સ૦ ૭

---

(૮૫)

अध्यात्म.

(ભવિ તુમેં વંદો રે સંખેશ્વર જિનરાયા—એ દેશી.)

અમૃત સરખી રે સુણીએ વીરની વાણી,
અતિ મન હરખી રે પ્રણમો કેવલ નાણી. એ આંકણી.

યોજનગામિની પ્રભુની વાણી; પાંત્રીશ ગુણથી ભાંખે,
પૂરવ પુણ્ય અપૂરવ જેહનાં, પ્રભુવાણી રસ ચાખે. અમૃત૦ ૧

જેહમાં દ્રવ્ય પદારથ રચના, ધર્માધર્મ આકાશ;
પુદ્‌ગલ કાળ અને વળિ ચેતન, નિત્યાનિત્ય પ્રકાશ. અમૃત૦ ૨

દ્રવ્ય ગુણ ને પર્યાય પ્રકાશે, અસ્તિ નાસ્તિ વિચાર,
નય સાતેથી માલકોષમાં, વરસે છે જલધાર. અમૃત૦ ૩

ગુણ સામાન્ય વિશેષ વિશેષે, હોય મલિ ગુણ એકવીશ,
તસ ચઉ ભંગી ચાર નિક્ષેપે, ભાંખે શ્રી જગદીશ. અમૃત૦ ૪

ભિલ્લદૃષ્ટાંતે ખેચર ભૂચર, સુરપતિ નરપતિ નારી,
નિજ નિજ ભાષાએ સહુ સમજે, વાણીની બલિહારી. અમૃત૦ ૫

નંદિવર્દ્ધનની પટરાણી, ષઉ મંગલ પ્રભુ આગે,
પૂરે સ્વસ્તિક મુક્તાફલનો, ચડવા શિવગતિ પાગે. અમૃત૦ ૬
ચઉ અનુયોગી આતમદર્શી, પ્રભુવાણી રસ પીજે,
દીપ વિજય કવિ પ્રભુતા પ્રગટે, પ્રભુને પ્રભુતા દીજે. અમૃત૦ ૭

---

(૮૬)

चूनडी.

હાંજી સમકિત પાલો કપાસંનો,
હાંજી પીંજણુ પાપ અઢાર;
હાંજી સૂત્ર ભલું રે સિદ્ધાંતનું,
હાંજી ટાળો આઠ પ્રકાર,
હાંજી શીયળ સુરંગી ચૂનડી. ૧

હાંજી ત્રણુ ગુપ્તિ તાણો તણો,
હાંજી નલીય ભરી નવ વાડ,
હાંજી વાણો વણો રે વિવેકનો,
હાંજી ખેમા ખુંટીય ખાય. હાંજી શી૦ ૨

હાંજી મૂલ ઉત્તર ગુણુ ઘૂઘરા
હાંજી છેડા વણોને ચાર;
હાંજી ચારિત્ર ચંદો વચ્ચે ધરો,
હાંજી હંસક મોર ચકોર. હાંજી શી૦ ૩

હાંજી અજબ બિરાજે ચૂનડી,
હાંજી કહો સખી કેટલું મૂલ;
હાંજી લાખે પણુ લાભે નહીં.
હાંજી એહ નહીં સમ તોલ. હાંજી શી૦ ૪

હાંજી પહેલી ઓઢી શ્રી નેમજી,
હાંજી બીજી રાજુલ નેમ;

હાંજી ત્રીજી ગજસુકુમાલજી,
હાંજી ચોથી સુદર્શન શેઠ. હાંજી શી૦ ૫

હાંજી પાંચમી જંબુ સ્વામીને,
હાંજી છઠી ધનો અણગાર;
હાંજી સાતમી મેઘ મુનીસરૂ,
હાંજી આઠમી એવંતી કુમાર. હાંજી શી૦ ૬

હાંજી સીતા કુંતા દ્રૌપદી,
હાંજી દમયંતી ચંદનબાલ;
હાંજી અંજના ને પદ્માવતી,
હાંજી શીયલવતી અતિસાર. હાંજી શી૦ ૭

હાંજી અજબ બિરાજે રે ચૂનડી;
હાંજી સાધુનો શણગાર;
હાંજી મેઘ-મુનીસર એમ ભણે.
હાંજી શીયલ પાળો નર નાર. હાંજી શી૦ ૮

---

(૮૭)

(રાગ ધોળ.)

એની સંચરતાં રે સંસારમાં રે,
એની સદ્ગુરૂ ધર્મ સંજોગ, વધાવો ગહુંઅલી રે;
એની સદ્દહણા જિનશાસનની રે,
એની પૂરણ પુણ્ય સંજોગ. વ૦ ૧

એની સમ સંતોષ સાડી બની રે,
એની નવબ્રહ્મ નવરંગ ઘાટ, વ૦
એની તપ જપ ચોખા ઉજલા રે,
એની સત્યવ્રત વિનય સુપાટ. વ૦ ૨

એની સમકિત સોવનથાલમાં રે,
એની કનક કચોળે ચંગ, વ૦

એની સંવર કરો શુભ સાથીયો રે,
એની આણા તિલક અભંગ. વ૦ ૩
એની સમિતિ ગુપ્તિ શ્રીફલ ધરો રે,
એની અનુભવ કુંકુમ ઘોલ; વ૦
એની નવતત્વ હઈયે ધરો રે,
એની ચરચો ચંદન રંગ રોલ. વ૦ ૪
એની ભવજલ જેહમાં ભેદીયે રે,
એની વિવેક વધાવો શાલ; વ૦
એની વીર કહે જિન શાસને રે,
એની રહેતાં મંગલમાલ. વ૦ ૫

---

(૮૮)

મહામુનિરાજ શ્રી આત્મારામજી મહારાજની.

(સાંભળજો રે મુનિ સંયમરાગી, ઉપશમ શ્રેણું ચડિયારે–એ દેશી.)

ભલું થયું રે મારે સુગુરૂ પધાર્યા,
જિન આગમના દરિયા રે. એ આંકણી.
જ્ઞાન તરંગે લેહેરો લેતા, જ્ઞાન પવનથી ભરિયા રે. ભલું. ૧
આજ કાલમાં જે જિન આગમ, દ્રષ્ટિપંથમાં આવે રે,
ગહન ગહન એહના જે અર્થો, પ્રગટ કરીને બતાવે રે. ભલું૦ ૨
શક્તિ નહીં પણ ભક્તિતણેં વશ, ગુણ ગાવા ઉલ્લસાવું રે,
કર્મામૃત ગુરૂ ચરિત્ર સુણાવી, આનંદ અધિક વધાવું રે. ભલું૦ ૩
દક્ષિણ દિશિ જંબુદ્વીપમાંહિ, એહી ભરત મઝાર રે,
ઉત્તર દિશિ પંજાબ દેશ જિહાં, લેહેરાં ગામ મનોહાર રે. ભલું૦ ૪
ક્ષત્રિયવંશ ગણેશચંદ ઘર, જન્મ લિયા સુખ ધામે રે,
રૂપદેવી કુક્ષિશુક્તિમાં, મુક્તાફલ ઉપમાને રે. ભલું૦ ૫
લઘુવયમાં પણ લક્ષણથી બહુ, દીપંતા ગુરૂરાયા રે,
અંગલિથી મળી ઢૂંઢક જનને, ઢુંઢપંથ ધરાયા રે. ભલું૦ ૬

સંવત ઓગણીશેં દશમાંહી, ઉજ્જવલ કાર્ત્તિક માસે રે,
પંચમીને દિવસે લઇ દીક્ષા, જીવનરામ ગુરૂ પાસે રે. ભલું૦ ૭

જ્ઞાન ભણ્યા વળી દેશ ફિર્યા બહુ, જૂનાં શાસ્ત્ર વિલોકી રે,
સંશય પડિયા ગુરૂને પૂછે, પ્રતિમા કેમ ઉવેખી રે. ભલું૦ ૮

ઉત્તર ન મિલ્યા જબ ગુરૂજીને, જ્ઞાન કળા ઘટ જાગી રે,
સુમતિ સખી ઘટ આય વસી જબ, ઢુંઢપંથ દિયા ત્યાગી રે. ભલું૦ ૯

ધર્મ શિરોમણિ દેશ મનોહર, ગુર્જર ભૂમિ રસાલી રે,
ત્યાં આવી સુવિહિત ગુરૂ પાસેં, મન શંકા સહુ ટાળી રે. ભલું૦ ૧૦

પરમ કર્યો ઉપકાર તુમેં બહુ, શ્રીગુરૂ આતમરાયા રે,
જયવંતા વરતો આ ભરતે, દિન દિન તેજ સવાયા રે. ભલું૦ ૧૧

દુઃષમ કાળ સમે ગુરૂજી તમેં, વચન દીવડા દીધા રે,
શાંતિવિજય કહે જેથી હમારા, વિષમ કામ પણ સિદ્ધા રે. ભલું૦ ૧૨

હરીયાળી.

વરસે કાંબલ ભીંજે પાણી—કાંબલી કહેતાં ઇંદ્રિય વરસે. પાણી કહેતાં જીવ કરમે ભારે થાય છે. એટલે ઈંદ્રિય રૂપ કાંબલ વરસતાં જીવરૂપ પ્રાણી કર્મજલથી ભીંજાય છે.

માછલીએ બગ લીધો તાણી—માછલી તે લોભ ને બગલો તે જીવ તેને સંસારમાં તાણી લીધો છે.

ઉડરે આંબા કોયલ મોરી—ઉડ કહેતાં સાવધાન થા ! આંબો કહેતાં જીવ, કોયલ કહેતાં તૃષ્ણા, મોરી કહેતાં વિસ્તારી.

કલીય સીંચતાં ફલીઅ બીજોરી ?—કલી કહેતાં માયારૂપી કલી સીંચતાં લોભ ખેદરૂપ બીજોરૂ વૃક્ષ ફલ્યો તે વાધ્યો.

ઢાંકણીએ કુંભારજ ઘડીયો—ઢાંકણી કહેતાં માયા કહીએ તે માયાએ કુંભાર તે જીવ ઘડયો સંસારમાં ભમાડયો.

લગડા ઉપર ગર્દભ ચઢીઓ—લગડો કહેતાં રાગદ્વેષ અભિમાન તે ઉપર ગર્દભરૂપ જીવ ચઢયો.

નીશા ધોવે ઓઢણુ રોવે—નિશા કહેતાં કાયા ધોવરાઇ એટલે જરા આવી, તેમ ઓઢણુ તે જીવ રોવે એટલે ખેદ પામે છે.

સકરો બેઠો કૌતુક જોવે ॥ ૨ ॥—સકરો કહેતાં સઘળું કુટુંબ. બેઠું બેઠું વિનોદ જુએ છે પણ સાહ્ય કરી શકે નહીં તે જાણવું.

આગ બળે અંગીઠી તાપે—ક્રોધરૂપ તે અગ્નિ બળે અને અંગીઠી તે શરીર તાપે કહેતાં ઉત્તાપ પામે છે.

વિશ્વાનલ બેઠો ટાઢે કંપે—વિશ્વાનળ તે કામાગ્નિ. તેણે કરી જીવ-વિષય વિષયવલ્લી ધ્રુજે. ટાઢને વિષય તૃષ્ણારૂપ જાણવી.

ખીલો ડુઝે ને ભેંસ વિલોએ—ખીલો તે જીવ પુણ્યે કરીને ડુઝે. તેણે ભેંસ તે કાયા વિલોએ કહેતાં સુખ ભોગવે છે.

મીની બેઠી માંખણુ તાપે ॥ ૩ ॥—મીની તે માયા ને માંખણુ તે જીવ તેને તાવે તે સંસાર સમુદ્રમાં રોલાવે.

વહુ વીઆઈ સાસુ જાઇ—વહુ તે કુમતી વ્યાઇ તે વ્યાપી તેણે ચીંતારૂપી સાસુ ઉપાઇ.

લહુડેદેવરે માત નીપાઈ—લહુડેદેવરે તે. હલવા કરમી તે વારે માતા કહેતાં સુમતિ નીપજાવે. લઘુકર્મીએ સુમતિ માતા ઉત્પન્ન કરી.

સસરો સુતો વહુ હીંડોળે—સસરોં તે જીવ સુતો તે પ્રમાદ, તિહાં વહુ તે સુમતી જીવને હીંડોળે છે.

હાલો હાલો. સોભાવી બોલે ॥ ૪ ॥—એમ કહે છે કે હાલો હાલો એટલે ઉદ્યમ કરો. કાળ ઢુંકડો આવે છે.

સરોવર ઉપર ચઢી બીલાઇ—સરોવર કહેતાં શરીર તેના ઉપર ચઢી. કેતાં વ્યાપી બીલાઇ કેતાં જરા.

બંભણુ ઘરે ચંડાલી જાઇ—બંભણુ કહેતાં જ્ઞાનવંત જીવ એહને ઘરે ચંડાલી કે કદાગ્રહ ઉપજાવે છે. જ્ઞાનવંત જીવને કદાગ્રહના રૂપ ચંડાલી ઉત્પન્ન થઇ.

કીડી સુતી પોલી ન માવે—કીડી તે માયા, ને સુતી કહેતાં વિસ્તાર પામી પોળ કહેતાં કાયા તે અંદર સમાતી નથી ઘણી વિસ્તારી.

ઊંટ વણી પરનાલે જાવે—ઉંટ તે લોભ વ્યાપારાદીક પાપ તે પરનાળે વહી જાય છે.

ડોકરી હુઝી ભેંસ વહકે ॥ ૫ ॥—ડોકરી તે ચિંતા હુઝે તે વારે ભેંસ કહેતાં કાયા સુકાય.

ચોર ચોરે ને તલાર બાંધી મુકે—ચોર તે મન ચોરી કરે. ને પાપ કરે છે તે તલાર કહેતાં શરીર બંધનપણું પામે છે.

એ હરિઆલી જે નર જાણે—એ હરિઆલી કોઇ ચતુર હોય તે જાણે.

મુખે કવિ દેપાલ વખાણે—મુખે દેપાલ કવિ અર્થ કરીને તેને વખાણે છે.

ઇતિ હરિઆલી સંપૂર્ણમ્.

હરીયાળી.

સખીરે મેં તો કૌતિક દીઠું—વજા સ્વામી છ માસના આશરે હતા તે વારે સુનંદાએ ધનગિરિ સાધુને આપ્યા. તે સાધ્વીના ઉપાશ્રયે પાલણે સુવારીને શ્રાવિકાઓ હિંચોળતી થકી હાલરડાં ગાતી માંહોમાંહે સખીઓને કહે છે કે હે સખી! મેં કૌતુક દીઠું.

સાધુ સરોવર ઝીલતારે—સ્નાન વર્જ્યું છે તો પણ મુનિ સમતા જળે ભરેલા ઉપશમ સરોવરમાં ઝીલે છે.

સ. નાકે રૂપનિહાલતારે—તપસ્યાએ કરી સંભિન્ન શ્રોતાદિક લબ્ધિ. ઓ ઉપજી છે તેવા મુનિ તે આંખ મીંચી હોય ને નાશિકાએ કરી નેત્રનું કામ કરે—રૂપાદિક જુએ.

સ. લોચનથી રસ જાણતારે—નેત્રે કરી રસેન્દ્રીનું કામ કરે એટલે દીઠા થકી–મીઠો–ખાટો રસ માલમ પડે. એકેંદ્રીએ પાંચે ઈંદ્રીનું કામ કરે પુનઃ પાંચ ઈંદ્રીનું જ્ઞાન થાય,

સ. મુનિવર નારીસું રમેરે. ગા ૧—વિરતિરૂપી જે નારી તે સાથે મુનિરાજ સદૈવ નિરંતર રમે છે.

સ. નારી હીંચોળે કંથનેરે—સમતા સુંદરી પોતાના આત્મા રૂપી જે ભર્તાર તેને ધ્યાનરૂપ હીંચોળે બેસાડીને હીંચોળે છે.

સ. કંથ ઘણા એક નારીનેરે—તૃષ્ણારૂપીણી જે સ્ત્રી તેણે જગતના સર્વ જીવને ભર્તારૂપે કર્યા છે-સર્વને પરણી છે.

સ. સદા યૌવન નારી તે રહેરે—વળી મોટું કૌતુક છે કે તૃષ્ણાનારીને પરણેલા અનેક સંસારી જીવો મૃત્યુ પામ્યા પણ તે સ્ત્રી સદા યૌવનવન્તી છે. કદાપિ વૃદ્ધપણું પામે નહીં.

સ. વેશ્યા વિલુદ્ધા કેવલી રે. ગા. ૨—મુક્તિ રૂપીણી સ્ત્રી અનંત સિદ્ધોયે ભોગવી માટે વેશ્યા તે સાથે કેવલજ્ઞાની લુબ્ધ થયા તે જીવો ફરી સંસારમાં આવતા નથી.

સ. આંખ વિના દેખે ઘણુંરે—કેવલજ્ઞાનીને દ્રવ્યેન્દ્રિયનું પ્રયોજન નથી તે માટે આંખ તે નેત્ર, તેણે જોયા વિના પણ દેખે છે. જ્ઞાન નેત્રે કરી જગતને દેખે છે.

સ. રથ બેઠા મુનિવર ચલેરે—અઢાર હજાર સીલાંગ રથ તેમાં બેઠા થકા મુનિરાજ મુક્તિ માર્ગ ભણી ચાલે છે.

સ. હાથ જલે હાથી ડૂબીઓરે—અર્ધ પુદ્ગલ માંહે સંસાર તે તો હાથ જલ સંસાર કહીએ, તે જીવઉપશમ શ્રેણે ચઢતો થકો સરાગ સંજમે પડતો કદાચિત્ મિથ્યાત્વ પામે તે મુનિયો હાથી સરિખા હાથ જલે ડુબ્યા જાણવા.

સ. કુતરીએ કેશરી હણ્યોરે. ગા. ૩—નિદ્રારૂપી કુતરીએ ચૌદ પૂર્વધર સરીખા કેશરી સિંહને હણ્યા એટલે પ્રમાદ યોગે ચૌદ પૂર્વધર સંસારમાં ભમે છે.

સ. તરશ્યો પાણી નહિ પિએરે—સંસારી જીવ અનાદિકાળથી તરશ્યો છે. તેને ગુરૂ વાણીરૂપ અમૃત પાણી પાય છે પણ પીતો નથી.

સ. પગ વિહુણો મારંગ ચલેરે—શ્રાવક તથા સાધુનો ધર્મ એ બે પગ માંહેલો એકે પગ સાજો નથી અને આત્મા પરભાવના માર્ગે ચાલે છે તે બહુ દુઃખને પામે છે.

સ. નારી નપુંસક ભોગવેરે—મન નપુંસક છે તે ચેતનારૂપી સ્ત્રીને ભોગવે એટલે મન સહચારી ચેતના થયાં ઈચ્છાએ વિષયાદિકને વિલસે છે.

સ. અંબાડી ખર ઉપરેરે ॥ ૪ ॥—ભવાભિનંદી દુર્ભવ્ય અથવા અભવ્ય અથવા અરોચક કૃષ્ણ પક્ષીઆ મનુષ્યને ગર્દભ કહીએ તેને ચારિત્ર દેવું તેને ગર્દભ ઉપર અંબાડી જાણવી.

સ. નર નિત્ય એક ઉભો રહેરે—સદૈવ એક પુરૂષ ઉભોજ છે, તે કેમ કે ચૌદ રાજ લોકરૂપ એક નર છે તે મધ્યેજે કહ્યા અને કહેશે તે સર્વે ભાવ છે. એવા લોક પંચાસ્તિકાય મધ્યે ઉર્ધ્વ અધોતીર્છાયથોક્તાગમ પ્રમાણે પણ તે પુરૂષ આકાર છે. જેમ પુરૂષ પગ બે પહોળા કરી કેડે બે હાથ થાપી ઉભો રહે તે આકારે જાણવો.

સ. બેઠો નથી નવી બેસશેરે—શાશ્વતો લોક છે તે પુરૂષ ઉભો તે આકારે છે માટે લોક પ્રકાશમાં પુરૂષ કહી બોલાવે છે તે બેઠો નથી તેમ બેસશે નહિ.

સ. અર્ધ ગગન વચે તે રહે રે—ઉર્ધ્વ અધોતિર્છો એમ ચોફેર અલોક છે મધ્યે લોક છે માટે અનંતપ્રદેશ આકાશ તે વચ્ચે અધર લોક રહ્યો છે.

સ. માંકડે માઝન ઘેરીઉરે ॥ ૫ ॥—વહેવારીઆ ભવ્ય જીવ મનુષ્ય દેવ તિર્યંચાદિ ગતિ પામ્યા થકા રહે છે તે માઝન કહિએ તેને કંદર્પરૂપ માંકડે સંસારમાં ઘેરી રાખ્યા છે, મુક્તિ જાવા દે નહીં.

સ. ઉંદરે મેરૂ હલાવીઓરે—પંચ મહાવ્રતના ધારણહાર મુનિરાજ છે તે કદાચિત્, સંજ્વલનને ઉદયે અતિચારરૂપ ઉંદર જો

લાગે તો પંચમહાવ્રતરૂપ મેરૂ હાલે અને સંજવલન કષાયોદય રૂપ ઉંદર તે ઉત્તર ગુણ વિરાધે.

સ. સુરજ અજવાળું નવિ કરેરે—એકેન્દ્રિયાદિક પંચેન્દ્રિયાવત્ સંસારી જીવને તિરોહીતભાવે કેવલજ્ઞાન છે, પણ આવિર્ભાવ થયા વિના આત્મામાં અજવાળું કરતું નથી. કેવલ તે સૂર્ય.

સ. લઘુ બંધવ બત્રીસ ગયારે—એમ અજ્ઞાનમાં, સંસારમાં રહેતાં વયરૂપ બળહાનિ પામ્યું, વળી જીભ પછી જનમ્યા, એવા જે બત્રીસ દાંત તે નાનાભાઇ. બત્રીશ પ્રથમજ ગયા.

સ. શોક ઘટે નહિ બેનડીરે ॥ ૬ ॥—બત્રીશ ભાઇ ગયા તોપણ મોટી બેન જે જીભ તે વૈરાગ્ય પામી નહીં, આહારાદિક લાલચ્ચ થઇ પણ લવલવને લટપટ ઘટી નહિં, એટલે ચેતનને જરા આવી તો પણ ચેતતો નથી.

સ. સાંભલો હંસ મેં દેખીઓરે—સમકિત વિના આત્મારૂપી જે હંસને કાળોજ કહીએ અથવા કૃષ્ણપરિણામે ચેતનરૂપ જે હંસ તે કાળોજ દીસે છે.

સ. કાટ વલ્યો કંચનગિરિરે—અઢી દ્વીપમાં એક હજાર કંચનગિરિ છે તેવા નિર્મળ આત્માના અસંખ્ય પ્રદેશ છે, તેને કર્મરૂપ કાટ વળ્યો છે માટે સંસારી કહેવાણો.

સ. અંજનગિરિ ઉજ્વલ થયારે—અંજનગિરિ શિખરરૂપ માથાના શ્યામ કેશ તે પણ ઉજ્વલ થયા, જરાએ કંપવા લાગ્યો. મરણને લગતો થયો.

સ. તોએ પ્રભુ ન સંભારીઆરે ॥ ૭ ॥—તોપણ સ્રી, પુત્ર, ઘર, ધન, લીલાને વાંછે છે, પ્રભુ સ્મરણ કર્યું નહિં, ધર્મની સામગ્રી પામ્યા છતાં મનુષ્ય ભવ એળે ગુમાવ્યો.

સ. વયર સ્વામી પાલણે સુતારે—વયર કુમાર બાળપણે ભાવચારિત્રીયાથકા પારણે સુતા છે.

સ. શ્રાવિકા ગાવે હાલરાંરે—શ્રાવીકા સાધ્વી પાસે ભણુરી થકી કુંવરને દીપાળતી થકી એ કુલરૂપ હાલરડાં ગાય છે.

સ. થઇ મોટા અર્થ તે કહેજોરે—વળી કહે છે કે વજ્રકુમાર તમે મોટા થજો, ચારિત્ર લેજો ને હરીયાળીનો અર્થ કહેજો.

સ. શ્રી શુભ વીરને વાલડાંરે ॥ ૬ ॥—એમ કવિ પંડિત શુભવિજય ગણિ શિષ્ય વીરવિજય ગણિને એ અર્થ વલ્લભ વચન છે.

ઇતિ ફુલડાં હરિયાળી સંપૂર્ણ.

હરિઆળી.

ચેતન ચેતો ચતુર ચબોલા—હે ચેતન ચતુર વાક્યે શિક્ષાને સમજો.

ચતુર ચબોલે જે નર ખીજે—ચતુરની ચતુરાઇએ જે મૂર્ખ અણુસમજણે કરી ખીજે.

મૂરખ વાતે હઇડું રીઝે—અને ચાર મૂર્ખા મળે તેની વાતે જેનું મન રીઝે.

તેહને શી શાબાશી દીજે ॥ ૧ ॥ ચે ॥—તે મૂર્ખને પંડીત શી રીતે શાબાશી આપે ? મૂર્ખ છે, ગર્દભ છે, એવી રીતે શાબાશી દીએ, માટે મૂર્ખ આગળ શાસ્ત્ર તે શસ્ત્રરૂપ છે માટે ચતુર હોય તો સમજો.

પાયે ખોટે મેહેલ ચણાવે—આત્મા મનુષ્ય ભવ પામી સમકિતરૂપ પાયા વિના ચરણ સિત્તરી રૂપીણી ચિત્રશાળા મેહેલ ચણાવે એટલે ચારિત્ર મહેલ ન શોભે.

થંભ મલોખે માલ જડાવે—વળી દાન, શીલ, તપ, ભાવ એ ચાર થંભ ચોખા નથી, મલોખા સરીખા છે તે ઉપર વ્રતરૂપ માળ જડાવે.

વાઘની બોડે બાર મુકાવે—પરમાધામીરૂપ વાઘ સામા વસે છે, તો પણ એ વિરતીનાં બારણાં ઉઘાડાં મુકે તે મૂર્ખ છે.

વાંદરા પાસે નેવ ચલાવે ॥ ૨ ॥ ચે ॥—મનરૂપ ચંપલ વાંદરાં પાસે પાપ ઢાંકવારૂપ નેવ ચલાવે છે તે કેમ ઢંકાએ.

નારી મોટી કંથ છે છોટો—સંસારમાં તૃષ્ણારૂપિણી નારી મોટી છે, અને આત્મારૂપ ભર્તાર લઘુ કહેતાં નાનો છે.

નાવે ભરતાં પાણીનો લોટો—અજ્ઞાની જીવને ઉપશમ જલનો લોટો ભરતાં ન આવડે.

પુંજી વિના વેપાર છે મોટો—જ્ઞાનરૂપ પુંજી ધન વિના કષ્ટક્રિયારૂપ વેપાર મોટો કરે છે.

કહો કેમ ઘરમાં નાવે ટોટો ॥ ૩ ॥ ચે ॥—તે માટે ઘરમાં ટોટો કેમ નાવે ? અજ્ઞાની કષ્ટ કરતાં દુર્ગતિ જાય.

બાપ થઇ બેટીને ધાવે—આત્મારૂપ પિતાથી કર્મની બહુલતાએ કુમતિનામા બેટી થઈ તેને જીવ ધાવે છે.

કુલવંતી નારી કંત નચાવે—તે બેટી ઘરમાં ધંધ લગાવે છે તેવારે અશુભ ચેતના સ્ત્રી પરણ્યો તે સ્ત્રી આત્મારૂપ ભર્ત્તારને નચાવે છે.

વરણ અઢારનું એઠું ખાવે—તે સ્ત્રીના જોરે અનંતા સિદ્ધની એંઠ ખાય છે એટલે પુદ્ગલાભિનંદી થયો, સંસારી અવસ્થામાં સિદ્ધના અનંત જીવોએ આહારાદિક પુદ્ગલો ભક્ષણ કરી વમેલા તે પુદ્ગલરૂપ એંઠને અશુદ્ધ ચેતના યોગે જીવ ભોગવે છે.

નાગર બ્રાહ્મણ તે કહાવે ॥ ૪ ॥–શુદ્ધ સ્વરૂપી આત્મા જીવત્વપણે છે તોપણ નાગર તે સિદ્ધ જેવો કહેવાય છે.

મેરૂ ઉપર એક હાથી ચઢીઓ—સંજમ શ્રેણિ માર્ગરૂપ મેરૂ તે ઉપર ચૌદ પૂર્વધર મુનિરૂપ હાથી ચઢયો છે.

કીડીની ફુંકે હેઠો પડીઓ—પણ નિદ્રા રૂપીણી કીડી તેહની ફુંકે હેઠો પડીઓ એટલે પ્રમાદ વશે કરી સંસારમાં પડયા, કહ્યું છે કે—

चउदस पुव्वीआहारगाय
मणनाणीवीयरागावि।
हुंति पमाय परवसा
तयणंतरमेव चउगइया ॥ १ ॥

હાથી ઉપર વાંદરો બેઠો—ચારિત્રરૂપ હાથીપર અભવ્ય જીવ રૂપ વાંદરો બેઠો એટલે અભવ્ય ચારિત્રે બેઠો ક્રિયા બલે નવ ગ્રૈવેયકે જાય છે.

કીડીના દરમાં હાથી પેઠો—હાથી સરીખા ચૌદ પૂર્વધર તે પ્રમાદ યોગે નિગોદરૂપી કીડીના દરમાં પેસે છે.

ઢાંકણીએ કુંભારજ ઘડીઓ—માયારૂપી ઢાંકણીએ આત્મા ચતુર હતો પણ કુંભાર કર્યો.

લગડા ઉપર ગર્દભ ચઢીઓ—તે કુંભારને ઘરે મનરૂપ ગર્દભ છે તે રાગદ્વેષરૂપી લગડા ઉપર ચઢયો છે.

અંધો દરપણમાં મુખ નીરખે—અજ્ઞાન અંધ આત્મા ધ્યાનરૂપ દર્પણમાં મુખ જુએ છે, એટલે અજ્ઞાન સહિત એવા જે અતીત લોક સમાધિ ચઢાવે છે, પણ તેને જ્ઞાન વિના શુદ્ધ સમાધિ પ્રાપ્ત થતી નથી અને આત્માનું સ્વરૂપ દેખાતું નથી.

માંકડુ બેઠું નાણું પરખે ॥ ૬ ॥ ચે ॥—તેમ વળી જૈન શાસન પામ્યો તોપણ શી સિદ્ધાઇ થઇ ? ચપળ ચિત્તે અતિવિષયથી છતો નવ તત્વાદિક નાણું પરખે એટલે નાણું તો ચોખું પણ વ્રતધારી ચપલ મર્કટ એ કૌતુક.

સુકે સરોવર હંસ તે મ્હાલે—જ્ઞાન ઉપશમ જલ રહિત સંસારમાં મૃગતૃષ્ણા, સમાન ધન, સ્રી સુખરૂપ સરોવરે જીવરૂપ હંસ માલે છે. અથવા પડવાઈ મુનિ ચારિત્ર સરોવરથી ભ્રષ્ટ થયા તે સંસારમાં વિષયરૂપ સુકે સરોવરે રતિ પામે છે.

પર્વત ઉડી ગગને ચાલે—તે ભ્રષ્ટ ચારિત્રીઆ પર્વતસરિખા સંયમથી ભ્રષ્ટ એવા પડવાઈ થયા ત્યારે એકેન્દ્રિયપણે આકાશે રઝળે છે.

છછુંદરીથી વાઘ તે ભડકયો—તે મુનિ અવધિ મનઃપર્યવધર પૂર્વધર વાઘ સરખા હતા, પણ માયારૂપ છછુંદરીથી ભડકયા, સંસારે પડયા.

સાયર તરતાં ઝાઝ તે અટક્યાં ॥ ૭ ॥ ચે ॥—તે મુનિ ચારિત્રરૂપી ઝાઝે ભવસમુદ્ર તરતા હતા, તેમાં માનરૂપ ગિરિએ ભટકાણા તેથી અટકયા છે, તે કોઇક કાળે ભારંડ પક્ષીરૂપ જ્ઞાની મળશે ત્યારે તરશે.

સુતર તાંતણે સિંહ બંધાણો—સિંહ સરિખા આદ્ર કુમારાદિક સુતરના તાંતણે બંધાણા, ઘરવાસે વસ્યા એ ભાવ.

છીલર જળમાં તારૂ મુંઝાણા—ઉપશમ શ્રેણિ પડી વજતાં સંસાર અલ્પ કર્યો છે, તોપણ સરાગ સંજમે દેવગતિ પામ્યા એ થોડા જલમાં તારૂ થઈ મુંઝાણો.

ઉંઘણુ આળસુ ઘણું કમાયો—તે માટે જે પ્રાણી પંચેન્દ્રિયોના વિષય દેખવા સાંભળવા ઉંઘણુ મુનિ વળી નવિન કર્મ બંધ કરવા આળસુ મુનિ તે કેવળજ્ઞાનરૂપ ધન કમાયા.

કીડીએ એક હાથી જાયો ॥ ૮ ॥ ચે ॥—તે વારે ચરમ ગુણઠાણે ચરમ શ્રેણિરૂપ કીડીએ સિદ્ધત્વરૂપ હાથી જન્મ્યો એટલે સિદ્ધસ્વરૂપી જીવ થયો.

પંડીત એહનો અર્થ તે કહેજ્યો—પંડિત કહેતાં પંડિતપણું હોય તો એહનો અર્થ કહેજો.

નહીં તો બહુ શ્રુત ચરણે રહેજો—નહિંતર ગીતાર્થ ડાહ્યા પાસે રહેજો તેથી તેનો અર્થ પામશો.

શ્રી શુભ વીરનું શાસન પામી—શ્રી વીર પરમાત્માનું શાસન પામી.

ખાધા પીધાની ન કરો ખામી ॥ ચે ॥—ખાધા પીધાની ખામી ના રાખવી એટલે જ્ઞાન અમૃત ભોજન અને ઉપશમ જલ પીધાની કમી નથી, માટે તે ભોજન તથા પાણી વાપરવા અહર્નિશ ઉદ્યમવંત થવું તેમાં ખામી રાખવી નહિ. શ્રી શુભવિજય ગણિ શિષ્યપંડિતશ્રી વીરવિજય ગણી કહે છે, ઇતિ ભાવાર્થ.

ઇતિ શ્રી હરિયાળી સંપૂર્ણ.

યોગનિષ્ઠ આચાર્ય મહારાજ શ્રી બુદ્ધિસાગરસૂરિજી વિરચિત;

ગહુંલી સંગ્રહ.

બીજો ભાગ.

(૧)

શ્રીમદ્ રવિસાગરજી મહારાજની ગહુંલી.

ભવિ તમે વંદો રે સૂરીશ્વર ગચ્છરાયા. એ રાગ.

ભવિજન ગાઓ રે, રવિસાગર ગુરૂરાયા,
રવિપેરે મહિમા રે નિશદિન પ્રણમો પાયા.
સાગર પેઠે ગુણગણ ભરિયા, મુનિગણમાં કેશરિયા,
ચંદ્રપરે શીતલતા વરિયા, ભવ્યલોક ઉદ્ધરિયા. ભવિજન. ૧

ગૌતમ ગુરૂપેઠે ગુણવંતા, સમતાવંત ભદંતા;
આદેય વચની ઉપશમવંતા, મેરૂપેઠે મહંતા. ભવિજન. ૨

અનુભવજ્ઞાની નિરાભિમાની, મમતા રહી ન કશ્યાની;
અમૃત સરખી મીઠીવાણી, જ્ઞાન અભય ગુણદાની. ભવિજન. ૩

સર્વ કોમમાં જે વખણાયા, અતિશયવંત સુહાયા;
બુદ્ધિસાગર સદ્ગુરૂ વંદુ, પહેલાં દર્શન માયા. ભવિજન. ૪

---

(૨)

શ્રીમદ્ સુખસાગરજી મહારાજની ગહુંલી.

ભવિ તમે વંદોરે. એ રાગ.

ગુરૂ સુખ સાગર રે, આતમ સુખના દરિયા,
શમદમવંતા રે, સમતા ગુણથી ભરિયા.
વૈયાવચ્ચી પર ઉપકારી, સરલ સ્વભાવી સનૂરા,
પંચ મહાવ્રત ધારી પૂરા, સેવાકરણમાં શૂરા. ગુરૂ. ૧

ધર્મક્રિયા કરવામાં જેની, આવે નહીં કોઇ તોલે;
વર્તમાન મુનિગણુ ગુણુરાગી, ખરા હૃદયથી બોલે. ગુરૂ. ૨
ગુરૂસેવામાં જીવન ગાળ્યું, કર્મબીજને બાળ્યું;
બુદ્ધિસાગર ઘટ સુખ ભાળ્યું, જિનશાસન અજવાળ્યું. ગુરૂ. ૩

(૩)

ગુરૂવ્યાખ્યાન ગહુંલી.

ભૂલ્યો મન ભમરા તું કયાં ભમ્યો. એ રાગ.

ગુરૂજી વખાણુ કરે ભલો, સુણુતાં હર્ષ અપાર;
વીર પ્રભુજીએ ભાખિયો, જૈનધર્મ છે સાર. ગુરૂજી. ૧
જૈનધર્મ જગ જાગતો, ટાળે સહુ જન દુ:ખ;
જૈનધર્મ ધરી જીવતાં, મળતાં શાશ્વત સુખ. ગુરૂજી. ૨
દેવ ગુરૂધર્મ સત્ય છે, ધરો તસ વિશ્વાસ;
મિથ્યા વહેમ સહુ વારતાં, પામો સમક્તિવાસ. ગુરૂજી. ૩
પૂરા હોય તે પારખે, ગુરૂવચન પ્રમાણુ,
જૂઠા પડે જંજાલમાં, ભટકે ચોરાશી ખાણુ. ગુરૂજી. ૪
અરિહંત મહાવીર સત્ય છે, બીજું આલપંપાલ;
બુદ્ધિસાગર વીરનું, હોજો શરણુ ત્રિકાલ. ગુરૂજી. ૫

(૪)

શ્રી વીરપ્રભુની ગહુંલી.

જી રે પહેલો વધાવો મહાવીરતણો. એ રાગ.

જીરે વ્હાલા લાગે મહાવીર પ્રભુ, સહુદેવના દેવ મહાન્,
હાડોહાડ હૃદયમાંહિ વ્યાપિયા, અરિહંત વિભુ ભગવાન્. જીરે. ૧
મોટું સત્ય મહાવીર દેવ છે, ત્રિશલાસુત જગ જયકાર;
જૈનધર્મ ખરો ઉદ્ધારિયો, દેઇ દેશના સત્ય ઉદાર. જીરે. ૨
મહાવીર પ્રભુ નામ જાપથી, ટળે કર્મ સકલ નિર્ધાર;
કલિકાલમાં મહાવીર એક છે, સહુ જીવના તારણુહાર. જીરે. ૩
જૈનધર્મ સમો નહીં ધર્મ છે, સહુ સેવો નર અને નાર;
એવી આપે છે ગુરૂ દેશના, સુણુતાં હોય હર્ષ અપાર. જીરે. ૪

મહાવીરપ્રભુ જિનદેવ છે, જૈનધર્મ સદા આધાર;
બુદ્ધિસાગર ગુરૂજીની દેશના, સુણી પામો મંગલમાલ. જીરે. ૫

(૫)

જૈન લક્ષણ ગહુંલી.

સિદ્ધ જગત્ શિર શોભતા. એ રાગ.

સાચા જૈન તે જાણીએ, મહાવીર દેવના દાસ,
જેના દિલમાં ન દીનપણું, જૈનાગમ વિશ્વાસ. સાચા. ૧
જીતે મોહ વિકારને, શૂરા દ્રવ્યને ભાવ;
કરતા નહીં જે કાયરપણું, ધરતા સદ્ગુણ દાવ. સાચા. ૨
જૈન ધર્મ આરાધતા, તન મન ધનથકી ખાસ;
વીર પ્રભુની રે વાણીમાં, સાચો છે વિશ્વાસ. સાચા. ૩
ધર્માર્થે જેહ જીવતા, સંગી સત્યના જેહ;
ચોરી જારી ન જે કરે, ધરે ઉપકારે દેહ. સાચા. ૪
સહાય કરે જે પરસ્પરે, કરતા સુપાત્રે દાન;
પ્રાણ પડે પણ ધર્મને, કદિ ન ત્યાગે જાણ. સાચા. ૫
જૈનધર્મની સદ્દહણા, જેના મન હાડોહાડ;
દુર્ગુણ જીતે જય જે કરે, બોલ્યું પાળે પ્રમાણ. સાચા. ૬
જડ વસ્તુના ન લોભીયા, રાગી જૈનોના જેહ:
મહાવીર મહાવીર મન ભજે, સાચા ગુણગણ ગેહ. સાચા. ૭
વીર બને શુભકાજમાં, આપે તન મન ભોગ;
આતમ પેઠે સહુ જીવને, માને ધર્મનો યોગ, સાચા. ૮
આત્મોદ્ધારક જે બની, કરતા વિશ્વ ઉદ્ધાર;
બુદ્ધિસાગર સદ્ગુરૂ, શ્રદ્ધા ભક્તિ ઉદાર. સાચા. ૯

(૬)

ગુરૂગુણ ગહુંલી.

રઘુપતિ રામ હૃદયમાં રહેજો રે. એ રાગ.

ગુરૂ મ્હારા જ્ઞાનદર્શન દરિયારે, સંસાર સમુદ્રને તરિયા. ગુરૂ.
ગુરૂ ભાનુ સમા છો પ્રતાપી રે, ગુરૂ આકાશ પેઠ છો વ્યાપી રે;
પ્રત્યુત્તરમાં શીઘ્ર જવાબી, ગુરૂ. ૧

અમૃત સમ મધુરી વાણી રે, સાંભળી બુઝયા બહુ પ્રાણી રે;
ખૂબ કરતા ધર્મ કમાની, ગુરૂ. ૨
સાગર પેઠ ગંભીર છાજે રે, કદિ મૂકો ન નિજ ગુણ માઝેરે;
પાળો મુનિગુણ રીત રીવાજે, ગુરૂ. ૩
ઉપસર્ગ પરિષહ સહેતારે, મહાવીરનું શાસન વહેતા રે,
આત્મભાવમાં નિશદિન રહેતા, ગુરૂ. ૪
ગામોગામ નગરપૂર ફરતા રે, મોટા મુનિવરને અનુસરતા રે;
રાગદ્વેષ દૂર પરિહરતા, ગુરૂ. ૫
આગમ ગ્રન્થો ઉપદેશો રે, જેથી જાય જીવોના કલેશો રે;
બુદ્ધિસાગર શિવ સંદેશો, ગુરૂ. ૬

---

(૭)

ચોમાસું કરવા ગુરૂ પધારે તે વખતે ગાવાની ગહુંલી.

સાંભળજો મુનિ સંયમરાગે. એ રાગ.

આજ નગરમાં ગુરૂજી પધાર્યા, ચોમાસું શુભ કરવા રે;
ભવ્ય જીવોનાં પાપપંક સહુ, મેઘવૃષ્ટિ પરે હરવા રે. આજ. ૧
ઘરઘર કુંકુમ સાથીઆ કીધા, ધવલ મંગલ વર્તાયાં રે;
પુણ્યપનોતાં પગલાં દીઠાં, નરનારી હરખાયાં રે. આજ. ૨
ગહુંળી કરતી ગોરીઓ ગાવે, લૂંછણાં કરતી ભાવેરે;
મોતી તંદુલ મૂઠી ભરીને, ગુરૂને સંઘ વધાવે રે. આજ. ૩
ચાંદલીયા પેઠે ગુરૂ શોભે, ભાનુ પેઠે પ્રકાશે રે;
મેઘધ્વનિ ઉપદેશ ધ્વનિએ, ભવ્ય ચકોર વિકાસે રે. આજ. ૪
મહાવીર પ્રભુની પાટે બેસી, જૈન ધર્મ સમજાવે રે;
જૈન જગત જયવંતુ કરતા, ભકિત જ્ઞાન સ્ફુરાવે રે. આજ. ૫
આનન્દ મંગલ શાન્તિ વર્તો, નવનવો બોધ સુણાવો રે;
બુદ્ધિસાગર સાચા સદ્ગુરૂ, મહાવીર તત્વો ભણાવો રે. આજ. ૬

---

(૮)

ઓળીની ગહુંળી.

સિદ્ધ જગત શિર શોભતા. એ રાગ.

ઓળી કરીએ રે ભાવથી, વિધિપૂર્વક સાર;
મયણાં શ્રીપાલની પરે, પામો સુખ અપાર. ઓળી. ૧
સુદ સાતમથી પુનમ લગી, આસો ચૈતર બે માસ;
આરાધન નવ પદતણું, કરીએ ધરી વિશ્વાસ. ઓળી. ૨
અરિહંત નવ પદ તણા, પ્રત્યેક હોય હજાર;
જપીએ જાપ સુભાવથી, કાઉસગ્ગ જયકાર. ઓળી. ૩
અરિહંતાદિક પૂજીએ, ભજીએ ગુરૂ ગુણવંત;
લક્ષ્મી લીલા જય પામીએ, આવે દુઃખનો અંત. ઓળી. ૪
જેવી ભાવના જેહની, સિદ્ધિ તેહવી થાય;
નવભવમાં જન શિવ લહે, કર્મ અનંત ખપાય. ઓળી. ૫
ઓળી તપ સમ તપ નહીં, મંત્રવિષે નવકાર,
સહાય કરે દેવદેવીઓ, થાતી અણુધારી વ્હાર. ઓળી. ૬
રોગ ટળે બહુ જાતના, પદપદ મંગલ થાય;
પુત્ર મળે મનમાનતા, ઇચ્છિત મેળા સુહાય. ઓળી. ૭
કર્મ નિકાચિત બાંધિયાં, તે પણ વિણશીરે જાય;
આ ભવમાં તપ ફળ મળે, શ્રદ્ધા બળ મહિમાય. ઓળી. ૮
ઓળી તપને આરાધતાં, સુખિયાં નર અને નાર,
બુદ્ધિસાગર સદ્ગુરૂ, આશીષથી નિરધાર. ઓળી. ૯

---

(૯)

દિવાળીની ગહુંળી.

મારો સુગુણ સલુણો સાહેબ શેઠિયો. એ રાગ.

આજે રૂડી દિવાલી મહાવીર તણી, આખા ભારત દેશ મઝાર;
મહાવીર નામતણા જાપથી, કોટિ ગુણ ફલ લહો નરનાર. આજે. ૧
છેલ્લા તીર્થંકર મહાવીર પ્રભુ, દેહ છોડી થયા વિભુ સિદ્ધ;
ચાલે શાસન સંપ્રતિ તેમનું, જેનું નામ છે વિશ્વપ્રસિદ્ધ. આજે. ૨

જેણે ભારત દેશ ઉજાળીયો, કીધો ઉજ્વલ સ્વર્ગ સમાન;
સત્ય તત્ત્વ જગતમાં પ્રકાશિયાં, ભાવે ભજો વીર ભગવાન્. આજે. ૩
મહાવીર ચરિત્ર શ્રવણુ થકી, નિજ આતમ પાવન થાય;
ગરણું ગણીએ ગુરૂગમ લહી, કીજે તપ જપને સ્વાધ્યાય. આજે. ૪
વીર પાછળ વીર સમા બને, એવો મહાવીરનો ઉપદેશ;
બુદ્ધિસાગર મનમાંહિ ધારીને, વર્તો નર નારી હમેશ. આજે. ૫

---

(૧૦)

જ્ઞાનપંચમીની ગહુંળી.

ધનાશ્રી.

જ્ઞાન પંચમી જયકાર, કરો તપ પંચમીનું નર નાર.
જ્ઞાન પંચમી આરાધતાં રે, પ્રગટે જ્ઞાન અનન્ત;
જ્ઞાન સકલ ગુણુ શ્રેષ્ટ છે રે, ભાખે વીર ભદન્ત. કરો. ૧
ગુણુ મંજરી વરદત્ત પરે રે, તપ આરાધે જેહ;
જ્ઞાનાવરણુ નિવારીને રે, બનતો જ્ઞાની તેહ. કરો. ૨
ભણીએ જ્ઞાન ભણાવીએ રે, કરીએ તન ધન સ્હાય;
જ્ઞાન સર્વત્ર ફેલાવીએ રે, પઠન આદિ ઉપાય. કરો. ૩
જ્ઞાની જ્ઞાન આશાતના રે, કરીએ નહીં ધરી પ્રેમ;
જ્ઞાન યોગી બનો વિશ્વમાં રે; અનીચ્છા તપ નેમ. કરો. ૪
વીરપ્રભુના શાસને રે, જ્ઞાન તણો આધાર;
બુદ્ધિસાગર સદ્ગુરૂ રે, સેવી લહો એહ સાર. કરો. ૫

---

(૧૧)

ગુરૂ ગહુંલી કરતી વખતે ગાવાનું ગીત.

બેની રવિસાગર ગુરૂ વંદીએ. એ રાગ.

ગાવો સખિયો ગુરૂ ગુણુ ગુંહલી,
જેની અમૃતરૂપી વાણી રે;
જેનાં લોચન રવિપરે ઝળહળે,
મહા તપસી ગુણુની ખાણી રે. ગાવો. ૧

જેનું આકાશથી દિલ મોટકું,
ચંદ્ર પેઠે મુખડું ઝળકે રે;
જગ મોટું ન મનસમ કો દિસે,
તપ તેજે દેહડી ચળકે રે. ગાવો. ૨
જેના મનમાં વિષય વિષ નહિ રહ્યું,
બ્રહ્મ તેજસ્વી મહા યોગી રે;
સર્વ તીર્થ સ્વરૂપી જે થૈ રહ્યા,
ફક્ત પ્રારબ્ધ કર્મના ભોગી રે. ગાવો. ૩
ગુરૂ જીવતા અમ્મર વેલડી,
જેહ આત્મજીવનથી જીવાડે રે,
વાયુ પેઠે જીવન પ્રાણ શોધતા,
સમતા રૂપ જલને પીવાડે રે. ગાવો. ૪
અનીચ્છા તપ અગ્નિ હૃદય જળે,
પૃથ્વીપરે સહુ સહનારા રે;
કર્મ યોગી અડગ મેરૂ સારીખા,
ભાનુ પેઠે જીવન દેનારા રે; ગાવો૦ ૫
શોળ શૃંગાર ગુણ ગણના સજી,
સખિયો શુભ ગુરૂને વધાવો રે;
બુદ્ધિસાગર સદ્ગુરૂ વાંદીને,
સુણી વ્યાખ્યાન લ્યો ગુણ લ્હાવો રે. ગાવો. ૬

---

(૧૨)

શ્રાવકોને શ્રાવિકાઓને તથા સાધુઓને વાસક્ષેપ કરતી વખતે ગાવાની ગહુંલી.

થયા ભક્તોરે ત્રિભુવન લોક, ગુરૂજીના બોલડીએ,
કરે કરે રે ગુરૂ વાસખેપ, શુકન સ્વર ચોઘડીએ.
વાસખેપ ઇન્દ્રે દિયો રે, તંદુલ લક્ષ્મીએ આપ્યા રે.
સૂરિમંત્ર ગૌતમ દિયો રે, ગુરૂએ હાથ શિર થાપ્યા. ગુરૂ. ૧

આશીર્વાદ ગુરૂજી દિયે રે, મંગલમાલા થાજો રે;
ભવસાગર સહેજે તરો રે, ધર્મ કમાણી કમાજો. ગુરૂ. ૨
કેવલ જ્ઞાનથી ઝળહળોરે, પરમ મહોદય પામોરે;
આતમ લક્ષ્મી અવિચલ પામી, પૂર્ણ પ્રતિષ્ટા જામો. ગુરૂ. ૩
સર્વ શક્તિ વાસક્ષેપમાંરે, સંકલ્પે સ્થિર થાપીરે.
બુદ્ધિસાગર સદ્‌ગુરૂ માથે, વાસે શક્તિ દિલવ્યાપી. ગુરૂ. ૪

---

(૧૩)

ચૈત્ર સુદિ તેરસ મહાવીર સ્વામીની જન્મ જયંતીની ગહુંલી.

આવો આવો યશોદાના કંત. એ રાગ.

ત્રિશલાના નંદન વીર, જગ જયકારી રે;
જન્મ્યા જગનો ઉદ્ધાર, કરવા ભારી રે. ત્રિશલા. ૧
ભારતનાં પ્રગટયાં ભાગ્ય, પાપ પલાયાં રે;
પ્રગટયો જગમાં ઉદ્યોત, સુખડાં છાયાં રે. ત્રિશલા. ૨
દેવ દેવીનો આનન્દ, સ્વર્ગે છાયો રે;
ઇન્દ્રોએ કરિ અભિષેક, મહાવીર ગાયો રે. ત્રિશલા. ૩
મહાવીરમય સહુ વિશ્વ, બોધે કરવા રે;
અવતરિયા ત્રિભુવનદેવ, કલ્મષ હરવા રે. ત્રિશલા. ૪
આનન્દ તો અંગ ન માય, આજે પ્રેમે રે;
બુદ્ધિસાગર મહાવીર, પ્રભુની રહેમે રે. ત્રિશલા. ૫

---

(૧૪)

પ્રતિષ્ઠા મહોત્સવે પ્રભાતમાં ગાવાનું ગીત.

આવે આવે મોતિશા શેઠ નવાણું જલ લાવે છે. એ રાગ.

પ્રગટયું સોના વર્ણી પ્રભાત, પ્રભુજી મહોત્સવે;
દેવલોકમાં દેવો હરખે કે, પ્રભુ ગુણ ઉજવે. ૧
જિનરાજ પ્રભુ દરબારમાં, નવગ્રહને નોતરૂં દીધ; પ્રભુ.
દશ દિક્‌પાલ પ્રેમથી નોતર્યા, દેવ દેવીઓ યોગિયો સિદ્ધ. પ્રભુ. ૨

ઘેર ઘેર કુંકુમનાં છાંટણાં, રૂડા સાથિયા દ્વારની સાખ; પ્રભુ.
શાંતિસ્નાત્ર ભણાવે શ્રાવકો, ગાવે ગીત મીઠી જેવી દ્રાખ.. પ્રભુ. ૩
આરતી શશી ભાનુ ઉતારતા, વ્હાલા જિનવર દેવની નિત્ય. પ્રભુ.
કરે મંગલ દીવો ગોરીઓ, કરે લુણ ઉતારણ રીત. પ્રભુ. ૪
દ્રવ્યભાવથી મંગલ પ્રગટિયાં, નરનારીઆનન્દ અપાર; પ્રભુ.
બુદ્ધિસાગર મહાવીર શાસને, જૈન સંઘનો હો જયકાર. પ્રભુ. ૫

---

(૧૫)

મહાવીર પ્રભુનો છેલ્લી ઘડીનો ઉપદેશ.

ગંગાતટ તપોવનમાં રે. એ રાગ.

મહાવીર પ્રભુજી રે, જીવન છેલ્લીવારે.
પાવાપુરી નગરમાં રે, ઉપદેશ દે ભારે;
મારી પાછળ જૈનો રે, પ્રમાદી ન કો થાશો,
મન જીતે તે જૈનોરે, જગતમાંહિ કહેવાશો. મહાવીર. ૧

સાખ.

આસક્તિ વણ કર્મને, કરજો સ્વાધિકાર.
સર્વ શક્તિયો ખીલવી, કરજો પરોપકાર.
માંહો માંહે જૈનો રે, હળી મળી ગુણ ગાજો;
જૈનને જિનજેવા રે, ગણી સેવા ચ્હાજો. મહાવીર. ૨
જેના મનમાં હું વસ્યો, કરતો મારો જાપ,
તેનાથી ભેદ જ કરે, બંધાશે મહાપાપ;
એવું જાણીને જૈનોરે, પરસ્પર દિલમાંહી,
મુજને જ નિહાળીરે, પ્રવર્તો શિવછાંહી. મહાવીર. ૩
વેષ ક્રિયાદિક ભેદથી, ગણો ન જૈનો ભિન્ન,
અધ્યાત્મ મહાવીરમય, જૈનો સર્વ અભિન્ન,
સહુ જૈનોની સેવા રે, કરો જગ મુજ પેઠે;
દોષ દૃષ્ટિ નિવારી રે, કરો ન જરા વેઠે. મહાવીર. ૪
મુજ સમરે સહુ લોકમાં, જૈનપણું પ્રગટાય.
અંતે પરમાતમ બની, જ્યોતિં જ્યોત સુહાય.

મારી પાછળ સંપી રે, સકલ સંઘ ચઢતી કરો;
બુદ્ધિસાગર બોધે રે, પ્રભુ શિખ ચિત્ત ધરો. મહાવીર. ૫

(૧૬)

જિનાગમો શ્રવણ કરવાની ગહુંલી.

ભવિજન સુણજો રે ભગવતી સૂત્રની વાણી એ રાગ.

ભવિજન સુણજોરે, મહાવીર પ્રભુની વાણી;
હૃદયમાં ધરજોરે, પરમારથ દિલ આણી. ભવિજન.
નયભંગી નિક્ષેપ પ્રમાણે, સાપેક્ષાએ સમાણી.
ઉત્સર્ગ અપવાદે પૂરણ, એકાન્ત ઠરાણી. ભવિજન. ૧
અંગ ઉપાંગ પયન્ના છેદને, મૂલસૂત્રે જ ગુંથાણી;
જૈનધર્મ ઉપદેશ્યો સાચો, પ્રકરણ ગ્રન્થ સમાની. ભવિજન. ૨
રાગ દ્વેષ રહિત મહાવીર જિન, સાચા કેવલ જ્ઞાની,
આગમની તે માટે શ્રદ્ધા, કરતાં મળે શિવરાણી. ભવિજન. ૩
મહાવીર ભાષિત તત્ત્વ હૃદયમાં, શંકા ટાળી ધરીએ;
પ્રાણવડે પણ ધર્મ ન તજવો, નિશ્ચય એવો કરીએ. ભવિજન. ૪
કાલ અનાદિ જૈનધર્મ છે, આવે ન કો તસ તોલે;
જૈનધર્મ સેવનથી મુક્તિ, સર્વ જિનેશ્વર બોલે. ભવિજન. ૫
સર્વ વેદનો પરમવેદ છે, મહાવીર પ્રભુની વાણી;
ગુરૂમુખથી આગમ સાંભળતાં, સમકિત લે ભવિપ્રાણી. ભવિજન. ૬
આગમજ્ઞાની ગુરૂની ભક્તિ, કરીએ ધર્મ કમાણી;
આગમભક્તિ કલિયુગ મોટી, મુક્તિપુરીની નિશાની. ભવિજન. ૭
આતમ તે પરમાતમ પોતે, થાવે શ્રદ્ધા ઠરાણી;
બુદ્ધિસાગર આત્મ સ્વભાવે, થાશે સહુગુણ ખાણી. ભવિજન. ૮

(૧૭)

વ્યસન નિવારક ગહુંલી

ભવિ તમે સુણજો રે ભગવતીસૂત્રની વાણી, એ રાગ.

વીર ઉપદેશે રે, ભવિજન વ્યસન નિવારો;
માનવભવ મળીયો રે, દુર્મતિથી કેમ હારો;

પરનારી વ્યભિચાર પાપથી; રોગ શોક દુઃખ દરિયા,
પર નારીનો સંગ કરીને, કોઇ નહીં ઉગરીયા. વીર. ૧
રાવણુ રગદોળાયો રણુમાં, રાજ્ય ધર્મ સહુ હાર્યો;
બુદ્ધિબળ સત્તા લક્ષ્મીનો, નાશ થતો અણુધાર્યો. વીર. ૨
દારૂ સમ નહીં દુષ્ટ જગતમાં, ધર્મ શરીર વિનાશે;
દારૂડિયાનું મન નહીં વશમાં, રહે ન સદ્બુદ્ધિ પાસે. વીર. ૩
વેશ્યા સંગતમાં જે પડિયા, પામર તે લડથડિયા;
ચેતન મૂકી ચામડી સેવા, કરી ચામર તે પડિયા. વીર. ૪
કાયા માયામાં લપટાણુા, વેશ્યા કર જકડાણુા;
પાશમાં પશુ પરે તે પકડાણુા, મહાજન રાજન શાણુા. વીર. ૫
ચોરી કરે તે પાપી પૂરો, ઠરે નહીં એક ઠામે;
કોહ્યા કુતરા પેઠે ફરતો, દુર્ગતિ દુઃખડાં પામે. વીર. ૬
માંસનું ભક્ષણુ કરનારામાં, દયા પ્રેમ નહીં બિંદુ;
શિકારીને ખાટકી નિર્દય, પામે દુઃખના સિન્ધુ. વીર. ૭
કેફી વસ્તુ ભાંગ ને ગાંજો, અફીણુ વ્યસની દુઃખી;
દેશોદય કરવામાં પાછળ, કયારે ન થાતા સુખી. વીર. ૮
જૂગારો રમવાનું છોડો, ત્યાગે થાય તે મોટા;
બુદ્ધિસાગર શિક્ષાપાળે, નાસે દુઃખના ગોટા. વીર. ૯

---

(૧૮)

જલ યાત્રા ગીત.

આવે આવે મોતીશા શેઠ. એ રાગ.

આવે દેવને દેવીઓ સર્વ, ઉત્સવપર આવે છે;
જલ યાત્રા ઉત્સવ મંગલ, સહુજન ગાવે છે. આવે. ૧
જલદેવને નોતરૂં દેઇ, ભર્યા કુંભ પાણીએ;
મોટું સ્નાત્ર ભણુાવણુહેત, મંત્રમય વાણીએ. આવે. ૨
વાજાં વાગિયાં છત્રીશ જાતનાં, થયા નોબત પડઘમ ઘોર; ઉત્સવ.
જલ કુંભભરી શુભનારીઓ, ગાવે ગીત ને કરતી શોર. ઉત્સવ. ૩

મહાવીર પ્રભુ જય બોલતો, સંઘ ચાલે સકળ ધરી શોભ. ઉત્સવ.
જિનશાસનની જય બોલતો, શાંત થાઓ અસુરગણુ કોપ. ઉત્સવ. ૪
થાઓ શાંતિ સહુ લોકમાં, ટળો રોગ શોક દુઃખ કલેશ; ઉત્સવ.
પ્રભુ મહાવીરદેવની ભક્તિથી, લહો શાંતિ પ્રજાને નરેશ. ઉત્સવ. ૫
પ્રભુ મહાવીરદેવના શાસને, ગ્રહ દિક્પાલની હોય સ્હાય; ઉત્સવ.
બુદ્ધિસાગર મંત્ર પ્રભાવથી, વધે પુણ્ય ને મંગલ થાય ઉત્સવ. ૬

---

(૧૯)

મહાવીર પ્રભુના આશ્રયની ગહુંલી.

ભક્તિ એવી રે ભાઈ એવી. એ રાગ.

મહાવીરસમું નહીં કોઈ, જોશો જગમાં જન સહુ જોઈ;
મહાવીરસમા નહીં દેવા, જેની દુનિયા કરતી સેવા. મહા. ૧
મહાવીર છે ભકતોના બેલી, વ્હાર કરતા જે વ્હારે છેલ્લી.
સંકટમાં સમર્યા ઉગારે, દુઃખ સાગર પાર ઉતારે;
મહાવીર પ્રભુ મુજ આંખો, નભ ઉડવા તેહ જ પાંખો. મહા. ૨
મ્હને મહાવીર પર પ્રેમ લાગ્યો, મારા દિલમાં મહાવીર જાગ્યો;
મારે મહાવીરથી છે સગાઈ, માતા પિતા મિત્ર ને ભાઇ. મહા. ૩
મારે મહાવીરનો આધારો, આવ્યો શરણે હવે તો ઉગારો;
મોટું સત્ય મહાવીર સ્વામી, રહ્યા અંતર આતમરામી. મહા. ૪
દુઃખ કર્મે થયાં સહુ સહીશું, મુખે મહાવીર મહાવીર કહીશું;
મારે સહુમાં મહાવીર જોવા, નામ રૂપના ભેદો ખોવા. મહા. ૫
જેનું સર્વ વિશ્વપર રાજ, જેહ પલકમાં સારે કાજ;
મહાવીર અરિહંત નામ, જપવું બીજું નહીં કામ. મહા. ૬
ભૂત, ભૂતમાં મળી શમાશે, મારો આતમ મહાવીર થાશે;
બહિર અંતર મહાવીર સ્વામી, રૂપા રૂપીની નામી અનામી. મહા. ૭
જૈનધર્મતણો રખવાળ, સહુ વિશ્વતણો પ્રતિપાળ;
મારી દૃષ્ટિ આગળ તરી આવે, પ્રેમ ભુખ્યાની ભુખ શમાવે. મહા. ૮
અમે મહાવીરના વેચાયા, વીર માટે મનવચકાયા;
મરે દેહ અમર અમે થઈયા, ચિદાનન્દ મહાવીર લહિયા. મહા. ૯

શુદ્ધ પ્રેમથી વ્યકત જે થાવે, જેહ મળતાં બીજું ન ભાવે;
બુદ્ધિસાગર મહાવીર મળિયા, મારા સર્વ મનોરથ ફળિયા.
મહાવીર. ૧૦

---

(૨૦)

મહાવીરના ભકતોની ગુંહલી.

ભક્તિ એવીરે ભાઇ એવી. એ રાગ.

મહાવીરના ભક્ત તે જાણો, જેની શ્રદ્ધા પૂર્ણ પ્રમાણો,
સર્વ કર્તવ્ય કાજને કરતા, નિર્લેપપણું દિલ ધરતા. મહાવીર. ૧
સ્વાધિકાર ન ચૂકે કયારે, કામમોહથી જેહ ન હારે;
જીતવા યોગ્ય જીતે સર્વે, એવા જૈનો રહે નહીં ગર્વે. મહાવીર. ૨
પડે પ્રાણુ સકલ નાશ થાવે, જૈનધર્મ ન તજવા સ્વભાવે,
પ્રભુ મહાવીર અરિહંત એક, શ્વાસોશ્વાસે સ્મરણુની ટેક. મહા. ૩
જૈનને વીર જેવા ગણુતા, વીર વિના નં બીજું ભણુતા,
વીર ચરિતને સાંભળે પ્રેમે, ભરિયું દિલસાગર રૂહેમે, મહાવીર. ૪
જેહ જડ પૂજક નહીં થાતા, જ્યાં ત્યાં ચેતન પૂજા ન્હાતા,
અધ્યાત્મ મહાવીર દેખે, કર્મ ભાવને દેખી ઉવેખે. મહાવીર. ૫
નિર્લેપ કમલ જલમાંહી, તેમ નિર્લેપ વિષયોમાંહી,
શરણું મહાવીરનું ધારે, પ્રેમ મહાવીરમાં સહુધારે. મહાવીર. ૬
મહાવીરથી સંબંધ બાંધી, શુદ્ધપ્રેમથી અતિશય સાંધી,
વીરમય થઇ જીવન ધરતા, દીનપણું ન કયારે ધરતા. મહાવીર. ૭
મૃત્યુ જીવવું બન્ને સમાન, પડે વીર વિના નહીં તાન,
ઉત્સવ સમ દુઃખની વેળા, માને વીર પ્રભુના ચેલા. મહાવીર. ૮
મન ઉપર કાબૂ મૂકે, જૈનધર્મ ન કયારે ચૂકે.
જેહ કયારે ન રહેતા ઉદાસી, આત્મ વીરાનંદ વિલાસી. મહા. ૯
દેખી જૈનને હર્ષિત થાવે, તેની ભક્તિ કરે ખૂબ ભાવે.
પ્રભુ ભકતમાં ભેદ ન ધારે, થાવે દુઃખમાં જૈનની વ્હારે. મહા. ૧૦

કરે સ્વાર્પણુ જનને માટે, ધરે ધર્મને નિજ શીર સાટે,
બુદ્ધિસાગર ભક્તો એવા, જેના મહાવીર સાચા દેવા. મહાવીર. ૧૧

---

(૨૧)

દેવગુરૂ ભક્તિની ગુંહલી.

ભક્તિ એવીરે ભાઇ એવી, તરશ્યાને પાણી જેવી. એ રાગ.

કરો દેવગુરૂની ભક્તિ, પ્રગટે તેહથી સહુ શક્તિ,
જેના ધડ પર શીર ન હોય, ચાખે ભક્તિતણો રસ સોય. કરો. ૧
જેણે તન ધન વ્હાલ ઉતાર્યું, તેણે ભક્તિનું દ્વાર ઉઘાડયું,
જીવતો જે મર્યો વળી જીવ્યો, પામ્યો ભક્તિનો તે જન દીવો.કરો. ૨
ગુરૂ દેવના પ્રેમે વેચાયો, ભક્તિરસ અનુભવ તે પાયો.
દેવગુરૂમાં એકત્વ દેખે, પ્રભુને તેહ પ્રેમે પેખે. કરો. ૩
જેના દિલમાં મહાવીર એક, પૂર્ણ પ્રેમે પરમ ગુરૂ ટેક,
નટ પૂતલી ચેષ્ટા પ્રમાણે, ગુરૂવચને પ્રવર્તે તાને. કરો. ૪
ગુરૂ દરિયામાં ડૂબકી મારે, નિજમાં નામરૂપ ન ધારે,
નટ નાગર પેઠે ખેલે, પૂર્ણાનન્દ જીવન રેલે. કરો. ૫
સહુમાં મહાવીરને દેખે, સહુમાં નિજ ગુરૂને પેખે,
એક મહાવીરનો આધાર, ધરી ચલવે સહુ વ્યવહાર. કરો. ૬
પડે ભક્તિ વિના નહીં ચેન, આવે મહાવીરનું મન ઘેન,
ભક્તિ અમૃત પી જે ઉઠે, તેને મોહમાયા નહીં લુંટે. કરો. ૭
ભક્તિ ભાવમાં જે ચકચૂર, તેથી મોહ રહે છે દૂર,
ભક્તિ આધીન છે ભગવાન જેના મનમાં ન ભેદ નિશાન. કરો. ૮
શુદ્ધ પ્રેમથી ભક્તિ ભરેલી, કલિકાલમાં સહુને બેલી,
મૂકી ખંડન વાદ વિવાદ, ભવિ ભક્તિ અમૃત રસ સ્વાદ. કરો. ૯
કરે ભક્તિ તેહને ધન્ય ધન્ય, જેને વીરપ્રભુ તનમન,
સર્વ જીવોનાં દુઃખ નિવારે, તેહ જીવંતી ભક્તિ ધારે. કરો. ૧૦
પીધા ગોળી સાગર સૂર ચંદા, નેહ ભક્તિતણા છે બંદા,
બુદ્ધિસાગર ગુરૂદેવ ભક્તિ, કરો સ્વાર્પણથી સહુ શક્તિ. કરો. ૧૧

---

(૨૨)

અધ્યાત્મ મહાવીર પ્રભુની અનુભવ ગહુંલી

ભક્તિ એવી રે ભાઇ એવી. એ રાગ.

મ્હને વ્હાલા પ્રભુ મહાવીર, ત્રિશલાનંદન વડધીર,
સર્વ જીવો મહાવીર જણાયા, બ્રહ્મ સત્તાએ સરખા સુહાયા.
મ્હને. ૧
મ્હને મહાવીર વણુ નહીં ગમતું, મારૂં ચિત્ત ન બીજે રમતું;
અધ્યાત્મ મહાવીર જાણ્યા, શુદ્ધપ્રેમે હૃદયમાં આણ્યા. મ્હને. ૨
સત્તાએ મહાવીર પોતે, જાણીને કોણુ બીજે ગોતે;
મહાવીરમાં સર્વ સમાયું, સર્વ વિશ્વ મહાવીર છાયું. મ્હને. ૩
અસ્તિનાસ્તિ સદસદ્ પોતે, મહાવીર સ્વયં ગુણુ દ્યોતે;
દેવ દેવીઓ મહાવીરમાંહી, લેશ બીજું રહ્યું નહીં કયાંહી. મ્હને. ૪
મોહમાયાને દૂર ખસેડી, ચડયો મહાવીરની ગુણુ મેડી;
બ્રહ્મરન્ધ્રમાં ઝગમગ જ્યોતે, મળ્યા મહાવીર અનુભવ જ્યોતે.
મ્હને. ૫
જેની જ્યોતિ છે અપરંપાર, બની વીર કો પામે પાર,
ષટચક્રમાં ઉપશમ ધારે, પ્રભુ મહાવીર પોતે પધારે. મ્હને. ૬
શુદ્ધાત્મ મહાવીર દેવા, દેહ વ્યાપી અનુભવી લેવા.
જેર કાલ અનાદિ અનંતા, દ્રવ્યથી જ અનન્તા અન્નત. મ્હને. ૭
સર્વ જીવોનો સમુદાય, મહાવીર સમષ્ટિ કહાય,
જેણે આતમ મહાવીર જાણ્યો, સર્વ સાર હૃદય નિજ આણ્યો.
મ્હને. ૮
પરતંત્ર બને નહીં તેહ, જાણે મહાવીર નિજ તેહ,
નવરસ એકરસરૂપ થાવે, પોતે પૂજક પૂજ્ય સુહાવે. મ્હને. ૯
મ્હને મહાવીર સ્વામી મળીયા, મારા સર્વ મનોરથ ફળીયા,
મહાવીરમાં મનડું રહેતું, પરમાનન્દ રસને લેતું. મ્હને. ૧૦
સત્ય ગુરૂ તે વીર પમાડે, જૂઠા જગમાં કદિ ન ભમાડે,
જૈનધર્મ ઘટોઘટ રહીયો, આત્મભાવે રસિકજન લહિયો. મ્હને. ૧૧

જેહ મહાવીરને ઘટ જાણે, તેહ મુક્તિપુરી સુખ માણે,
બુદ્ધિસાગર મહાવીર પામ્યો, પોતે સાક્ષી બની સુખ જામ્યો.
મ્હને. ૧૨

---

(૨૩)

પોતાને સુધારવા ગુરૂને વિનંતિની ગુંહલી.

આવો આવો યશોદાના કંત અમ ઘેર આવો રે. એ રાગ.

મારા વ્હાલા ગુરૂ ભગવન, અમને સુધારો રે;
કરી કરૂણા પૂર્ણ કૃપાળ, ભવોદધિ તારો રે. મ્હારા. ૧
આપી આત્મજ્ઞાનનો બોધ, આત્મ જણાવોરે;
મ્હને યોગ્ય કરો શુભપાત્ર, માર્ગે ચઢાવો રે. મ્હારા. ૨
જૈનધર્મનું સાચું જ્ઞાન, ભાવે આપો રે;
સમકિત ચારિત્ર બે ધર્મ, મધ્યે સ્થાપો રે. મ્હારા. ૩
આવ્યો શરણે તમારે ભક્ત, ભેદ ન રાખો રે;
મારા મનમાંથી મોહ દૂર, કાઢી નાખો રે. મ્હારા. ૪
મહાવીર પ્રભુ દર્શન, વેગે કરાવો રે;
આચાર વિચારની શુદ્ધિ, પૂર્ણ પળાવો રે. મ્હારા. ૫
તુમ આણામાં મુજ શીર, પ્રેમથી આપ્યું રે;
શુદ્ધ પ્રેમ કર્યો તુમ સાથ, શ્રદ્ધા મન વ્યાપ્યું રે. મ્હારા. ૬
ગુરૂ કર્યાને રહે જો મોહ, ગુરૂ તે શાના રે,
શિષ્ય થયોને રહે જો ભેદ, શિષ્ય તે શાના રે. મ્હારા. ૭
તમથી આતમ કરો દૂર, જયોતિમાં લાવો રે;
વિષયાનન્દનો વિશ્વાસ, દૂર હઠાવો રે; મ્હારા. ૮
મ્હને આત્માનન્દમાં મસ્ત, કરશો સ્વામી રે;
બુદ્ધિસાગર ગુરૂની કૃપા જ, આતમરામી રે. મ્હારા. ૯

---

(૨૪)

શ્રીમદ્ આત્મારામજી મહારાજની ગહુંલી.

ભારતજ્ઞાન પ્રકાશક મુનિવર, વિજયાનન્દ સવાયારે.
આત્મારામ પ્રસિદ્ધ સૂરિવરજી, જૈનધર્મ પ્રસરાયા. સૂરિવર મોટા રે.

વંદોવંદો ગુરૂ ગુણવંત, સૂરિવર મોટા રે. ૧
જૈન ધર્મ સામ્રાજ્ય વધાર્યું, સેનાપતિ થઇ શૂરારે;
જૈનધર્મના મોટા યોદ્ધા, વાદવિવાદમાં પૂરા. સૂરિવર વંદોરે. વંદો. ૨
મહાવીર શાસન રક્ષણ કરવા, ગ્રંથ રચ્યા ગુણ ભરિયારે,
શાબ્દિક તાર્કિક પંડિત મોટા, સર્વગુણોના દરિયા. સૂરિ. ૩
સર્વ ખંડમાં ચાવા સૂરિવર, તપાગચ્છ સંવેગી રે,
જૈનધર્મ અભિમાની પૂરા, નિજશાસન ગુણરંગી. સૂરિ. ૪
વીશમી સદિમાં જૈન કોમમાં, આતમરામ સવાયારે,
બુદ્ધિસાગરસૂરિ ગુણરાગે, પાદરામાં રહી ગાયા. સૂરિ. ૫

---

(૨૫)

શ્રી વૃદ્ધિચંદ્રજી મુનિરાજની ગહુંલી.

શાંત દાંત સંયમ ગુણ ધારી, વૃદ્ધિચંદ્ર મુનિરાયા રે,
બુદ્ધિવિજયજી શિષ્યો માંહી, સમતા ગુણમાં સવાયા. મુનિવર વંદોરે.
વંદો વંદો રે મુનિ મહારાજ..................મુનિવર વંદો રે. ૧
સોરઠદેશ સુધાર્યો બોધે, ભાવનગર દીપાવ્યું રે;
જેના શિષ્યો છે વિદ્વાનો, ગુરૂથી તેજ સવાયું, મુનિવર. ૨
વૈરાગી ત્યાગી સોભાગી, મુનિવર વંદો ભાવે રે;
બુદ્ધિસાગર સૂરિ સદ્ગુણીને, પ્રેમ ધરીને ગાવે. મુનિવર. ૩

---

(૨૬)

દુષ્ટ હાનિકારક રીવાજોના નિષેધની ગહુંલી.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ.)

ચઢતી ન થાતી દુષ્ટ રીવાજોથી કદિ,
સમજો મનમાં શાણા નર ને નાર જો;
કન્યા વિક્રય કરનારા દુઃખ પામતા,
દેશ કોમની પડતીના કરનાર જો. ચઢતી. ૧

સત્ય પ્રેમ વણુ લગ્ન નહીં નરનારીનું,
દેહ લગ્નથી ઘર ઘર હોળી થાય જો;
પતિવ્રતાનું માન નહીં જે દેશમાં,
પાકે નહીં ત્યાં ઉત્તમ જનસમુદાય જો. ચઢતી. ૨
વરને વિક્રય કરનારાની કોમમાં,
ભક્ત શૂર નહિ પાકે નર ને નાર જો;
અબલા બાળાના શાપો જ્યાં બહુ પડે.
તન મન ધનની પડતી ત્યાં નિર્ધાર જો. ચઢતી. ૩
બાલ લગ્નના હોમે હોમાતાં ઘણાં,
ભારતમાંહિ બાળાઓને બાળ જો;
ભારતની પડતી થૈ તેથી લખગુણી,
બેઠો જનસંખ્યા લક્ષ્મીપર કાલ જો. ચઢતી. ૪.
વૃદ્ધોની સાથે બાળાના લગ્નથી,
વ્યભિચારનું વધતું નિશદિન પાપ જો.
બાલક હત્યા ભારતમાંહિ વધતી ઘણી,
માબાપોને બાળાઓ દે શાપ જો. ચઢતી. ૫
ગુલામ સંતાનો પાકયાં નિર્બલ ઘણાં,
મોજી શોખી કેફી ઇર્ષ્યાખોર જો;
ભક્ત દાનીજન શૂર પાકે છે થોડલા,
પાકે પરના તાબે જેવાં ઢોર જો. ચઢતી. ૬
ફેશન ફિશિયારીમાં સપડાયા ઘણા,
વેશ્યા પરનારી લંપટ નહિ પાર જો;
દેશ કોમ ને ધર્મની પડતી તેહથી,
માટે જાગી ચેતો નર ને નાર જો. ચઢતી. ૭
દેવગુરૂ ને ધર્મની સેવા સહુ કરો,
સર્વ શક્તિયો ખીલવો નરને નાર જો;
બુદ્ધિસાગર જૈન ધર્મને સેવતાં,
જૈનોની ચઢતી થાશે નિર્ધાર જો. ચઢતી. ૮

---

(૨૭)

શ્રાવિકાઓને બોધની ગુંહલી.

ગુરૂજી ગુણવંત એમ ઉપદિશે, શ્રાવિકાને શુભભાવેરે;
બનો ગંગાસમ સ્વચ્છ દીલની, બનો ગંભીર મનની સ્વભાવેરે. ગુ૦ ૧
જૈન ધર્મ રગોરગમાં ધરો, પાળો સમ્યક્ત્વ શુભ આચારરે;
ઘર સ્વર્ગ સમું કરો સદ્ગુણે, કરો આતમનો ઉદ્ધારરે. ગુ૦ ૨
દૃઢધર્મવંતી એક શ્રાવિકા, ઘર કુટુંબ દેશ સુધારેરે;
જૈનશાસ્ત્ર ભણેલી ગણેલી થૈ, નિજ સંતાનોને ઉદ્ધારેરે. ગુ૦ ૩
દાન દેવે સુપાત્રે ભાવથી, દેવગુરૂ દર્શન કરી ખાવેરે;
પાળે શ્રાવિકા ધર્મ પ્રેમથી, દેવલોકનાં સુખડાં પાવેરે. ગુ૦ ૪
મોટી ઉમરે પુત્રને પુત્રિકા, જૈનવિધિથકી પરણાવેરે;
સહુ સહન કરે દુઃખ ઉપન્યાં, મહાવીરને ભજતી ભાવેરે. ગુ૦ ૫
ઘરસૂત્રને ચલવે સંપથી, સાસુ સસરાની કરે સેવારે;
કરે સંભાળ અધિકાર ધર્મથી, ચાખે સદ્ગુણ ગણના મેવારે. ગુ૦ ૬
મહાવીર પ્રભુ દિલમાં ધરી, નિર્લેપ બની કરે કાજરે;
બુદ્ધિસાગર સદ્ગુરૂ બોધથી, પામે શ્રાવિકા શિવરાજરે. ગુ૦ ૭

---

(૨૮)

વિશ્વવ્યાપક જૈનધર્મની ગુહલી.

જગ વ્યાપક ધર્મ કહે વિભુ, મહાવીર પ્રભુ ઉપકારીરે;
જૈનધર્મ સનાતન જાણશો, દયાધર્મ ભર્યો જયકારીરે. જગ. ૧
આત્મગુણો તે જૈનધર્મ છે, જ્ઞાન દર્શન ચારિત્ર જાણોરે;
નાત જાત વેષ ભેદ નહિ જીહાં, સદાચાર ગુણો મન આણોરે. જગ. ૨
વિશ્વમિત્ર બની શુદ્ધ પ્રેમથી, ટાળો જીવોના સહુ દોષોરે,
આત્મભાવથી ગુણગણ બોધથી, વિશ્વ જીવોને બહુ પોષોરે. જગ. ૩
વૈરી ઉપર વૈર ન રાખીએ, દ્વેષી ઉપર પણ નહીં દ્વષરે.
કોઇ ધર્મની નિન્દા ન કીજીએ, ઉપશમીએ સઘળા ક્લેશરે. જગ. ૪

કહિ જૂઠું ન બોલીએ મોહથી, કહિ કોની ન કરીએ ચોરીરે;
બ્રહ્મચર્ય યથાયોગ્ય ધારીએ, નહીં કરવી કદા શિરજોરીરે. જગ. ૫
કર્યાં કર્મ પ્રમાણે પ્રાણીઓ, સુખ દુઃખને જ્યાં ત્યાં પામેરે;
માટે પાપ કર્મ નહી કીજીએ, ધરી ધર્મને ઠરજો ઠામેરે. જગ. ૬
સહુ ધર્મ રહ્યા જે જગવિષે, જૈનધર્મવિષે તે સમાયરે;
બુદ્ધિસાગર વ્યાપક ધર્મ છે, તેથી રાગદ્વેષ દૂર જાયરે. જગ. ૭

---

(૨૯)

પંચમીની ગુહલી.

ભાવે પંચમી તપ કરીએ ભલું, જ્ઞાન મંત્રનો જપીએ જાપરે;
જ્ઞાનાવરણી કર્મ ટળે ઘણું, જ્ઞાન પ્રગટે દિલ અમાપરે. ભાવે. ૧
સર્વ ઇચ્છાઓનો રોધ જે, તપ કહીએ તે જગ સાચુંરે;
જ્ઞાન ભણવું ભણાવવું પ્રેમથી, તપ તપવામાં નિત્ય રાચુંરે. ભાવે. ૨
જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં વેગથી, કરે સર્વ કર્મ વિનાશરે;
જ્ઞાન જ્ઞાનીની કરીએ સેવના, જ્ઞાન આતમરૂપ છે ખાસરે. ભાવે. ૩
જ્ઞાન પ્રાપ્તિના જે ઉપાય છે, તે કરવામાં તપ જાણોરે;
બુદ્ધિસાગર પંચમી તપ ભલું, નર નારી ચિત્તમાં આણોરે. ભાવે. ૪

---

(૩૦)

શ્રીવીરપ્રભુનો ઉપદેશ ગુંહલી.

(વાજાં વાગ્યાં રે વાજાં વાગિયાં એ રાગ.)

મહાવીરની વાણી સાંભળો, ધરો ચિત્તમાં નરને નાર—પ્રભુ ગુણ સેવીએ.
આવે શાતા ગર્વ ન કીજીએ, દુઃખ આવે ન શોક લગાર. પ્રભુ૦ ૧
ઇન્દ્ર થાતાં ગર્વ ન કીજીએ, થાતાં ગરીબ ન કરીએ શોક. પ્રભુ૦
પુણ્ય પાપનું ફલ સુખ દુઃખ છે, આત્મરૂપથી ભિન્ન તે ફોક. પ્રભુ૦ ૨
કર્યાં કર્મ ઉદયમાંહિ આવતાં, નહીં છોડે ઇન્દ્રને રંક. પ્રભુ૦
સમભાવે જે કર્મને ભોગવે, તેહ જ્ઞાની મહા અવટંક. પ્રભુ૦ ૩
રાગદ્વેષ વિના નહીં બંધ છે, રાગદ્વેષ વિના કરો કાજ. પ્રભુ૦
કોઇ ઉચ્ચ નીચ નહીં આતમા, સરખો આતમ સામ્રાજ્ય. પ્રભુ૦ ૪

મહાવીર પ્રભુ નિત્ય સેવીએ, સર્વ વિશ્વનો છે એ આધાર. પ્રભુ૦
બુદ્ધિસાગર ગુરૂગમ બોધથી, થાવે આનંદ અપરંપાર. પ્રભુ૦ ૫

(૩૧)

શ્રી ગૌતમગુરૂની ગુંહલી.

વાજાં વાગ્યાં રે વાજાં વાગિયાં. એ રાગ.

ગુરૂગૌતમ સમ ગુરૂ કો નહીં, જેનું નામ છે મંગળ રૂપ.
પ્રથમ ગુરૂ વંદીએ.
મહાવીર પટોધર પાટવી, વ્હાલા વીરપ્રભુ છે અનુપ. પ્રથમ૦ ૧
ગુરૂ ગૌતમનો મહિમા ઘણો, સહુ લબ્ધિતણા ભંડાર. પ્રથમ૦
જેહ ગૌતમ ગુરૂ ગુણ ગાવશે, તેહ સુખી થશે નરનાર. પ્રથમ૦ ૨
જૈન ધર્મ જગત્ ફેલાવીયો, કરી મહાવીર પાસે વાસ. પ્રથમ૦
બુદ્ધિસાગર ગૌતમ સદ્ગુરૂ, પ્રણમો નરનારી ઉલ્લાસ. પ્રથમ૦ ૩

(૩૨)

મૌન એકાદશીની ગુંહલી.

(બેની રવિસાગર ગુરૂ વંદીએ. એ રાગ.)

મૌન એકાદશીને આરાધીએ, એમ સદ્ગુરૂ દે ઉપદેશ,
ઉપવાસ ને મૌનપણું ધરો, જેથી નાસે ભવ ભય કલેશ. મૌન૦ ૧
નેમિનાથ પ્રભુ ઉપદેશથી, શ્રીકૃષ્ણે આરાધી એહ;
તેમ આરાધો વિધિયોગથી, પામો સ્વર્ગ સિદ્ધિ શુભ દેહ. મૌન૦ ૨
દેહ વાણી મન મમતા તજે, ઇચ્છા રોધે તપ કહેવાય;
ભૂતકાલનાં કર્મ ઘણાં ખરે, નિરાસક્તિએ કર્મ કરાય. મૌન૦ ૩
યથા શક્તિ તપ જપ કીજીએ, જેથી તન મન શુદ્ધિ થાય;
બુદ્ધિસાગર આતમ નિર્મલો, શુદ્ધ પરમાતમ પદ પાય. મૌન૦ ૪

(૩૩)

ચૌદશની ગુંહલી.

ભવિ તમે વંદોરે સૂરિશ્વર ગચ્છરાયા. એ રાગ.

ચઉદશે કરજોરે વ્રત પૌષધ પચ્ચખાણ,
તપ ગુણ વરશોરે શિરધરી ગુરૂની આણ;

ચઉદશે વીર આગમ સાંભળીએ, પરિહરિને સહુ કામ,
ચારિત્ર ગુણુ આરાધન કરીએ, દઈએ વીરનું નામ. ચઉદશે. ૧
દયા દાનને દમ આદરીએ, પશ્ચાત્તાપ ન કરીએ;
યથા શક્તિ શુભ કર્મને કરીએ, આતંમને ઉદ્ધરિએ. ચઉદશે. ૨
મોહમાયામાં જે મકલાયા, વિષય વાસના વાયા;
જૈનધર્મ સમજ્યા નહીં પામર, જન્મ જન્મ દુઃખ પાયા. ચઉ. ૩
સર્વ પ્રમાદો દૂર કરીને, સાંભળો સદ્ગુરૂ વાણી;
સુણુતાં ધર્મ હૃદયમાં પ્રગટે, નિશ્ચય એવો જાણી. ચઉદશે. ૪
ધર્મ કરે તે પરભવ સુખિયાં, જગમાં નર ને નારી;
બુદ્ધિસાગર ધર્મી જનની, નિત્ય જાઉં બલિહારી. ચઉદશે. ૫

(૩૪)

ચોમાસાની ગુંહલી.

બેની રવિસાગર ગુરૂ વંદીએ. એ રાગ.

પુણ્યકારી ચોમાસું બેસીયું, તમે ધર્મ કરો નરનાર,
એક ઠેકાણે રહે ત્યાગીઓ, કાઢે તપ જપ કરતાં કાળ. પુણ્ય. ૧
ગુરૂ મુખથી સુણો આગમ ભલાં, કરો સંત સમાગમ ખાસ,
આવશ્યક સામાયક તપ કરો, ધરો ધર્મ ઉપર વિશ્વાસ. પુણ્ય. ૨
પાળો ધર્માચારને ભાવથી, ગુરૂ પાસે રહી કરો જ્ઞાન;
દાન સુપાત્રે દ્યો ભાવથી, ભજો ભાવે વીર ભગવાન્. પુણ્ય. ૩
કરો વ્રત નિયમ બહુ ભાવથી, જેથી થાવે હૃદયની શુદ્ધિ;
શુદ્ધ હૃદય થવાથી સંપજે, અધ્યાતમ સાત્વિક બુદ્ધિ. પુણ્ય. ૪
પુણ્ય પર્વો ચોમાસામાં ઘણાં, યથાશક્તિ આરાધો ભવ્ય;
બુદ્ધિસાગર જીવદયા કરો, ધરો ધર્મિજન કર્તવ્ય. પુણ્ય. ૫

(૩૫)

અષ્ટમીની ગુંહલી.

ભવિ તમે સુણજો રે ભગવતી સૂત્રની વાણી.

આઠમે આઠે મદને વારો, માનવ ભવ નહીં હારો,
આઠ પ્રકારે આતમ સમજી, અષ્ટમી ગતિને ધારો.

ભવિ તમે સુણજોરે, સાચો ગુરૂ ઉપદેશ. ૧
આઠ પ્રભાવકના ગુણ ધારો, પાળો ધર્માચારો,
દર્શન જ્ઞાન ચરણ ગુણ સેવો, સર્વ પ્રમાદો વારો. ભવિં. ૨
આઠમ સેવી અષ્ટ સિદ્ધિને, પામો નર ને નારી,
બુદ્ધિસાગર જૈનધર્મની, નિત્ય જાઉં બલિહારી. ભવિ. ૩

---

(૩૬)

જગદ્ગુરૂ હીરવિજયસૂરિની ગુંહલી.

રઘુપતિ રામ હૃદયમાં રહેજો રે. એ રાગ.

જગદ્ગુરૂ હીરલામુનિ રાયા રે, હીરવિજયસૂરિ ગુરૂરાયા, જગદ્.
જૈનધર્મ જગત્માં ફેલાયોરે, જૈનધર્મમાં રંગ રેલાયોરે.
જ્ઞાન સંયમમાં લયલાયો. જગદ્. ૧
બાદશાહ અકબર પ્રતિબોધ્યોરે, જીવહિંસા કરતાં રોધ્યોરે,
દિલમાં પરમાતમ શોધ્યો. જગદ્. ૨
વૈરાગી ત્યાગી સવાયારે, તપસી પુણ્યવંત સુહાયારે,
ભાવે સેવે મુનિ સમુદાયા. જગદ્. ૩
દેવદેવી કરે જસ સહાયરે, જેને મળિયા પ્રભુ દિલમાંહ્યરે,
રૂડી કલ્પ વૃક્ષની છાંય. જગદ્. ૪
એવા જગદ્ગુરૂ ગુણ ગાવોરે, જેનો દેવપણે છે પ્રભાવોરે.
બુદ્ધિસાગર સદ્ગુરૂ ધ્યાવો. જગદ્. ૫

---

(૩૭)

શ્રી હેમચંદ્રસૂરિની ગુંહલી.

ભવિ તમે સુણજોરે ભગવતી સૂત્રની વાણી. એ રાગ.

ભવિ તમે વન્દો રે, હેમચંદ્રસૂરિરાયા;
યશગુણ મહિમારે, ત્રણ્ય ભુવનમાં સુહાયા.
કલિકાલમાં કેવલી સરખા, સર્વજ્ઞ બિરૂદે પાયા;
કુમારપાલ રાજા ફરી શ્રાવક, રાજ્યગુરૂ કહેવાયા. ભવિ. ૧

નૈષ્ઠિક બ્રહ્મચારી મહાયોગી, યુગ પ્રધાન સવાયા;
જૈનધર્મ ઉદ્યોત કર્યો બહુ, સુરનર મુનિવર ગાયા. ભવિ. ૨
ભારતદેશ શોભાવ્યો જેણે, દયા સર્વત્ર ફેલાવી;
જૈનધર્મનો સ્તંભ જે મોટો, ધર્મની હાથમાં ચાવી. ભવિ. ૩
સિદ્ધહેમ વ્યાકરણ શુભ રચિયું, ન્યાય સિદ્ધાન્તના ગ્રન્થ;
ભારતમાં કવિરત્ન પ્રથમ જે, સમજાવ્યો શિવપન્થ. ભવિ. ૪
મહાવીર પ્રભુના ભક્ત સાધુમાં, અગ્રણી જ્ઞાની સુહાયા;
બુદ્ધિસાગર ધર્મ પ્રભાવક, પ્રેમે પ્રણમું પાયા. ભવિ. ૫

---

(૩૮)

શ્રીમદ્ દેવચન્દ્રજીની ગુંહલી.

વ્હાલા ગુરૂરાજ ઉપદેશ આપે. એ રાગ.

ગુરૂ દેવચંદ્રજી પદવંદો, ભવોભવનાં પાપ નિકંદો ગુરૂ.
રચ્યા ગ્રંથ ઘણા ગુણકારી, નયચક્ર આગમસાર ભારી;
બીજા ગ્રંથ ઘણા સુખકારી— ગુરૂ. ૧
જેહ અધ્યાતમ ઉપયોગી, જેહ આતમગુણગણ ભોગી,
તત્ત્વજ્ઞાની સહજગુણ યોગી— ગુરૂ. ૨
નિજ શુદ્ધાતમ દિલ ધ્યાયો, મોહભાવને માન્યો ન્યારો;
જેના ઘટમાં જ્ઞાન અપારો— ગુરૂ. ૩
જૈનશાસનની કરી સેવા, પામ્યા આતમસુખના મેવા,
પ્રભુ ભક્તિની સાચી હેવા— ગુરૂ. ૪
જૈનકોમમાં જેહ પ્રસિદ્ધ, જેના ગ્રંથ દિયે સુખ ઋદ્ધિ;
બુદ્ધિસાગર લ્હાવો લીધ— ગુરૂ. ૫

---

(૩૯)

શ્રી હરિભદ્રસૂરિની ગુંહલી.

ભવિ તમે સુણજોરે ભગવતી સૂત્રની વાણી. એ રાગ.

ભવિ તમે વંદો રે, હરિભદ્રસૂરિરાયા,
ગુણગણ વૃંદો રે, પ્રેમે પ્રણમો પાયા.

મહાવીર પ્રભુનું શાસન જેણે, ભારતમાં ફેલાવ્યું;
ચઉદશો ગ્રંથ રચી નિજ શકતે, જ્ઞાનયોગી પદ પાયું. ભવિ. ૧
પૂરવધર જિનશાસન ધોરી, બહુ શ્રુત હાથમાં દોરી;
સર્વ ગીતારથ શેખર યોગી, ભાવ મધ્યસ્થ ગ્રહોરી. ભવિ. ૨
બ્રહ્મજ્યોત મૂર્તિ તેજોમય, સર્વ સિદ્ધાંતનો દરિયો;
મહાવીર પટ્ટધર ભારતભાનુ, અનંત ગુણ ગણ ભરિયો. ભવિ. ૩
સુરગંગા સમ જેહની વાણી, મન પંકજ સમ જેનું;
આતમ તેજ ભર્યું ગ્રંથોમાં, મનન કરશો તેનું. ભવિ. ૪
જપી તપી જ્ઞાની પ્રભુ ધ્યાની, મુનિગણના શિરદાર;
બુદ્ધિસાગર પરમ પ્રેમથી, વંદુ વારંવાર. ભવિ. ૫

---

(૪૦)

શ્રી ભદ્રબાહુસ્વામીની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમો વંદો રે, ભદ્રબાહુ ગુરૂરાયા,
ચઉદશ પૂર્વી રે, પ્રેમે પ્રણમો પાયા.
જૈનધર્મના ધોરી મુનિવર, ધ્યાન સમાધિ પાયા;
અપ્રમત્ત દશા ગુણયોગી, જસ સુરનર ગુણગાયા. ભવિ. ૧
ચંદ્રસમા સમતાથી શોભે, આત્મભાનુથી ઓપે;
આત્મરૂપમાં મસ્ત બનીને, અશુદ્ધિ પરિણતિ રોધે. ભવિ. ૨
જિનશાસન ધોરી થયા એવા, સદ્ગુણ તેમના લેવા;
બુદ્ધિસાગર આત્મ ઉજાગર, જ્ઞાનિની કરવી સેવા. ભવિ. ૩

---

(૪૧)

બ્રહ્મચર્યની ગુંહલી.

ભવિ તમે વંદો રે સરીશ્વર ગચ્છરાયા. એ રાગ.

વીર ઉપદેશે રે, સાંભળજો નરનારી;
બ્રહ્મચર્યને પાળો રે, આતમ ગુણ હિતકારી.

બ્રહ્મચર્ય ગુરૂકુળ આશ્રમથી, બાળકને કેળવીએ;
બ્રહ્મચર્યના ગુણ સમજાવી, શક્તિયો મેળવીએ. વીર. ૧
પચ્ચીશ વર્ષ લગે પુરૂષને, વીશ વરસ લગે નારી;
બ્રહ્મચર્ય ધારણ ગુણકારી, લગ્ન પછી જયકારી. વીર. ૨
બાળલગ્ન મૈથુનથી સંતતિ, નિર્બલ રોગ ભરેલી;
જગમાંહી જીવવા નહીં લાયક, શક્તિ ન હોય સુધરેલી.વીર. ૩
હસ્તકર્મથી નિર્બલ રોગી, બાલક પુરૂષો થાવે;
લગ્નને લાયક નહીં તેવા જન, પડતી વ્હેલી પાવે. વીર ૪
વ્યભિચાર કરનારા લોકો, આતમ શક્તિ વિનાસે;
ચાંદી પરમો વિસ્ફોટક ક્ષય, તુર્ત મરણ હોય પાસે. વીર. ૫
વીર્ય વિના નહીં જીવન જગમાં, લોકો ગુલામો સરખા;
દેહ વીર્ય વણ આતમ વીર્ય ન, વાદળ વણ નહીં વર્ષા. વીર. ૬
પ્રતિદિન મૈથુનને કરનારા, લોક ગુલામ બિચારા;
વંશ પરંપર પડતી પામે, દુશ્ચરિત્ર નઠારા. વીર. ૭
વંશ રાખવા માટે ગૃહીજન, પાકી ઉમરે કરે લગ્ન;
કામોદય નિવારણ માટે, થઈને અતિશય મગ્ન. વીર. ૮
દેહવીર્ય બુંદ રક્ષણ કરતાં, પુણ્ય અનંતુ થાવે;
વીર્યના રક્ષણ સમ નહિ વ્રત કો, સાગર સમ એ કહાવે. વીર. ૯
બ્રહ્મચર્યની કિંમત નહીં જ્યાં, ત્યાં નહીં ધર્મનું નામ;
બાલ્યકાલ બ્રહ્મચર્યથી, નિરોગી ગુણધામ. વીર. ૧૦
ત્યાગી ઘરબારી સહુ સમજો, મન જીતો મોહમારી;
દેશોદય ધર્મોદય માટે, બ્રહ્મચર્ય જયકારી. વીર. ૧૧
દ્રવ્યભાવથી બ્રહ્મચારી જે, તે જન મુક્તિ પાયા;
બુદ્ધિસાગર બ્રહ્મચારીના, પ્રણમું નિશદિન પાયા. વીર. ૧૨

---

(૪૨)

સુધારાની ગુંહલી, શ્રી મહાવીર પ્રભુનો ઉપદેશ.

ભવિતમે વંદો રે. એ રાગ.

વીર ઉપદેશે રે, સાંભળજો નરનારી;
કરજો સુધારો રે, સમજીને સુખકારી.
મારૂં શાસન જગ ફેલાવો, આતમ આપ સુધારી;
પરમાતમ પદ વરવા પ્રેમે, દુર્ગુણ દ્યો સંહારી. વીર. ૧
માત પિતાને વૃદ્ધજનોની, સેવા કરવી સારી;
બ્રહ્મચર્ય ધરવું અધિકારે, દેશ સેવા દિલ પ્યારી. વીર. ૨
સાત્ત્વિક ખાવું સાત્ત્વિક પીવું, દારૂ માંસ નિવારો;
દયામય નિજ ચિત્ત કરીને, દુર્બુદ્ધિ દૂર ટાળો. વીર. ૩
પ્રમાણિક રહેવું સહુ વાતે, જૂઠું ન વદીએ ક્યારે;
જૈનધર્મને પાળો પ્રીતે, આપ તરે હે તારે. વીર. ૪
હાનિકારક દુષ્ટ રિવાજો, તનધનના ક્ષયકારી;
તજીએ તેને તત્ક્ષણ જ્ઞાને, પાપકર્મ તજી ભારી. વીર. ૫
નિજ આત્મવત્ સહુ જીવોને, માની સદા શુભ કરીએ;
કામ ક્રોધ માયા મદ વારી, લઘુતાએ સંચરીએ. વીર. ૬
સર્વ જીવોપર પ્રેમ ધરીને, પડતાં દુઃખ નિવારો;
સાતક્ષેત્રને પોષો પ્રેમે, તેથી ધર્મ અપારો. વીર. ૭
દેશકોમ નાતિજાતિમાં, સરખા સહુને માનો;
વિદ્યા સાચી જગ ફેલાવો, મોહ ન ધરવો કશાનો. વીર. ૮
કીધાં કર્મો ભોગવવામાં, સમભાવે નિત્ય રહીએ;
પરતંત્રતા સહુની હરીએ, સંકટ પડિયાં સહીએ. વીર. ૯
આતમાના સદ્ગુણને પામો, પંચાચારને પાલી;
ગૃહીત્યાગીનાં વ્રત આરાધો, સદ્બુદ્ધિ કરી વ્હાલી. વીર. ૧૦
મારી શિક્ષા આરાધે જે, ભવસાગર તે તરશે;
મારા ભકતો દુર્ગતિ ત્યાગી, સદ્ગતિ સહેજે વરશે. વીર. ૧૧
મહાવીર પ્રભુની શિક્ષા એવી, વિશ્વજીવોના માટે;
બુદ્ધિસાગર સમજી ભવિજન, વળજો વીરની વાટે. વીર. ૧૨

(૪૩)

જેના હૃદયમાં મહાવીર વસ્યા, તેના ગુણોની ગુંહલી.

આવો આવો યશોદાના કંત. એ રાગ.

જેના દિલમાં મહાવીર વાસ, તસ એ નિશાનીરે.
થાય વિષયોમાં ન આસકત, નહિ અભિમાનીરે. જેના. ૧
પ્રભુ મહાવીર શ્વાસોચ્છ્વાસ; અજપાજાપેરે;
અધ્યાત્મ બની મહાવીર, વિશ્વમાં વ્યાપેરે. જેના. ૨
સર્વ જીવોની સારે સેવ, દ્વેષ ન ધારેરે;
જડનો પૂજક નહીં થાય, ચિત્ત સુધારેરે. જેના. ૩
જૈનધર્મ તે આતમમાંહિ, ગુરૂ પૂજારીરે;
કરે ઉપકારનાં સહુ કર્મ, મમતા વારીરે. જેના. ૪
નામ રૂપનો નહિ અધ્યાસ, ભક્તિ રસીલોરે;
કર્મયોગી સદા શૂરવીર, નહિ જે ઢીલોરે, જેના. ૫
જૈનસંઘ ઉપર દૃઢ પ્રેમ, ધરે શિર સાટેરે,
સર્વ જીવોને કરૂણા પ્રેમની વાળે વાટેરે. જેના. ૬
સાચા મહાવીર પ્રભુના ભક્ત, થયા ગુણ બળિયારે,
બુદ્ધિસાગર ભક્તિ હજૂર, પ્રભુવીર મળીયારે. જેના. ૭

---

(૪૪)

પ્રભુ મહાવીર ભજ્યાથી પ્રગટતા ગુણો.

આવો આવો યશોદાના કંત અમ ઘેર આવોરે. એ રાગ.

મહાવીર ભજ્યાથી મોક્ષ, વિશ્વનો થાવેરે;
ભજો મહાવીર અજપાજાપ, દ્રવ્યને ભાવેરે. મહાવીર. ૧
આપ અસંખ્યપ્રદેશી સ્વરૂપ, પિંડમાં વ્યાપ્યારે;
વૈરાટે સહુ બ્રહ્માંડ, સમષ્ટિએ છાપ્યારે. મહાવીર. ૨
મ્હને વ્હાલા તમે ભગવાન, સહુ પર્યાયીરે;
મ્હારા હૈડામાં આપ હજૂર, વિરાજો સવાઇરે. મહાવીર. ૩

શ્વાસોશ્વાસે તમારો જાપ, પાપને ટાળે રે;
ભૂલ્યાને માર્ગ બતાવી, તુમ પદ વાળેરે. મહાવીર. ૪
આપ રક્ષણ કરતા દેવ, છો પ્રતિપાળરે;
ભકતોના દિલમાં વાસ, છો રખવાળરે. મહાવીર. ૫
વીર સમર્યાં પાપ અનન્ત, ક્ષણમાં જાવેરે;
મ્હને આશરો તાહ્યરો એક, અન્ય ન ભાવે રે. મહાવીર. ૬
કરે હરિહર તાહ્યરી સેવ, દેવ ને દેવી રે;
ખાતાં પીતાં હરતાં યાદ, આવે છે સેવીરે. મહાવીર. ૭
મ્હારી રાખો મહાવીર લાજ, કાજ સુધારોરે;
ષટ્ ચક્રોમાં તું એક, પ્રગટયો પ્યારોરે. મહાવીર. ૮
જ્યાં ધ્યાવું ત્યાંહિ તુંહિ તુંહિ, સ્હામો સુહાતોરે;
કરી દર્શન ત્હારાં દેવ, સુખ બહુ પાતોરે. મહાવીર. ૯
વીર નામ સમો નહીં જાપ, જગમાં દીઠોરે;
મ્હને લાગે છે દિલમાંહી, સર્વથી મીઠોરે. મહાવીર. ૧૦
અરિહંત પ્રભુ મહાવીર, લય તવ લાગીરે;
મ્હારી કાયામાં રહેનાર, થયો હું સૌભાગીરે. મહાવીર. ૧૧
એક રૂપે મળી ભગવાન્, તુજમાં સમાયોરે;
બુદ્ધિસાગર મહાવીર દેવ, આત્મ સુહાયોરે. મહાવીર. ૧૨

---

(૪૫)

સેવાની ગુંહલી.

ભવિ તમે સુણજોરે ભગવતી સૂત્રની વાણી. એ રાગ.

ભવિ તમે કરજોરે, વીર પ્રભુની સેવા;
વીર ગુણ વરશોરે, પામો અમૃત મેવા—
પશુ પંખી નરનારી સર્વે, સહુમાં મહાવીર ધારી;
સંગ્રહનય સત્તા સાપેક્ષા, આત્મવીર નિર્ધારી. ભવી. ૧
સાધુસન્તની સેવા કરીએ, સંઘ સકલની પ્રેમે;

સર્વ જીવોના દુર્ગુણ હરીએ, રોગો હરીએ રહેમે. ભવી. ૨
સેવા કરતાં નાત જાતનો, ધર્મનો ભેદ ન ગણીએ;
જૈનધર્મ સેવા રૂપી છે, દયા ધર્મ દિલ ભણીએ. ભવી. ૩
દુઃખી જનનાં દુઃખો હરવાં, ભૂખ્યાંને ખવરાવો;
પરમારથમાં તન ધન ખર્ચો, દાન કરીને ખાવો. ભવી. ૪
ભય ખેદને દ્વેષ ત્યજે તે, સેવા કરે જગ સાચી;
ફર્જ ગણીને સેવા કરતાં, થાવો નહીં જન પાજી. ભવી. ૫
તન ધન મન સહુ સેવા માટે, મળીયું નિશ્ચય જાણો;
વાપરશો વિવેક ધરીને, ચેતે નહીં તે ન્હાણો, ભવી. ૬
સાર્વજનિક કામો શુભ કરતાં, કરો ન પાછી પાની;
સદ્‌ગુરૂ સેવા કરીને વીરની, સુણજો આગમ વાણી. ભવી. ૭
ફર્જ ન ચૂકો ધર્મ ન મૂકો, આતમ ગુણ પ્રકટાવો;
કાયા મન ઉપયોગી સાધન, પરોપકારે લાવો. ભવી. ૮
દેવ ગુરૂનાં પ્રતિદિન દર્શન, કરીએ વ્રત શુભ ધરીએ;
સદ્‌ગુરૂની સેવા શુભ ભાવે, સર્વ સમર્પી કરીએ. ભવી. ૯
બની પ્રમાણિક ધંધો કરવો, પરનો પ્રાણ ન હણવો;
કહેણી કરતાં રહેણી નિર્મલ, ધરવી નિશ્ચય ભણવો. ભવી. ૧૦
કુટુંબ જ્ઞાતિ દેશ કોમની, દેશ રાજ્ય શુભ માટે,
બુદ્ધિસાગર સેવા કરજો, જૈનધર્મ શિર સાટે. ભવી. ૧૧

---

(૪૬)

મહાવીર પ્રભુનાં વચનામૃતોની ગુંહલી.

આવો આવો યશોદાના કંત અમ ઘેર આવોરે. એ રાગ.

મહાવીર કહે સુણો લોક, શિખામણ મારીરે,
વર્તે સુખ પામે તેહ, નર અને નારીરે. મહાવીર. ૧
મ્હારા ભક્તો ન પામે નાશ, હૃદય મુજ ધારીરે;
બુદ્ધિકરતાં શ્રદ્ધા શ્રેષ્ટ, દિલ અવધારીરે. મહાવીર. ૨

કરે દુનિયાપર સામ્રાજ્ય, શક્તિ વધારી રે;
જીતે શક્તિએ જગ સર્વ, ગર્વ નિવારીરે. મહાવીર. ૩

મ્હારૂં ધ્યાન ધરીને જેહ, કર્મ કરંતા રે;
જીતે તેવા જૈનો વિશ્વ, માર્યા ન મરતારે. મહાવીર. ૪

ખરા ભાવથી મારી ભક્તિમાં, જે ભળિયા રે;
તેવા જૈનો મ્હારી પેઠ, થાવે બળિયા રે. મહાવીર. ૫

જેહ સંપદ્‌નાં નહીં હર્ષ, ધરતા કયારે રે;
દીન થાય ન દુઃખ પડંત, મ્હને ન વિસારે રે. મહાવીર. ૬

દુઃખ સુખને ગુરૂસમ જેહ, શિક્ષાએ જાણે રે;
નિજ કર્મે ન ચૂકે કોઇ, હૃદય મુજ આણે રે. મહાવીર. ૭

જૈન ધર્મને પાળે પૂર્ણ, જ્યાં લગી ટેકે રે;
ત્યાંસુધી કળાએ પૂર્ણ, વધતા વિવેકે રે. મહાવીર. ૮

ગણો માનવ જાતિ ન તુચ્છ, માંહો માંહે રે;
એકાત્મા બની રહો સર્વ, કર્તવ્ય છાંહે રે. મહાવીર. ૯

ધરો દેહ ઉપર નહીં મોહ, નિર્ભય થાવો રે;
ખીલવતા રહો સહુ શક્તિ, મૈત્રી ભાવો રે. મહાવીર. ૧૦

આતમમાં રહી સહુ શક્તિ, પડદા નિવારો રે;
પોતે કર્તા છો સુખ દુઃખના, મન ધારો રે. મહાવીર. ૧૧

સત્તાએ સહુ જીવ વીર, કોઇ ન દીનરે;
મન જીતીને સહુ લોક, બનશો જૈન રે. મહાવીર. ૧૨
મન જીતે તે છે વીર, એહવી વાણી રે;
બુદ્ધિસાગર ધરીને ચિત્ત, કરશો કમાણી રે. મહાવીર. ૧૩

(૪૭)

યશોદાની વીરપ્રભુને વિનંતિ.

આવો આવો યશોદાના કંત અમ ઘેર આવો રે. એ રાગ.

કહે પત્ની યશોદા વીરને, એમ વચનો રે.
સાંભળતાં પ્રગટે પ્રેમ, સુણજો સુજનો રે. કહે. ૧
મારા પ્રાણેશ્વર મહાવીર, સ્વામી રૂપાળા રે;
મ્હને શિખવ્યો સાત્વિક પ્રેમ, કામણગારા રે. કહે. ૨
ઘાતોઘાતે અસંખ્ય પ્રદેશ, તમથી રંગાઇ રે;
મ્હને ઉપશમ ક્ષાયિક ભાવની, છે વધાઇ રે. કહે. ૩
શુદ્ધ પ્રેમ આકર્ષ્યા સ્વામી, થાઓ ન ન્યારા રે;
મ્હને મળિયા મોટા પુણ્ય, ગુણ અવતારા રે. કહે. ૪
પ્રાણ પડતાં ન જૂદી થાઉ, ઇચ્છું ન બીજું રે;
સુખ દુઃખ પ્રસંગે દેવ, દેખી રીજું રે. કહે. ૫
સ્વામી સાથે આતમભાવથી, રહે ભાવે રે;
તેહ પત્ની કહાવે સત્ય, પ્રેમને દાવે રે. કહે. ૬
બાંધ્યો કમલે રવિથી પ્રેમ, પ્રગટે વિકસે રે;
પોયણી ચંદ્રોદય દેખીને, તન ઉલસે રે. કહે. ૭
તમે ચન્દ્ર બનો તો પ્રેમ, ચકોરી સુહાવું રે;
તમે સાગર તો હું તરંગ, સાથ રહાવું રે. કહે. ૮
તમો પુષ્પ બનો તો સુગંધ, દુગ્ધ ચીકાશ રે;
તમે આતમ તો હું ચેતના, ગુણવાસ રે. કહે. ૯
તમે પરમેશ્વર હું શક્તિ, શુદ્ધ સ્વભાવે રે;
ત્રણ કાલમાં ભિન્ન ન થાઉં, અનુભવ દાવે રે. કહે. ૧૦
પરબ્રહ્મ ને આનન્દ રૂપ, બેની જોડી રે;
આધાર આધેય સ્વરૂપ, કરે કો ન હોડી રે. કહે. ૧૧
તુમલીલા અપરંપાર, સ્વામી સલુણા રે;
અનુભવ્યા પ્રદેશો પ્રદેશ, રહ્યા નહીં ઉણા રે. કહે. ૧૨
શુદ્ધ પ્રેમથી સ્વામીની સાથ, રંગે રંગાતી રે;

તેહ દેવી કહાવે પત્ની, નિર્મળ છાતી રે. કહે. ૧૩
જેહ શુદ્ધ પ્રેમથી પત્નીને, દિલધારે રે;
તેહ સ્વામી કહાતો દેવ, ગુણ સંભારે રે. કહે. ૧૪
શુદ્ધ પ્રેમથી દંપતી જોડ, આનન્દ ભોગી રે;
જ્યાં પુદ્દગલનો નહીં પ્રેમ, અન્તર યોગી રે. કહે. ૧૫
જડ સુખના સ્વાર્થે, દંપતીનું જોડું રે;
સત્ય સુખ મળે નહીં લેશ, થાય કજોડું રે. કહે. ૧૬
જડસુખનાં ભૂખ્યાં જેહ, દંપતી ક્યાંથી રે;
દેહ રૂપને ભોગ વિનાશ, પશ્ચાત્તાપી રે. કહે. ૧૭
મ્હારા આત્મ સલુણા વીર, આતમ ભાવે રે;
હું તો રહી છું તમારી સાથ, દંપતી દાવે રે. કહે. ૧૮
શુદ્ધ પ્રેમ રસીલા વીર, વીર હું જપતી રે;
થયો દ્રવ્ય ભાવથી મેળ, પ્રેમમાં રમતી રે. કહે. ૧૯
મ્હારા સત્યપતિ મહાવીર, મનના રાજા રે;
ત્રણ્ય ભુવનના રખવાળ, ધરો નિજ માજા રે. કહે. ૨૦
સત્તાએ અનાદિ અનંત, સંબંધ છાજે રે;
મળે આતમને નિજ આત્મ, ગુણ ગણ રાજે રે. કહે. ૨૧
દેહને વળી દેહાતીત, સર્વ પ્રસંગે રે;
પ્રભો !!! રહીશું તમારી સાથ, અનુભવ રંગે રે. કહે. ૨૨
મારો તુમથી નિત્ય સંબંધ, છોડયો ન છૂટે રે;
કોટિ કોટિ કરે ઉપાય, તોડયો ન તૂટે રે. કહે. ૨૩
દેહ કામના જેહ સંબંધ, ક્ષણમાં વિનાશી રે;
આત્મ આત્મના જે સંબંધ, તે અવિનાશી રે. કહે. ૨૪
અધ્યાત્મ પ્રભુ મહાવીર, ઝાક ઝમાળા રે;
જ્ઞેય જ્ઞાન સંબંધે આત્મની, કરો લીલા રે. કહે. ૨૫
લીલા રૂપી પ્રભો !!! તુમ નાર, કુદ્રત માયા રે;
બાહ્ય જડ દુનિયાની માંહી, પડે નહીં છાયા રે. કહે. ૨૬
એવી રત્ન ત્રયીની લક્ષ્મી, હું કહેવાઇ રે;
પ્રભુ પત્નીની આતમ શુદ્ધ, સત્ય સગાઇ રે. કહે. ૨૭

પ્રભુ સાકારી નિરાકાર, રૂપ તમારૂં રે;
ત્યાં પ્રેમથી થઈ તલ્લીન, તમને ભાળું રે. કહે. ૨૮
તવ જ્ઞાનમાં વિશ્વ અનન્ત, સ્વર્ગ સમાયાંરે;
જ્ઞાન સૃષ્ટિમાં લય સર્ગ, સમયે સુહાયાં રે. કહે. ૨૯
મ્હારા દેહ દેવલની માંહિ, વ્હાલા બિરાજો રે;
જ્ઞાન તેજ અનંત અપાર, જ્યોતે છાજો રે. કહે. ૩૦
મળે ભક્તિ પ્રતાપે દેવ, ત્રિશલા જાયોરે;
જેનો મહિમા સહુ જગમાંહિ, શક્તિએ છાયોરે. કહે. ૩૧
કરૂં અનુભવ મંગલ દીપ, આરતી રંગે રે;
પ્રદેશો પ્રદેશ અનન્ત, ગુણુની સંગે રે. કહે. ૩૨
તુમવણુ નહીં બીજો કોઇ, અદ્વૈત એવું રે;
થયું ભક્તિ જ્ઞાન પ્રતાપ, જોયા જેવું રે. કહે. ૩૩
સ્વામી એકજ મહાવીર, બીજા ન દીઠા રે;
રોમ રોમે પ્રદેશો પ્રદેશ, લાગ્યા મીઠા રે, કહે. ૩૪
કર્તા હર્તા મહાવીર, સદસદ્ રૂપી રે;
પરમેશ્વર જગદાધાર, નક્કી અરૂપીરે. કહે. ૩૫
પ્રેમે વીર પ્રભુનો જાપ, અન્તર કરવો રે;
એવો પત્ની યશોદા પ્રેમ, અન્તર વરવો રે. કહે. ૩૬
રૂપારૂપ પદસ્થને પિંડ, ધ્યાનના યોગે રે;
પ્રગટે અન્તર મહાવીર, સ્વાર્પણુ ભોગે રે, કહે. ૩૭
ભક્તિ આધીન ભગવાન, ત્રિશલા જાયા રે;
મળે અનુભવ દર્શન યોગે, વિશ્વના રાયારે. કહે. ૩૮
અધ્યાત્મ પ્રભુ મહાવીર, પ્રેમે મળીયારે,
બુદ્ધિસાગર હાજરા હજુર, ઇચ્છિત ફળિયારે. કહે. ૩૯

---

(૪૮)

ગુરૂ વિહાર ગુંહલી.

સ્વામી શાતામાં રહેશો. એ રાગ.

વ્હેલાં વ્હેલાં દર્શન દેશો, પરમ ગુરૂ શાતામાં રહેશો,
ભવોભવ ઉપકારી ગુરૂ મ્હારા, ધન્ય ધન્ય ગુરૂજી અવતારા;
પ્રાણુથકી બહુ પ્યારા.................................પરમ. ૧

દીલ અમારાં ઘણાં પ્રતિબોધ્યાં, આત્મ દૃષ્ટિથી બહુ શોધ્યાં,
આવતા દુર્ગુણ રોધ્યા..............................પરમ. ૨
ઉપકારો અમપર બહુ કીધા, પોતાના ગણી ઉપદેશ દીધા.
કાજ અમારાં સિદ્ધયાં..............................પરમ. ૩
મહિમાવંત અતિશય ધારી, વ્રતધારી ગુરૂ સત્ય આચારી;
જિનશાસન જયકારી..............................પરમ. ૪
બ્રહ્મચર્ય સત્ય ગુણગણ દરિયા, ઉપશમ સંવેગ શમદમ ભરિયા;
આતમ અનુભવ વરિયા..............................પરમ. ૫
પત્થર જેવાં નર અને નારી, પ્રતિબોધ્યાં ઉપદેશે ભારી;
તવ વાણીની બલિહારી..............................પરમ. ૬
તવ ગુણ ગણતાં પાર ન આવે, સુરગુરૂ જેવા થાકી જાવે;
વિરહે ન ભોજન ભાવે..............................પરમ. ૭
વાયુ પેઠે વિચરંતા સુહાવો, મનમાં પ્રતિબંધ લેશ ન લાવો;
અમપર કરૂણા લાવો..............................પરમ. ૮
અમને તુમવણ લેશ ન ગમતું, મનડું અમારૂં તુમમાંહિ ભમતું;
તુમ ગુણ રહે મન રમતું..............................પરમ. ૯
ચોરી લીધું મનડું અમારૂં, મુજ આતમના સત્ય છો તારૂં;
ક્ષણ ક્ષણ મનમાં સંભારૂં..............................પરમ. ૧૦
આવજો પાછા પ્રેમ ધરીને, ભકતોની પ્રભુ ભક્તિ સ્મરીને;
કરૂણા ખૂબ કરીને..............................પરમ. ૧૧
તુમ વિરહે અમ ચિત્ત ચિરાતું, ગુરૂ જાણો અમ મન જે થાતું,
દુ:ખ હવે ન સહાતું..............................પરમ. ૧૨
નયણે વહે છે આંસુની ધાર, વિનતિ કરે છે નર ને નાર;
દર્શન દેશો કૃપાળ..............................પરમ. ૧૩
તુમ ભક્તિ સાચી ગુરૂરાયા, એક તમારી સાચી માયા;
ધન્ય પિતા તવ જાયા..............................પરમ. ૧૪
શ્રી ગુરૂ ભગવન્ આશિષ દેશો, બુદ્ધિસાગર ગુરૂ શાતામાં રહેશો;
સંદેશા શુભ કહેશો..............................પરમ. ૧૫

(૪૯)

શ્રી મોહનલાલજી મહારાજની ગુંહલી.

અલીસાહેલી જંગમતીરથ જોવા ઉભી રહેને.

મહાવ્રતધારી મોહનલાલજી મુનિવર જગ જયકારી.
સમતા સાગર ગંભીર ત્યાગી વૈરાગી ગુણકારી.
વાણી સાકર સમ બહુ મીઠી, કરી સંગત અનુભવથી દીઠી,
શીતલ અમૃત ગુણની વૃષ્ટિ........................મહાવ્રત. ૧
જેહની વાણીમાં રહી સિદ્ધિ, સેવા આપે બહુલી ઋદ્ધિ;
જેણે અલખ ફકીરાઇ લીધી........................મહાવ્રત. ૨
ભારતમાં કીર્તિ ફેલાઇ, મુંબાઈમાં ખ્યાતિ પાઇ;
મરૂધર ગુર્જર શોભા છાઈ........................મહાવ્રત. ૩
જિનશાસનની સેવા સારી, પ્રતિબોધ્યાં ભારત નરનારી;
નિઃસ્વાર્થી થયા બહુ ઉપકારી........................મહાવ્રત. ૪
નહીં ગચ્છ કદાગ્રહને મમતા, દુર્જન શત્રુ પર બહુ સમતા;
લયલીન બની આતમ રમતા........ ....મહાવ્રત. ૫
થયા મુનિ સવાઇ કેશરીયા, સમતાભાવે સંયમ વરિયા;
જે બહુલા જન તારી તરિયા........................મહાવ્રત. ૬
એવા મુનિ વંદો બહુ ભાવે, મુનિગુણ સ્મરતાં સંયમ આવે;
બુદ્ધિસાગરસૂરિ ગુણ ગાવે........................મહાવ્રત. ૭

---

(૫૦)

શ્રી વિજયલક્ષ્મી સૂરિની ગુંહલી.

ભવી તમે વદોરે ભગવતી. એ રાગ.

ભવિજન ભાવેરે વિજયલક્ષ્મી સૂરિવંદો,
ભાવે વંદીરે, કર્મ અનંત નિકંદો.
ઉપદેશપ્રાસાદિક રચી ગ્રંન્થો, નામ અમર નિજ કીધું;
વીશસ્થાનકની પૂજા રચીને, અનુભવ અમૃત પીધું. ભવિ. ૧
જૈનાગમજ્ઞાતા ગુણ દરિયા, ઓગણીશ શતકે થઇયા;
ગુર્જર દેશમાં ગિરૂઆ ગંભીર, ગુણ ગર્જતા રહિયા. ભવિ. ૨

દીપચંદ કવિ જેના રાગી, જીન શાસન સોહાયા;
બુદ્ધિસાગર સૂરિપદ વંદો, પ્રેમે પ્રણમો પાયા. ભવિ. ૩

---

(૫૧)

શ્રી અભયદેવસૂરિની ગુંહલી.

ભવિ તમે વંદોરે એ રાગ.

ભવિજન ભાવેરે, અભયદેવસૂરિ વંદો.
આગમ જ્ઞાનીરે, મુનિ વાચકસૂરિ ઇંદો,
નવ અંગોની વૃત્તિ કરીને, જગ આગમ પ્રસરાવ્યાં;
જેની ટીકાઓ વાંચીને, મુનિગણુ મન હરખાયાં. ભવિ. ૧
ચૈત્યવાસી શ્રીદ્રોણાચાર્ય, શોધી ટીકાઓ ભાવે;
મહાવીર પાટે મોટા ભકતો, ભક્તિરાગના દાવે. ભવિ. ૨
વર્તમાનમાં અભયદેવસૂરિ, ટીકાની શુભ સ્હાય;
બુદ્ધિસાગર સકલ સંઘને, ઉપકારી સૂરિરાય. ભવિ. ૩

---

(૫૨)

શ્રીમદ્ આનંદઘનજીની ગુંહલી.

અલીસાહેલી જંગમ તીરથ જોવા ઉભી રહેને. એ રાગ.

આતમજ્ઞાની આનન્દઘન જોગી, વંદો નરનારી,
પ્રખ્યાત થયા, સહુ દર્શનમાં, ખાખી અતિશયધારી.
જેના મન નહીં મ્હારૂં ત્હારૂં, સાચું તે માન્યું મન સારૂં,
આતમ સંયમમાં મન ધાર્યું...................... આતમ. ૧
નદી કાંઠે જંગલમાં વસિયા, શુદ્ધાતમના થઇયા રસિયા,
જે ધ્યાન સમાધિ ઉલ્લસિયા............... આતમ. ૨
સિદ્ધિયો પ્રગટી રહી સ્હામી, પણ સિદ્ધિના નહીં જે કામી;
નિશદિન રહેતા આતમરામી......................... આતમ. ૩
પહાડો ગુફામાં બહુ રહીઆ, શુદ્ધાતમ દર્શન જે લહીયા;
અધ્યાત્મમાર્ગવિષે વહિયા.......................... આતમ. ૪

વાચકજીએ સ્તવના કીધી, પામ્યા સંગત સમતા સિદ્ધિ;
ચોવીશી પદ આતમઋદ્ધિ.................................. આતમ. ૫
અવધૂત અલખ મુનિ અવતારી, ફકીરાઇ જેની સુખકયારી;
બુદ્ધિસાગર ગુરૂ જયકારી.................................... આતમ. ૬

---

(૫૩)

શ્રીજિનદત્ત સૂરિની ગુંહલી.

અલી સાહેલી એ રાગ.

જિનદત્તસૂરિ, જૈનધર્મ વૃદ્ધિ, કરનારા થઇ ગયા,
શાસન શોભાકારક જૈનો, નવા કરી શોભા લહ્યા;
જિનદત્તસૂરિ જગમાં દાદા, કહેવાયા ગુણગણધિ સાદા,
ધન્યધન્ય પિતાજી ને માતા................................ જિનદત્ત. ૧
જગમાં જિનશાસન અજવાળ્યું, ધર્મીજીવન સઘળું ગાળ્યું;
ઘટમાં પરમાતમ પદ ભાળ્યું............................ જિનદત્ત. ૨
ખરતરગચ્છે બહુ પંકાયા, દાદા ભારત સઘળે છાયા;
બુદ્ધિસાગરગુણી ગુણ ગાયા.......................... જિનદત્ત. ૩

---

(૫૪)

મંગલીક ગુંહલી.

ચાલો સહિયરો મંગલ ગાઇએ. એ રાગ.

વીર પ્રભુજી મંગલકારી, ઈચ્છિતના દેનારા રે;
ગુંહલી તેહની કરીએ ભાવે, દુઃખ રોગ હરનારા રે. મહાવીર. ૧
વીરપ્રભુના શિષ્ય સનૂરા, લબ્ધિના ભંડાર રે;
જેના નામે મંગલ પ્રગટે, ગિરૂવા ગુરૂ ગુણકારરે. મહાવીર. ૨
સુધર્માસ્વામી સુખકારી, જેની સંતતિ આજે રે;
વિદ્યમાન શાસન શોભાવે, ભારતમાંહિ છાજે રે. મહાવીર. ૩
ભદ્રબાહુ વજ્રસ્વામી, મુનિવર ઉમાસ્વાતિ રે;
શ્યામાચાર્ય હરિભદ્રજી, નિર્મળ જેની છાતી રે. મહાવીર. ૪

અરિહંત ને સિદ્ધાચાર્ય, વાચક મુનિ ઉપકારી રે;
બુદ્ધિસાગર મંગલ કરજો, ગાવે નરને નારી રે. મહાવીર. ૫

---

(૫૫)

શ્રીમદ્ મણિવિજયજીની ગુંહલી.

ચાલો સહિયરો મંગલ ગાઇએ. એ રાગ.

મણિવિજયજી તપસી દાદા, શાંત દાંત અનગારીરે;
સંવેગી શિરદાર પ્રભાવક, આનંદમય અવતારી રે. મણિ. ૧
દેહ છતાં પણ જેહ વિદેહી, મણિચંદ્રજી જેવા રે;
બુટેરાવજી જેની પાટે, સેવા સારે દેવા રે. મણિ. ૨
પરિવાર જેનો ભારતમાં, જૈનધર્મ દીપાવે રે;
વંદો ગાવો ભાવો ધ્યાવો, કર્મ કર્યાં દૂર જાવે રે. મણિ. ૩
સરલસ્વભાવી નિસ્પૃહ પ્રગટ્યા, તપાગચ્છમાં ધોરી રે;
બુદ્ધિસાગર ગુરૂ કરમાં છે, જિનશાસનની દોરી રે. મણિ. ૪

---

(૫૬)

શ્રી વીરદેશના ગુંહલી.

જ્ઞાનદર્શનને ચારિત્રમાં, સર્વયોગ સમાવેશ થાય. સુણો વીરદેશના;
જ્ઞાનયોગને ભક્તિ ઉપાસના, એક ફળવાળાં સમજાય. સુણો. ૧
ભૂત વર્તમાન ભાવિ ધર્મ સહુ, એક આતમના પર્યાય. સુણો.
જિનદર્શન સાગરમાં સહુ, અન્યદર્શન સરિતા સમાય. સુણો. ૨
જૈનધર્મ સમો નહીં ધર્મ છે, સર્વ વેદાન્તનું વેદાન્ત. સુણો.
અનેકાન્તનયે જે જાણતો, તેહ થાતો હૃદયમાં શાન્ત. સુણો. ૩
જૈનધર્મમાં વેદો સહુ રહ્યા, સર્વજ્ઞ કથ્યા સિદ્ધાન્ત. સુણો.
જૈનધર્મ પરમ સત્ય આતમા, જાણે આવે કર્મનો અંત. સુણો. ૪
મનથી પર પરમેશ્વર પ્રભુ, શુદ્ધાતમ સાધો ભવ્ય. સુણો.
બુદ્ધિસાગર આત્મસ્વભાવમાં, જાતાં સર્વ સમાઇ કર્તવ્ય. સુણો. ૫

---

(૫૭)

મહાવીર પ્રભુનો ઉપદેશ.

શ્રીથુલીભદ્ર મુનિમાંહિ શિરદાર જો. એ રાગ.

મહાવીર પ્રભુનો સુણજો જન ઉપદેશ જો,
જેથી નાસે જન્મ મરણના કલેશ જો;
મન માર્યા વણ મુક્તિ કોઇની નહીં થતી જો. ૧

આત્મજ્ઞાન સમ કોઈ ન મોટું જ્ઞાન જો,
આત્મજ્ઞાનના દાન સમું નહીં દાન જો;
આત્મજ્ઞાનથી જગમાં શાંતિ સંપજે રે. ૨

આત્મજ્ઞાન છે નિત્ય જીવન સુખકાર જો,
અજ્ઞાનાસક્તિ મૃત્યુ દુઃખકારજો,
ભય તે મૃત્યુ નિર્ભય જીવન જાણવું જો. ૩

વીર્યહીન નહિ આતમતત્ત્વને પામે જો,
આત્માર્પણ વણ ઠરે ન કોઇ ઠામે જો;
ભક્તિજ્ઞાનને યોગથકી શિવ સંપજે જો. ૪

એક એક યોગે આતમ અનન્ત જો,
અનન્ત સુખડાં પામ્યા થૈ ભગવંત જો;
દેશકાલ મર્યાદા છે નહીં ધર્મને જો. ૫

આતમ ધર્મવિષે સહુ ધર્મ સમાય જો,
આતમમાંહિ અનંતરસ પ્રગટાય જો;
આતમરસિયાને વિષયારસ નહીં ગમે જો. ૬

આતમ સાથે મન રમતું છે સ્વર્ગ જો,
મોહની સાથે મન રમતું છે નર્ક જો;
નિર્લેપી મન જલપંકજવત્ જાણવું જો. ૭

મુજમાં મન રાખીને નરને નાર જો,
કર્મ કરતાં વર્તે સ્વાધિકાર જો;
અંતે પામે મુજપદને ગુણ ગણવરી જો. ૮

પરમાર્થે જેની વપરાતી શક્તિ જો,
તે છે મ્હારો જગમાં સાચો ભક્ત જો;
ભય એહને ક્લેશ વિના કર્મો કરો જો. ૯
અબ્જોમાં પણ કોટિ મુજને જાણે જો,
કોટિમાંથી સેંકડો મનમાં આણે જો;
આણીને પણ પડે ન પાછા વિરલા જો. ૧૦
આતમ સત્તાએ પરમાતમ દેવ જો,
આતમમાં મન રાખી કરજો સેવ જો;
સહુને શક્તિ સરખી સિદ્ધ થવાતણી જો. ૧૧
કષાયવાસી મનડું છે સંસાર જો,
કષાયનાશથી મન મુક્તિ અવધાર જો;
સાક્ષીભાવે દેખે જાણે મુનિવરા જો. ૧૨
મુજ પર શ્રદ્ધાધારી ધરજો ધર્મ જો,
તેથી નરનારી ઝટ પામો શર્મ જો;
બુદ્ધિસાગર મહાવીર પ્રભુ વચનો ખરાં જો. ૧૩

---

(૫૮)

મહાવીર પ્રભુનો ઉપદેશ.

શ્રીસ્થુલભદ્ર મુનિવરમાંહી શિરદાર જો. એ રાગ.

મહાવીર ભાખે સુણો જગતના લોક જો;
જડમાં સુખડાં માની કરો ન શોક જો;
પાપપુણ્ય અનુસારે સુખ દુઃખ સંપજે જો. ૧
આપ કરે ને ભોગવે આતમ આપ જો,
શુભાશુભની સંસ્કારે છે છાપ જો;
કરશો સ્વયં વિચારો તેવા થશો તમે જો. ૨
આ ભવ કીધું પરભવ સાથે આવે જો,
કાલ અનાદિ કર્મ સંબંધ સ્વભાવે જો;
આત્મજ્ઞાન પ્રગટ્યાથી કર્મો સહુ ટળે જો. ૩

જડની વાંછા વણુ નહીં લાગે કર્મ જો,
આત્મ જ્ઞાનથી આત્મવિષે છે શર્મ જો;
અનંત સુખનો સાગર આતમ ધારજો જો. ૪
વિશ્વોન્નતિનું કારણુ આતમ જ્ઞાન જો,
દુનિયાની પડતીનું કારણુ માન જો;
રાગ દ્વેષના ક્ષયથી મુક્તિ સંપજે જો. ૫
સત્કર્મો કરજો જગમાં નર નારજો,
પકવજ્ઞાન પ્રગટે તેથી નિર્ધાર જો;
નિરૂદ્યમીને નિવૃત્તિ સુખ નહીં મળે જો. ૬
નિશ્ચય જેનો ક્યો ડગે સંસાર જો,
તેને જીવ્યાનો નહીં જગ અધિકાર જો;
મ્હારી શ્રદ્ધા રાખી કર્મો શુભ કરો જો. ૭
મુજપદ લેવા જીવે જે નર નાર જો,
મુજને મન સોંપી વર્તે સંસાર જો;
તેવા ભકતોનો, બેલી નિશ્ચય ધરો જો. ૮
મુજભકતોના ભકતોનો રખવાળ જો,
જેઓનું મારાપર બહુલું વ્હાલ જો;
તેવા ભકતો મુજ ગુણને વ્હેલા વરે જો. ૯
સહુ જીવોના મનનો દેખણુ હાર જો,
જગમાં છુપું કાંઈ નહીં તલભાર જો;
મુજ શિક્ષા અનુસારે વર્તે શિવ લહો જો. ૧૦
મારા ભકતો સંકટમાં ખૂબ પાકે જો,
સંકટને દુઃખમાંહિ લેશ ન થાકે જો;
ઉત્સવ સરખાં દુઃખડાં વેઠી મ્હને વરે જો. ૧૧
મારા જૈનો બને નહીં નામર્દ જો,
સુખી રહેતા સહી કર્મના દર્દ જો;
મુજ ભકતોના દાસોના દાસો બને જો. ૧૨
વીર પ્રભુનો સુણી એવો ઉપદેશ જો,

રાગ દ્વેષાદિક ટાળો સહુ ક્લેશ જો;
બુદ્ધિસાગર શિવપુર સુખમાં મ્હાલશો જો. ૧૩

(૫૯)

સત્યપ્રેમ.

ઓની રવિસાગર ગુરૂ વંદીએ.

જ્ઞાની ભક્ત ગુરૂ કહે પ્રેમનું, સત્યરૂપ સુણો નરનાર,
દેશકાલ વિષય બંધન નહીં, નહીં સ્વાર્થનો છાંટો લગાર,
સત્ય પ્રેમનું લક્ષણ સાંભળો. ૧
દેહ રૂપની ભોગેચ્છા નહીં, નામ કીર્તિની વાંચ્છા ન લેશ;
સ્થૂલ સૂક્ષ્મ પ્રકૃતિ સામ્યમાં, રાગવિષમતાએ ક્લેશ. સત્ય. ૨
મન વાણીને કાય યોગમાં, નરનારીનો સામ્ય સંબન્ધ;
શુદ્ધ પ્રેમ નહીં ત્યાં જાણીએ, માને પ્રેમ ત્યાં મૂઢને અન્ધ. સત્ય. ૩
પરસ્પર ઘડાયેલ કાયદા, વધુવરના વિચારાચાર;
તેહ નષ્ટ થતાં વિણશે અહો, એ તો ક્ષણિક પ્રેમ પ્રકાર. સત્ય. ૪
યુવાવસ્થામાં નરનારીને, કામાસક્તિનું બહુ જોર;
એહ કામનો ઉભરો જાણવો, જલપરપોટા સમ તોર. સત્ય. ૫
જડ ઇન્દ્રિયોના ગુલામમાં, સત્યપ્રેમ નહીં પ્રગટાય;
મનની પેલી પારે પ્રેમ જે, આત્મપ્રેમ તે સત્ય ગણાય. સત્ય. ૬
સત્યપ્રેમમાં પ્રતિબદલો નહીં, લીધો દીધો એ પ્રેમ ન હોય;
કર્યો બાંધ્યો એ પ્રેમ ન જાણવો, મન અનુસારે જે જોય. સત્ય. ૭
સાટે સાટાની જ્યાં વાંછના, મનમોજનું સાધન માત્ર;
જ્યાં સહેજે ન કર્તવ્યો થતાં, ત્યાં પ્રેમનું કો નહીં પાત્ર. સત્ય. ૮
બાહ્યધર્મ ભેદ ખેદ ક્લેશથી, દુઃખી વર્તે નરને નાર;
શુદ્ધ આત્મસ્વરૂપ ન ઓળખે, સત્ય પ્રેમ ન ત્યાં નિર્ધાર. સત્ય. ૯
જ્યાં આતમ આતમ ઓળખે, સહેજે આતમ આતમ મ્હાય;
ઉચ્ચ નીચનો ભેદ ન સ્વપ્નમાં, સહેજે થાતી પરસ્પર સ્હાય. સત્ય. ૧૦
જડપૂજકમાં નહીં પ્રેમ છે, પ્રેમી ચૈતન્યપૂજક થાય;
જડ વસ્તુ ભીખારીઓ બાપડા, પ્રેમનું સત્યરૂપ ન પાય. સત્ય. ૧૧

જડરાજ્યતણા ચક્રવર્તિઓ, સત્ય પ્રેમ વિના દુઃખ પાય;
આત્મરાજ્યના ભોગી જ્ઞાનીઓ, સત્યપ્રેમી બની સુખી થાય. સત્ય. ૧૨
પરમાર્થ કર્યામાં પ્રેમ છે, દેવગુરૂની ભક્તિમાં પ્રેમ;
આત્મવત્ સહુ એવું જાણીને, પ્રેમ કરવામાં છે રૂહેમ. સત્ય. ૧૩
પિંડ બ્રહ્માંડ ઐકય અનુભવે, આત્મવર્તનમાં છે પ્રેમ;
સત્ય વર્તનમાં મોહનાશથી, પ્રગટે છે પ્રેમનો નેમ. સત્ય. ૧૪
સત્ય પ્રેમને આતમ જ્ઞાનીઓ, પામે અંતર્ શુદ્ધિથી બેશ;
બુદ્ધિસાગર સદ્ગુરૂ પ્રેમીઓ, પામે નિત્યાનંદ હમેશ. સત્ય. ૧૫

---

(૬૦)

ઘરમાં સ્વર્ગ.

આવો આવો જશોદાના કંત. એ રાગ.

કહે સદ્ગુરૂ ઉત્તમ શીખ, દિલ અવધારો રે;
નિજ ઘેર કુટુંબનો પ્રેમ, નિશ્ચય ધારો રે. કહે. ૧
પતિ પત્નીનું શુભ ઐક્ય, થાય ન ગર્વ રે;
સ્વાશ્રય સંપને ઉદ્યોગ, ઘર તે સ્વર્ગ રે. કહે. ૨
માત પિતાને વૃદ્ધનું માન, વિનયથી સેવા રે;
જેના ઘરમાં વિવેક ને પ્રેમ, વસે તિહાં દેવા રે. કહે. ૩
ન્હાનાં મોટાં વૃદ્ધ ને બાળ, હળીમળી ચાલે રે,
કરે સહુ જન નિજનિજ કાર્ય, સ્હાયને આલે રે. કહે. ૪
એવા ઘરમાં લક્ષ્મીનો વાસ, શક્તિનો વાસ રે;
ખમી જાય પરસ્પર ભૂલ, નહીં ઉદાસ રે. કહે. ૫
ઘર કુટુંબના પ્રતિપાલની, શીખ માને રે;
નહીં વ્યસન અને વ્યભિચાર, તે સુખ માણે રે. કહે. ૬
હાનિકારક રીત રીવાજ, જ્યાં નહીં એકે રે,
તેવા ઘરની ચડતી થાય, વર્તે ટેકે રે. કહે. ૭
કદિ ઘરમાં નહીં કંકાસ, સંતોષ સાચો રે;
શિક્ષણ નીતિ ને શુભ રીતિ, સ્નેહ ન કાચો રે, કહે. ૮

ઘરમાં શ્રી વર્ગનું માન, બાળ સંભાળ રે;
આવક અનુસારે ખર્ચ, સુખી નર નાર રે. કહે. ૯
ફુટફાટ ન ઘરમાં થાય, પ્રમાણિક સર્વે રે;
સત્તા લક્ષ્મીથી જન કોઇ, રહે નહીં ગર્વે રે. કહે. ૧૦
મહાવીર પ્રભુની ભક્તિ, ઘરમાં સહાય રે;
થાય સાધુ સંતની સેવ, મન નિર્માય રે. કહે. ૧૧
દેશ કુટુંબ રાજ્ય સમાજ, સર્વ સુધારા રે;
જે ઘરમાં સર્વે બેશ, શુદ્ધ આચારા રે; કહે. ૧૨
નહીં ચોરીનું ઘર નામ, વચનો મીઠાં રે;
તેવાં ઘર છે સ્વર્ગ સમાન, વિરલા દીઠાં રે. કહે. ૧૩
અતિથિને આદરમાન, ગુરૂને માન રે;
નહીં સ્વાર્થની તાણાતાણ, ઘર છે વિમાન રે. કહે. ૧૪
શુદ્ધપ્રેમ ભરેલાં લોક, રહે ત્યાં શાન્તિ રે;
બુદ્ધિસાગર લક્ષ્મી લ્હેર, આનંદ કાન્તિ રે. કહે. ૧૫

---

(૬૧)

શ્રી મહાવીર પ્રભુના સંક્ષેપમાં પાંચ વધાવા.

પહેલો વધાવો—શ્રાવણ વરસે રે સુજની. એ રાગ.

મહાવીર પ્રભુનો રે વધાવો, પહેલો સંઘ સકળ મળી ગાવો;
ત્રીજે ભવેરે અરિહંત, કર્મ નિકાચ્યું તપ ગુણવંત. મ૦ ૧
દશમા સ્વર્ગથી રે ચવિયા, ત્રિશલાના ઉદરે અવતરિયા;
ભારત દેશે રે સોહે, ક્ષત્રિકુંડ સહુનાં મન મોહે. મ૦ ૨
ચઉદ સ્વપ્નો રે દેખે, ત્રિશલા માતા હર્ષ વિશેષે;
સ્વપ્નાં પતિને રે સુણાવે, પુત્ર હોશે એમ પતિ સમજાવે. મ૦ ૩
જોશી સ્વપ્નોનાં ફલ ભાખે, તીર્થંકર વા ચક્રી થાશે;
ત્રિશલા આનન્દે ઉભરાણી, બુદ્ધિસાગર હર્ષે ભરાણી. મ૦ ૪

---

(૬૨)

બીજો વધાવો મહાવીર જન્મ.

શ્રાવણ વરસે રે સુજની. એ રાગ.

ભારત દેશે રે સ્વામી, મહાવીર જન્મ્યા ગુણ વિશ્રામી;
ત્રણ ભુવનના રે દેવા, ચઉસઠ ઇન્દ્રો સુર કરે સેવા. ભારત. ૧
અનુપમ લીલાએ ગાત્રે, ચૈત્ર સુદિ તેરસની રાત્રે;
સુરપતિ ઉત્સવ રે કરતા, મેરૂપર જિનવરને ધરતા. ભારત. ૨
સ્નાન કરાવે રે પ્રેમે, ભક્તિએ નિજ કલ્પને નેમે;
પગ અંગુઠે રે દબાવી, કંપાવી મેરૂ સમભાવી. ભારત. ૩
ઇન્દ્ર સંશયને ભાગ્યો, અનંત શક્તિ મહિમા જાગ્યો;
માતા પાસે રે લાવે, પ્રભુ ખમાવી સ્વર્ગે જાવે. ભારત. ૪
ઉત્સવ મહોત્સવ રે થાવે, વર્ધમાન પ્રભુ નામને ઠાવે;
અનુક્રમ મોટા રે થાવે, યૌવનવય યશોદા પરણાવે. ભારત. ૫
ભોગો ભોગવતાં અભોગી, જલ પંકજવત્ નિર્મલ યોગી;
બુદ્ધિસાગર રે દીક્ષા, લેવાની મનમાં થઇ ઇચ્છા. ભારત. ૬

---

(૬૩)

દીક્ષા કલ્યાણુક ત્રીજો વધાવો.

માલણ ગુંથીલાવ ગુણીયલ ગજરો. એ રાગ.

થયા મહાવીર દેવ વૈરાગી, વિરતિ પરિણામે ત્યાગી;
શુદ્ધભાવના ઘટમાં જાગી. થયા. ૧
માગશર વદ દશમીએ દીક્ષા, દીધી મોહમાયાને શિક્ષા;
કરપાત્રે પ્રભુ લે ભીક્ષા. થયા. ૨
નિજ આતમમાં લયલીન, બાહ્ય ભાવમાં માની ન દીન;
શુદ્ધ ચિંતવતા રૂપ જિન. થયા. ૩
પરિષહ સહિયા દુઃખદાયી, પણ પ્રભુજી રહ્યા અકષાઈ;
ધર્મ શુકલમાં લય લાવી. થયા. ૪
શુભાશુભી રહ્યું નહીં ચિત્ત, સત્ય સમતા યોગે પવિત્ર;
બુદ્ધિસાગર વીરચરિત્ર. થયા. ૫

(૬૪)

ચોથો, કેવલ કલ્યાણક વધાવો.

ભવિ તમે વંદોરે સૂરીશ્વર ગચ્છરાયા. એ રાગ.

વૈશાખ સુદિ દશમી મહાવીરજીન, કેવલ જ્ઞાનને પામ્યા,
શુકલ ધ્યાને ઘાતિકર્મનો, નાશ કરી દુઃખ વામ્યા;
ભવિજન વંદોરે વીરજિનેશ્વર દેવા,
જગ પરમેશ્વર રે, સુર નરપશુ કરે સેવા. ૧
સમવસરણ દેવે રચિયું શુભ, ત્યાં મહાવીર વિરાજે;
જૈનધર્મની દેશના દેવે, મેઘપેરે ધ્વનિ ગાજે. ભવિ. ૨
ચોત્રીશ અતિશયે છાજે અર્હન્, વાણી ગુણ પાંત્રીશે;
દોષ અઢાર રહિત વીતરાગી, સત્યતત્ત્વ ઉપદેશે. ભવિ. ૩
સંઘ ચતુર્વિધ તીર્થને સ્થાપ્યું, ભારત દેશ ઉદ્ધરિયો;
ચોવીશમા તીર્થંકર છેલ્લા, અનંત ગુણનો દરિયો. ભવિ. ૪
એકાદશ ગણધર નિજપાટે, ગૌતમ આદિ થાપ્યા;
બુદ્ધિસાગર મહાવીર પ્રભુજી, ત્રણ્ય ભુવનમાં વ્યાપ્યા. ભવિ. ૫

---

(૬૫)

પાંચમો, નિર્વાણ કલ્યાણક વધાવો.

ભવિ તમે વંદો રે ભગવતી સૂત્રની વાણી એ રાગ.

આસો અમાવાસ્યા રાત્રે, પ્રભુજી મુક્તિ સધાયા.
દીપાળીનું પર્વ ત્યારથી, સુરપતિ કરે નરરાયા;
પ્રભુ વીર દેવા રે, દિલથી હો નહીં ન્યારા,
આતમરામી રે, નિશ્ચય છો મન પ્યારા. ૧
વીર વીર ચિંતવતાં ગૌતમ, કેવલ જ્ઞાનને પાયા;
વીર પ્રભુનો સંવત પ્રગટયો, ઉત્સવ મહોત્સવ થાયા. પ્રભુ. ૨
જૈનધર્મ જગમાં ફેલાવી, મહાવીર મુક્તિ સધાવ્યા;
ધન્ય ધન્ય વીર પ્રભુનું જીવન, ભકતોના મન ભાવ્યા. પ્રભુ. ૩

અતિ સંક્ષેપે પાંચ વધાવા, મહાવીર પ્રભુના ગાયા;
બુદ્ધિસાગર મહાવીર ગાતાં, જન્મ સફલ સમજાયા. પ્રભુ. ૪

---

(૬૬)

હિતશિક્ષાની ગુંહલી.

બેની પ્યારીરે મારી. એ રાગ.

બેનો સુણજો રે પ્રેમે, ગુરૂની હેત શિખામણ નેમે;
સંપી ઘરમાં રે રહીએ, કોને કડવાં વેણ ન કહીએ. બેનો. ૧
ઘરનાં કામો રે કરીએ, અરિહંત અંતરમાં સ્મરીએ.
કજીઆ કંકાસો ન કરીએ, સાગરવત્ ગંભીર થઇ ફરીએ. બેનો. ૨
કરીએ ગુરૂજનનું માન, સત્પાત્રે દઈએ નિત્યદાન;
પાપવિચારોને ત્યજીએ, પતિવ્રતાના ગુણને સજીએ. બેનો. ૩
દેવગુરૂને રે યજીએ, મનવાણીથી મહાવીર ભજીએ.
ધરીએ ધર્મની નીતિ, આચરીએ મહાજનની રીતિ. બેનો. ૪
ત્યજીએ કુલટાની યારી, તજીએ ફેશનની ફિશિયારી;
સંગત સારાની કરવી, દુર્જનની સંગત પરિહરવી. બેનો. ૫
મનમાં લઘુતા રે રાખો, પ્રાણ પડે પણ સાચું ભાખો;
રૂપે રંગેરે ન મ્હોશો, વ્યભિચારથી અંતે રોશો. બેનો. ૬
દુઃખ પડંતાંરે સહીએ, અંતે માન સકલનું લહીએ;
સહુના સારામાં ભાગ, ધરીએ મનમાંહિ ગુણરાગ. બેનો. ૭
ગુસ્સો પ્રકટયોરે સમાવો, દુષ્ટ વિચારો દૂર હઠાવો;
વદીએ મધુરી રે વાણી, વીરપ્રભુને મનમાં આણી. બેનો. ૮
કાચરકુચરરે ન ખાવું, કારણવણ પરઘેર ન જાવું;
કરીએ ગુરૂનીરે ભક્તિ, વ્રત ધરીએ જેવી મનશક્તિ. બેનો. ૯
કરણી પુણ્યની કીજે, સંતોની શુભ આશી લીજે;
બોલો તેવું રે પાળો, કરો ન નિજ આતમને કાળો. બેનો. ૧૦
રોગી દુઃખીની સહાય, કરીએ સેવા ધર્મ સહાય;
બાળક કેળવણીએ ભાવે, નિજ વર્તન બાળકમાં આવે. બેનો. ૧૧

વાણી વદીએ રે ન ખાલી, કદિ ન કરીએ ગાળાગાળી;
ખર્ચ નકામાંરે ન કરવાં, દુઃખદાયી વ્યસનો પરિહરવાં. બેનો. ૧૨
મનની ઉપર રે કાબુ, મૂકો મોટાં થઇ જયમ આબુ;
નિર્મલ ગંગાના જેવા, થઇએ આતમ સદ્ગુણ લેવા. બેનો. ૧૩
સાત્વિક પ્રેમીરે બનીએ, જૈનતત્ત્વને પ્રેમે ભણીએ;
બુદ્ધિસાગરરે ધર્મ, ધરીએ કરીએ સારાં કર્મ. બેનો. ૧૪

---

(૬૭)

જૈનોને ઉપદેશ.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને

પરમેશ્વર મહાવીર પ્રભુ જિનરાજજી,
જૈનોને ઉપદેશે સાચો ધર્મ જો;
બળ પ્રગટાવો સર્વ વિષયમાં ભાવથી,
મન વચ કાયાથી કરજો શુભ કર્મ જો. પરમેશ્વર. ૧

વિદ્યા બળ સત્તાની શક્તિયોવડે,
જગમાં જૈનો જય કરનારા થાય જો;
નિર્બલ જૈનો જગમાં જીવી નહીં શકે,
જીતે તે જગમાંહી જૈન ગણાય જો. પરમેશ્વર. ૨

મોજ મઝા વિષયોના દાસો જે બને,
જૈનોને આપે નહીં બળની સહાય જો;
તેવા જૈનો જગમાં જીવંતા નહીં,
પક્કા જૈનોની ચડતી જગ થાય જો. પરમેશ્વર. ૩

બાલલગ્નથી જૈનોની પડતી થતી,
વૃદ્ધ લગ્નથી જગમાં થાય અધર્મ જો;
દુષ્ટ પાપીને કન્યા નહીં પરણાવવી,
પરણાવ્યાથી અનન્ત પાપનાં કર્મ જો. પરમેશ્વર. ૪

જૈન મંત્ર વણ લગ્નાદિક કરવાં નહીં,
સમકિત લીધા વણ નહીં જૈન ગણાય જો;

મુજ ઉપદેશ્યા વ્યવહારે વર્ત્યાથકી,
જૈનો બળિયા નિશ્ચય જગમાં થાય જો. પરમેશ્વર. ૫

પ્રાણ પડે પણ જૈન ધર્મ છોડે નહીં,
અન્ય દેવની કરે નહીં મન આશ જો;
મારી શ્રદ્ધા પૂરણ જેના મન વસી,
તેવા જૈનો બને ન ક્યારે દાસ જો. પરમેશ્વર. ૬

સર્વ જાતનું જ્ઞાન કરે બહુ ભાવથી,
બાળક બાલિકાને આપે જ્ઞાન જો;
મુજ ભક્તોમાં મુજને દેખે ભાવથી,
તેવા જૈનો પામે જગમાં માન જો. પરમેશ્વર. ૭

આચાર્યો સાધુને મુજ સરખા ગણે,
દેશકાલ પ્રગતિનો જેહ ઉપાય જો;
આદરનારા જૈનોની ચડતી થતી,
જૈનો માટે જીવે કરતા સ્હાય જો. પરમેશ્વર. ૮

જૈનો માટે જૈનો જીવે જયકરા,
સર્વ સમર્પણ કરનારા ગુણ ધાર જો;
સંઘની સેવા મ્હારી સેવા જાણવી,
જાણે તે મુજ જૈનો છે નિર્ધાર જો. પરમેશ્વર. ૯

મુજ શ્રદ્ધાળુ જૈનો શિવપદ પામતા,
મુજ ભક્તો જગમાં સુખિયા નરનાર જો;
શ્રદ્ધા શસ્ત્ર ધરંતા હારે નહીં કદિ,
કલિકાલ શક્તિને આદરનાર જો. પરમેશ્વર. ૧૦

મુજને ભજનારાઓ મુજ શરણે રહ્યા,
ચંડાલો પણ મુજ પદને વરનાર જો;
બુદ્ધિસાગર વીર પ્રભુની વાણીએ,
જૈનો તારે ને નિશ્ચય તરનાર જો. પરમેશ્વર. ૧૧

(૬૮)

સદ્દગુરૂનો શિષ્યને ઉપદેશ.

ઓધવજી સંદેશો. એ રાગ.

શ્રી સદ્ગુરૂજી શિષ્યોને સમજાવતા,
ગુણ કર્મો શિષ્યોનાં ભાખે બેશજો.
ગુરૂની આજ્ઞા માને તે શિષ્યો ખરા,
પ્રેમે ગુરૂની સેવા કરે હમેશ જો. શ્રી. ૧

ગુરૂની ઇચ્છા જાણી તેને અનુસરે,
ગુરૂના કર્ત્તવ્યોમાં લેતા ભાગ જો;
તનધન લક્ષ્મી પ્રાણુ સમર્પણુને કરી,
ગુરૂ પર ધારે દિન દિન અધિકો રાગ જો. શ્રી. ૨

વિનય કરે સત્કારે રાખે નહીં મણા,
ગુરૂ માટે ઇચ્છાનો આપે ભોગજો.
ગુરૂથી છાનું રાખે નહીં મનમાં જરા,
ગુરૂ આજ્ઞાએ સાધે સર્વે યોગ જો. શ્રી. ૩

ગુરૂનું દિલડું છાયા થઈ પાસે રહે,
માન પૂજા નહીં ગુરૂથી ઇચ્છે ભિન્નજો,
સદ્ગુરૂમાં નિજ નામ રૂપના પ્રેમને,
પૂર્ણ સમાવી થાતો ગુરૂમાં લીન જો. શ્રી. ૪

છોકરવાદી સ્વચ્છંદી થઈ નહીં ફરે,
ઈચ્છે નહીં ગુરૂપ્રેમ કૃપા વણુ અન્ય જો.
ગુરૂની કડવી શિક્ષાઓ અમૃત સમી,
માની નિત્યે ગુરૂથી રહે અનન્ય જો. શ્રી. ૫

વ્હાલી ગુરૂની શ્રદ્ધા ભક્તિ ક્ષણુ ક્ષણે,
ગુરૂનાં કાજ કરીને મન હરખાય જો;
હનુમાનની પેઠે સેવક થઇ રહે,
ગુરૂનો મહિમા જ્યાં ત્યાં જગમાં ગાય જો. શ્રી. ૬

પાખંડીના ભરમાવ્યાથી નહીં ભમે,

ગુરૂની આગળ ખોલે દિલનું સર્વ જો;
ગુરૂની છાની વાતો બીજે ના કહે;
ગૌરવ પામી કરે ન કયારે ગર્વ જો. શ્રી. ૭

ગુરૂ કહે તે સારા માટે માનતો,
બુદ્ધિ કરતાં શ્રદ્ધા બહુ ધરનાર જો;
ગુરૂને આનંદ આપે વિનયે વર્તીને,
ધન્ય ધન્ય એવા શિષ્યો નરનાર જો. શ્રી. ૮

નિષ્કામી થૈ ગુરૂકુળમાં વાસો વસે,
ગુર્વાધીન મનડું તેને છે ધન્ય જો;
એવા શિષ્યોને સિદ્ધિયો સાંપડે,
અમર બને મરજીવા થઇ કૃતપુણ્ય જો. શ્રી. ૯

દુઃખ કરોડો સહીને ગુરૂ પાસે રહે,
સદ્દગુરૂવરને કરે નહીં નારાજ જો;
ઘટની પેઠે દુઃખો સહી ઉત્તમ બને,
રાખે આતમ કુલવટ કીર્તિ લાજ જો. શ્રી. ૧૦

ગુરૂ સલાહો લઇને સહુ કાર્યો કરે,
ગુરૂદ્રોહીનો કરે નહીં વિશ્વાસ જો;
ગુરૂને ગમે નહીં તેમાં તે નહીં પડે,
વીરપ્રભુ પદ પૂજ્યાની મન આશજો. શ્રી. ૧૧

ગુરૂ કૃપાએ સર્વ શકિતયો પામીને,
કર્મ યોગીઓ જ્ઞાની શિષ્યો થાય જો;
શિષ્યપણું કીધા વણ ગુરૂ કો નહીં બને,
કુદરતનો જગમાં છે સાચો ન્યાય જો. શ્રી. ૧૨

શિષ્ય થવું કરણીએ તે નહીં સ્હેલ છે,
પાત્ર બનો પહેલાં જગમાં નરનાર જો;
બુદ્ધિસાગર સંસ્કારી સમજે ખરૂં,
ગુણકર્મોને પ્રેમથકી ધરનાર જો. શ્રી. ૧૩

(૬૯)

સદ્ગુરૂનો પુત્રોને ઉપદેશ.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને, એ રાગ.

માત પિતાના પુત્રો સારા પાકજો,
કરશો કુટુંબ ઘરનો ઝટ ઉદ્ધાર જો;
માત પિતા ગુરૂજનને પાયે લાગજો,
મન વાણી કાયા કેળવજો સાર જો. માત. ૧

બ્રહ્મચર્યને પાળો ગુરૂકુળમાં વસી,
પચ્ચીસ વા વીશવર્ષની અવધિ ખાસ જો;
દેહવીર્યની રક્ષા વણુ નિર્બળ અને
શક્તિહીન રોગી બનશો જગદાસ જો. માત. ૨

વિદ્યાકાલે બાલલગ્નને નહિ કરો,
સર્વ જાતના રોગોનું જે ધામજો;
ધાર્મિક વ્યવહારિક કેળવણી ખંતથી,
સારી પેઠે ગ્રહી બનો ગુણઠામ જો. માત. ૩

સ્વચ્છંદી ઉદ્ધત બનશો નહીં બાયલા,
જન્મભૂમિનો ધરશો સાચો રાગ જો;
વિદ્યા લક્ષ્મી સત્તા મેળવશો સદા,
કરશો દુર્ગુણ કુટેવોનો ત્યાગ જો. માત. ૪

વિદ્યા ગુરૂના વિનયે વિદ્યા શીખજો,
કસરતની કેળવણી લેજો ભવ્ય જો;
મનપર કાબુ મૂકી સંયમ સેવશો.
કરશો કર્મો જગમાં શુભ કર્તવ્ય જો. માત. ૫

ફેશનની ફિશિયારીમાં ફસશો નહીં,
દેશ ધર્મના તજવા નહીં આચાર જો;
માતપિતાની આજ્ઞાને ચૂકો નહીં,
પોતાનો રાખો સારો વ્યવહારજો. માત. ૬

સત્યને વળગી રહેજો સાચા ભાવથી,
પ્રાણ પડે પણ કરો નહીં વ્યભિચારજો;
વીર પ્રભુને દિલમાં રાખી સહુ કરો,
બૂરી આસક્તિ ત્યજવી નિર્ધારજો. માત. ૭
દારૂ પાન કરો નહીં બનીને છાકટા,
માંસ કેફી વસ્તુથી રહેજો દૂરજો,
જૈનધર્મને પ્રાણ પડે નહીં મૂકવો,
ભકત દાની ને થાજો જગમાં શૂરજો. માત. ૮
વિદ્યાર્થી જીવન એળે નહીં ગાળજો,
જ્ઞાની યોગી થાજો ગુરૂના દાસજો;
ભેદ ખેદ ઇર્ષ્યા ભીતિને પરિહરી,
ધરજો દેવગુરૂનો મન વિશ્વાસજો. માત. ૯
માતપિતાને સ્વાર્થલગી જે સેવતા,
સ્વાર્થી પુત્રો પશુ જીવન ધરનારજો;
માતપિતાના મનને જે નહીં દુઃખવે,
માનવપુત્રોના સારા અવતારજો. માત. ૧૦
માતપિતાના મનને જે નહીં દુઃખવે,
દુઃખ પડે પણ કદિ ન કરતા ત્યાગજો;
દેવપુત્ર તે સાચા જગમાં જાણવા,
માતપિતાપર પ્રભુ સમ ધરવો રાગજો. માત. ૧૧
દેશ કોમ ને નાત જાતની ઉન્નતિ,
કરતા પુત્રો ધર્મ ધરીને બેશજો;
માતપિતાની સ્હામું બોલે નહીં કદા,
કરે ન સ્વાર્થે માત પિતાથી કલેશજો. માત. ૧૨
આત્મ ગુણો પ્રકટાવો સાચા પ્રેમથી,
મરજીવા થૈ કરજો સારાં કર્મજો;
બુદ્ધિસાગર માતપિતા ઉપકારને,
યાદ કરીને ધરજો અંગે ધર્મજો, માત. ૧૩

(૭૦)

જૈન લક્ષણ.

ચાલો સહિયરો મંગળ ગાઇએ. એ રાગ.

જૈન જગતમાં જાણો તેને, દુષ્ટોને જે જીતે રે;
જૈનોમાં જિનદેવ જુવેને, ચાલે કુલવટ રીતે રે. જૈન. ૧
મન વાણી કાયાને સબલાં, કેળવણીથી કરતો રે;
દુષ્ટ વાસનાઓને તાબે, કરી જગત સંચરતો રે. જૈન. ૨
દેશ કાલને જાણી વર્તે, જૈનધર્મ ફેલાવે રે;
વિદ્યા સત્તા લક્ષ્મી વૃદ્ધિ, કરતો નીતિ દાવે રે. જૈન. ૩
જૈન વિચારો ને આચારો, પાળે શ્રદ્ધા પ્રેમે રે;
શિરને સાટે ધર્મ ન ચૂકે, દિલમાં રહેતો રહેમે રે. જૈન. ૪
સર્વ કળાઓ યુક્તિ પ્રયુક્તિ, જાણી નહીં વંચાતો રે;
શુભ કર્મોને કરવા માટે, ભયથી નહીં ખંચાતો રે. જૈન. ૫
મહાવીર પ્રભુને પૂજે પ્રેમે, ધર્મ ગુરૂ દિલ ધારે રે,
જૈનોમાંહિ ભેદ ન ધારે, વ્યસનો દૂર નિવારે રે. જૈન. ૬
સંઘ સકલની સેવા સારે, સાત ક્ષેત્રને પોષે રે;
કુટુંબ રક્ષા વૃદ્ધિ કરતો, રહે ન ખાલી રોષે રે. જૈન. ૭
દેશોદય સામાજિક હિતમાં, આપે આતમ ભોગરે;
અન્યાયોને દૂર નિવારે, ધરતો સર્વે યોગરે. જૈન. ૮
જૈનધર્મનાં તત્ત્વો જાણે, શ્રદ્ધા પૂરણ રાખેરે;
સ્વાધિકારે કર્મો કરતો, જૂઠાં વેણ ન ભાખે રે. જૈન. ૯
યથાશક્તિ લીધાં વ્રત પાળે, મિથ્યા વ્હેમ નિવારેરે;
જૈનોને ખૂબ સ્હાય કરીને, ચડતીએ સંભાળેરે. જૈન. ૧૦
સંપ સાચવે જૈનો માંહી, જૈનો માટે જીવેરે;
અભક્ષ્યનું ભક્ષણ નહિ કરતો, દારૂને નહીં પીવેરે. જૈન. ૧૧
દેવગુરૂની સહે ન નિન્દા, ધર્મ્યકષાયો ધારેરે;
કહેણી જેવી રહેણી રાખે, નિજ કુળને અજવાળેરે. જૈન. ૧૨
દાનશીયલ તપ ભાવને ધારે, આતમતત્ત્વ વિચારેરે;
જૈન ગુરૂકુળ ઠામો ઠામે, સઘળે ધર્મ વધારેરે. જૈન. ૧૩

જંગમ સ્થાવર યાત્રા કરતો, સંઘ જમાડે ભાવેરે;
સ્પર્ધામાંહિ પડે ન પાછો, સર્વશક્તિ પ્રગટાવેરે. જૈન. ૧૪
મહાવીર મહાવીર જાપ જપંતો, કરતો નિશદિન કામોરે,
બુદ્ધિસાગર જૈનો એવા, પામે જય સુખ ઠામોરે. જૈન. ૧૫

---

(૭૧)

પતિવ્રતાના ગુણોની ગુંહલી.

સનેહી સંત એ ગિરિ સેવો. એ રાગ.

શ્રાવિકા શુભ લક્ષણવંતી, પત્નીવ્રત પાળે ગુણવંતી.
જગમાં સોહે જયવંતી, પતિવ્રતા નારીની બલિહારી;
જડ શોભા નહીં કરનારી .... પતિ. ૧
શીલનાં કંકણ ધરનારી, પ્રેમહાર હૃદય ધરનારી;
સેવા ઝાંઝર પગમાંહિ ધારી.... .... પતિ. ૨
પતિભક્તિની મોહનમાળા, સંયમ કટિભૂષણ પ્યારાં;
દયા વેઢ વીંટી છે રૂપાળાં .... પતિ. ૩
રૂડા હસ્ત શોભે દાતાર, કરે હાથે ઘણા ઉપકાર;
વાણી મીઠી અમૃતસાર .... પતિ. ૪
સાડી સમતાતણી અંગ સોહે, દેખી સજ્જનનાં મન મોહે;
ચિત્ત રાખે ન કયારે દ્રોહે .... પતિ. ૫
ગુણરાગનો કાંટો નાકે, ઋદ્ધિગૌરવથી નહીં છાકે;
શુભ કર્મો કરે નહિ થાકે.... .... પતિ. ૬
સત્ય સમ્યક્ત્વની ધરી ચોળી, પીતી અનુભવ રસને ઘોળી;
મોહે મુંઝે નહીં બની ભોળી.... .... પતિ. ૭
શુદ્ધ ચારિત્ર ચાંદલો ભાલે, વેણી વિવેકની શિર વાળે;
એક પતિવ્રત ચૂડલો ધારે... .... પતિ. ૮
સત્ય શ્રવણનાં કુંડલ કાને, જૂઠું સમજી પડે ન તોફાને,
સત્ય સમજે સદા જે સાને.... .... પતિ. ૯

વીર જાપનાં તંબોલ ચાવે, ન્યાયવૃત્તિનાં ભોજન ખાવે;
સમભાવે ઘરને ચલાવે .... પતિ. ૧૦
રૂપરંગથકી ન મુંઝાતી, બ્રહ્મચર્યથી શોભે છાતી;
ધારે દિલમાં ન કપટની કાતી .... પતિ. ૧૧
પેટમાં સહુ સાગર માય, આંખમાં શશિ સૂર્ય સુહાય;
તેના પેટે પ્રભુ જન્માય .... પતિ. ૧૨
મહીપેઠે ક્ષમા ગુણ ધારે, જ્ઞાન અગ્નિ હૃદયે પ્રજાળે;
સમતા જલ ચિત્ત પખાળે.... .... પતિ. ૧૩
વાયુ પેઠે સદા છે પવિત્ર, મોટી આકાશ પેઠે નિત્ય;
જોહુ ચંદ્રની પેઠે શાન્ત .... પતિ. ૧૪
નિષ્કામપણે સંચરંતી, સહુ કર્તવ્ય કર્મ કરંતી;
સહુ વિશ્વને તારી તરંતી .... પતિ. ૧૫
જેનો જૈન ધર્મ છે પ્રાણ, આત્મરૂપ વીર ભગવાન;
જેણીનું મન ભક્ત પ્રમાણ.... .... પતિ. ૧૬
એવી શ્રાવિકા સદ્ગુરૂ પાસે, આવે ભક્તિભાવ ઉલ્લાસે;
કરી વંદન આત્મ પ્રકાશે.... .... પતિ. ૧૭
આતમપતિ જ્યોતિએ જોતી, રાગ દ્વેષના પંકને ધોતી,
બોલ બોલે ખરે ગુણ મોતી .... પતિ. ૧૮
એવી માતાઓ દેવીઓ સારી, પ્રગટો જગમાં સુખકારી;
બુદ્ધિસાગર જગ હિતકારી.... .... પતિ. ૧૯

---

(૭૨)

પ્રભુ મહાવીરનો ગૃહવાસમાં યશોદાને ઉપદેશ.

શ્રી સ્થૂલિભદ્ર મુનિવરમાં શિરદાર જો. એ રાગ.

પત્ની ગુણવંતી દેવી યશોદા નારજો,
હિતશિક્ષા સાંભળજો ધરી મન પ્યાર જો;
જલપંકજવત્ ભોગોમાં રહેવું ઘટે જો. ૧
કાયાનાં લગ્નો છે કર્માધીન જો,

આત્માનાં લગ્નો છે ધર્માધીન જો;
આત્મિક રસ વણુ દેહ લગ્ન સુખ નહિ હિયે જો. ૨
આતમ આતમને વ્હાવો બહુ માન જો;
દેહરૂપમાં મોહ ન સાચું જ્ઞાન જો.
આત્મસ્વરૂપે પતિ પત્ની દર્શન ભલાં જો. ૩
સાકર મધુતા સાકરથી નહીં ભિન્નજો,
પતિપત્ની સાત્ત્વિક ઐકયે લયલીન જો;
અલૌકિક સેવા ભક્તિ મેળા ભલા જો; ૪
આત્મ આત્મનો થાય પરસ્પર મેળજો,
સ્વાર્થ વૃત્તિનો સ્વપ્નામાં નહીં ભેળજો;
કાયા છાયા પેઠે સાથી સર્વદા જો. ૫
જરા ન જૂદું જલથી મીન સુહાય જો,
આત્મરંગમાં જડનો મોહ વિલાય જો;
આત્મિકભાવે વિશ્વ ઐકય અનુભવો સદા જો. ૬
કર્મયોગિની નારીનો અવતાર જો,
મહાસતી ઉપકારિણી જયકાર જો;
આત્મદૃષ્ટિથી વહેશો ઘરનાં સૂત્રને જો. ૭
દેહ ચિત્તથી ન્યારો આતમરામ જો,
અનુભવી રહેજો તેમાં સુખ ધામ જો;
સર્વ તમારા અધિકારોને આદરો જો. ૮
જૈનધર્મનો કરવો વિશ્વોદ્ધાર જો,
જેથી વિશ્વોદ્ધાર બને સુખવાસ જો;
તીર્થંકર અવતારી પ્રભુ સંગી રહે જો. ૯
પત્નીના ગુણ કર્મો પાળ્યાં સર્વ જો,
કદિ ન કરતાં બાહ્ય વસ્તુનો ગર્વ જો;
ધન્ય તમારા સામ્યયોગને મહાસતી જો. ૧૦
મારી પાછળ આવો મુક્તિ પંથ જો,
રાગદ્વેષની છોડી નાખી ગ્રંથિ જો;
બુદ્ધિસાગર વીરવચનને ધન્ય છે જો. ૧૧

(૭૩)

શ્રી નંદિવર્ધન બંધુનો દીક્ષા વખતનો વીરપ્રભુને સંબોધ.

સનેહીસંત એ ગિરી સેવો. એ રાગ.

પ્રભુ મહાવીર બંધુ હમારા, મારા આત્મથકી પણ પ્યારા;
ધરી સંયમ રહો સુખકારા, પ્રભુ. ૧
ધરી ધ્યાન આતમ લયલાવી, શુકલ ભાવે કેવલ પ્રગટાવી;
પ્રભુ લેજો મુક્તિ મનાવી. પ્રભુ. ૨
પ્રભુ તુમવણુ લેશ ન ગમશે, ચઉદિશમાં ચિત્તડું ભમશે;
કોની સાથે આતમ મુજ રમશે. પ્રભુ. ૩
ઘર સ્મશાન જેવુંજ લાગે, ચિત્ત ચોરીગયા પ્રભુરાગે;
તમે વળીયાછો વૈરાગ્યે. પ્રભુ. ૪
મારૂં હૈડું ચરચર ચીરાતું, દુઃખ વિયોગનું ન સહાતું;
મ્હને જીવ્યું હવે ન જીવાતું. પ્રભુ. ૫
તુમ સંગે પ્રભુ જ્ઞાન પામ્યો, સમકિત શ્રદ્ધાએ જામ્યો;
મ્હને હતો તમ વિશ્રામો. પ્રભુ. ૬
તુમ સંગત વણુ સહુ ખારૂં, જડમાં કોઇ લાગે ન પ્યારૂં;
આવ્યું ઉદયમાં કર્મ નઠારૂં. પ્રભુ. ૭
તુમ વચનામૃત ખૂબ પીધું, તેથી કાર્ય ખરે મુજ સિધ્યું;
હવે ક્રૂરપણું કેમ કીધું. પ્રભુ. ૮
વિશ્વોદ્ધારને માટે ત્યાગી, થયા અંતરથી વૈરાગી;
તમને આતમમાં લય લાગી. પ્રભુ. ૯
વીર !!! વીર !!! ઓ વ્હાલા બંધુ, જગ પાલક કરૂણાસિંધુ.
આવું કાજ અરે કેમ કીધું. પ્રભુ. ૧૦
નંદિવર્ધન તમારો ભાઇ, સાચવશો પ્રેમે સગાઇ;
સંભારશો યાદી લાઇ. પ્રભુ ૧૧
થઇ કેવલી અહીં સંચરશો, ઉપકૃત તવ બંધુને કરશો;
તમને કોઇ વિઘ્ન ન નડશો. પ્રભુ. ૧૨
મહાવીર પ્રભુ વર્ધમાન, હુંતો ગાઇશ તુમ ગુણ ગાન;
મહાવીર પ્રભુ ભગવાન્. પ્રભુ. ૧૩

છેલ્લા તીર્થંકર મહાવીર, સર્વ દેવોતણા પતિ ધીર;
ગુણસાગર છો ગંભીર. પ્રભુ. ૧૪
બની સર્વજ્ઞ આવશો ઘેરે, પરમાનન્દ પદની લ્હેરે;
પૂર્ણાનન્દ સુખના ચ્હેરે. પ્રભુ. ૧૫
વીરવળીયા વનની વાટે, નંદિવર્ધન ઘરની વાટે;
જ્ઞાન મળતું જ્ઞાનિના હાટે. પ્રભુ. ૧૬
વીરકાઉસગ્ગ ધ્યાને રહંતા, નંદિવર્ધન યાદ કરંતા;
બુદ્ધિસાગર વીર મળંતા. પ્રભુ. ૧૭

---

(૭૪)

પત્ની યશોદાની પ્રભુ મહાવીર પ્રતિ વિજ્ઞપ્તિ.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને એ રાગ.

ધન્ય ધન્ય મહાવીર પ્રભુ પરમેશ્વરા,
વિશ્વવ્યાપી મહિમા તવ અપરંપાર જો;
આત્મસ્વરૂપી જૈનધર્મ શિખવ્યો ભલો,
શુદ્ધ પ્રેમના ઉપદેશક જયકાર જો. ધન્ય. ૧

પરમાતમ તીર્થંકર જગ ઉદ્ધારવા,
નિશ્ચય છેલ્લો ચોવીશમો અવતાર જો;
મારા મનમાં શુદ્ધાતમ તું એક છે,
જગજીવન અન્તર્યામી આધાર જો. ધન્ય. ૨

ગૃહાવાસમાં પરમાદર્શ પ્રભુ સદા,
કીધો મારા આતમનો ઉદ્ધાર જો;
મનવાણી કાયાથી તુજ પ્રેમી બની,
ભવોભવમાંહિ પતિ પ્રભુ નિર્ધાર જો. ધન્ય. ૩

અનેક હિંસાયજ્ઞો થાતા વારતા,
ઉત્તમ ચારિત્રી કીધાં નર નાર જો;
દયા તત્ત્વને ભારતમાં ફેલાવવા,
ઉપદેશો દીધા ત્હેં જગમાં સાર જો. ધન્ય. ૪

દીક્ષા લેઇને આતમ ગુણ પ્રકટાવવા,
દેહાધ્યાસ તજ્યો અંતર અભિમાન જો;
કેવલજ્ઞાની થઇને જગમાં વિચરો,
સુરનર સેવા કરે અતિશય માન જો. ધન્ય. ૫
મારી વિજ્ઞપ્તિ પરમાતમ સાંભળો,
કૃપા કરીને તારો મુજને નાથ જો;
દ્રવ્યભાવથી પતિ પ્રભુ છો માહ્યરા,
હેતે તારો ઝાલીને મુજ હાથ જો. ધન્ય. ૬
પત્નીને પતિવણ નહીં બીજો આશરો,
પ્રભુ તમારી સેવા ભક્તિ ધ્યાન જો;
વીર વીરમય તુજ પ્રેમે સહુ જગ બન્યું.
શુદ્ધ પ્રેમમાં ભાસે તું ભગવાન્ જો. ધન્ય. ૭
દેહ પતિ તો અનંત ભવમાં થઇ ગયા,
આત્મપતિ શ્રી વીર વિભુ જગ એકજો;
મારા રોમે રોમે તું વ્યાપક બન્યો,
તુજને ભજવા જપવાની છે ટેક જો. ધન્ય. ૮
દુનિયા માંહિ તુજસમ કોઇ પ્રભુ નહીં,
કોટિ માનવ તાર્યા દઇ ઉપદેશ જો;
સ્વર્ગસમું આ ભારતને ગુણથી કર્યું,
મનવાણી કાયાના ટાળ્યા કલેશ જો. ધન્ય. ૯
ભવ મુક્તિમાં સમભાવે મનડું થયું,
પ્રેમે પરિણામી તુજમાં ગુણધામ જો,
તુમવણ પ્રેમ ન કોઇ વાતે ઉપજે,
સ્વાર્પણ તુજને કરી બની સુખ ઠામ જો. ધન્ય. ૧૦
મુજ સ્વરૂપી ભાસ્યો તું શુદ્ધાતમા,
તું તું કરતાં થઇ તમારા રૂપ જો;
બુદ્ધિસાગર સતી યશોદા વીનતિ,
કરતાં ભક્તિથી થઇ એક સ્વરૂપ જો. ધન્ય. ૧૧

---

(૭૫)

પ્રભુ મહાવીરનો ચંડકૌશિક સર્પને ઉપદેશ.

વૈદર્ભી વનમાં વળવલે. એ રાગ.

બુજ !!! બુજ ! ચંડ કોશિયા, વીરપ્રભુજી દે બોધ;
ક્રોધે થયો ચંડકોશિયો, હવે ત્યાગી દે ક્રોધ. બુજ. ૧
કોટિ વર્ષ તપ જે કર્યું, થાય ક્રોધે તે ફોક;
મુજને ડસે શા કારણે, ક્રોધ પ્રગટયો રે રોક. બુજ. ૨
ક્રોધ સમું વિષ કો નહીં, ક્રોધે કર્મના બન્ધ;
અવતાર ઝેરીના સાંપડે, ક્રોધી દેખતો અન્ધ. બુજ. ૩
મન વાણી કાયામાં ઝેરની, ક્રોધે પ્રકટેરે જ્વાલ;
મિત્રાને શત્રુ કરે, કર !!! કૌશિયા ખ્યાલ. બુજ. ૪
પૂર્વભવે તું મુનિ હતો, સાધુ ગણ શિરદાર;
કોપ કરી મરી દુર્ગતિ, પામ્યો અહિં અવતાર. બુજ. ૫
ઝેર અસર કરે નહીં મને, જોને પ્રત્યક્ષ દેહ,
કરૂણા આવે તુજ ઉપરે, ધર સમતાને સ્નેહ. બુજ. ૬
કૃષ્ણ શરીર કર્મે થયું, તું તો દેહથી ભિન્ન;
દેહાધ્યાસને ત્યાગીને, થા તું આતમ લીન. બુજ. ૭
કર્મવશે સહુ જીવડા, લાખ ચોરાશીમાંહિ;
ભટકે દુઃખડાં પામતા, સુખ પામે ન કયાંહિ. બુજ. ૮
કર્મ વધાર ન કોશિયા, લાવ સમતા ભાવ;
સમતાએ કર્મ ટળે ઘણાં, હજી હાથમાં દાવ. બુજ. ૯
મુજ સમ આતમ તાહરો, ફક્ત કર્મે છે ભેદ;
આત્મોપયોગી થયા થકી, રહે ભવના ન ખેદ. બુજ. ૧૦
મન વાણી કાયાથકી, પાપ કર્મને રોધ;
શરીર વિણસે તોય તું, નિજ આતમ શોધ. બુજ. ૧૧
મહાવીર વચને બુઝીયો, ચંડ કોશિયો નાગ;
વીર શરણ અંગીકર્યું, છંડયો દેહનો રાગ–
વીર વચનથી બુઝીયો. ૧૨

અણુસણુ કીધું વીરની, સાખે સમતાએ બેશ;
ઉપસર્ગો સહ્યા આવિયા, ટાળ્યા મનના કલેશ. વીર. ૧૩
વીર સમક્ષ નિજાતમા, ભાવી ભાવના બેશ;
મૃત્યુ પામી થયો દેવતા, સુખ પામ્યો હમેશ. વીર. ૧૪
દેવલોકથી આવિયો, પ્રભુ વંદવા કાજ;
પ્રભુ ભક્તિ કરી દેવ તે, પામ્યો સુખ સામ્રાજ્ય. વીર. ૧૫
ધન્ય ધન્ય મહાવીરને, ધન્ય કોશિયો નાગ;
બુદ્ધિસાગર બોધથી, સાચો પ્રકટે છે ત્યાગ. વીર. ૧૬

---

(૭૬)

પ્રભુ મહાવીરનાં યશોદાદેવી સાથે લગ્ન.

બેની રવિસાગર ગુરૂ વંદીએ. એ રાગ.

પરણે જગજીવન વીર જીન, દેવી યશોદા સાથે લગન;
જોડી બેની ન જોતાં જગજડે, દેખી વિશ્વ બન્યું છે મગન. પરણે. ૧
બેની કાયા સુવર્ણ જેવી શોભતી, પ્રભુપત્નીનાં ચિત્ત છે એક;
ગુણુકર્મ બન્નેનાં સારીખાં, પ્રગટયો બન્નેમાં વિવેક. પરણે. ૨
ત્રણ જ્ઞાની મહાવીર જગપતિ, ભોગાવલિ કર્મના યોગ;
ગૃહાશ્રમને માંડે વિવેકથી, છૂટે પ્રારબ્ધના નહીં ભોગ. પરણે. ૩
બન્ને પક્ષમાં ગોરીઓ ગાવતી, પ્રભુ મહાવીરનાં કરે ગાન;
સતી યશોદા મનમાં હરખતી, મળ્યા પુણ્ય યોગે ભગવાન્. પરણે. ૪
કાયલગ્ન ને આતમ લગ્નના, ચોરીમાંહિ મંત્ર ભણાય;
ભાનુ કોટિ તેજે પ્રભુ ઝળહળે, ગાય વેદો જેનો મહિમાય. પરણે. ૫
દેવદેવીઓ લગ્નમાં આવીયાં, આવ્યા નવગ્રહો દિક્પાલ;
વરવધૂનાં લેતાં લૂછણાં, ગાવે પ્રેમથી મંગલમાલ. પરણે. ૬
દેવતાઈ વાજાં નભ ગડગડે, વાગે છત્રીશ જાતનાં વાદ્ય;
આવ્યા નરપતિ ભારત રાજવી, પ્રગટયા બહુ મંગલ નાદ. પરણે. ૭
હસ્તમેલાપ બન્નેના થયા, પ્રગટયા આનન્દ કલ્લોલ;
થયાં અનેક જાતિનાં ભેટણાં, જેનાં જગમાં થાતાં ન તોલ. પરણે. ૮

લોકોત્તર અનુત્તર સોહે દંપતી, પૂર્ણ વિશુદ્ધ બન્નેનો પ્રેમ;
યોગ્ય વયે લગન થયાં ધર્મીનાં, જેના મનમાં અનંતી રહેમ. પરણે. ૯
દાન યાચક લોકને આપિયાં, બન્ને પક્ષમાં જમણો થાય;
મળે બન્ને આતમ હર્ષથી, બન્ને અન્તર્ આત્મા સુહાય. પરણે. ૧૦
જ્ઞાનદર્શન ચારિત્રમય પ્રભુ, યશોદા ગુણ ઝલકે જ્યોત;
થયા આતમ તન્મય યોગથી, થયો વિશ્વમાં સઘળે ઉદ્યોત. પરણે. ૧૧
વીરમાંહિ યશોદા સમાઇને, યશોદા દિલમાં વીરદેવ;
પરણ્યો અવતારી જગધણી, જેની સારે સુરપતિસેવ. પરણે. ૧૨
પ્રભુ વીરસમો નહીં કો પતિ, પત્ની યશોદા જેવી ન નાર;
બુદ્ધિસાગર દ્રવ્યને ભાવથી, ધન્ય દંપતીના અવતાર. પરણે. ૧૩

---

(૭૭)

પ્રભુ મહાવીરે માતા પિતાને આપેલો ઉપદેશ.

આવો આવો યશોદાના કંત. એ રાગ.

સુણો પિતા સિદ્ધાર્થ નરિંદ, ત્રિશલા માતારે;
જૂઠી માયાની જંજાળ, મળે નહીં શાતારે. સુણો. ૧
સંસારે સાર છે ધર્મ, આતમ રાયારે;
ચંચળ પુદ્ગલની બાજી, રહે નહીં કાયારે. સુણો. ૨
જૈન ધર્મને સાધો નિત્ય, દ્રવ્યને ભાવે રે.
જેથી નાસે અનંતાં કર્મ, મુક્તતા થાવે રે. સુણો. ૩
તમે સદ્ગુણીને દાતાર, શીયલવંતાં રે;
ચેતન પૂજક નિર્લોભ, સત્ય વદંતાં રે. સુણો. ૪
ધર્યાં શ્રાવકનાં વ્રત બાર, જગ ઉપકારી રે;
ધરો શુદ્ધાતમ ઉપયોગ, વૈરાગ્ય ધારી રે. સુણો. ૫
સાધુસંતની કીધી સેવ, દીધાં દાનો રે;
અરિહંતનાં પૂજક બેશ, ખપ ન કશાનોરે. સુણો. ૬
અરિહંત જિનેશ્વર દેવ, જાપને જપવો રે;
કરવાં કામો નિષ્કામ, ભાવને ગ્રહવો રે. સુણો. ૭

તુમ પાછળ સંયમ લેઇ, વિશ્વોદ્ધાર રે;
કરવાને તીર્થ પ્રકાશ-છે અવતાર રે. સુણો. ૮
તમે જીવોછો ત્યાં સુધી, દીક્ષા ન લેશું રે;
પછી ચારિત્ર લેઈ ધર્મ, ઉપદેશ દેશું રે. સુણો. ૯
વસ્ત્ર પેઠે દેહ છે એહ, સાથે ન આવે રે;
જીવો માયામાં ભરાઇ, દુઃખડાં પાવે રે. સુણો. ૧૦
કાયા મનથી આતમ ભિન્ન, ચિદાનન્દ ધામો રે;
શુદ્ધ ગુણ પર્યાયાધાર, આતમરામો રે. સુણો. ૧૧
રાખો આતમમાંહિ દૃષ્ટિ, ધર્મ સ્વભાવે રે;
પુણ્ય પાપથી ભિન્ન છે આત્મ, નિત્ય સુહાવે રે. સુણો. ૧૨
મહાવીર પ્રભુનાં વેણ, સુણી હરખાયાં રે;
સિદ્ધાર્થને ત્રિશલામાત, ભાવના ભાવ્યાં રે. સુણો. ૧૩
આતમમાંહિ જૈનધર્મ, ગુણપર્યાયે રે;
નિશ્ચયથી વાળી દૃષ્ટિ, ઉપયોગ ભાવે રે. સુણો. ૧૪
મહાવીર પ્રભુ ભગવાન્, નિશ્ચય જાણ્યા રે;
બુદ્ધિસાગર નય વ્યવહાર, યોગે પ્રમાણ્યા રે. સુણો. ૧૫

---

(૭૮)

પ્રભુ મહાવીરનો ગૃહવાસ.

આવો આવો યશોદાના કંત. એ રાગ.

મહાવીર ગૃહસ્થાવાસ, ગુણથી ભરેલો રે;
ત્રણ્યજ્ઞાની આતમરાય, સમતા ઠરેલો રે. મહાવીર. ૧
દયા દાન સહનતા શીલ, વૈરાગ્ય પૂરો રે;
જેનો નિશ્ચય પૂરણ ત્યાગ, તપ ગુણ શૂરો રે. મહાવીર. ૨
માત પિતાનો વિનય અપાર, હર્ષ અપાર રે;
ભાઈ સાથે જ્ઞાનની ગોષ્ઠી, શુભ આચાર રે. મહાવીર. ૩
દુઃખી યાચકજનને દાન, નિત્ય અપાતું રે;
જેની શુભ વાતોમાં સ્વર્ગ, રૂડું સુહાતું રે. મહાવીર. ૪

કુટુંબમાં સંપને સુખ, મૈત્રી ભાવ રે;
દાન શીયલ તપને ભાવ, સમતા દાવ રે. મહાવીર. ૫
બન્યું કુટુંબ સ્વર્ગ સમાન, દુઃખ ન કલેશ રે;
વિદ્યા સત્તાને ધનમાન, રૂડા વેષ રે. મહાવીર. ૬
સેવે ભારત રાજા પુત્ર, વીર પ્રભુને રે;
નહીં દુર્ગુણ દુષ્ટ કષાય, વીર વિભુને રે. મહાવીર. ૭
ઉત્તમ વૈરાગ્યને પ્રેમ, શક્તિ અનંતી રે;
શશી સૂરજ કરતા આરતી, ગુણવંતી રે. મહાવીર. ૮
કરે માત પિતાની સેવ, નિષ્કામ યોગી રે;
બાહ્યથી ભોગવતા ભોગ, પણ નહીં ભોગી રે. મહાવીર. ૯
ટાળે હિંસા યજ્ઞો ખૂબ, ભારત થાતા રે;
ઇન્દ્રાદિક મહાવીર દેવ–ના ગુણ ગાતા રે. મહાવીર. ૧૦
પાસે આવેલા ભવ્યલોકને, શીખ આપે રે;
રોગીના ટાળે રોગ, દુઃખને કાપે રે. મહાવીર. ૧૧
કરે મિત્રોને ગુણધામ, પૂરા ન્યાયી રે;
નિજ ભકતોના ભગવાન્, પૂર્ણ સહાયી રે. મહાવીર. ૧૨
જૈનધર્મનો પૂર્ણ પ્રકાશ, વિશ્વમાં કરવા રે;
અજ્ઞાનને મોહવિકાર, દુઃખડાં હરવા રે. મહાવીર. ૧૩
પ્રગટયો પૂરણ અવતાર, વીરનો સાચો રે;
ગૃહાવાસ બન્યો ગુણકાર, પ્રભુ ગુણ રાચો રે. મહાવીર ૧૪
જલપંકજ પેઠે ભોગ–માં, વીર યોગી રે;
બુદ્ધિસાગર શ્રી મહાવીર, ભાવ સંયોગી રે. મહાવીર. ૧૫

---

(૭૯)

સાધુ દીક્ષાની ગુંહલી.

અલી સાહેલી. એ રાગ.

ઓ મુનિવરજી સંજમ દીક્ષા લઇને શિવપુર મ્હાલ જો,
સિંહ કેશરીયા થઈને મોહ વિદારી આતમ તાર જો;
ગુરૂઆજ્ઞામાં રહી સંચરજો, ચંચળ મનડું વશમાં કર જો,

સમતા રાખી દુઃખડાં હરજો. ઓ મુનિવરજી. ૧
વિષયો સહુ ઝેરસમા ગણજો, પ્રકટંતો કામ અરિ હણજો;
ગુરૂ વિનયે આગમ સૌ ભણજો. ઓ મુનિવરજી. ૨
સંજમ છે જગમાં સુખકારી, ધરી પંચમહાવ્રત ગુણકારી;
તજી દુઃખકારી દુનિયાદારી. ઓ મુનિવરજી. ૩
ઉપસર્ગ પરિષહ સહુ સહેજો,આતમ ગુણમાં રમતા રહેજો;
જ્ઞાની થઇ સિદ્ધાંતો કહેજો. ઓ મુનિવરજી. ૪
ઉપકારી થૈ કૂળ અજવાળી, આતમ ગુણમાં મનડું વાળી;
પ્રખ્યાત થજો જગ ગુણશાળી. ઓ મુનિવરજી. ૫
ગુરૂધર્મ દીપાવો વૈરાગી, મહાવીર પ્રભુ પેઠે ત્યાગી;
બનો ગૌતમ પેઠે સોભાગી. ઓ મુનિવરજી. ૬
તમે દેશ નગરકૂળ અજવાળ્યું, ગણીને સંજમ મનમાં વહાલું;
તમે બનજો ભવસાગર તારૂ. ઓ મુનિવરજી. ૭
જીનશાશનની સેવા કરજો, બહુ ભવ્ય જીવોને ઉદ્ધરજો;
ભવસાગરને વેગે તરજો. ઓ મુનિવરજી. ૮
સહુ સંઘ કહે ઉત્તમ થાજો, પગલે પગલે મંગલ પાજો;
ગંભીર થઇ ધરજો ગુણ માઝો. ઓ મુનિવરજી. ૯
ગુરૂ આશીર્વાદો શુભ ફલજો, દિન દિન સારી વેળા વળજો;
સત્સંગી મેળા બહુ મળજો. ઓ મુનિવરજી. ૧૦
ગુરૂકુળવાસી થઈ શુભ આશી, ગુરૂની લેજો થઈ વિશ્વાસી;
બુદ્ધિસાગર ગુરૂપદવાસી. ઓ મુનિવરજી. ૧૧

---

(૮૦)

મહાવીર પ્રભુનો આશ્રય.

મન મંદિરે આવોરે, કહું એક વાતલડી. એ રાગ.

મન મંદિરે વસિયારે, મહાવીર જયકારી.
વર્ધમાન જિનેશ્વરરે, સદા મુજ ઉપકારી. મન. ૧
સર્વદર્શન શોધ્યાંરે, ભમ્યો જગ બહુ ઠામે;
મહાવીર મળતાંરે, ઠરી બેઠો હામે. મન. ૨

દેવદેવીઓ દીઠાંરે, નહીં કોઈ વીર તોલે;
મનમસ્ત બન્યોછુંરે, પ્રભુ અમૃત બોલે. મન. ૩

દુનિયાની ન પરવારે, નથી વપુની મમતા;
મહાવીરના શરણે રે, હૃદય પ્રગટી સમતા. મન. ૪

મ્હારા મનમાં તનમાંરે, મહાવીર જિનભરિયા;
બાહ્ય આન્તર જ્યોતેરે, મહાવીર છો દરિયા. મન. ૫

જગજીવન સ્વામીરે, મળ્યા એક વિશ્રામી;
ઈચ્છું પ્રીચ્છું ન બીજુંરે, અનંતા છો નામી. મન. ૬

હાથ ઝાલ્યો તમારોરે, વર્યા મેં નિર્ધારી;
તવધર્મ સ્વીકાર્યોરે, નિશ્ચય નિર્ધારી. મન. ૭

ધાતોધાત રંગાણીરે, મહાવીર તુજપ્રેમે;
દેહભાન ન રહેતુંરે, રહયો એક તુજ નેમે. મન. ૮

નહીં પુદ્ગલ ઈચ્છારે, હૃદય મુજ તું વસિયો;
પૂર્ણ શુદ્ધોપયોગીરે, કે નિરખી ઉલ્લસિયો. મન. ૯

હવે રહિયો ન ભેદરે, અભેદે રહ્યા પ્રેમે;
ભવમુક્તિમાં સમતારે, સદા આતમ ક્ષેમે. મન. ૧૦

તમવણ નહીં બીજુંરે, દૃષ્ટિથી દેખાતું;
પરબ્રહ્મ પરાતમરે, પ્રભુરૂપ પરખાતું. મન. ૧૧

હવે ઉઘાડું ખોલુંરે, રહ્યું નહીં કો છાનું;
પૂર્ણપ્રેમથી પરખ્યારે, પડયું તુજથી પાનું. મન. ૧૨

વીરવીર જપંતાંરે, રહ્યો તુજ ગુણ ગાતો;
માગવાનું ન રહિયું રે, સગો તુજથી નાતો. મન. ૧૩

મન દેહના ફેરારે, નથી તુજમાં ભળતાં;
નથી ભયને આસક્તિ રે, મહાવીરથી મળતાં. મન. ૧૪

એક અનેક રૂપેરે, ચિદાનંદ છો ન્યારા;
બુદ્ધિસાગર બળિયારે, આનન્દ આધારા. મન. ૧૫

(૮૧)

પ્રભુ મહાવીર ભક્ત લક્ષણ.

ચોપાઇ.

મહાવીર જિનેશ્વર ભક્ત, હોય ન સંસારે આસક્ત;
મનજીતીને બનતો જૈન, દુઃખ પડતાં ધરે ન દૈન્ય. ૧
શ્વાસોચ્છ્વાસે વીરનું નામ, જપતો કરતો સર્વે કામ;
મનમાં વીરપ્રભુ વિશ્વાસ, બીજી મનનાં ધરે ન આશ. ૨
પરબ્રહ્મ પરમાતમ દેવ, વીર પ્રભુની નિત્યે સેવ;
જગમાં વીર પ્રભુ મહિમાય, દેખીને ભાવે ગુણગાય. ૩
જીભે વીર પ્રભુને હેત, પ્રાપ્તિ વીરપ્રભુ સંકેત;
મન વાણી કાયામાં વીર, ધારી રાખે દુઃખે ધીર. ૪
મરવામાં નહીં ભીતિ થાય, જીવનમાં નહીં હર્ષ જણાય;
આતમ ભાવે જીવન બેશ, ધરતો ટાળે મનના ક્લેશ. ૫
સર્વ જીવોને આત્મસમાન, દેખી જાણી કરે ન હાન;
વીરપ્રભુના ભક્તો જેહ, દેહ છતાં છે તે નિર્દેહ. ૬
વીર જપંતા કરતા કામ, અન્તરૂમાં રહેતા નિષ્કામ;
જૈનોની કરતા બહુ વ્હાર, શિરધન સહુ દેવા તૈયાર. ૭
વીરપ્રભુના ભક્તોતણી, સેવા સ્વાર્પણ ભાવે ઘણી;
એવી રહેણીના ધરનાર, જૈનો તે જાણો નરનાર. ૮
વીરભક્તો માટે જે મરે, સ્વર્ગ સંપદા નિશ્ચય વરે;
વીરભક્તો પર જેનો રાગ, અન્તરૂમાં તેને છે ત્યાગ. ૯
વીરભક્તો માટે જે ભક્ત, સર્વ કરે પણ નહિ આસક્ત;
જૈનો માટે સઘળાં કર્મ, કરતાં વીરજનોને ધર્મ. ૧૦
વીર જાપ જે પ્રેમી કરે, તેની સેવાએ શિર ધરે;
વીર ભક્તોનાં દર્શન કરે, ગોહત્યાદિક પાપો ટળે. ૧૧
નામ રૂપનો નહીં અધ્યાસ, વીરતણો તે સાચો દાસ;
માયામાંહી નહિ મુંઝાય, વીર ભક્ત સાચો તે થાય. ૧૨
વીર પ્રભુના ભક્તો વીર, થાતા નિશ્ચય રાખી ધીર;
બુદ્ધિસાગર મહાવીર ભક્ત, વીર વીર જાપે છે રક્ત. ૧૩

(૮૨)

મહાવીર પ્રભુનું સગપણ.

ચાલો સખી સિદ્ધાચળ જઇએ. એ રાગ.

સગપણ મહાવીરનું સાચું, બાકી જગતમાં સહુ કાચું. સગપણ.
પ્રભુ મહાવીર ધણી મારા, મનવાણી કાયાથી નિર્ધાર્યા. સગપણ. ૧
જૈનધર્મ મહાગંગ પ્રગટાવી, દુનિયાને જ્ઞાને સમજાવી. સગપણ.
દુનિયામાં વીર પ્રભુ દીઠા, મ્હને લાગ્યા હૃદયમાં બહુ મીઠા.
સગપણ. ૨
પ્રભુ મહાવીર છો મારી આંખો, ત્રિશલાનંદન મારી પાંખો.
સગપણ.
મારા આત્મતણા છો વનમાલી, પ્રીત બાંધી ન છુટો ગુણશાલી.
સગપણ. ૩
તન ધન મન સહુ તુજપર વાર્યું, તારૂં તેજ હૃદયમાં મ્હેં ભાળ્યું.
સગપણ.
સહુ વાતે સહાયક છો દેવા, મ્હને વ્હાલી તમારી ગુણ સેવા.
સગપણ. ૪
મ્હારી વ્હાર કરોછો અણુધારી, જાઉં પૂર્ણ તમારી બલિહારી.
સગપણ.
હું તો માગું ન માગણની પેઠે, હું તો રીઝું ન પુદ્ગલની એઠે.
સગપણ. ૫
જેહ માગે તે આત્મ ન કહેવાતો, માગે માગણ ભેદપણું પાતો.
સગપણ.
તવ જ્યોતમાં પ્રેમથકી મળીયો, હું તો હેતે જ્યોતે ઝળહળિયો.
સગપણ. ૬
વીર વીર જપંતાં જગ તરતું, મન ચિંતવ્યું કારજ સહુ સરતું.
સગપણ.
વીર વિના નહીં જગમાં કોઈ, જોયું આતમ અનુભવથી જોઇ.
સગપણ. ૭

મનમાં નહીં વીર વિના બીજું, મહાવીર જાપથી બહુ રીઝું.
સગપણ.
મુજ પ્રવૃત્તિ તવ પૂજા થાશો, મુજ ચિંતન સેવા સોહાશો.
સગપણ. ૮
કરૂં ચિંતવું ને જે જે બોલું, વીર સેવા આતમથી તોલું.
સગપણ.
થયું થાય છે ને જે જે થાશે, હિતમાટે સમજ્યું ને સમજાશે.
સગપણ. ૯
વર્યા વીર પ્રભુ સાચા વ્હાલે, જેહ ભિન્ન થતા નહીં કો કાલે.
સગપણ.
દિલમાં ઝળહળ જ્યોતે મ્હાલે, જ્યોતિ જ્યોતે મળી જગ અજવાળે.
સગપણ. ૧૦
નાત જાત મ્હેં તુજ માટે ત્યાગી, થયો સ્વાર્પણ કરી ત્હારો રાગી.
સગપણ.
બુદ્ધિસાગર ઘટ આતમરામી, પરમેશ્વર વિભુ અન્તર્યામી.
સગપણ. ૧૧

---

(૮૩)

શ્રી મહાવીર પ્રભુની ભક્તિભાવના.

સગપણ હરિવરનું સાચું. એ રાગ.

મળ્યા વીરપ્રભુજી વૈરાગી, મારી ચેતના અંતરમાં જાગી;
રોમરોમે થયો વીરનો રાગી. મળ્યા. ૧
કીધું સર્વજ્ઞ મહાવીરનું શરણું, શોકભીતિ નહીં આવે મરણું;
દિલમાં પ્રગટયું અમૃત ઝરણું. મળ્યા. ૨
જૈનધર્મ પ્રકાશ્યો મન ભાવ્યો, મોહમાયાનો જોરો નહિ ફાવ્યો;
વીર જાપથી આનન્દ ઉલ્લસાયો. મળ્યા. ૩
વંચાઉ નહીં મિથ્યા વ્હેમે, ધણી પરમેશ્વર કીધા નેમે;
વીર કૃપાએ રહીશું ક્ષેમે. મળ્યા. ૪

દેહ નાત જાતની નહીં પરવા, વ્હાલા વીરપ્રભુ ક્ષણુ ક્ષણુ સ્મરવા;
મળી નૌકા ભવસાગર તરવા. મળ્યા. ૫
વીર !!! તુજ રાગે હું વેચાયો, તુજ સ્હામો ભક્તિથી ખેંચાયો;
પામ્યો વીરપ્રભુ સત્ય ઠરમાયો. મળ્યા. ૬
અધમાધમ પાપીને તાર્યા, જગજીવોને ત્હેં ઉદ્ધાર્યા;
ત્હેં કાજ ઘણા જનનાં સાર્યાં. મળ્યા. ૭
તુજ પ્રેમથી સહુ યોગો પ્રકટે, કામ ક્રોધાદિક દોષો વિઘટે.
મળ્યો છોડું ન સાહિબ શીર સટે. મળ્યા. ૮
વ્હાલા આતમવીરનો ઉપયોગી, સહુ યોગથકી થઇયો યોગી;
ચિદાનન્દામૃત ભોજન ભોગી. મળ્યા. ૯
વીર પ્રેમથકી વીરજન મળતા, વીરભકતો નહીં પાછા પડતા,
સહુ જાતિતણાં મંગલ વરતા. મળ્યા. ૧૦
પળપળ યાદી વીર !!! તુજ થાતી. વીરભાવે ભરાણી છે છાતી;
પ્રભુવણુ નહીં ઇચ્છું ધન ખ્યાતિ. મળ્યા. ૧૧
ધન્ય ત્રિશલા માતાના જાયા, હાડેહાડે લાગી તુજ માયા;
સાકાર નિરાકાર સમજાયા. મળ્યા. ૧૨
જૈનધર્મ પ્રચારો જગ ધીરા; થાઓ ભકતોની વ્હારે વીરા;
બુદ્ધિસાગર આતમ ગંભીરા. મળ્યા. ૧૩

---

(૮૪)

માતપિતાના મરણથી શોકાતુર બનેલ નંદિવર્ધન વગેરેને શ્રી મહાવીર પ્રભુએ આપેલ ઉપદેશ.

ભવી તમે વંદો રે સૂરીશ્વર ગચ્છરાયા, એ રાગ.

મતિ શ્રુત અવધિજ્ઞાની મહાવીર, નિજભાઇને સમજાવે;
નંદિવર્ધન શોક ત્યજી દો, ગયાં ન પાછાં આવે;
અમર છે આતમરે કાયા પ્રગટે ને વિણસે. ૧
માત પિતાજી સ્વર્ગને પામ્યાં, શિવપુર અંતે જાશે;
કોનો શોક કરો મુજ બાંધવ, સત્ય વિવેકે છે પાસે. અમર. ૨

મનવાણી કાયાથી જૂદો, આતમ નિત્ય સહાય;
આતમ દેહ ધરેને મૂકે, કર્મવડે ભવમાંહ્ય. અમર. ૩
કાયા સાથ રહે નહીં ક્યારે, તેનો શોક શો ? કરવો;
આતમ દેવપણે જઇ ઉપજ્યો, અંતર નિશ્ચય ધરવો. અમર. ૪
નંદિવર્ધન ભાઇ સમજો, મોહથકી ન મુંઝાશો;
અનંત જીવો સાથે સગપણ, રોયે પાર ન પાશો. અમર. ૫
આત્મબુદ્ધિ આતમમાં કરીને, દેહે બુદ્ધિ ભ્રમ છંડો;
મનથી મરવું ને અવતરવું, આતમમાં રઢ મંડો. અમર. ૬
મન તાબે રહિયા તે મરિયા, આતમ ભાવે જીવ્યા;
પુદ્ગલ વસ્તુમાં નિર્લેપી, જ્ઞાનીજન મરજીવા અમર. ૭
પુદ્ગલને પુદ્ગલનું મળવું, પુદ્ગલ મમતા માયા;
આતમમાં આતમનું રહેવું, જ્ઞાની મર્મને પાયા. અમર. ૮
મનને વશ સહુ દુનિયા લૂખી, આતમવશ સહુ સુખી;
આત્મ દ્રષ્ટિથી સહુને શાંતિ, જડમમતાથી દુઃખી અમર.૯
માટે બંધુ શોક ત્યજી દો, રહેશો આતમભાવે;
દેહને જડભાવે સમજી લ્યો, આતમ આત્મ સ્વભાવે. અમર ૧૦
વીરપ્રભુ વચને પ્રતિબુધ્ધા, નંદિવર્ધન ભાઇ;
કુટુંબમાંહી શોક રહ્યા નહીં. જ્ઞાનતણી એ વડાઇ. અમર. ૧૧
વીરપ્રભુ જેના છે ભાઇ, તેને જાણી સગાઈ;
બુદ્ધિસાગર સત્ય જ્ઞાનથી, મોહ ટળે દુઃખદાઇ. અમર. ૧૨

---

(૮૫)

મહાવીરપ્રભુ ને માત પિતાના મરણ પછી બે વર્ષ સુધી ઘરમાં રહેવા નંદિવર્ધનનો આગ્રહ-સંવાદ

શ્રી સ્થૂલિભદ્ર મુનિ ગણમાં શિરદાર જો, એ રાગ.

નંદિવર્ધન કહેતા સાંભળ વીર જો,
મુજઆતમ છે તુજ સહાયે ધીરજો;
માત પિતા મૃત્યુનું દુઃખ ન સહ્યું જતું જો. ૧

માત પિતાનો કર્મે થયો વિયોગ જો,
તો પણ સુખિયો તુજ પામી સંયોગ જો;
હાલ ન દીક્ષા લેવી માનો મુજ કહ્યું જો. ૨
વીર પ્રભુજી બોલે સાંભળ ભાઇ જો,
દુનીયામાં મનમાની જૂઠ સગાઇ જો;
દેહ વિનાશી સહુનાં અંતે જાણજો જો. ૩
આયુ ખૂટે લેવો પરભવ સાથ જો,
કાય ચંચલ રહે ન કોને હાથ જો;
માટે દીક્ષા લેવા અનુમતિ આપશો જો. ૪
નંદિવર્ધન બોલે સાંભળ વીર જો,
માતા પિતા મરણે નહિ રહેતી ધીર જો,
દાઝયા ઉપર ડામ સમું લાગે કહ્યું જો. ૫
તુજ વણ ઘરમાં મુજથી નહીં રહેવાય જો.
મોટાનું બોલ્યું માનો લઘુ રાય જો;
એક પલક પણ તુજવણ ચેન નહીં પડે જો. ૬
વીર કહે જગજીવોનો ઉદ્ધાર જો,
કરવા મારો તીર્થંકર અવતાર જો;
માટે ત્યાગી થાવું મુજને ઝટ ઘટે જો. ૭
પ્રથમ કરો મારો પ્રભુજી ઉદ્ધાર જો,
તુમ સંગત વણ સૂનાં છે ઘરબાર જો;
મારા આગ્રહથીજ વર્ષ બે ઘરે રહો જો. ૮
ઘેર રહું પણ ત્યાગી પેઠે રહેશું જો,
અચિત્ત ભોજનપાન પ્રસંગે લેશું જો;
તમ દાક્ષિણ્યે ઘરમાં રહું છું જાણજો જો. ૯
આત્મજ્ઞાનથી દુનિયાનો ઉદ્ધાર જો,
કરવાને તીર્થંકરનો અધિકારજો;
જૈનધર્મ ફેલાવો કરવા અવતર્યો જો. ૧૦
અર્હન્ તીર્થંકર જગનો ઉદ્ધાર જો;
કરતા બીજાનો નહિ ત્યાં અધિકાર જો;

કેવલજ્ઞાની થઇને જગને બોધવું જો. ૧૧
નંદિવર્ધન સુણી પ્રભુનાં વચન જો,
અંતર આતમમાંહી થયા પ્રસન્ન જો;
ધન્ય ધન્ય મહાવીર પ્રભુ તુજને સદા જો. ૧૨
વિશ્વ બંધુ મહાવીર પ્રભુનો સંગ જો;
પામી નંદિવર્ધન થયા અભંગ જો;
બુદ્ધિસાગર વીર પ્રભુ બંધુ ભલાજો. ૧૩

---

(૮૬)

શ્રી વીરપ્રભુની ગૃહસ્થદશા.

સનેહીસંત એ ગિરિ સેવો એ રાગ.

પ્રભુ મહાવીર જિન ઘરબારી, થયા કર્મે પરમ ઉપકારી;
નિર્લેપપણે અવતારી, મહાવીર દેવની ગતિ ન્યારી. ૧
રાગ દ્વેષ ન વિષયોમાંહિ, પ્રતિબદ્ધપણું નહીં ક્યાંહી;
રહ્યા આતમમાં લય લાઇ. મહાવીર. ૨
લોકને જ્ઞાનયોગ શિખાવે, ભક્તિભાવનો બોધ સુણાવે;
મોહમાયાનાં દુઃખ હઠાવે. મહાવીર. ૩
આપે કુટુંબને સત્યજ્ઞાન, જેથી નાસે મિથ્યા અભિમાન;
આપે અતિથિને સત્યદાન મહાવીર. ૪
સ્વાધિકારે કર્મ કરંતા, દુઃખી લોકનાં દુઃખ હરંતા;
ભક્ત લોકમાં ભક્તિ ભરંતા. મહાવીર. ૫
દયા દાનનો દે ઉપદેશ, ટાળે લોકોના રાગને દ્વેષ;
ટાળે મિત્રોના સહુ ક્લેશ. મહાવીર. ૬
લોકને શિખવે સત્ય ત્યાગ, શિખવે ધર્મિપર રાગ;
શિખવે ઉત્તમ વૈરાગ્ય. મહાવીર. ૭
ટાળે રોગી જનોના રોગ, ટાળે દુર્બુદ્ધિ દુઃખ ભોગ;
સમજાવે ઉત્તમ યોગ. મહાવીર. ૮

રાજા રંકમાં આતમ સરખા; સમજાવે અનુભવે પરખ્યા;
સમજી લોકો બહુ હરખ્યા. મહાવીર. ૯
સેવા ધર્મ કરે ને કરાવે. જગને આદર્શ શિખાવે;
ગુપ્ત જ્ઞાનના યોગ ભણાવે. મહાવીર. ૧૦
વીર વાણીમાં વેદ સમાયા, સર્વ વેદોએ વીરને ગાયા;
ધન્ય વીરપ્રભુ મન કાયા. મહાવીર. ૧૧
કરે ધર્મ્ય પ્રવૃત્તિ સુહાવે; સત્ય તત્ત્વને પ્રેમે સુણાવે;
દયા લાવીને જગ સમજાવે. મહાવીર. ૧૨
દયા સંયમને ઉપકાર, સત્યજ્ઞાન જણાવે સાર;
ધન્ય વીરપ્રભુ અવતાર. મહાવીર. ૧૩
જાગ્યાં ભારતનાં મહાભાગ્ય, વીર સમજાવે છે ત્યાગ;
બુદ્ધિસાગર ધન્ય વૈરાગ્ય. મહાવીર. ૧૪

---

(૭૬)

પ્રભુ વીર પત્ની યશોદા દેવીની ગૃહસ્થદશા.

સનેહી સંત એ ગિરી સેવો. એ રાગ.

પ્રભુ પત્ની યશોદા રૂપાળી, સતીયોમાં શિરોમણી સારી;
કર્મયોગિની બહુ પ્રેમવાળી, યશોદા દેવીની બલીહારી. ૧
સાસુ સસરાની આજ્ઞાકારી, કરે ભક્તિએ વિનય અપારી;
સહુ કુટુંબની રખવાળી. યશોદા. ૨
વૃદ્ધ ગુરૂજન પાયે પડંતી, કામ કરતાં ન થાકે રડંતી;
નિશદિન ગુણ શ્રેણી ચડંતી. યશોદા. ૩
સત્ય બોલે દયાગુણ પાળે, દોષ છંડીને જન ગુણ ભાળે;
સત્ય આનંદ જીવન ગાળે. યશોદા. ૪
પ્રભુ મહાવીર બોધ ગ્રહંતી, નિરાસક્તિએ કર્મ કરંતી;
અધ્યાતમ દૃષ્ટિ વહંતી. યશોદા. ૫
નિજ સખીયોને શિક્ષણ આપે, નિજ સરખા ગુણોએ વ્યાપે;
દુઃખી જીવનાં દુઃખડાં કાપે. યશોદા. ૬

પશુ પંખી ને બાળ સંભાળે, કરી પોષણ પ્રેમથી પાળે;
સર્વ ગુણથી ભારત અજવાળે. યશોદા. ૭
મહાવીરની આજ્ઞાએ રહેતી, સમભાવે શુભાશુભ સહેતી;
સારી શિક્ષાઓ લોકને કહેતી. યશોદા. ૮
શ્રાવિકાવ્રત શક્તિએ પાળે, જૈનધર્મમાં વિશ્વને વાળે;
મોહનું જોર પ્રગટયું ખાળે. યશોદા. ૯
ગુણ કર્મથી શોભે સારી, ટાપટીપ ન બાહ્ય લગારી;
ગાવે ઇન્દ્રાણીઓ ગુણભારી. યશોદા. ૧૦
ઋદ્ધિ ગારવે ગર્વ ન કરતી, આત્મપેઠે જીવો અનુસરતી,
જગ તારે ને પોતે તરતી. યશોદા. ૧૧
વીર જાપને જપતી પ્રેમે, રહેતી સર્વ જીવોપર રહેમે;
શોભે પતિવ્રતા ગુણ નેમે. યશોદા. ૧૨
સર્વ ભારતમાં વખણાઇ, વીર ભક્તિથી શોભા પાઈ;
લોકો પ્રેમે રહ્યા ગુણ ગાઈ. યશોદા ૧૩
સાધુ સંતને આપે દાન, પ્રભુ વીરની સમજે સાન;
દિલમાં વીર છે ભગવાન્, યશોદા, ૧૪
બાળ પોષે રહે નહીં રોષે, કામ ક્રોધાદિ દોષો શોષે;
રહી વીરપ્રભુના ભરોસે. યશોદા. ૧૫
અતિથિનો કરે સત્કાર, દાન દેવામાં બહુ દાતાર;
આત્મ જયોતથી શોભે અપાર. યશોદા. ૧૬
મીઠી વાણી વિચારો સારા, રહ્યા દુર્ગુણ દૂર નઠારા;
પ્રભુસંગ સફલ અવતારા. યશોદા. ૧૭
પ્રભુમાં નિજ આત્મને જોતિ, નામ દેહાધ્યાસને ખોતી;
જેની ઝળકે ઝળહળ જયોતિ. યશોદા. ૧૮
વીર પત્નીને પ્રેમે ગાતાં, ભક્ત લોકનાં પાતિક જાતાં;
ઇચ્છયાં કામો વેગે થાતાં. યશોદા. ૧૯
ક્ષત્રિયાણી બની ગુણશાલી, અંતરાતમ ગુણ રઢિયાલી;
પરમાતમ દૃષ્ટિવાળી. યશોદા. ૨૦

યશોદા જેવી જગમાં ન નારી, મહાવીર હૃદયમાં પ્યારી;
બુદ્ધિસાગર જગ જયકારી. યશોદા. ૨૧

---

(૮૮)

દીક્ષા લેતી વખતે મહાવીર પ્રભુની મોટાભાઇ નંદિવર્ધનને શિખામણ.

સનેહીસંત એ ગિરિ સેવો. એ રાગ.

સુણો નંદિવર્ધન બન્ધુ, કરૂણા આદિ ગુણગણ સિન્ધુ,
મારે છૂટયો દુનિયા સંબંધ, શિખામણ ચિત્તમાં તમે ધરશો.
સ્વાધિકારે રાજ્યને કરશો. શિખામણ. ૧

વર્ષીદાન યથા કલ્પ દીધાં, દાનથી ત્યાગ સંયમ સિદ્ધયાં;
ઉપકારે દીધાંને લીધાં. શિખામણ. ૨

ઉપકારનાં કામો કરશો, ધર્મમાર્ગમાં નિત્ય સંચરશો;
પાપ માર્ગમાં પગલું ન ભરશો. શિખામણ. ૩

ક્ષાત્રધર્મ ન ચૂકશો કયારે, સાધુ દુઃખીની ચઢશો વ્હારે;
સત્ય ચૂકે તે જગમાં હારે. શિખામણ. ૪

ન્યાય આપવો સર્વને સાચો, પક્ષપાતને દેઇ તમાચો;
દેહ ઇન્દ્રિય સુખમાં ન રાચો. શિખામણ. ૫

આતમ સમ જગને ગણુશો, દુષ્ટ ક્રોધાદિકને હણુશો;
રૂડા અનુભવ ભણુશો. શિખામણ. ૬

શુભાચારથી દેશ સુધારો, સત્ય નીતિથી ધર્મ વધારો;
જૈનધર્મને જગમાં પ્રચારો. શિખામણ ૭

ધર્મ્યયુદ્ધથી પાછા ન ફરવું, સત્ય કાર્યમાં કયારે ન ડરવું.
ન્યાય સત્યમાં પગલું ભરવું. શિખામણ. ૮

ઉચ્ચ નિચનો રાખો ન ભેદ, મુંઝી કોને આપો ન ખેદ;
રાખો સિદ્ધિ થવાની ઉમેદ. શિખામણ. ૯

બનશો નહીં મોહે પ્રમાદી, કરશો શુદ્ધાતમ યાદી;
કદિ થાશો ન ખોટા વિવાદી. શિખામણ. ૧૦
આર્યવંશની કીર્તિ વધારો, સર્વ વિદ્યાઓ વિશ્વ પ્રચારો;
હિંસા યજ્ઞો અનેક નિવારો, શિખામણ. ૧૧
રાજ્ય દેશમાં કરશો સુધારા, દેહાધ્યાસથી થાશો ન્યારા;
તેથી સફલ થશે અવતારા. શિખામણ. ૧૨
સર્વ સંઘની કરજો સેવા, અરિહંતને માનો દેવા;
દાન દેવાની રાખો હેવા. શિખામણ. ૧૩
થાશો શુદ્ધાતમ ગુણરાગી, જ્ઞાન ગર્ભિત થાશો વૈરાગી;
થાશો મન મમતાના ત્યાગી. શિખામણ, ૧૪
વ્યવહારે કરો પુણ્ય કર્મ, જ્ઞાની દર્શન ચારિત્ર ધર્મ;
સાધી પામો શિવપુર શર્મ. શિખામણ. ૧૫
આત્મવત્ સહુ જીવોને નિરખી, કરો વિશ્વ દયા મન હરખી;
લેજો સાચું અનુભવ પરખી. શિખામણ. ૧૬
જૈનધર્મને પ્રેમે પાળો, મિથ્યા મોહ પરિણતિ ટાળો;
આત્મ શક્તિયોને સંભાળો. શિખામણ. ૧૭
નંદિવર્ધનને શીખ દીધી, વીરે સંયમની વાટ લીધી;
બુદ્ધિસાગર સંયમ સિદ્ધિ. શિખામણ. ૧૮

---

(૮૯)

શ્રીવીરપ્રભુની દીક્ષા પ્રસંગે યશોદાએ ગાયેલી ગુંહલી

વહેલાં વહેલાં દર્શન દેશોરે, સ્વામી શાતામાં રહેશો. એ રાગ.

વ્હાલા વીર પતિ વૈરાગી, સંયમ લેઈ થયા તમે ત્યાગી,
નિશદીન તમારી રાગીરે, પ્રભુ જગ ઉદ્ધરજો,
ઝટ કેવલજ્ઞાનને વરજોરે. પ્રભુ. ૧
તમને શુદ્ધાતમની ધૂન, તુમ સંગતવણ સઘળું શૂન્ય,
મારૂં રહ્યું હવે કોણ રે. પ્રભુ. ૨

વનમાં કોણુ કરે બરદાસ, છંડયો તમે પ્રભો દેહાધ્યાસ,
સહેવાં ભુખ અને વળી પ્યાસ રે. પ્રભુ. ૩
જે જે કરો તે યોગ્યજ માનું, પતિભક્તિથી એમ પ્રમાણું,
દિલડું શોકે છવાણું રે. પ્રભુ. ૪
તવ વિયોગ સહ્યો નવ જાતો, નેત્રે અશ્રુસાગર ઉભરાતો,
થયો શોક ન અંગે માતો રે. પ્રભુ. ૫
મુજને એકલી મૂકી ચાલ્યા, તમને ઘટે નહીં સ્વામી વ્હાલા,
માનજો મમ કાલાવાલા રે. પ્રભુ. ૬
વિસરશો નહીં કેવલ પામી, દર્શન દેશો મુજ વિશ્રામી,
વિનતિ કરૂં હું શિર નામી રે. પ્રભુ. ૭
એક તમારો છે આધાર, વિનતડી દિલમાં અવધાર,
કરશો પ્રભુ મુજ ઉદ્ધાર રે. પ્રભુ. ૮
ભૂલશો નહિ મુજને કો કાળે, સાચા સ્વામી પત્નીની વ્હારે,
થઇને શીઘ્ર સંભાળે રે. પ્રભુ. ૯
કેવલજ્ઞાન ધરી ઘર આવો, વંદી પૂજીને લઇશું લ્હાવો,
પૂરજો મ્હારો એ ભાવો રે. પ્રભુ. ૧૦
સમતાએ ઉપસર્ગને સહેજો, આત્મસ્વરૂપમાં તન્મય રહેજો,
વ્યક્ત ગુણો કરી વહેજો રે. પ્રભુ. ૧૧
શુકલધ્યાનને ધ્યાશો સ્વામી, પૂર્ણસ્વરૂપે બની નિષ્કામી,
સર્વજ્ઞ ને અન્તર્યામીરે. પ્રભુ. ૧૨
વિઘ્ન સકલ આવ્યાં દૂર થાશે, કેવલજ્ઞાન હૃદય પ્રકટાશો,
સમવસરણ સ્થિર થાશો રે. પ્રભુ ૧૩
સંઘ ચતુર્વિધ તીર્થને સ્થાપો, વિશ્વ જીવોને સુખડાં આપો
તીર્થંકર પદવી વ્યાપો રે. પ્રભુ. ૧૪
સતી યશોદા ભક્તિ ભરાણી, સદ્ગુણુની જે બની ખાણી
બોલી ગુંહલી થકી વાણી રે. પ્રભુ. ૧૫
દેવી યશોદા એમ વંદતી, વીર પ્રભુને પાય પડંતી,
બુદ્ધિસાગર સુખ શાન્તિરે. પ્રભુ. ૧૬

(૯૦)

શ્રી મહાવીર પ્રભુના કાનોમાં ગોવાળે ખીલા ઠોક્યા તે સમયની વીરપ્રભુની શુદ્ધાત્મદશા.

સનેહીસંત એ ગિરિ સેવો. એ રાગ.

મન ! ! ! આત્મમાં થા લયલીન, દેહ દુઃખે ન થાવું દીન;
દુઃખ સહી લે સમતાએ પીન, નિજાતમ થાવ નિજ ઉપયોગી
તું તો ચિદાનન્દ ગુણ ભોગી. નિજાતમ. ૧
કર્મ ઉદયમાં આવે ને જાય, તેહ રૂપ ન ત્હારૂં કદાય;
કર્મ નિર્જરે છૂટકો થાય. નિજાતમ. ૨
કર્મને કર્મરૂપે નિહાળ, શુદ્ધ ચેતન નિશ્ચય ભાળ,
શુદ્ધાતમમાં દ્રષ્ટિ વાળ. નિજાતમ. ૩
કર્મોદયમાં નિમિત્ત ગોવાળ, તેને આતમરૂપે ભાળ;
સમભાવે વિશ્વ નિહાળ. નિજાતમ. ૪
આપ કર્તાને આપહિ હર્તા, સ્વયં જ્ઞાનાદિ ગુણધર્તા;
આત્મભાવે છે આત્મવિમળતા. નિજાતમ. ૫
મનભાવે શાતા અશાતા, દેહાધ્યાસે સ્વયં દુઃખ દાતા;
દુઃખ લેશ ન આત્મરંગાતાં. નિજાતમ. ૬
આત્મભાવે કર્મ ન રહેતાં, કર્મબંધ ન સમતાએ સહેતાં;
મન આત્મમાં લયલીન કરતાં. નિજાતમ. ૭
દેવાદારનું દેવું ચૂકાવ, આવ્યો ઉત્સવ દિવસ ભાવ;
શુદ્ધ બ્રહ્મમાં લીનતા લાવ. નિજાતમ. ૮
શુદ્ધાતમમાં મનડું ઠારી, શુભાશુભ વિકલ્પો વારી;
થયા ધ્યાનમાં સ્થિર ગુણધારી. નિજાતમ. ૯
ધન્ય વીરની ધ્યાન સમાધિ, જેમાં ભાસે ન દુઃખ ઉપાધિ;
જેણે સાધના અન્તર સાધી. નિજાતમ. ૧૦
એવા મહાવીરને મન ધારો, શુદ્ધ આતમરૂપ સંભારો;
બુદ્ધિસાગર વીર આધારો. નિજાતમ. ૧૧

---

(૯૧)

યશોદાની મહાવીર પ્રભુને ઘેર પધારવાની વિજ્ઞપ્તિ.

આવજો આવજો આવજો રે, મહાવીર પ્રભુ ઘેર આવજો,
મારી વીનંતિ દિલમાં લાવજો રે. મહાવીર.
ભક્તિ આધીન ભગવાન્ અમારા, સત્યોપદેશ સુણાવજો રે. મ૦ ૧
જગજીવન પ્રાણેશ્વર પ્યારા, શુભ સંદેશ જણાવશો રે. મ૦
પરમાતમ પરમેશ્વર પરગટ, શુદ્ધ સ્વરૂપ પ્રગટાવશો રે. મ૦ ૨
ધન્ય ધન્ય ત્રિશલાના જાયા, ધર્મ સ્વરૂપ સમજાવશો રે. મ૦
બુદ્ધિસાગર વીરજિન વ્હાલા, પલક ન દૂરે થાવશો રે. મ૦ ૩

(૯૨)

દેવી યશોદાની શ્રી વીરપ્રભુને વિજ્ઞપ્તિ.

તારશો તારશો તારશો રે, પ્રભુ વ્હાલા મને ઝટ તારશો,
સાચી એક તમારી સગાઇ, કૃપા કરીને ઉદ્ધારશો રે. પ્રભુ. ૧
સત્યોપદેશો દઇને પ્રીતમ, સંસાર પાર ઉતારશો રે. પ્રભુ.
અધમાધમ શત્રુ ઉદ્ધાર્યા, ભક્તિ હૃદયમાં સ્વીકારશો રે. પ્રભુ. ૨
સાચા ધણી મુજ માથે ગાજો, મોહ માયાને મારશો રે. પ્રભુ.
પાછળ પડીયા દુષ્ટ કષાયો, વ્હાર કરીને સંહારજો રે. પ્રભુ. ૩
ત્રણ્ય ભુવનના સ્વામી સલુણા, શુદ્ધ સ્વભાવને સુધારજો રે. પ્રભુ.
જયોતિએ જયોત મિલાવી પ્રિયંકર, શક્તિ અનંતિ વધારજોરે. પ્રભુ. ૪
આતમરંગ વધારી વિભુ જિન, નિશ્ચલ ઠામે ઠારજો રે. પ્રભુ.
જાણી આપ આત્મવત મુજને, કદિયે નહિ વિસારજો રે. પ્રભુ. ૫
મારા મનનું સઘળું જાણો, જ્યાં ત્યાં મને સંભારશો રે. પ્રભુ.
બુદ્ધિસાગર ગુરૂ વીર વ્હાલમ, વિનતડી અવધારશો રે. પ્રભુ. ૬

(૯૩)

પ્રભુ મહાવીર સ્વામીનું નિશાળમાં ગમન.

રઘુપતિ રામ હૃદયમાંહિ રહેજો રે. એ રાગ.

વીર આઠ વર્ષ થયા જાણીરે, માત ત્રિશલા હર્ષ ભરાણી રે;
હર્ષ્યા સિદ્ધારથ ગુણખાણી, પ્રભુ મહાવીરની બલિહારી રે. ૧

વરઘોડો ચઢાવ્યો ભારી રે, હાથી ઘોડા રથ શણગારી રે;
નવ નવલાં આભૂષણ ધારી. પ્રભુ. ૨
નવરાવી પ્રભુ શણગાર્યા રે, હાથી ઉપર પ્રેમે બેસાર્યા રે;
રૂપે જાણે દેવકુમારા. પ્રભુ. ૩
વિદ્યા ગુરૂની પાસે આવે રે, બ્રાહ્મણ મન ગર્વને લાવે રે;
ઈન્દ્રાસન કંપે પ્રભાવે. પ્રભુ. ૪
મહાવીર પ્રભુ ત્રણ્ય જ્ઞાની રે, જવું શાળામાં ઉચિત ન જાણીરે;
આવ્યા ઇન્દ્ર, ભક્તિ મન આણી, પ્રભુ ૫
બ્રાહ્મણરૂપે ઈન્દ્ર પધારી રે, વાંદ્યા વીર પ્રભુ જયકારી રે;
પુછે આસનપર બેસારી. પ્રભુ. ૬
ઇન્દ્રે પુછયા પ્રશ્ન હજાર રે, શબ્દશાસ્ત્રતણા ધરી પ્યારરે;
આપ્યા ઉત્તર સહુ નિર્ધાર. પ્રભુ. ૭
વિદ્યાગુરૂના સંશય ટાળ્યારે, સહુ પ્રશ્નના ઉત્તર વાળ્યારે;
લોકે અચરિજથી વીર ભાળ્યા. પ્રભુ. ૮
સર્વ શાસ્ત્રમાં પારંગામી રે, જાણ્યા લોકે પ્રભુ વીર સ્વામી રે;
ઇન્દ્ર બોલે પ્રભુ શિરનામી. પ્રભુ. ૯
વીર તીર્થંકર અવતારી રે, ત્રણ્યજ્ઞાન સહિત ગુણભારી રે;
સ્વયં બુદ્ધ જગત્ ઉપકારી. પ્રભુ. ૧૦
જાણી બ્રાહ્મણ ગુરૂ ખમાવે રે, પડયો પાયે પ્રભુને ભાવે રે;
સભા વંદે હર્ષના દાવે. પ્રભુ. ૧૧
ઐન્દ્ર શાબ્દિક શાસ્ત્ર રચાયું રે, દેશ ભારતમાંહિ સુહાવ્યું રે;
માત પિતાએ સુખ બહુ પાયું. પ્રભુ. ૧૨
ઇન્દ્ર વંદી ગયા નિજ ઠામ રે, મહાવીર રમે નિજધામ રે;
કર્મયોગી પ્રભુ નિષ્કામ. પ્રભુ. ૧૩
ત્રણ્ય જ્ઞાની નહીં અભિમાની રે, સાગરવત્ ગંભીર જાણી રે;
થયો બ્રાહ્મણ નિરાભિમાની. પ્રભુ. ૧૪
પ્રભુ બોલે ન ગર્વના બોલ રે, થાય હીરાનાં લાખો મોલ રે;
બુદ્ધિસાગર ગુણો અમોલ. પ્રભુ. ૧૫

---

(૯૪)

શ્રીવીર પ્રભુની દીક્ષા વખતે તેમની પુત્રીએ પિતા પ્રતિ કાઢેલા ઉદ્ગાર.

સ્વામી શાતામાં રહેશો. એ રાગ.

ધન્ય પ્રભુ મહાવીર અમારા, પિતા તીર્થંકર અવતારા,
સર્વ જીવોના તારણહારા, કરૂણા ગુણના ભંડારા રે;
મુજને ન વિસરશો, મારો સ્નેહ ન ઓછો કરશો રે. મુજને ૧
પ્રેમે ઉછેરી શિક્ષણ આપ્યું, ધર્મજ્ઞાન હૃદય મુજ વ્યાપ્યું,
તુમે તત્ત્વ અહિંસા થાપ્યું રે. મુજને ૨
સર્વ કળાઓ શિખવી સારી, પરમેશ્વર પૂરણ અવતારી,
તુજ જીવનની બલિહારી રે. મુજને ૩
તવ ગુણ રાચીને મન માચી, વાત તમારી સર્વે સાચી,
આ દુનિયાદારી કાચીરે. મુજને ૪
જડ વિષયોના ભોગે ન શાન્તિ, મોહથકી રહે તેહમાં ભ્રાન્તિ,
વધે આતમભાવથી કાન્તિ રે. મુજને ૫
શુદ્ધાતમ રઢ પૂરણ લાગી, શુદ્ધ પરિણતિ અંતર જાગી,
તમે પરમાતમ સૌભાગીરે. મુજને ૬
તવ વાણી ગંગામાં ન્હાશું, શરણ ગ્રહી શિવપુરમાં જાશું,
મુક્તિ કમાણી કમાશું રે. મુજને ૭
લાડકવાઇ બાલિકા ત્હારી, તવ ઉત્સંગે રમી ગુણશાલી,
તે સ્નેહ ન દેશો ઉતારી રે. મુજને ૮
ધ્યાન ધરીને જે તમે લેશો, અત્ર પધારીને મ્હને દેશો,
રૂડો પાઠવજો સંદેશો રે. મુજને ૯
કાળજું મ્હારૂં ચરર ચિરાય, દુઃખ થતું વચને ન કથાય,
આજે સઘળું શૂન્ય જણાય રે. મુજને ૧૦
યોગી થઇને જંગલમાં જાશો, શુદ્ધાતમમાં લયલીન થાશો,
તમે કેવલજ્ઞાનને પાશો રે. મુજને ૧૧
કાલાવાલા કર્યા તવ આગે, પિતા રંગાઇ તુમ ગુણ રાગે,
અનુસરશું અમો વૈરાગે રે. મુજને ૧૨

પ્રિયદર્શના એમ કથંતી, વીર નામનો જાપ જપંતી,
વીર વંદી ઘેર વળંતી રે. મુજને ૧૩
પ્રિયદર્શના ભક્તિ ભરેલી, સત્યાચાર વિચાર ઠરેલી,
બુદ્ધિસાગર ગુણથી ભરેલી રે. મુજને ૧૪

---

(૯૫)

શ્રી વીરકુમારનું હાલરડું.

માતા ત્રિશલા ઝૂલાવે પુત્ર પારણે.

વારી જાઉ વ્હાલા વીરકુમરને વારણે,
ગાઉ વીર પ્રભુનું હાલરડું હરખાઈ;
મારી આંખો પાંખો વ્હાલો હૈયું હેતનું,
મારી સઘળી આશા જીવંતી જગ થાઈ. વારી. ૧
ઝૂલો પારણિયામાં વર્ધમાન જિન બાલુડા,
ગાઉ ગીત તમારાં મીઠાં રસ ભરપૂર;
હાલો હાલો હાલો હાલો નંદન વીરને,
રૂડું ઝળકે ત્રણ્ય ભુવનમાં સઘળે નૂર. વારી. ૨
કોટિ શશીને ભાનુ દેવ કરે તુજ આરતી,
કરતા મંગલ દીવા દેવીઓ નરનાર;
દર્શન કરવા આવે સુરપતિ નરપતિ વ્હાલથી,
વર્ષે આંગણિએ મણિકંચનના ભંડાર. વારી. ૩
ધન ધન વૈદેહી જગજીવન રાજકુમારને,
ઝળકે અંગો અંગે પરબ્રહ્મનું તેજ;
ત્હારી લીલા સઘળી પરમેશ્વર શક્તિ ભરી,
મેં તો જાણ્યાં તીર્થંકરનાં લક્ષણ સહેજ. વારી. ૪
મારી કૂખે જન્મ્યો જગજીવન જગનો ધણી,
તેથી ત્રણ્ય ભુવનમાં બની ઘણી પ્રખ્યાત;
મારા હૈયાંનાં ઉછળતા સુખના સાગરો,
હું તો કહેવાણી તીર્થંકરની જગ માત. વારી. ૫

કોટિ રવિ શશી તારા તુજ આંખોમાં શોભતા;
તારા હૈયામાંહિ પૃથ્વી સર્વ સમાઈ;
અગ્નિ વાયુ નભ તુજ હૃદયે ગિરિવર પાદમાં,
સાગર ઉરમાં તારી સ્તુતિ વેદે ગાઈ. વારી. ૬
સઘળી જ્ઞાનસૃષ્ટિ તવ આતમમાં વિલસી રહી,
પ્રગટયા જગમાં કરવા જૈનધર્મ ઉદ્ધાર;
લંછન સિંહતણું સમજાવે પૂર્ણ પરાક્રમી,
હું તો પામું નહીં તુજ ગુણ કલાનો પાર. વારી. ૭
તારો મહિમા ગાવા વિશ્વ સકલ જીવી રહ્યું,
લક્ષણ બાહ્ય અભ્યંતર સહસ્ર લક્ષ કરોડ;
નંદન આનન્દામૃત ઉંઘે ઘટમાં ઉંઘતા,
રૂપે ત્હારા જેવી મળે ન જગમાં જોડ. વારી. ૮
મારાં અનેક ભવનાં તપ કીધાં આ ભવ ફળ્યાં,
પ્રભુની માતા થાવા મળિયો શુભ અવતાર;
મારા સર્વ મનોરથ પૂરા આ ભવમાં થયા,
પ્રભુની માતા ભક્તાણી થૈ જગજયકાર. વારી. ૯
આવે ઇન્દ્રાણીઓ તુને રમાડે હેતથી,
દર્શન કરીને થાતાં તુજમાંહી લયલીન;
મારા દિલડામાંહી ઝગમગ જ્યોતે ઝળહળે,
વ્હાલા નંદન તું છો તીર્થંકર મહાજિન. વારી. ૧૦
ગાવે ત્રિશલા માતા વીરકુમરનું હાલરૂં,
સુણતા વર્ધમાનજી ત્રિશલા માતા બોલ;
ઉછળે પારણીયામાં પગ અંગુઠો ધાવતા,
કરતા આનંદમય ચેષ્ટાના બહુ કલ્લોલ. વારી. ૧૧
વ્હાલો વ્હાલો વ્હાલો ત્રણ્ય ભુવનના નાથને,
ભાષા વૈખરી વાણી વિશ્વગુરૂને ગાઉં;
બુદ્ધિસાગર ભાસે પરાપશ્યંતીમાં વિભુ,
ઝાંખી પામી હાલરડું ગાઇ હરખાઉં. વારી. ૧૨

(૯૬)

શ્રી મહાવીર પ્રભુની ગરબી.

વ્હાલી સખીઓ આજે મહાવીર પ્રભુને ગાઇએ રે,
ખાતાં હરતાં ફરતાં મહાવીર પ્રભુને ધ્યાઇએ રે;
જેથી પ્રગટે પરમાનન્દ ખરો નિર્ધાર,
આતમમાં જિન શાસન જીવંતુ નિર્ધાર.
એવા જૈન ધર્મને આતમમાં પ્રગટાવીએરે.

સાખી.

ત્રિશલા નંદન જગધણી, નિરાકાર સાકાર;
અનન્ત શક્તિમય પ્રભુ, તીર્થંકર અવતાર.
ભારત દેશ ઉદ્ધાર્યો દુઃખ દુર્ગુણુ સર્વે હરીરે,
દીધા સદુપદેશો ભારતમાં સઘળે ફરીરે,
કીધા ઉપકારો વર્ણવતાં નાવેપાર, માટે ધન્ય ધન્ય મહાવીર પ્રભુ અવતાર. વ્હાલી. ૧

સાખી.

દર્શન જ્ઞાન ચારિત્રને, વીર્ય અનન્ત અપાર;
આતમરૂપ જણાવિયું, જિનશાસન જયકાર.
આતમ શક્તિયોને જૈનધર્મ સમજાવીયોરે,
નથી જયાં નાતિ જાતિનો ભેદ જરા નિર્ધાર.
એવો દ્રવ્યભાવથી પ્રભુ ધર્મ દિલ ભાવિયોરે. વ્હાલી. ૨

સાખી.

આતમ તે જૈનધર્મ છે, સત્યરૂપ છે એહ;
પરમાત્મપદ હેતુઓ, જૈનધર્મ છે તેહ.
એવો જૈનધર્મ જગમાં સહુ જીવોમાં રહ્યોરે,
સત્તાએ તે પ્રગટપણે કરવા નિર્ધાર.
મહાવીર પ્રભુએ સર્વજ્ઞ જગમાં સાચો કહ્યો રે. વ્હાલી. ૩

સાખી.

જૈનધર્મમાં જીવતા, સર્વે ધર્મ સમાય;
સદસત્ વ્યક્તાવ્યક્ત સહુ, અસ્તિનાસ્તિરૂપ પાય.

મહાવીર શરણે રહેતાં સર્વધર્મ પ્રગટે ખરા રે.
નાસે કર્મ મોહાદિ સહુ અનાદિ કીધ.
માટે મહાવીર પ્રભુને દિલડામાંહી મ્હેં ધર્યારે. વ્હાલી. ૪

સાખી.

અનન્ત વિશ્વ સમાય છે, મહાવીર જ્ઞાનનીમાંહિ,
આત્માઓ સહુ વીર સમ, સત્તા વ્યક્તિની છાંઇ;
મહાવીર જગ રૂપેને જગ સહુ મહાવીર જાણીએ રે,
સત્તા સાપેક્ષાએ જીવો વીર નિર્ધાર,
એવા મહાવીર પ્રભુને અન્તરમાંહિ આણીએ રે,
બુદ્ધિસાગર ધ્યાવે મહાવીર આપો આપ. વ્હાલી. ૫

જૈન ધર્મની ગુંહલી.

મુનિવર સંયમમાં રમતા. એ રાગ.

જિનેશ્વર ધર્મની બલિહારી, ચડતી લહે નર ને નારી, જિનેશ્વર,
જૈનધર્મ જગ જયકારી, અહિંસા સંયમ તપધારી;
દાન શીયલભાવ અનુસારી. જિને૦ ૧
મન વાણી કાયા શક્તિ, વિદ્યાદિક શક્તિ વ્યક્તિ;
શૂરપણાની છે ભક્તિ. જિને૦ ૨
નિર્બળતા દૂરે કરવી, આત્મદશા ચડતી વરવી;
દુષ્ટ ટેવોને સંહરવી. જિને૦ ૩
આત્મસમું જગને ગણવું, શક્તિતણું ભણતર ભણવું;
નિશદિન મન કબજે કરવું. જિને૦ ૪
કર્મો વીરાર્પણ કરવાં, કામ ન કરવાં જે વરવાં;
દિલડાં સદ્ગુણથી ભરવાં. જિને૦ ૫
સત્યને માટે જે મરતા, સ્વર્ગવિષે તે અવતરતા,
કાયર જન પાછા ફરતા. જિને૦ ૬
જૈનોની છે એ રીતિ, ગણે નહીં મૃત્યુતણી ભીતિ;
છડે નહીં મરતાં નીતિ. જિને૦ ૭

ધર્મ્યયુદ્ધમાં જે મરતા, દેવલોકને તે વરતા;
વીરાર્પણુ જે સહુ કરતા. જિને૦ ૮
નામ રૂપ મમતા ટાળી, મહાવીરમાં મનને વાળી;
જૈનો મુક્તિ લહે સારી. જિને૦ ૯
શક્તિ વધારે ને ઉદ્ધારે, ધર્મ કહ્યો તે વ્યવહારે;
સત્ય વિચારે ને આચારે. જિને૦ ૧૦
દેશ રાજ્ય વિદ્યા પ્રગતિ, આપે ધર્મ તે સત્ય મતિ;
ધર્મ તે શક્તિયો સર્વ છતી. જિને૦ ૧૧
જૈનધર્મ સમજો સાચો, આદરી સર્વ જીવો માચો;
બુદ્ધિસાગર મન રાચો. જિને૦ ૧૨

---

(૯૮)

શ્રી મહાવીર પ્રભુની ગુંહલી-ગરબી.

મુનિવર સંયમમાં રમતા.

પ્રભુ મહાવીર ભજો ભાવે, કુમતિ ટળે સુમતિ આવે;
આતમ નિર્લેપ ઝટ થાવે. પ્રભુ. ૧
કર્યું જેણે મહાવીરનું શરણું, પછીથી નહીં તેહને મરણું.
પ્રગટે હૃદય અમૃત ઝરણું. પ્રભુ. ૨
વીર ભજે નાસે પાપો, શરણુ કરે નહીં સંતાપો;
પૂર્ણ પ્રેમે જપતાં જાપો. પ્રભુ. ૩
ખાતાં પીતાં હરતાં ફરતાં, વીર વીર મુખ ઉચ્ચરતાં;
નર નારી શિવપુર વરતાં. પ્રભુ. ૪
તર્ક વિવાદો સહુ છંડો, મહાવીરથી રઢને મંડો;
ચાહ કરી વીરને વંદો. પ્રભુ. ૫
પરમાતમ વીરના જેવો, ત્રણ્ય ભુવનમાં નહીં દેવો;
પૂર્ણ સ્નેહે ઘટમાં સેવો. પ્રભુ. ૬
વીર વીર જે ઉચ્ચરશે, તેહનાં પાપો સહુ ટળશે;
આતમને તેહ ઉદ્ધરશે. પ્રભુ. ૭

આરહંત વીર જપો જાપે, આતમ વિશ્વવિષે વ્યાપે;
મુક્તિ સ્વયં નિજને આપે. પ્રભુ. ૮
કલિકાલે મહાવીર ભજો, વિકથા ખટપટ દૂર તજો;
વીર પ્રભુરૂપ ઓળખજો. પ્રભુ. ૯
વીર વીર મુખ જે બોલે, મુક્તિ દ્વાર ઝટ તે ખોલે;
આતમ શક્તિયો તોલે. પ્રભુ. ૧૦
મહાવીરનું સગપણ કીધું, અનુભવ અમૃતને પીધું;
બુદ્ધિસાગર મન સિદ્ધયું. પ્રભુ. ૧૧

---

(૯૯)

પતિવ્રતા સ્ત્રીનાં લક્ષણ. ગરબી

મુનિવર સંયમમાં રમતા એ રાગ.

પતિવ્રતા નારી જગસારી, દેવી સતીની બલિહારી, પ્રતિવ્રતા.
પરણ્યો પતિ કર્મે પામી, સંતોષે રહે ગુણરામી;
થાય ન પરનરની કામી. પતિવ્રતા. ૧
રૂપથકી નહીં લલચાતી, પતિને ખવરાવી ખાતી;
શંકા પડે ત્યાં નહિ જાતી. પતિવ્રતા, ૩
લાજ મર્યાદા નહિ મૂકે, શીયલ વ્રતને નહીં ચૂકે;
કામની વાતો નહીં ફૂંકે. પતિવ્રતા ૩
જડ ભોગોની ન પૂજારી, કર્મ કરે શુભ સંભાળી;
વાણી વદે ગુણ રઢિયાલી. પતિવ્રતા. ૪
સાસુ સસરાને નમતી, વૃદ્ધ જમાડીને જમતી;
મેંણાં ટોણાં સહુ સહતી. પતિવ્રતા. ૫
કજીયા કંકાસો ત્યાગે, સહુ પહેલાં ઘરમાં જાગે;
દેવગુરૂ પાયે લાગે. પતિવ્રતા. ૬
પર ઘેર નવરી નહીં ભમતી, કુલટા સાથે નહીં રમતી;
દુઃખ પડેલાં સહુ ખમતી. પતિવ્રતા. ૭
ચિત્ત પતિથી નહીં ચોરે, પીડા નકામી નહીં વ્હોરે;
પતિને ન અવળાપંથ દોરે. પતિવ્રતા. ૮

જેવો તેવો પતિ નિજ સારો, કર્મે મળ્યો માને પ્યારો;
ઇચ્છે ન બીજો રૂપાળો. પતિવ્રતા. ૯
મન મારી ઘરમાં રહેતી, કાર્ય કરે ધરીને નીતિ;
પાળે કુલવટની રીતિ. પતિવ્રતા. ૧૦
અરિહંત વીર પ્રભુ જપતી, રાખે ન મન કાયા તપતી;
સંતોષે રાખે તૃપતિ. પતિવ્રતા. ૧૧
નિંદા વિકથા સહુ વારી, ગુણથી થાતી જગ પ્યારી;
બુદ્ધિસાગર ગુણ ધારી. પતિવ્રતા. ૧૨

---

(૧૦૦)

પ્રભુમહાવીરની ગુંહલી.

મુનિવર સંયમમાં રમતા એ રાગ.

હૃદયમાં વીર પ્રભુ વસજો, પાપ કર્મ સઘળાં ખસજો, હૃદયમાં.
સુખ દુઃખમાં વીરની યાદી, મનમાં ન બનશો ઉન્માદી;
માગું પ્રભુ એહ પરસાદી, હૃદયમાં. ૧

વીર વીરમય સહુ દેખું, બીજું સઘળું ઉવેખું;
ગણું નિજ આતમ વીર લેખું. હૃદયમાં. ૨

વીર વીર નહીં ભૂલાશો, પૂર્ણ થશો હર્ષોલ્લાસો;
કાયમ રહો વીર વિશ્વાસો, હૃદયમાં. ૩

તવ જાપો જીહ્વા જપશો, મનડું તવ તપને તપશો;
આતમ વીર વિના ખપ શ્યો ? હૃદયમાં. ૪

વીરાર્પણ સઘળું હોશો, વીરપ્રભુ સન્મુખ જોશો;
ક્ષણ પણ દૂર નહીં હોશો, હૃદયમાં. ૫

મ્હને પ્રભુ તુજ લાગી માયા, તુજને સોંપી મુજ કાયા,
જ્યાં ત્યાં વીર હો મુજ છાયા, હૃદયમાં. ૬

અંધકાર દૂરે ટાળો, પ્રકાશમાં મુજ આતમવાળો;
સદા પ્રિયતમ તું મુજ વ્હાલો, હૃદયમાં. ૭

(૧૯૬)

તુજ શક્તિ અપરંપારા, પરમબ્રહ્મ તું છે મ્હારા;
અન્તર બાહ્યથી આધારા, હૃદયમાં. ૮

તુજમાં લયલીન થઈ જાવું, એક પ્રભો તું મન લાવું;
ક્ષણુ ક્ષણુ ગુણુ ત્હારા ગાવું. હૃદયમાં. ૯

ભીડસમે વ્હારે આવો, શકિત અનંતી પ્રગટાવો;
વીરપ્રભુ પ્રીતિ લાવો, હૃદયમાં. ૧૦

પ્રદેશો પ્રદેશે વસનારા, શુદ્ધાતમ ગુણુ આધારા.
બુદ્ધિસાગર ઘટ પ્યારા, હૃદયમાં. ૧૧

---

(૧૦૧)

પતિગુણુની ગરબી.

મુનિવર સંયમમાં રમતા. એ રાગ.

ગુણુવંત પતિની બલિહારી, દુર્વ્યસની નહીં વ્યભિચારી, ગુણુવંત.
ઇચ્છે નહીં કદિ પરનારી, શુદ્ધ પ્રેમનો અવતારી;
વાણી મધુરી ઉપકારી. ગુણુવંત. ૧

કામ કરે સર્વે સારાં, દુષ્ટ કર્મ કરતો ન્યારાં;
સ્વજન ગણે મનમાં પ્યારાં. ગુણુવંત. ૨

પત્નીથી નહીં કલેશ કરે, કુટુંબ દુઃખો સર્વ હરે;
નવરો નફ્ટ થઇ નહીં ફરે. ગુણુવંત. ૩

આચારો સાચા પાળે, પત્નીવ્રતે મનડું વાળે;
ચડતો નહીં મોહના ચાળે. ગુણુવંત. ૪

મુંઝે ન પરનારી રંગે, રહેતો નહીં દુર્જન સંગે;
કર્તવ્ય કરતો ઉમંગે. ગુણુવંત. ૫

આત્મસમી પત્ની દેખે, એક સ્વરૂપે મન પેખે;
અશુદ્ધપ્રેમને ઉવેખે. ગુણુવંત. ૬

પત્નીવ્રતે વર્તે ભોગી, શુદ્ધ પ્રેમ ગુણુ સંયોગી;
દેશકાલ ગુણુ ઉપયોગી. ગુણુવંત. ૭

નીતિ રીતિ વ્રતને પાળે, દુર્ગુણ પ્રગટયા સહુ ટાળે;
વંશ કુળ નિજ અજવાળે. ગુણવંત. ૮
પ્રામાણિક પૂરો થાવે, અવળા પન્થે નહીં જાવે;
સહુને ખવરાવી ખાવે. ગુણવંત. ૯
સાધુ સંત સેવા સારે, અતિથિને આદર ભારે;
નિર્લેપ વર્તે સંસારે. ગુણવંત. ૧૦
પત્નીથી નહીં કલેશ કરે, ગુસ્સો અને નહીં ગર્વ ધરે;
ધર્મ માર્ગમાંહિ સંચરે. ગુણવંત. ૧૧
વીરપ્રભુ હૃદયે ધારે, વીર જાપ જપતો ભારે;
કામ કરે સહુ અધિકારે. ગુણવંત. ૧૨
વીર પ્રભુ ગુરૂનો રાગી; આત્માર્પણભાવે ત્યાગી;
બુદ્ધિસાગર ગુણરાગી. ગુણવંત. ૧૩

---

(૧૦૨)

મહાવીર પ્રભુપર પ્રેમ.

મુનિવર સંયમમાં રમતા એ રાગ.

પ્રભુ મહાવીર ભજુ ભાવે, નિજાતમ વીર પ્રભુ થાવે, પ્રભુ.
મહાવીર આંખે દેખાશો, મહાવીર દિલ મારૂં થાશો;
નિજાતમ મહાવીર સમજાશો. પ્રભુ. ૧
વીરહાથો મુજ હાથ થશો, વીર વિના નહીં પ્રેમ કશ્યો ?
નિજ હૈડામાં મહાવીર વસો. પ્રભુ. ૨
મારા કર્ણો વીરને સાંભળશો, મહાવીર પ્રભુ વચનો સુણશો;
મારી જીવ્હા વીર પ્રભુ ભણશો. પ્રભુ. ૩
મારી આંખો વીર પ્રભુ દેખો, મારૂં દિલડું વીર પ્રભુ પેખો;
મોહમાયાને ઝટ ઉવેખો. પ્રભુ. ૪
મારા પગ મહાવીરસમા થાશો, વિશ્વહિતાર્થે પગ વપરાશો;
મહાવીરનો હોશો વિશ્વાસો, પ્રભુ. ૫

(૧૯૮)

ષટ્ ચક્રોમાં મહાવીર વસ્યા, શુદ્ધપ્રેમે અદ્વૈત થઇ ઉલ્લસ્યા;
એવી મહાવીર પ્રેમે જાગી દશા. પ્રભુ. ૬
વાગ્યા ગગન ગઢે વીરના ડંકા, સુણે અનહદ મહાવીરના બંકા;
પૂર્ણ આનન્દી વીર અવટંકા. પ્રભુ. ૭
ચઢી ગગનગઢે વીરને દીઠા, ઉનમુની મુદ્રાએ મીઠા;
બુદ્ધિસાગર આનન્દ ઉત્કૃષ્ટા. પ્રભુ. ૮

(૧૦૩)

મહાવીર પ્રભુની ગરબી.

પ્રભુ મહાવીર વિભુજી સર્વાંગે શોભી રહ્યા જો,
જેનો મહિમા જગમાં સઘળે અપરંપાર;
શાકત જેની છાજે સર્વ વિશ્વ આધાર.
એવા વીરપ્રભુ તો વચને નહીં જાવે કહ્યા જો;

સાખી.

આતમ તે પરમાતમા, પરમાતમ તે વીર,
પર બ્રહ્મ હરિહર વિભુ, અરિહંત જગધીર;
કેવલજ્ઞાન અને દર્શન–ગુણથી જગમાં વિભુ રે,
વિશ્વોદ્ધારક તેથી, જગમાંહિ સાચા પ્રભુ રે;
પિંડે બ્રહ્માંડે ઝળહળતી–ઝગમગ જ્યોત,
તેથી ત્રણ્ય ભુવનમાં–વીરતણો ઉદ્યોત;
સાપેક્ષાએ કર્તા હર્તા, પાલક જગ ધણી જો.
સત્તાએ વ્યાપકને કેવલજ્ઞાને જગમણિ જો. પ્રભુ. ૧

સાખી.

અનંત જ્ઞાનાદિક ગુણી, ઝળકે અનંત નૂર,
ચિદાનન્દ અનંતરસ–સાગરના છો પૂર;
પિંડે બ્રહ્માંડે ષટ્કારક મય શોભા લહ્યા જો,
અનંત ગુણપર્યાયી, દ્રવ્યપણે નિત્ય જ વહ્યા જો;

જેના ગુણુ પર્યાયો અનંતદેવ સ્વરૂપ,
સદસત્ પર્યાયોએ વર્તો રૂપારૂપ;
ઘટ ઘટ આત્મવીર સત્તાએ પરમાતમ સદાજો,
આવિર્ભાવે વ્યક્ત જિનેશ્વરકેવલી છો મુદા જો. પ્રભુ. ૨

સાખી.

ષટચક્રોમાં નૂર તુજ, ભાસે અનંત અપાર,
સત્તાએ જીવો સહુ, એકાત્મા નિર્ધાર;
નય વ્યવહારે આતમ–અનંત વ્યક્તિએ છતા જો,
સમજ્યા વણુ નયોને, મૂઢજનો ખાવે ખતા જો;
માટે નયના જ્ઞાને સમજો વીરસ્વરૂપ,
જેથી નાસે મિથ્યા ભ્રાંતિ દુઃખડાં ધૂપ;
બુદ્ધિસાગર આત્મ મહાવીર ઘટમાં દેખશો જો;
શુદ્ધપ્રેમાદ્વૈતે આત્મ સમું જગ પેખશો જો. પ્રભુ. ૩

---

(૧૦૪)

જૈનોના ગુણોની ગુંહલી.

મુનિવર સંયમમાં રમતા. એ રાગ.

જૈનો તે ગણુવા સાચા, મીઠી સત્ય વદે વાચા. જૈનો.
વીરાર્પણુ કર્મો કરતા, કેશરિયાં કરી સંચરતા;
વીર વીર મુખ ઉચ્ચરતા જૈનો. ૧
મહાવીર દિલડું નિજ કરતા, મૃત્યુ કાલથી નહીં ડરતા;
મોહના માર્યા નહીં મરતા. જૈનો. ૨
મહાવીર દેવને દિલ ધારે, ચડતા ધર્મિજન વ્હારે;
આપ તરે પરને તારે. જૈનો. ૩
વીરસમા દાની થાતા, ધૂર્તોથી નહીં વંચાતા;
અજવાળે ત્રાતા માતા. જૈનો. ૪
સર્વ શક્તિયો પ્રગટાવે, સત્ય પ્રેમ દિલમાં લાવે;
જૈનને ખવરાવી ખાવે. જૈનો. ૫
વીરજનોને સંતોષે, સેવા ભક્તિ કરી હોંશે;
રહેતા ન અન્યાયે રોષે. જૈનો. ૬

જીવે વીરપ્રભુ માટે, ધર્મ ન છંડે શિર સાટે;
જાય ન પાપતણી વાટે. જૈનો. ૭
અરિહંત મહાવીર મનપ્યારા, શરણુ કરી જગદાધારા;
સફલ કરે નિજ અવતારા. જૈનો. ૮
જૈનધર્મ માટે મરતા, સ્વર્ગવિષે તે અવતરતા;
દુઃખી જનોને ઉદ્ધરતા. જૈનો. ૯
ધીરા વીરા રણુશૂરા, દીન જનોપર નહીં ક્રૂરા;
જીવન સૂત્રોથી પૂરા. જૈનો. ૧૦
સાધુસંત મુજસમ દેખે, નિન્દા દોષને ઉવેખે;
આત્મા સમી દુનિયા પેખે. જૈનો. ૧૧
જૈનોને મહાવીર સમા-ગણુતા રાખે ન સ્વાર્થતમા;
સમજે સદ્ગુરૂ જ્ઞાન ગમા. જૈનો. ૧૨
જૈનો વીરજનો એવા, કરતા વિશ્વતણી સેવા;
બુદ્ધિસાગર ગુરૂદેવા. જૈનો. ૧૩

---

(૧૦૫)

અરિહંતપદની ગુંહલી.

ભવિ તમે વંદોરે સૂરિશ્વર ગચ્છરાયા એ રાગ.

વીર ઉપદેશેરે અરિહંત પ્રભુ જગદેવા,
અરિહંત પદની રે કરજો ભાવે સેવા;
ચોત્રીશ અતિશય મહિમા ધારક વાણી ગુણ પાંત્રીશ;
સમવસરણુમાં બેસી જિનવર, ઉપદેશે જગદીશ. વીર. ૧
ઘાતિકર્મનો નાશ કરીને, કેવલ જ્ઞાને શોભે;
શુદ્ધાતમ તીર્થંકર અરિહંત, અનંત ગુણુથી ઓપે. વીર. ૨
અરિહંત તે નિજ આતમ જાણો, સત્તા વ્યક્તિ પિછાનો;
આતમના ઉપયોગે પોતે, પરગટ ઈશ પિછાનો. વીર ૩
અરિહંત પરમાતમ પોતે પ્રગટે આતમ જ્યોતે;
બુદ્ધિસાગર પ્રભુ અંતરમાં, શોભે શુદ્ધ ઉદ્યોતે. વીર. ૪

(૧૦૬)

સિદ્ધપદની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમે વંદોરે સિદ્ધ પ્રભુ જયકારી,
શુદ્ધ ઉપયોગી રે કર્મ રહિત ગુણ ધારી;
સિદ્ધ પ્રભુ નિજાતમ જાણો, શ્રદ્ધા નિશ્ચય આણો;
નિરાકાર નિર્મલ શુદ્ધાતમ, અનંત સિદ્ધો માનો. ભવિ તમે. ૧
સત્તાએ નિજ આતમ સિદ્ધ જ, વ્યક્તપણે પ્રગટાવો;
અનંત તીર્થ સ્વયંનિજ આતમ, ધ્યાનવિષે લય લાવો. ભવિ.૨
અનંત જ્ઞાનાદિક ગુણ આગર, શુદ્ધાતમ દિલભાવો;
બુદ્ધિસાગર આતમ ઉજાગર, શુદ્ધ સમાધિ સુહાવો. ભવિ. ૩

---

(૧૦૭)

આચાર્યપદની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમે વંદો રે આચાર્ય ગુણખાણી,
અમૃત સરખી રે જેહની મીઠી વાણી;
દ્રવ્ય ભાવથી છત્રીશ છત્રીશ, ગુણ શ્રુત જ્ઞાનના દરિયા,
જૈનધર્મના રક્ષક અનુભવી, અતિશયી સુખ ભરિયા. ભવિ. ૧
અનેક ઉપમા જેહને શોભે, યુગ પ્રધાનાવતારી;
અન્તરાત્મપદધારક યોગી, જેહની સંગતિ સારી. ભવિ. ૨
સર્વાંગમ દર્શન વડવીરા, ધીર વીર ગંભીરા;
નિશ્ચય તે વ્યવહારે પુરા, સર્વ શક્તિથી શૂરા. ભવિ. ૩
નિશ્ચય સત્તાએ નિજ આતમ, સૂરિ ગુણોએ ભરિયો;
બુદ્ધિસાગર આતમજ્ઞાને, ભવસાગરને તરિયો. ભવિ. ૪

---

(૧૦૮)

ઉપાધ્યાયપદની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમે વંદોરે ઉપાધ્યાય ગુણકારી,
શશીરવિ સરખોરે નિર્મમ નિરહંકારી;
મુનિગણને આગમ વંચાવે, ભણે ભણાવે ભાવે;
પ્હાણને નવ પલ્લવ જે કરતા, પાઠક શક્તિ પ્રભાવે. ભવિ. ૧
શોભે જે યુવરાજ સમા નિત્ય, સદાચારવ્રત ધારી,
તપી જપી અતિશયી પ્રભાવક, પંચવીશ ગુણ ભારી. ભવિ. ૨
ઉપાધ્યાય નિજ આતમ જાણો, વ્યક્ત કરો નરનારી;
બુદ્ધિસાગર આતમ વાચક, દ્રવ્યભાવ નિર્ધારી. ભવિ. ૩

---

(૧૦૯)

સાધુપદની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમે વંદોરે મુનિપદ જગહિતકારી,
ઋષિ શુભ સંયમી રે સાધુ ત્યાગી ગુણધારી;
સત્તાવીશ ગુણ દ્રવ્યભાવથી, ધારક તપસી મહંત,
શાંત દાંત તપસી ગુણયોગી,સદાચારી ગુણી સંત. ભવિ તમે. ૧
ક્રિયા વેષમાં આગ્રહી નહીં જે, જ્ઞાનાદિક ગુણ ખપિયા;
સદાચારી પરમાર્થે પૂરા, મોહવિનાશક તપિયા. ભવિ. ૨
નિશ્ચયથી નહીં લુંચે મુંડે, આતમ સાધુ સુહાયો;
બુદ્ધિસાગર સાધુ આતમ, જ્ઞાને અનુભવ પાયો. ભવિ. ૩

---

(૧૧૦)

દર્શનપદની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમે વંદોરે દર્શનપદ ગુણકારી,
જિન ગુરૂધર્મની રે શ્રદ્ધાની બલિહારી;

દ્રવ્યભાવથી શ્રદ્ધા દર્શન, આતમ જ્ઞાને પ્રમાણો,
ક્ષયોપશમ ઉપશમને ક્ષાયિક, નિશ્ચય સમકિત માનો. ભવિ. ૧
દર્શન ગુણથી અભેદી આતમ, અનેકાન્તથી ધ્યાવો;
સર્વ ધર્મનું મૂલ છે શ્રદ્ધા, નિશ્ચય મનમાં લાવો; ભવિ. ૨
અન્તરાત્મ પદ શ્રદ્ધા યોગે, અંતરમાં પ્રગટાવો.
બુદ્ધિસાગર આતમ પોતે, અરૂપી પદ ભાવો. ભવિ. ૩

---

(૧૧૧)

જ્ઞાનપદની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમે વંદોરે આતમજ્ઞાનને ભાવે,
શ્વાસોશ્વાસમાં રે જ્ઞાની શિવપદ પાવે;
જ્ઞાનાગ્નિ સહુ કર્મકાષ્ઠને, ક્ષણમાં ભસ્મ કરંતી,
જ્ઞાનાગ્નિ દિલમાં પ્રગટાવો, ક્ષણમાં મુક્તિ વરંતી. ભવિ. ૧
જ્ઞાનસમું નહીં કોઇ પવિત્ર જ, પંચજ્ઞાન જયકારી;
તેમાં પણ ઉપકારી શ્રુત છે, પામો નરને નારી. ભવિ. ૨
અનંત વેદાગમ ગુણ દરિયો, નિજ આતમ નિર્ધારો;
બુદ્ધિસાગર અનુભવી જ્ઞાની, સેવી લહો ભવ પારો. ભવિ. ૩

---

(૧૧૨)

ચારિત્રપદની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમો વંદો રે ચારિત્રપદ સુખકારી,
રંકનો રાજા રે થાવે મુનિ ગુણ ધારી.
પંચાચારને પંચ મહાવ્રત, મૂલ ઉત્તર ગુણ યોગી,
વ્યવહારે વર્તે ચારિત્રી, નિશ્ચય નિજ ગુણ ભોગી. ભવિ. ૧
દ્રવ્ય ચારિત્ર તે વેષાચારે, ગુણથી ભાવ પ્રમાણો;
ક્રોધાદિકનો ઉપશમ ક્ષાયિક, ચારિત્ર નિશ્ચય માનો. ભવિ. ૨

આત્મ સ્વભાવ રમણુતા નિશ્ચય, ચારિત્ર આત્મસ્વરૂપી;
શુભ ને શુદ્ધોપયોગે તરતમ, યોગે બ્રહ્મ સ્વરૂપી. ભવિ. ૩
નિજ આતમ ચારિત્ર વખાણ્યો, શુદ્ધ પરિણામ સ્વભાવે;
નિરાસક્તિ ચારિત્ર નિજાતમ, નિર્લેપી મન હાવે. ભવિ. ૪
જલપંકજવત્ આતમ નિજ તે, સત્યચારિત્ર વિવેકે;
બુદ્ધિસાગર આતમ રંગે, લીનપણાની ટેકે. ભવિ. ૫

---

(૧૧૩)

તપપદની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમે વંદો રે તપપદ અતિશય ધારી,
તપગુણ સેવો રે, ભાવે સહુ નર નારી.
બારભેદે તપ તપતાં નિર્મલ, કર્મ નિકાચિત નાસે;
બાહ્યચ્છારોધક તે તપ છે, કર્મ તપે તે ઉલ્લાસે. ભવિ. ૧
પચ્ચાશ લબ્ધિ ઉપજે તપથી, અનંત શક્તિ પ્રગટતી;
રોગ શોક સહુ દૂરે નાસે, વાસનાવૃત્તિ વિઘટતી. ભવિ. ૨
પ્રવૃત્તિ નિવૃત્તિ યોગી, કર્મ કરે પણ ક્ષપિયા;
નિર્લેપભાવે રહેવું તપ છે, તપપદના ગુણ ખપિયા. ભવિ. ૩
નિજ આતમ તપરૂપી નિહાળી, દ્રવ્ય ભાવ તપ તપવું;
શુદ્ધોપયોગે રહેવું ઘટમાં, નામ પ્રભુનું જપવું. ભવિ. ૪
ગુંહલી ગરબી ભાગ બીજામાં, પંચોતરની સાલે;
નગર પાદરા ચોમાસામાં, રચી આતમગુણ ખ્યાલે. ભવિ. ૫
તપાગચ્છ રવિસાગર ગુરૂજી, સુખસાગર ગુરૂરાયા;
ધર્મ ધુરંધર વીરની પાટે, પ્રેમે પ્રણમો પાયા.
મંગલ પામોરે જગમાં નર અને નારી. મંગલ. ૬
નવપદ આતમમાંહિ જાણો, નય નિક્ષેપ પ્રમાણો.
બુદ્ધિસાગર શુદ્ધ ઉપયોગે, આપોઆપ પિછાણો. મંગલ. મંગલ. ૭

---

(૧૧૪)

શ્રી મહાવીર જન્મ જયંતી ગીત.

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે-એ રાગ.

આજે મહાવીર જન્મ્યા જગમાં આનંદ આપવા,
કોટિ ચંદ્ર સૂરજની ઝળકી જગમાં જ્યોત;
પ્રગટયો ત્રણુ ભુવનમાં આનંદમય ઉદ્યોત,
વિરમ્યા જડવાદી પાપી પંડિત ખદ્યોત. આ. ૧
જગમાં સાત્વિક આનંદના વાયા શુભ વાયરા,
પામ્યા નારકીઓ પણુ મનમાંહિ આનંદ;
રૂડા આનંદના વરસ્યા બહુલા શુભ મેહુલા,
ભારત ઉલ્લસ્યું હરખે પાપ પલાયાં મંદ. આ. ૨
રૂડી સર્વ દિશાઓ આનંદ ઓઘે નીતરે,
ઠસો ઠસ દેવ દેવીથી ભરિયું બહુ આકાશ;
ઇંદ્રો ગાવે હરખે ને નાચે ઇંદ્રાણીઓ,
ચાંદા તેજે ભાસે રૂપાસમ આવાસ. આ. ૩
ગ્રહો ને લોકપાલ સહુ ગાવે વીરનાં ગીતડાં,
વિશ્વોદ્ધારક પ્રભુંનો જાણીને અહેવાલ;
પ્રભુને મેરૂપર ન્હવરાવે સુરપતિ ભાવથી,
રૂડી ભારત ઘરઘર પ્રગટી મંગલમાલ. આ. ૪
બ્રાહ્મણુ જાતિ હરખી બ્રાહ્મણુ બીજ દ્વિજત્વથી,
હરખ્યા ક્ષત્રિયો સહુ ક્ષત્રી ઘર અવતાર;
ક્ષત્રીકુંડનગરમાં મંગળ વાજાં વાગીયાં,
ન્હાનાં મોટાં સહુને આનંદનો નહિ પાર. આ. ૫
પ્રેમે આનંદના શ્વાસો લે ભારત ગાજીને,
શાંતિ આનંદના ઉશ્વાસો લે નરનાર;
હરખ્યાં ત્રિશલામાતા ને સિદ્ધારથ રાજવી,
હરખ્યા જોષીઓ જાણી ભારત ઉદ્ધાર. આ. ૬
રાજા વૈશાલી ચેટક મનમાં આનંદિયા,
ઘરઘર આનંદ ઉત્સવ વર્તે જયજયકાર;

આખા ભારત દેશે ઘરઘર પુત્ર વધામણાં,
પ્રગટયો જગદ્‌ગુરૂ પ્રભુ મહાવીરનો અવતાર, આ. ૭

ત્રેવીશ તીર્થંકર ભાષિત ચોવિશમા જીનપતિ,
આજે પ્રગટયા જાણી સૌને થયો નિર્ધાર;
માળે બેસી કરતાં કલ્લોલો સહુ પંખીઓ,
કરતાં આનન્દ નાદો તેમ પશુઓ સાર. આ. ૮

સઘળે પ્રસિદ્ધ થઇ તેરસ મહાવીરના જન્મથી,
જગમાં મહાવીર તેરસ ઘેરેઘેર ગવાય;
સોનું રત્ન અને રૂપા હીરાના પારણે,
વીરને ઝૂલાવે ત્રિશલા માતા સુખદાય. આ. ૯

ત્રિશલા બોલે મારી કૂખે પ્રગટયા વીરજિન,
તેથી સતીઓમાંહી થઇ પ્રથમ શિરતાજ;
મ્હારી કૂખે આવ્યા ધર્મોદ્ધારક રાજવી,
રાખી ભારતજનની ધર્મતણી શુભ લાજ. આ ૧૦

પ્રભુની જમણી જાંઘે લંછન સિંહનું શોભતુ,
પ્રભુજી સિંહની પેઠે કરો પરાક્રમ બેશ;
દયાના ઉપદેશે નિર્દયતા ટાળી વિશ્વથી,
ટાળો નરનારી પશું પંખીના સહુ કલેશ. આ. ૧૧

વીરજીન એક હજાર ને લક્ષણુ આઠે શોભતા,
તેથી જાણ્યા ચોવીસમા મોટા જીનરાજ;
કેશીકુમાર મુખથી ત્રિશલા જાણી ગાવતી,
રૂડાં હાલરડાનાં ગીતો ગુણુ શિરતાજ. આ. ૧૨

જગમાં જોર પ્રકટતું જયારે હિંસા પાપનું,
કરતાં નરનારીઓ ત્રાહિ ત્રાહિ પોકાર;
જગમાં જુલ્મ ઘણુા ને અંધકાર અજ્ઞાનનો,
ત્યારે તીર્થંકરનો જન્મ થાય નિર્ધાર. આ. ૧૩

ભારત આર્ય દેશમાં સોના સૂરજ ઊગીયો,
આજે જાગ્યું ભારત સર્વ દેશ ગુરૂરાજ;

સાથે જન્મ્યાં કોઇક ગણુધાર આદિ ઋષિયો,
જન્મ્યા દેવી જીવો કરવા સંઘે સાજ. આ. ૧૪
રૂડું ભારતનું તપ ફળ્યું જીનેશ્વર જન્મથી,
કરવા સર્વ વેદનો સાચો અર્થ પ્રકાશ;
જન્મ્યા જાણ્યા ઈંદ્રાદિકના વચને ભારતે,
પામ્યા ઋષિ તપસ્વી યોગીયો ઉલ્લાસ. આ. ૧૫
બંદીખાનેથી છોડયા સઘળા બંદિજનો,
ભારત દેશ નગરમાં ઉત્સવ બહુલા થાય;
નગરમાં નાટારંભો ઠેર ઠેર થાતા ઘણા,
અમરાપુર સમું ક્ષત્રીકુંડ સુખ ઉભરાય. આ. ૧૬
પ્રભુને જોવા આવે દેવદેવી નરનારીઓ,
જોષી જોગીઓ સહુ જોવા આવે દોડીં;
વરસે સિદ્ધારથ ઘર કંચનની ખૂબ કોડીઓ,
પ્રભુની જગમાં જોતાં મળે ન બીજી જોડ,
વીરના તેજથકી કોઇ કરે ન જગમાં હોડ— આ. ૧૭
પ્રભુજી તીર્થ સ્થાપશે સમવસરણુમાં બેસીને,
કરશે કેવલજ્ઞાને સત્ય ધર્મ ઉપદેશ;
ગણુધર દ્વાદશાંગી ગુંથી ધર્મ વધારશે,
જેથી ટળશે આધિ વ્યાધિના સહુ કલેશ. આ. ૧૮
મહાવીર ભારત ઘર ઘર જ્ઞાનાગ્નિ પ્રગટાવશે,
કરશે દુર્ગુણોનો બોધથકી સંહાર;
સર્વે આર્યો એક સ્વરૂપી થઇને ચાલશે,
રાજા રંક સકલને સરખા હક નિર્ધાર. આ. ૧૯
સર્વે આર્યો દુઃખ બંધનને છેદી નાખશે,
ઊંચા નીચાનો રહેશે નહીં મન હંકાર;
સહુનો ન્યાય થશે સમભાવપણે જગ સારીખો,
ટળશે હિંસા યજ્ઞો તથા મનુજ સંહાર. આ. ૨૦
થાશે પ્રજાસંઘનાં રાજ્ય અને સુનીતિઓ,
રક્તથી ખરડાશે નહીં સર્વ પ્રજાનો સંઘ;

રાજા રૈયત સર્વે આત્મરૂપથી એક થઈ,
કરશે અરસપરસને સાહાય્ય ધરી મન રંગ. આ. ૨૧

પ્રભુજી આત્મજ્ઞાનથી બ્રાહ્મણ મુખ્ય કહાવશે,
ક્ષત્રી બનીને કરશે સર્વ કર્મ સંહાર;
જગત્‌માં ધર્મશૂરાનો ક્ષાત્રપણાથી જણાવશે,
અંતર વૈશ્ય બનીને કરશે ગુણ વ્યાપાર. આ. ૨૨

કેવલજ્ઞાની બનીને સેવા સહુની સારશે,
ગામોગામ કરીને પાદ થકી વિહાર;
સેવા ધર્મતણો ફેલાવો કરશે વિશ્વમાં,
ચતુર્વિધ સંઘ બનાવી કરશે જગ ઉદ્ધાર. આ. ૨૩

સાચી ભક્તિ સાચાં કર્મો જ્ઞાને જણાવશે,
વિચારો આચારોમાં થાશે બહુ ઉદાર;
દયાનો ફેલાવો કરશે ભારતમાં ભાવથી,
ઘરોઘર પંખીઓ માળા કરશે નિર્ધાર. આ. ૨૪

જીતી રાગદ્વેષને દુનિયા કરશે નિર્મલી,
આર્યો જૈનો જિનને અનુસરશે દિનરાત;
બ્રાહ્મણ આત્મજ્ઞાનીઓ બનીને વિશ્વ જગાવશે,
નવલું રૂડું પ્રગડયું ભારતનું પરભાત. આ. ૨૫

ચારે વર્ણો રૂઢિબંધન ખોટાં ત્યાગશે,
ઘરોઘર આત્મજ્ઞાનનાં પ્રગટાશે બહુ સૂત્ર;
સાચા વ્યવહારો વર્તાશે સાચી નીતિથી,
જ્ઞાનીઓ યોગી થાશે ભારત માતા પુત્ર. આ. ૨૬

ઘરોઘર બ્રહ્મ ભાવના યજ્ઞો શુભ પ્રગટાવશે,
જિનજી ચોવીશમો મહાવીરતણો અવતાર;
ભાખે ભવિષ્ય કેશી ઇંદ્રો ને બહુ ઋષિયો,
એવું સુણીને હરખ્યાં ભારતનાં નરનાર. આ. ૨૭

જયંતી વીર પ્રભુની ઊજવે સુરનર નારીયો,
વર્ત્યો ત્રણ ભુવનમાં જન મનમાં આનંદ;

પ્રગટ્યો સાત્વિક આનંદ માય ન લોકાલોકમાં,
નાઠા મોહરાયના સબળા સઘળા ફંદ. આ. ૨૮

ચૈતર તેરસ મહાવીર જન્મ જયંતી ઉજવી,
સુરપતિ ઇંદ્રાણીઓ નંદીશ્વરમાં જાય;
માંડે અઠ્ઠાઇ મહોત્સવ ત્યાં ભાવે ભાવના,
ત્યાંથી દેવલોકમાં પહોંચીને હરખાય. આ. ૨૯

ક્ષત્રી કુંડ નગરમાં દશ દિન ઉત્સવ માંડિયો,
પ્રભુનાં મંદિરોમાં પૂજાઓ બહુ થાય;
જમણો જમતાં સર્વે જાતિ નર ને નારીઓ;
દેવાં દેશતણાં નહિં રહેતાં માંહોમાંહ્ય. આ. ૩૦

આજે વીરપ્રભુની જન્મ જયંતી ઉજવી,
સફળો જન્મ થયો ને ફળી હૃદયની આશ;
ભારત બ્રહ્મજ્ઞાનથી ગુરૂ બની સહુ દેશનો,
દેશે સ્વતંત્રતા ને આત્મિક જ્ઞાન પ્રકાશ. આ. ૩૧

ગાયકવાડી રાજ્યે નગર પાદરા શોભતું,
જયંતી વીર પ્રભુની કીધી હર્ષોલ્લાસ;
સંવત્ ઓગણિશ પંચોત્તરની રૂડી શાલમાં,
ગાવે બુદ્ધિસાગરસૂરિ જ્ઞાન પ્રકાશ. આ. ૩૨

---

(૧૧૫)

શ્રી મહાવીર પ્રભુનું પારણું.

ત્રિશલા માતાનું ગાન. શ્રીમહાવીર પ્રભુનું હાલરડું.

વ્હાલો વ્હાલો હૃદયનો પ્રાણ, મહાવીર બાલુડો;
મારૂં સર્વ મનોરથ, સ્થાન, મહાવીર બાલુડો.
આંખલડી અણીયાળી અમૂલી, જોતાં તૃપ્તિ ન થાતી રે;
નાચે નચાવે આંખ ઇશારે, નિર્મલ નેહે સોહાતી. મહા. ૧

બ્રહ્મતેજ આંખે ઉભરાતું, પ્રિયજનો ઝટ પરખેરે;
આંખ ઉલાળે વિશ્વ ઉલાળે, સહુ હરખાવી હરખે. મહા. ૨

કારમાં નયણાં લોકોત્તર રચ્યાં, કાલજડાંને કોરે રે;
નાજુક નાનું નાક મજાનું, ઉભરે આનન્દ છોળે. મહા. ૩

દાડમકળી સમ દાંતની પંક્તિ, હંસ પંક્તિ ઝટ જીતે રે;
ઉપમાલાયક કોઈ ન જગમાં, અનુભવ રીત પ્રતીતે. મહા. ૪

હસતાં પુષ્પ ખરે જયમ મોતિ, હાસ્ય મધુરૂં સુહાતું રે;
સર્વ બ્રહ્માંડોની સહુ લીલા, કરતું દીલ જણાતું. મહા. ૫

કાલજડું હરે કાલું બોલી, કરે તન્મય મન ઠારી રે;
અદ્વૈત બ્રહ્મના મેળે ઝબોળે, પ્રેમોદધિ અવતારી. મહા. ૬

રક્ત કમલ અળતાનાં જેવાં, પુનિત પગલાં ભરતો રે;
ડગુમગુ ચાલી વિશ્વ ડોલાવે, છાતીએ બાઝી પડતો. મહા. ૭

ઉછળી આનંદઓઘ ઉછાળે, ખોળે પડી શુભ ખેલે રે,
અગુંઠો મુખમાંહી ચાવી, રમતો નવ નવ ગેલે. મહા. ૮

બાલપ્રભુ પારણીએ પોઢે, હાલરડે હુલરાવું રે;
પ્રભુનાં લક્ષણ પારણીયામાં, દીઠાં તે શું ? જણાવું. મહા, ૯

હાલો હાલો કરતાં હલાવે, ત્રણ ભુવનને પ્રેમે રે;
અકલ અલખ લીલામાં લચપચ, રહેતો જીવન ક્ષેમે. મહા. ૧૦

અનુભવ રમ્મત ગમ્મત કરતો, વિશ્વ જીવાડી જીવે રે;
ત્રણ ભુવન અંધારૂં નાઠું, પુત્ર પનોતા દીવે. મહા. ૧૧

વ્હાલ કરીને છાતી સરખો, ચાંપી આનંદ પામું રે;
બહિર અંતર બાલ પ્રભુના, રૂપે જગ સહુ નામું. મહા. ૧૨

પગ ઝાંઝરીએ જગ ચમકાવે, આંખથકી આકર્ષે રે;
આનંદ તેજે દેહ ભરેલી, પ્રેમ તેજે બહુ વર્ષે. મહા. ૧૩

ભૂમિ પડીને સામું જોતો, આંખ મીંચી કંઈ હસતો રે;
પાસે આવી ખોળામાંથી; કળા કરીને ખસતો. મહા. ૧૪

ખીલે ખીલાવે ઝુલે ઝુલાવે, હસે હસાવે રમાવે રે;
બ્રહ્મરૂપ તન્મયતા માટે, લાડ કરે ને લડાવે. મહા. ૧૫
સખીઓ આવો બાલ પ્રભુને, હેત કરીને રમાડો રે;
જગજીવન જગનાથ જીવન મુજ, દેખોને દિલ વ્હાલો. મહા. ૧૬

નવ નવ ચેતન ગુણે ખીલે, અનુભવ રસને ઝીલે રે;
જીવન શક્તિ અમીરસ દીલે, તેજ સમર્પ્યું રસીલે. મહા. ૧૭
અંગોઅંગે રોમોરોમે, આનન્દ હેલી વિલસે રે;
કામણગારી કાયા ઉજ્વલ, દેખંતાં દિલ ઉલસે. મહા. ૧૮

પ્રભુ બાલ મુજ ખોળે હુલાવું, તન્મય થઇ ઝટ જાવું રે;
મુખ પર ઝરમર જ્યોતિ ઝળકે, વ્હાલ કરીને વધાવું. મહા. ૧૯
નાચે રાચે ધાવે પ્રેમે, મીંચી આંખ ઉઘાડે રે;
જોઇ રહે મુજ સામું ધાતાં, અદ્વૈત બ્રહ્મ જગાડે. મહા. ૨૦

વ્હાલ કરીને અંગે વળગે, ઝંપે નહીં ક્ષણવારે રે;
વિશ્વાસીમાં સહુથી સાચો, શુદ્ધ સરલતા ધારે. મહા. ૨૧
કુદ્રતી શોભા સૌથી સારી, રવિ શશી વારી જાઉં રે;
બાલક રાજા આનંદ તાજા, ગુણ કેટલા હું ગાઉં. મહા. ૨૨

આત્મ પ્રતિબિંબ નિર્મલ ન્હાનું, મલકે મુખથી મઝાનું રે;
દિલથી દિલ પરખાવે નયને, મૌન રહી કહે છાનું. મહા. ૨૩
તૃપ્તિ ન પામું લાડ લડાવે; પ્રભુ ખેલે મુજ ખોળે રે;
જન્મ સફલ થયો પુણ્યોદયથી, આવે ન કો મુજ તોલે. મ. ૨૪

અલંકારથી અંગ ઓપાવું, ઝભલાં સરસ પહેરાવું રે;
દિલ આંગણીએ બાલુડાને, લય લાવી પધરાવું; મહા. ૨૫
બાલુડાના લાડના લ્હાવે, હરખી ધાતોધાતે રે;
પૂર્યા પૂર્ણ મનોરથ પ્રભુએ, જાય જીવન હરખાતે. મહા. ૨૬

કલ્પવૃક્ષ બીજ ચંદ્રની પેઠે, વધતો હર્ષ વધારે રે;
વૈરીને પણ વ્હાલો લાગે, ઘેલી બની અવતારે. મહા. ૨૭

બાલુડા પ્રભુ આગળ ગાતી, ગરબો નવ નવ ગાને રે;
પ્રભુમય ગાનો તાનો જણાતાં, મને સમજાવે સાને. મહા. ૨૮
બાલુડામાં સર્વે ભર્યું છે, બાકી રહ્યું નહીં કાંઈ રે;
સર્વ મનોરથ ફળીયા મારા, રહી કલ્પવૃક્ષની છાંહી. મહા. ૨૯
જીવનમાં અમીરસ રેડાયો, પત્ની જીવન શુભ સિધ્યું રે;
કોટિ વર્ષતક નંદન જીવો, પ્રભુ ચુંબી અમૃત પીધું. મહા. ૩૦
રત્ન કુક્ષીને જનની શિરોમણિ, ત્રિશલા માત ગણાણી રે;
ત્રણ ભુવનમાં થઈ હું ચાવી, વિશ્વવત્સલ બ્રહ્માણી. મહા. ૩૧
અંબાદેવી શક્તિ પુરાણી, નામ અનેકે ગવાઇ રે;
દુનિયા શાંન્તિ શ્વાસ ગ્રહંતી, ઘરઘર કરતી વધાઈ. મહા. ૩૨
બાલા પ્રભુમાં દેવ દેવીઓ, પ્રિયપણું સહુ જોતી રે;
બુદ્ધિસાગર વારી જાઉં, પ્રભુને વધાવું મોતી. મહા. ૩૩